શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૫૦ મું. | આત્મ સં. ૫૬ | સંવત ૨૦૦૮.

અંક ૧ લો. | તા. ૧૫-૮-૫૨ | શ્રાવણ.

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

અનુક્રમણિકા.

૧. શ્રી પાર્શ્વ જિનેશ્વર સ્તવન ... ... (પૂ મુનિરાજે શ્રી જંબૂવિજયજી) ૧
૨. શ્રી પર્યુષણ પર્વનુ સ્તવન . ... (શ્રી જવાનમલ) ૧
૩ નૂતન વર્ષનુ મંગળમય વિધાન... .. ..(શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઇ) ૨
૪. અમેરિકા વોશીંગટન કોંગ્રેસ લાઇબ્રેરીના લાઇબ્રેરીયન સાથે (નયચક્ર સાર ગ્રંથ માટે) ૫
" મુ શ્રી જંબૂવિજયજી ચનાવેલા પત્ર વ્યવહાર-ઇંગ્રેજી તેના ગુજરાતી અનુવાદ સાથે ... ૧૦
૫ સુધારો ... .(સભા) ૧૭
૬ દીપમાળા .. .. (પૂ પન્યાસજી મ શ્રી કનકવિજયજી ગણી) ૧૮
૭ વર્તમાન સમાચાર ... ...(સભા) ૨૦
૮ સ્વીકાર-સમાલોચના ... ...(સભા) ૨૦

નવા થયેલા માનવંતા લાઇફ મેમ્બર.

૧ ગાંધી યશવંતરાય કાનજીભાઇ (૧) લાઇફ મેમ્બર

" શ્રી કલ્પસૂત્ર-(સચિત્ર) "

આર્થિક સહાય મળેથી છપાવવામા આવશે.

શ્રી કલ્પસૂત્ર એ આપણો મહાન પૂજ્ય ગ્રંથ છે દર વર્ષે પવિત્ર પર્યુષણાપર્વમાં પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચે છે શ્રદ્ધાપૂર્વક સાંભળનારા ભાઇઓ આરાધનાવડે થોડા વખતમાં મોક્ષગામી બને છે.

જ્યા નાના મોટા ગામ-ગામડાઓમાં જ્યાં પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ થતા નથી, ત્યાંના જૈન બંધુઓને કલ્પસૂત્ર સાંભળવાની તક મળતી નથી, તેવા ગામોના કેટલાક જૈન બંધુઓ તરફથી અમોને સચિત્ર કલ્પસૂત્ર (ટીકાના અનુવાદવાળુ) ગુજરાતી ભાષામાં સરલ ભાષાંતર કરાવી પ્રગટ કરવા સુચના ઘણા વખતથી થયા કરે છે, જો કે અત્યારે છાપકામ, ચિત્રકામ, કાગળો વગેરેની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં શ્રી મહાવીર પ્રભુના જીવન પ્રસંગના રંગીન ફોટાઓ સાથે ઉંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપમા છપાવતાં શુમારે રૂા ૬૦૦૦) છ હજાર રૂપીયા ખર્ચના થાય તેમ છે) એક બંધુ કે બે ત્રણ બંધુઓ મળી તેનુ ખર્ચ આપશે તો તેમના જીવનચરિત્ર સાથે ફોટા આપવામાં આવશે) ધનાઢ્ય જૈન બંધુઓએ આર્થિક સહાય આપી આવા જ્ઞાનોદ્ધાર અને અનેક ગામડાઓમા જ્યાં જ્યાં આ ગ્રંથ જશે ત્યાં ત્યાં પવિત્ર પર્યુષણપર્વમાં અનેક જૈન બંધુઓ બ્હેનો સાંભળી લાભ લેશે તેમજ પર્યુષણ કર્તવ્યો કરી આત્મકલ્યાણ સાધશે તેનો અનુમોદના વગેરે લાભ આર્થિક સહાય આપનારને વર્ષોનાવર્ષો સુધી મળશે

એક હજાર કોપી છપાશે તેમાં અમારા લાઇફમેમ્બરને ધારા પ્રમાણે ભેટ આપતા બાકીની તમામ કોપીઓ આર્થિક સહાય આપનારની સુચના અને જરૂરીયાત હશે ત્યાં સભા અમુક શરતે ભેટ મોકલશે

લાભ લેવા હોય તેમણે આ સભાને પત્ર લખી જણાવવુ —

જાહેર ખબર.

શ્રી ભાવનગરમાં શ્રી કૃષ્ણનગરમા બંધાયેલ નવા જીનાલયમાં મૂળનાયકજી તરીકે પધરાવવા શ્રી મહાવીરસ્વામીજીની પ્રતીમા એક ઉંચાઇ ઇંચ ૨૫ અગર તેથી વધારે યોગ્ય નકરાથી જોઇએ છે

લખો—શા. નારણજી ભાણાભાઇ. (વીમાવાળા)
કાટાવાળો ડેલો-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. શ્રાવણ પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી ઑગસ્ટ ૧૯૫૨ :: અંક ૧ લો.

શ્રી પાર્શ્વજિનેશ્વર સ્તવન.

(રાગ-લાખ લાખ દીવડાની આરતી ઉતારજો)

લાખ લાખ વાર પ્રભુ, વંદના સ્વીકારજો;
પાર્શ્વ જિણંદા ભગવાન, ઊછળે છે ઊર્મિ આનંદની...........
મનોમંદિરે મારા નિત્ય બિરાજજો, ધ્યાન ધરું છું એકતાન;
ઊછળે ઊર્મિ આનંદની. ૧
ચંદ્રવદન તારી મૂર્તિ વિકાસે, અંતર તિમિર હરી જ્યોતિ પ્રકાશે;
અનંત લબ્ધિ નિધાન. ઊછળે છે. ૨
કરુણા નજર કરી પ્રભુજી નિહાળજો, ભવ અનાદિનો ફેરો એ ટાળજો;
કરુણાનિધિ ભગવાન ઊછળે છે ૩
નયનો નિરંતર જોવા હરખાય છે, રસના સદા ગુણ ગાવા લલચાય છે;
ચરણોમાં કરીએ પ્રણામ ! ઊછળે છે. ૪
ભુવન જંબૂની એક વિનતિ સ્વીકારજો, ભવસાગર તારી પાર ઉતારજો;
પહોંચાડો શિવપુરને ધામ ! ઊછળે છે. ૫

મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ.

શ્રી પર્યુષણ પર્વનું સ્તવન.

(પંચમી તપ તુમે કરો રે પ્રાણી-એ રાગ.)

પર્યુષણ પર્વ આરાધો રે પ્રાણી, જેથી શિવસુખ પામો રે;
હોળી, દિવાળી, અસંખ્ય પર્વો, નથી પર્વ પર્યુષણ સમો રે. ૫૦ ૧
મોટામાં મોટું પર્યુષણ પર્વ, એના જેવું નહિ કોઈ પર્વ રે;
જે પ્રાણી આ પર્વ આરાધે, નાશે તેના પાપ સર્વ રે. ૫૦ ૨
અઠ્ઠાઈની તપસ્યા કરીએ, ધર્મ કરીએ સુવિશેષ રે;
પડિક્કમણા દોય ટંકના કરીએ, ચઉવિહાર ઉપવાસ રે. ૫૦ ૩
વીર વિભુએ શ્રેણિક પાસે, વર્ણવ્યું અનંતુ ફલ રે;
ઉત્તમ ધર્મકરણી કરીને, 'મનુ' ભવ કીજે સફલ રે. ૫૦ ૪
ધન્ય ધન્ય એ મહાન્ પર્વ, ધન્ય શ્રાવક કુલ રે;
શાસનમાં એ બે વખાણ્યા, પ્રણમે જવાનમલ રે. ૫૦ ૫

॥ ॐ ॥

नूतनवर्षनुं मंगलमय विधान।

यस्य ज्ञानमनन्तवस्तुविषयं यः पूज्यते दैवतैः।
नित्यं यस्य वचो न दुर्नयकृतैः कोलाहलैर्लुप्यते ॥
रागद्वेषमुखद्विषां च परिषत्क्षिप्ता क्षणाद्येन सा।
स श्रीवीरविभुर्विधूतकलुषां बुद्धिं विधत्तां मम ॥

"જેમનુ જ્ઞાન અનંત વસ્તુ વિષયક છે, જેઓ દેવોવડે પૂજાય છે, જેમનું વચન દુર્નયોરૂપ કોલાહલોવડે કોઇ વખત ખંડિત થઇ શકતું નથી, રાગદ્વેષ પ્રમુખ આંતરશત્રુઓની સેનાને જેમણે હાર આપેલી છે એવા શ્રી વીરપરમાત્મા અમારી બુદ્ધિને પાપરહિત-નિર્મળ કરો."

સ્યાદ્વાદમંજરી-શ્રીમલ્લિષેણસૂરિ.

પ્રકાશનુ આંતરદર્શન.

શાસનાધિપતિ ચરમ તીર્થંકર શ્રી વર્દ્ધમાન પરમાત્માને નમસ્કાર કરી સ્વ૰ આ૰ મ૰ શ્રી વિજયાનંદસૂરિજી કે જેમનુ અપર નામ શ્રી આત્મારામજી મહારાજ હતુ-એ ઉભય પવિત્ર નામોને સમ્મિલિત કરી પ્રસ્તુત શ્રી જૈન આત્માનંદ સભાનો છપ્પન વર્ષ પહેલા મંગલમય આરંભ થયો હતો. તેમને વંદન કરી, જે જૈન ધર્મ અનેકાંતવાદ સિદ્ધાંત અને અહિંસામય ક્રિયાના ઉભય દૃષ્ટિબિન્દુઓથી સર્વધર્મોમા શ્રેષ્ઠતા ધરાવે છે એટલું નહિ પણ 'જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે'—એ શ્રીમદ્ આનંદઘનજીના વચનાનુસાર સર્વ ધર્મોનો સમન્વય જૈનદર્શનમાં કરી શકે છે અને સર્વદર્શનોને પુરુષના અંગોપાંગો કલ્પીએ તો જે જૈન ધર્મનુ સ્થાન મસ્તકરૂપે છે તે શ્રી જિન ધર્મને પ્રણામ કરી આધ્યાત્મિક સૃષ્ટિમાં ધાર્મિક આત્માના હૃદયોને વિકસિત કરી યથાશક્તિ પ્રકાશ અર્પતુ અસંખ્ય નયોરૂપ કિરણોવડે જૈનદર્શનના ઉચ્ચ તત્ત્વોદ્વારા સ્યાદ્વાદના રહસ્યો સમજાવતું, વિલાસી અને સ્વચ્છંદી જીવનમા મધુબિન્દુની માફક ઓતપ્રોત થયેલા સંસારી જીવોને સત્કર્મ અને દુષ્કર્મના વિવેકનું ભાન કરાવતુ, અદ્યતન સુધારકોના શ્રદ્ધાહીન તર્કવાદી જ્ઞાન કરતાં સર્વજ્ઞકથિત સિદ્ધાંતને શ્રદ્ધાબળ, જ્ઞાનબળ અને ચારિત્રબળપૂર્વક અહિંસા, તપ અને સંયમના વાસ્તવિક રહસ્યોને સમજાવતુ, સકલ સૃષ્ટિના અનંત પદાર્થોમાથી આત્મા-હું (અંતરાત્મા)ને શોધી કાઢી **एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः**—એ શ્લોકાર્ધને અનુસરીને-તમામ પૌદ્ગલિક પદાર્થોથી હુ ભિન્ન છુ, જડ વસ્તુઓ આવવા જવાથી મારું કાંઇ આવતું જતું નથી, વેદાંતની નેતિ નેતિમાંથી બાકી રહેલો છુ, અજર છુ, અમર છુ, અનંત શક્તિમાન છુ, પાંચ સમવાયોમા મુખ્યતાએ પુરુષાર્થવાદી છુ, સુખદુઃખ તે મારા ધર્મો નથી તે સમભાવથી વેદવા જોઇએ વિગેરે વિગેરે જાગૃતિપૂર્વક આત્માને પ્રેરણા અર્પતુ, તેમજ આત્મિક આનંદ પ્રકટાવવાની કળાનું શિક્ષણ આપી પુરુષાર્થપરાયણ જાગૃતિ અર્પતું શ્રી આત્માનંદ પ્રકાશ શ્રાવણ માસના મંગલમય પ્રભાતે પચાસમા વર્ષમાં પદાર્પણ કરે છે.

ગત વર્ષના ભયંકર દુષ્કાળ પછી ચાલુ વર્ષમા જોઇતો વરસાદ પડયો છે, નદીનાળાંમા નિર્મળ જળ વહી રહ્યા છે, તળાવ-સરોવર પાણીથી છલકાઇ રહ્યાં છે, ખેતરોમાં પાક ઊગવાની આશાઓ દૃષ્ટિગોચર થઇ રહી છે, ખેડૂતો અને વેપારીઓ વિગેરે ઊર્મિ-રોમાંચ અનુભવી રહ્યાં છે-તે શ્રાવણ માસ

લૌકિક પર્વોથી ભરપૂર હોય છે, તેમાં લોકોત્તર પર્વ પર્યુષણ પર્વની અષ્ટાહ્નિકાનો પૂર્વાર્ધ પણ આવી જાય છે, મહામંગલકારી કલ્પસૂત્રના શ્રવણનો આરંભ થાય છે, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીની જીવસૃષ્ટિની સાંવત્સરિક પ્રતિક્રમણના 'મિચ્છામિ દુક્કડં'ની પૂર્વભૂમિકા તૈયાર થાય છે, શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયાના સંયોગની જૈન સમાજરૂપ મહાસાગરમાં ભરતી આવે છે–એ આ પવિત્ર માસની વિશિષ્ટતા છે

સંજ્ઞા–પ્રેરણા.

૫૦ ની સંજ્ઞા એ તપપદની પચાસ લબ્ધિઓની સૂચક છે જૈનદર્શનનો તપ એ અલૌકિક વસ્તુ છે, તેમાં આરોગ્ય, ઇંદ્રિયવિકારદમન અને આત્માના પુરુષાર્થનો સમન્વય છે तप ते पहिला आतमा— અર્થાત્ આત્માને અનંતગુણોના પ્રકટીકરણ(Manifestation)વડે કર્મોથી મુક્ત બનાવવામાં તપની મુખ્યતા છે, શ્રી તીર્થંકરો પણ તદ્ભવમુક્તિગામી પોતાને જાણે છે છતાં એમ પણ જાણે છે કે–પ્રસ્તુત મુક્તિનું અનિવાર્ય સાધન તપ છે, તેથી જ તેનું આચરણ કરે છે, પચાસના અંકમાં પાંચનો અંક મહામંગળકારી પંચપરમેષ્ઠિનો છે પરંતુ તે સાથે જ્ઞેય, હેય અને ઉપાદેય–પાંચની મંખ્યાનુ સ્મરણ કરાવે છે, જેમકે પંચ જ્ઞાન વિગેરે જ્ઞેય છે, પંચ પ્રમાદ, પંચ ઇંદ્રિયના વિકારો વિગેરે હેય છે, અને પંચાચાર, પંચ સમિતિ, પંચ સમ્યકૂત્વ વિગેરે ઉપાદેય છે પરંતુ શૂન્ય એ શું છે? વેદાંત તો શૂન્યમાંથી સૃષ્ટિસર્જન માને છે, શ્રીમદ્ આનંદઘનજી મહારાજ નાસ્તિક દર્શનને જિનેશ્વરરૂપ પુરુષના અંગોપાંગોમાંથી કુક્ષિ–ઉદરરૂપે સંબોધે છે કે જે ખાલી જગ્યા શૂન્યવત્ હોવા છતાં તેમાંથી જ સર્વાંગોને પોષણ મળે છે અર્થાત્ નાસ્તિકતા એ જીવાત્માની પ્રાથમિક અવસ્થા છે અને આંતરચક્ષુ ખૂલતાં તે આસ્તિક બને છે, બાળક પણ પ્રથમાભ્યાસમાં શૂન્ય–મીંડું કાઢી પછી એકડો લખતાં શીખે છે અને પછી એકસોની રકમ લખતાં શીખે છે મતલબ કે શૂન્યનું પણ મહત્ત્વ છે, છતાં જ્યારે તે અંક ઉપર ચડે છે ત્યારે અસંખ્યની ગણત્રીએ પહોંચી જાય છે જૈન દર્શનના સિદ્ધાંત પ્રમાણે તો ગમે તેટલું લૌકિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે પણ જો તે સમ્યક્ત્વરૂપ એકડા વગરનું હોય તો શૂન્ય તુલ્ય છે અને સમ્યક્ત્વરૂપ એકડો પૂર્વાપર જન્મના જ્ઞાનના સંસ્કારો સાથે ભળે તો તેની અનંતગણી કિંમત વધી જાય છે આ રીતે ૫૦ ની સંજ્ઞા આપણને બધી પ્રેરણા આપવાની સાથે શ્રી આત્માનંદ પ્રકાશની સુવર્ણ જયંતી માટે જાગૃતિ આપે છે, પ્રેરણાની સાથે જો આત્મતત્ત્વ જોડાયલું ન હોય તો પચાસની સંજ્ઞા માત્ર દ્રવ્ય શ્રુતરૂપે રહે છે, ભાવશ્રુત બની શકતી નથી, આ સંજ્ઞાશ્રુત જો ભાવશ્રુત બને તો તેમાંથી ક્ષયોપશમ પ્રમાણે આત્મા પ્રેરણા મેળવી શકે છે

વાતાવરણ અને સંસ્મરણો

ગતવર્ષ ભયંકર દુષ્કાળનું સમાપ્ત થયું, તેમજ વ્યાપારી જીવન પણ કટોકટીમાં પસાર થયું, મોંઘવારી પણ વધતી ચાલી, લોકશાસનના રાષ્ટ્રસ્વામીઓએ ધાન્ય અને જળ માટે યથાશક્તિ પ્રયાસો કરી મનુષ્ય અને પશુઓના મૃત્યુનું પ્રમાણ ઓછું કરાવ્યું, પરંતુ મનુષ્ય જીવનને બચાવવાના બહાને વાંદરા, માછલાં, તીડ વિગેરેની હિંસાઓને ઉત્તેજન આપ્યું અને અહિંસાપ્રેમીઓના દિલ દુભાવ્યા, બેકારી વધતી ચાલી, મધ્યમ વર્ગની પરિસ્થિતિ બગડતી ગઇ, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ બિનઆવડતથી વ્યાપારી જીવન ઉપર કરવેરા નાંખવાથી વ્યાપારી જીવનનો હ્રાસ થનો આવ્યો છે. સદ્દિમાં ગત ભાદરવા માસમાં નાણા(મારવાડ)માં પૂ૦ મુ૦ શ્રી હીરમુનિજીને માર મારી જૈન મંદિરો ઉપર અત્યાચાર ગુજારનારાઓની તપાસ કરવા માટે મુંબઇથી શેઠ જીવનલાલ પ્રતાપશી વિગેરેનું ડેપ્યુટેશન

ગયું હતું તેમજ જૈન કોન્ફરન્સ તરફથી તેમજ પ્રસ્તુત સભા તરફથી પણ તે સંબંધમાં તારો કરવામા આવ્યા હતા ત્યારપછી અમુક વખત શાંતિ સ્થપાણી હતી, પરંતુ બીજા અનેક તેવા જ લૂટના પ્રસગો મારવાડમા બનવા પામ્યા હતા તે જૈનોની નિર્બળતા અને સગઠનની ખામીને આભારી હતા પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીનો ૮૨ મો જન્મ જયતી ઉત્સવ કારતક શુદ ૨ શ્રી સિદ્ધક્ષેત્રમાં ઉજવાયો હતો તે પ્રસગે પાકીસ્તાન પ્રદેશમાથી કેવી વિકટ પરિસ્થિતિમાથી તેઓશ્રી આવ્યા વિગેરે ઇતિહાસ રજૂ થયો હતો દુષ્કાળ કટોકટીના પ્રસગમા શેઠ ભોગીલાલ મગનલાલે પોતે સારી રકમ આપી ભાવનગર પાંજરાપોળ માટે મુબઇમા મોટુ ફડ એકત્ર કરી મૂગા પ્રાણીઓને બચાવવાના આશીર્વાદ મેળવ્યા હતા માગશર શુદ ૭ પ્રસ્તુત સભામાં 'આત્મકાંતિ જૈન જ્ઞાનમદિરની ઉદ્ઘાટન સ્થાપનાની માગલિક ક્રિયા પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીના અધ્યક્ષપણા નીચે મહોત્સવપૂર્વક કરવામા આવી હતી અને તે પ્રસગને ઉચિત ફોટાઓ સાથે શ્રી જ્ઞાનમદિરનો ખાસ અક પ્રસ્તુત સભા તરફથી પ્રકાશિત કરવામાં આવ્યો હતો શેઠશ્રી ભોગીલાલ મગનલાલની કાઉન્સીલ ઑફ સ્ટેટમા ભારતની પ્રજાની સેવા માટે વરણી થઇ હતી જેથી ભાવનગર શ્રી સઘે શ્રી બળવતરાય મહેતાના પ્રમુખપદે તેમને રૂપાનુ કાસ્કેટ અર્પણ કરી ઉચિત સન્માન કર્યું હતુ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલમાં શેઠ મોહનલાલ મગનલાલના અધ્યક્ષપદે શેઠ ભાણાભાઇ ભૂધરજીના તથા તન, મન અને ધનથી સેવા અર્પનાર સદ્દગત પ્રમુખશ્રી શેઠ ફકીરચદ કેશવલાલના આરસના બસ્ટોની અનાવરણ ક્રિયા કરવામા આવી હતી, તે સાથે ઘણા વર્ષોથી સેવા કરનાર ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી લાલુભાઇ કરમચદને ઉચિત સન્માન આપવા સાથે રૂપાના કાસ્કેટમા માન આપવાનો મેળાવડો પણ થયો હતો સ્થાનકવાસી સાધુ સમ્મેલન અને કૉન્ફરન્સ સાદડીમા સફળ થયા હતા અને સગઠન માટેના નિયમો ઘડ્યા હતા તેમજ એક જ આચાર્ય તરીકેનો નિર્ણય મજુર રાખી અનેક દષ્ટિબિંદુઓથી ઐક્ય સાધના કરી હતી શ્રી જૈન શ્વેતાબર મૂર્તિપૂજક કૉન્ફરન્સની સુવર્ણ જયતી મુબઇમાં શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ દોશી બી એ ના પ્રમુખપદે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીની છાયામા ભાયખલા મડપમા સફળ રીતે ઉજવવામા આવી હતી અને દશ ઠરાવો પસાર કર્યા હતા પરતુ ઠરાવો અમલી બને ત્યારે જ તેની સાર્થકતા ગણાય તે માટે સમાજસેવકોએ પ્રચારકાર્યમા તેમજ મધ્યમ વર્ગની ઉન્નતિની યોજનાઓ તૈયાર કરી અમલ કરવામા વહેલી તકે જોડાઇ જવુ જોઇએ આ પ્રસગે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રેરણાથી શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષ માટે લગભગ એક લાખ સાઠ હજારનુ ફડ થયુ હતુ, ગત વર્ષના વૈશાખ વદી ૬ રા બા શેઠ જીવતલાલ પ્રતાપસીના ભત્રીજા ભાઇ ઇંદ્રવદન કાંતિલાલે ઓગણીસ વર્ષની ઊગતી યુવાન વયમા જાણે કે પૂર્વ જન્મમાં સયમનુ આરાધન કરીને આવેલા હોય તે રીતે-હસતે ચહેરે લક્ષ્મી અને મોટરના ભોગવટાને ઠોકરે મારી, વિષયોને ત્યાગી, વડીલ શ્રી શેઠ જીવતલાલભાઇ તથા પોતાના માતુશ્રીની આજ્ઞા લઇ મહોત્સવ સાથે ભાગવતી દીક્ષા અત્રે વિરાજતા પૂ વયોવૃદ્ધ આચાર્ય દેવ શ્રી વિજયપ્રેમસૂરિજી પાસે જ્ઞાનગર્ભિત વૈરાગ્યપૂર્વક લીધી છે આખા મુબઇમા અસાધારણ દૃષ્ટાંતરૂપે ઉચ્ચ વાતાવરણ છવાઇ ગયુ હતુ, એમનુ નામ શ્રી ચદ્રશેખરવિજયજી રાખવામા આવેલ છે, એમને અમારુ મસ્તક નમે છે, તે સાથે એમના વડીલ શ્રી જીવતલાલભાઈ તથા માતુશ્રી સુભદ્રાબહેનને પણ તેમના પુત્રપ્રેમના અસાધારણ ત્યાગ માટે ધન્યવાદ ઘટે છે આવાં દૃષ્ટાંતો અનેક વર્ષો પછી ભાગ્યેજ બને છે ત્યારપછી અન્ય બધુઓએ પણ જેઠ શુદ ૫ દીક્ષાઓ લીધી છે જેઓમા કેટલાક મેટ્રિક અને ઇંટર સુધીના અભ્યાસીઓ હતા આ તમામ યુવાન દીક્ષાધારી મુમુક્ષુઓ

તાત્કાલિક જૈનદર્શનના અભ્યાસમાં ઓતપ્રોત થઈ ગયા છે એમને પાંચ વર્ષ માટે સવિશેષપણે તુલનાત્મક દર્શનના અભ્યાસ માટે તૈયાર કરવા શેઠ જીવતલાલભાઈ વિગેરે પ્રયાસો કરી રહ્યા છે શ્રી ચંદ્રપ્રભાસપાટણ તીર્થમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠામહોત્સવ પૂ આ મહારાજ શ્રી ચન્દ્રસાગરજીના હસ્તક નિર્વિઘ્નપણે પૂર્ણ થયો હતો રાણકપુરતીર્થ તથા માંડવગઢ તીર્થમાં ચૈત્રમાસની સમૂહગત ઓળીઓ કરવામાં આવી હતી પ્રતિક્રમણ પ્રબોધ ટીકા વિભાગ બીજો મુંબઈમાં પૂ આ વિજયવલ્લભસૂરિજી, પૂ૦ આ૦ શ્રી વિજયપ્રેમસૂરિજી તથા પૂ૦ આ૦ શ્રી વિજયઅમૃતસૂરિજીની હાજરીમાં મેળાવડામાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો પુસ્તકના પ્રયોજક શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી અને વિદ્વાન લેખક શ્રીયુત ધીરજલાલ ટોકરસી છે ઐતિહાસિક દૃષ્ટિએ અગાધ વિવરણપૂર્વક ભરહેસર સજ્ઝાય એમનો બીજો વિભાગ છે, ત્રીજો વિભાગ પંચપ્રતિક્રમણ પૂરાનો તૈયાર થઈ રહ્યો છે આ રીતે શેઠ અમૃતલાલભાઈનું આવશ્યક સાહિત્ય વિષયક વર્ષો પહેલા ધારેલું સ્વપ્ન સિદ્ધ થતું જોઈ હર્ષાશ્રુ સાથે ગદ્‌ગદિત કંઠે એમનું વક્તવ્ય ચાલુ રહ્યું હતું વડોદરામાં પ્રતિષ્ઠાઓ પૂ૦ આ૦ શ્રી વિજયપ્રતાપસૂરિ, વિજયધર્મસૂરિ તથા પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિ હસ્તક થઈ હતી મુંબઈમાં જૈનધાર્મિક શિક્ષણ સંઘ નીચે પરાંઓની ૨૭ પાઠશાળાઓમાં લગભગ બે હજાર વિદ્યાર્થીઓનું તૈયાર કરેલ અભ્યાસક્રમ મુજબ શિક્ષણ ચાલુ છે મુંબઈ અને પરાની તમામ પાઠશાળાઓનું સંગઠન થયેલું છે તે માટે રા બ શેઠ જીવતલાલ પ્રતાપસી તથા પ્રમુખશ્રી શેઠ રમણલાલભાઈ દલસુખભાઈ જે પી વિગેરેના પ્રયાસથી બત્રીશ હજારનું ફંડ થયેલ છે જૈન એજ્યુકેશન બૉર્ડ, જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, મહેસાણા પાઠશાળા, રાજનગર ધાર્મિક પરીક્ષા કેંદ્ર અને ધાર્મિક શિક્ષણ સંઘ જો પરસ્પર મળી પોતપોતાના કાર્યની વહેંચણી કરી એક જ ધ્રુવબિંદુ નીચે કાર્ય કરે તો સમાજની શક્તિઓ કેટલીક રીતે વેડફાતી અટકી જાય તે સંબંધમાં લક્ષ્ય આપવા સંચાલકોને વિનંતિ છે મુંબઈમાં જૈન ભોજનશાળા અને જૈન ધર્મશાળાની વર્ષો થયાં ખાસ આવશ્યકતા છે જૈન ભોજનશાળા માટે ગત વર્ષમાં પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરિએ પ્રયત્ન આરંભ્યો હતો પણ જગ્યાને અભાવે પરિણામ આવ્યું નહોતું. શ્રાવક શ્રાવિકા ફંડને અખિલ હિંદના ઉપયોગ માટે એક લાખ સાઠ હજાર નહિ પરંતુ 'એક ક્રોડ' જેટલા ફંડની આવશ્યકતા છે પરંતુ તે જૈન સમાજમાં રહેલા ભિન્ન ભિન્ન પક્ષોનું સંગઠન થાય ત્યારે જ બની શકે આ માટે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ જીવતલાલ પ્રતાપસી, શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી વિગેરે વિગેરે અગ્રગણ્ય સજ્જનો પુરુષાર્થ ફોરવી સ્થાનકવાસી સમાજના ઐક્યનું તાજેતરનું દૃષ્ટાંત લઈ, વહેલી તકે સંગઠન સાધવા તન, મન ધનથી લાગણીપૂર્વક કરે તો અવશ્ય પરિણામ સુંદર આવે જૈન શાસનમાં શું શું નથી? બધુંય છે પણ એક સંગઠનની ખામી છે આ અમારી નમ્ર સૂચના પ્રસ્તુત સજ્જનો લક્ષમાં લેશે એવી આશા રાખીએ છીએ ગતવર્ષમાં શ્રી બાલાભાઈ નાણાવટીના અધ્યક્ષસ્થાને મુંબઈ અને માંગરોળ સભાનો હીરક મહોત્સવ ઉજવાયો હતો બૉંબે પબ્લીક ટ્રસ્ટ ઍક્ટ માટે ધારાઓની કલમમાં સુધારો કરવાને જૈન સમાજમાં ઊહાપોહ ચાલી રહ્યો છે વેજલપુર સંઘ તરફથી એક ટેસ્ટકેસ પણ થઈ ગયેલ છે મુંબઈ સરકાર આ ધારામાં યોગ્ય રીતે સુધારોવધારો કરી જૈન સમાજને ન્યાય આપશે એવી આશા રાખીએ છીએ આ વખતે મુંબઈમાં પૂ૦ પા આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી પૂ૦ પા આ૦ શ્રી વિજયપ્રેમસૂરિજી, પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયઅમૃતસૂરિજી તથા પૂ૦ પં૦ શ્રી ધર્મસાગરજીગણિ વિગેરે મુનિરાજોનું મુંબઈમાં ચતુર્માસ છે આશા છે કે એઓશ્રીના ચાતુર્માસમાં જૈન સમાજનું સંગઠન તથા મધ્યમવર્ગના સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર વિગેરે અનેક મહ

પ્રસંગે અમારી ત્રુટિઓ પણ જણાવવી યોગ્ય થઇ પડશે કે શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનું કદ વધારી શક્યા નથી તેમજ અખંડાનંદ માસિક જેવું કરવાની ભાવના હોવા છતાં અલ્પ પ્રમાણમાં પણ અમલમાં મૂકી શક્યા નથી, પરંતુ તે વિદ્વાન અને જુદા જુદા દૃષ્ટિબિંદુ ઉપર લખનાર લેખકો ઉપર નિર્ભર છે; આ અમારી ભાવના ફલિત થાય તેમ ઇચ્છીએ છીએ તદુપરાંત કહેવું ઉચિત જણાય છે કે સભાના તમામ સાહિત્યના કાર્યોને અંગે સભાની કમીટી સાથે સંચાલકોમા ભાઇશ્રી વલ્લભદાસભાઇની તથા શેઠ ગુલાબચંદભાઇની મુખ્યતા છે. આટલી વૃદ્ધ ઉમ્મરે પણ તેઓ બન્ને સભાના ધ્રુવબિંદુરૂપ રચનાત્મક કાર્ય કરી રહ્યા છે તેથી જૈન સમાજના ધન્યવાદને પાત્ર છે; પરંતુ સભાએ સીરીઝો વિગેરેની જે જવાબદારી સ્વીકારેલી છે તેને ઉત્તરોત્તર વૃદ્ધિગત કરવા માટે સંસ્કાર પેઢી તૈયાર કરવા તેમને નમ્ર સૂચના છે. પ્રસંગોપાત્ત સભાના સંચાલકોને અનુભવી સાક્ષરરત્નનું નાનું પણ ચેતવણીથી ભરપૂર વાક્ય સૂચવવાનું ઉચિત માનીએ છીએ. "આપણે નૈતિક જગતમા અલ્પસેવાના મશાલધારીઓ છીએ અને આપણા જીવન્ત પરમાણુઓ પ્રકાશનો ઝબકારો મૂકી જાય છે; આપણી અવસ્થા થાય તે પહેલા આપણા પછી યુવાન પેઢીને તૈયાર કરી કાર્ય સુપરત કરીએ "

અંતિમ પ્રાર્થના.

સુખ દુઃખના સંબંધમા શ્રી વિનોબાજી ભાવે કહે છે કે "સુખ દુઃખને જન્મ આપે છે અને દુઃખ સુખને; સુખના અનેક પ્રસંગો વિસ્મૃતિના પેટાળમા સહજ હજમ થઇ જાય છે; દુઃખનો પ્રસંગ ભૂલવો એટલે તેથી વધારે દુઃખનો પ્રસંગ આવે ત્યારે જ બની શકે, દુઃખને ભૂંસી નાખવાની શક્તિ સુખમા નથી, ઊલટુ સુખથી તેની યાદ વધારે ખીલે છે; દુઃખને ભૂલવાનું કામ તીવ્ર દુઃખ જ કરી શકે; જેમ વધારે સંકટ તેમ વધારે પુરુષાર્થની જાગ્રતિ–એ કુદરતનો નિયમ છે"–સ્વ૦ કવિસમ્રાટ શ્રી રવીંદ્રનાથ ટાગોર પોતાના એક લેખમા કહે છે કે–આપણે અનંતતાના સંતાન છીએ એટલે લાંબા વખત સુધી આપણી આધ્યાત્મિક દુર્બળતા રહે છે; આપણુ પતન થાય છે પણ એ જ આપણું સૌભાગ્ય છે; એ જ આપણુ ચિરંજીવનનુ લક્ષણ છે; એ જ આપણને કહે છે કે–હજી આપણી બુદ્ધિ અને વિકાસનો અંત આવી ગયો નથી"—ઉપરોક્ત સુખ–દુઃખની સાપેક્ષતા તથા બુદ્ધિવિકાસનો ક્રમ અનેક જન્મોના સંસ્કારો પછી તેમજ અનેક ચડની–પડતીના અનુભવો પછી પ્રાપ્ત થાય છે. શ્રી ઉમાસ્વાતિવાચકના શ્રી વર્ધમાનસ્વામી પરત્વેના 'भावितभावो भवेष्वनेकेषु—" અનેક જન્મોના સંસ્કારો પછી જેમના આત્માનો વિકાસક્રમ સધાયો હતો"—ઉદ્ગારોનું સામ્ય સમજાશે ત્યારે દરેક વ્યક્તિનું ધાર્મિક જીવન યોગના અસંખ્ય પ્રકારોની જેમ અસંખ્ય ભેદોવાળું સમજાશે; પ્રાણીઓની ઇચ્છાઓ અનંતી છે પણ તે સર્વ ઇચ્છાઓને ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર વર્ગોમાં કેંદ્રિત કરવામાં આવેલ છે; પરંતુ તેમા ધર્મવડે અર્થ–કામ અવાંતરરૂપે મળે છે જ્યારે મુક્તિરૂપ સાધ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે; તેમા પણ શ્રીમાન્ હરિભદ્રસૂરિના ધર્મબિંદુના કથન મુજબ વિચાર, ધર્મ અને અનુષ્ઠાન ધર્મથી આગળ વધી સ્વરૂપ (આત્મપરિણતિ) ધર્મની પ્રાપ્તિ થાય ત્યારે જ મુક્તિ નજીક આવે છે; પાંચ સમવાયોમાં ખાસ કરીને નિગોદ જીવનથી મનુષ્ય જીવનપર્યંત ભવિતવ્યતાની મુખ્યતા હોય છે અને મનુષ્ય જીવનમાં માર્ગાનુસારીપણું પ્રાપ્ત કર્યા પછી ઉદ્યમ–પુરુષાર્થની મુખ્યતા છે; અકામ નિર્જરામાં આત્માને દુઃખ સહન શક્તિરૂપ આત્મવીર્યથી ગોણપણે પ્રગતિ કરવાની હોય છે; રાગદ્વેષ, સુખદુઃખ, ઉત્થાનપતન, વિગેરે દ્વંદ્વોથી ભરેલી આ સૃષ્ટિ કે જેને માટે ઉપમિતિભવપ્રપંચાકારે

उद्यानेष्वेपु गेहेषु भ्रांत्वा भ्रांत्वा निषीदत — શ્લોકથી ચોરાશી લાખ જીવયોનિમાં ઉત્થાન, પતન દર્શાવતું તે સૃષ્ટિમાં જૈન દર્શનનો 'અનેકાંતવાદ' અનેક નિરાશાવાદની વચ્ચે આશાવાદ પૂરે છે અને સુખદુઃખાદિ દ્વંદ્વો(દ્વન્દ્વો)થી ભરેલી આધ્યાત્મિક ગૂંચવણોનો જ્યોતિસ્તંભ બને છે; તાત્ત્વિક શ્રદ્ધાએ બીજના ચંદ્રનો ઉદય છે, સમ્યક્ત્વ છે, અંતરાત્મપણું છે, એ અવશ્ય પૂર્ણિમાના ચંદ્રરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવશે જ, આ સમ્યક્ત્વનો જો આ અમૂલ્ય માનવજન્મમાં ઉદ્‌ભવ થાય તો સંસ્કારો દૃઢ થતાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં કહે છે તે મુજબ—आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः— આત્મા એ જ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ બની જાય છે, ગુણગુણીનો ભેદ નષ્ટ થાય છે, એ પ્રયત્ન કરનાર ક્રમે ક્રમે જન્મ મૃત્યુના પર્યાયો ઉપર કાબૂ મેળવતો જાય છે. આ બાબતના અનુસંધાનમાં બાબુ ક્ષિતિમોહનસેનના વાક્યો વિચારવા ઠીક થઈ પડશે "અનંત પંથનો યાત્રાળુ મારે ત્યાં મહેમાન થઈને આવ્યો છે; તેની આગળ મંગળ વસ્તુઓથી ભરેલો થાળ ધરું ? મારા ઘરના આંગણાની કદર થઈ છે અને મારો રસ્તો ફૂલોથી આચ્છાદિત થયેલો છે, જન્મ અને મરણવાળા સંસારમાં તમે તમારો પગ મૂક્યો છે, તમારી હું શી સેવા કરું ? માર્ગ મુસાફર અને ઘર એક જ બની ગયા છે અને ભેદભાવ નષ્ટ થયો છે"—ઉપસંહારમાં આત્મા અને તેના ગુણોની એકતારૂપ અથવા આત્મા અને પરમાત્માની એકતારૂપ 'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે' શ્રીમદ્ દેવચંદ્રજીના કવનનું સપ્રસંગ સ્મરણ કરી, શ્રી જિનેશ્વર પ્રભુએ નિવેદન કરેલા અસંખ્ય શુભ યોગોમાંથી ગમે તે યોગોદ્વારા પ્રસ્તુત પત્રના વાચકોના આત્માઓ પરમાત્મસ્વરૂપ મેળવવાની કળા પ્રાપ્ત કરી આત્માનો અભૂતપૂર્વ આનંદ પ્રાપ્ત કરે—એવી મંગલમય ભાવના સાથે તે સુંદર કળા પ્રકટાવવાના હેતુભૂત નિમિત્ત, ઉપાદાન અને સાધ્ય, સાધનના ભાવનામય એ માંગલિક શ્લોકો સાદર કરી વિરમવામાં આવે છે

विषयानुबंधबंधुमरन्यत्र किमप्यतः फलं याचे ।
इच्छाम्येकं जन्मनि जिनमतरागं परत्राऽपि ॥

ન્યાયાલોક—પ્રશસ્તિ ઉ૦ શ્રીમદ્ યશોવિજયજી

अमृतं चैव मृत्युश्च द्वय देहे प्रतिष्ठितं ।
मृत्युरापद्यते मोहात् सत्येनापद्यतेऽमृतं ॥—મહા૦ શાંતિપર્વ

"હે પ્રભો ! મનોહર લાગતા ઇંદ્રિય વિષયોની યાચના અમો કરતા નથી પરંતુ આ જન્મમાં તેમજ જન્માંતરમાં જિનદર્શન તરફનો પ્રશસ્ત રાગ બન્યો રહે ! એ આપના પ્રતિ અભ્યર્થના છે.— આ શરીરધારી પ્રાણીમાં અમૃત અને મૃત્યુ બંને રહેલા છે, પરંતુ ભૌતિક વાસનાઓથી ભાવ-મૃત્યુ થાય છે અને આત્મ તત્ત્વના સ્વીકારથી (શાશ્વત) અમૃતપણું પ્રાપ્ત થાય છે.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મુંબઈ
સં. ૨૦૦૮ શ્રાવણ શુદ પંચમી.
શ્રી નેમિનાથ જન્મકલ્યાણકના મંગલમય દિને.

ફતેહચંદ ઝવેરભાઈ

THE LIBRARY OF CONGRESS.

Washington 25, D C

Air Mail November 8, 1951

My dear Muni Jambuvijayaji,

Your letter of October 19 inquiring after the cost of microfilming and rotographing certain sections of the Tibetan Tanjur arrived just a few days ago, and I have forwarded it to the Photoduplication Service of the Library for attention. You will be presently notified regarding the exact cost involved and the method of submitting the payment

It might be of interest to you to know that the Library of Congress possesses two (2) different recensions of the Tanjur, both printed from wooden blocks, we have extremely few manuscripts-in fact, I understand that manuscripts of the Tibetan canon are very rare indeed The one version was printed at the Choni lamasery in Kansu province from wooden blocks believed to have been carved 500 years ago This recension contains both the Kanjur and Tanjur, unlike certain of the others which consist frequently of merely one or the other of the two parts It is also the most easily legible of all the differing recensions and is particularly to be treasured because the Choni monastery has since been burned to the ground by bandits and all the thousands of *wooden blocks destroyed* *The other recension in the possession of* the Library is the Narthang Tanjur, which appears to be rather well-known outside of Tibet We have also the Derge Kanjur Thus, when you request microfilms to be made of any portions of the Tanjur, please specify whether you desire them from the Choni or Narthang recensions

I was most happy to read in your letter of your contemplated gift to this Library of several ancient Jain Sanskrit books You may be assured that such a gift will be warmly welcomed, since we are constantly endeavouring to expand and improve our present collection of books on all aspects of Indian culture and civilization I myself am particularly interested in Jainism, having read some Jain Prakrit texts under Dr W Norman Brown when I was a student at the University of Pennsylvania Thus, it is with a kind of twofold joy that I anticipate the arrival of such a gift of books in the one instance

because it represents an augment of the Library's collection of books on Jainism, and in the other because of my own deep interest in the subject

Muni Jambuvijayaji
C/o Jain Temple,
Malegaon City Dist Nasik
Bombay State-India

Very sincerely yours,
Walter H. Maurer
Reference Librarian,
South Asia Section

શ્રી નયચક્રસાર ગ્રંથને સંપૂર્ણ અને અનુપમ બનાવવા માટે કૃપાળુ મુનિરાજ
શ્રી જમ્બૂવિજયજી મહારાજનો અપૂર્વ-સ્તુત્ય પ્રયત્ન

ધી લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ,
વૉશીંગ્ટન ૨૫, ડી સી
નવેમ્બર ૮, ૧૯૫૧

આત્મપ્રિય મુનિશ્રી જમ્બૂવિજયજી,

તારીખ ૧૯ મી ઑક્ટૉબરનો આપનો પત્ર મળ્યો છે આપે તે પત્રમાં ખુલાસો માગ્યો છે કે થોડાક જ દિવસો પહેલાં પ્રાપ્ત થયેલ 'તિબેટન તાંજુર' (Tibetan Tanjur)ના કેટલાક ભાગોને માઇક્રોફીલ્મ અને ફોટોગ્રાફ કરાવવાનો કેટલો ખર્ચ થાય તેમ છે? તો ઉત્તરમાં જણાવવાનું કે અમારી લાઇબ્રેરીમાં ફોટોડુપ્લીકેશન વિભાગ છે તેના ઉપર આપનો પત્ર વિચારણા માટે અમે મોકલી આપ્યો છે બહુ થોડા જ સમયમાં, આ બાબત કેટલો ખર્ચ થશે અને ખર્ચની રકમ આપે અમારા ઉપર કેવી રીતે મોકલવી તે બાબત પત્રથી અમે આપને જણાવશું

હવે આપને જણાવવાનું રસપ્રદ થઈ પડશે કે અમારી લાઇબ્રેરીમાં 'તાંજુર'ની બે પ્રકારની શોધિત આવૃત્તિઓ છે અને આ બન્ને આવૃત્તિઓ લાકડાના બીબાં (Wooden blocks) પરથી છાપવામાં આવી છે અમારી પાસે તિબેટન પ્રતો બહુ જ ઓછી છે અમારી સમજણ પ્રમાણે આવી પ્રતો બહુ જ દુષ્પ્રાપ્ય છે આ પૈકી એક આવૃત્તિ કાન્સુ પ્રાંતમાં આવેલ 'ચોની' નામના લામા-મઠમાં છપાયેલ છે પાંચસો વરસ પહેલાં કોતરીને તૈયાર કરાવેલ લાકડાનાં બીબાં છાપવા માટે વપરાયાં હતાં આ આવૃત્તિની ખૂબી એ છે કે તેમાં 'કાંજુર' અને 'તાંજુર' વિભાગો બન્ને છે કે જે બીજી આવૃત્તિઓમાં નથી હોતા બીજી આવૃત્તિઓમાં તો કાંજુર અથવા તાંજુર હોય છે પણ બન્ને સાથે હોતાં નથી તદુપરાંત પાઠભેદવાળી બીજી આવૃત્તિઓ કરતાં આના અક્ષરો સ્પષ્ટ છાપેલા હોવાથી બહુ જ સહેલાઇથી વાંચી શકાય છે અને તેની નકલ કરી શકાય છે વળી ચોની લામા-મઠનો લૂંટારુઓથી આગ લગાડીને નાશ થયેલો હોવાથી આ આવૃત્તિનું મૂલ્ય બહુ વધી જાય છે મઠના નાશ થવાથી લાકડાનાં છાપવાનાં બીબાં પણ હજારોની સંખ્યામાં નાશ પામ્યાં છે આ કારણથી આ આવૃત્તિ બહુમૂલ્ય બની જાય છે લાઇબ્રેરીમાં આની બીજી આવૃત્તિ (recension) છે ને તેને 'નારથંગ તાંજુર' કહે છે તિબેટની બહાર તેની પ્રસિદ્ધિ વધારે હોય તેમ લાગે છે અમારી પાસે 'ડેર્ગે કાંજુર' નામની આવૃત્તિ પણ છે વસ્તુસ્થિતિ આમ હોવાથી આપે સ્પષ્ટતાથી ખુલાસો કરવો

રહ્યો કે 'તાજુર' ના જે જે ભાગોનુ માઇક્રોફીલ્મ કરવાનુ છે તે અમારે ચોનીવાળી આવૃત્તિમાંથી કરવુ કે નારથંગવાળી આવૃત્તિમાંથી કરવુ

આપના પત્રમા આપ લખો છો કે પ્રાચીન જૈન સંસ્કૃત પુસ્તકો લાઇબ્રેરીને ભેટ આપવાનો આપનો ઇરાદો છે તો તે જાણીને મને ઘણો જ હર્ષ થાય છે આપને હુ ખાત્રી આપુ છુ કે આ પ્રકારની ભેટ બહુ જ સહૃદયતાપૂર્વક સ્વીકારીશે કારણ કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મો પરત્વે ખ્યાલ આપતાં તમામ પુસ્તકો વસાવીને અમારી લાઇબ્રેરીને વિસ્તૃત અને સમૃદ્ધ કરવાનો અમારો સંકલ્પ છે મને તો ખાસ જૈનદર્શનમા રસ છે કારણ કે ડૉ ડબલ્યુ નૉરમન બ્રાઉન પાસે પેન્સીલ્વેનીયા યુનીવર્સીટીમા એનો મે અભ્યાસ કર્યો હતો પુસ્તકોની ભેટ આવવાથી મને તો બેવડો આનંદ થશે એક તો અમારા પુસ્તકાલયમા જૈન દર્શનને લગતા પુસ્તકો છે તેમાં વધારો થશે અને આનંદનુ બીજુ કારણ એ છે કે મને પોતાને જૈનદર્શનમાં ખૂબ રસ છે

હૃદયપૂર્વક આપનો,
વૉલ્ટર. એચ મૉરેર
રેફરંસ લાઇબ્રેરીયન, સાઉથ એશીયા સેક્શન

THE LIBRARY OF CONGRESS

Washington 25, D C

Air Mail December 5, 1951

My dear Muni Jambuvijayaji

Thank you very kindly for your prompt reply to my letter to you of November 8 We shall be eagerly anticipating the arrival of the five books on Jainism which you have sent to the Library It was very thoughtful of you to ask the great Jain Atmanand Sabha of Bhavanagar to present to this Library their Sanskrit and Prakrit publications We greatly appreciate your kindness and concern in helping us to build up an extensive and representative collection of books on the Jain religion

With regard to the microfilms and rotographs you wish to have made I regret to inform you that the Choni recension of the Tanjur does not appear to contain the precise Pramānasamuccayavṛtti you have in mind Volume 95 (हे) has a work bearing this name commencing with folio 14 a and extending to folio 85 b but this comes far short of the number of folios mentioned in your letter The Narthang recension has two Pramānasamuccayavṛtti s in volume 95 (हे) containing

80 and 83 folios respectively, both by the same author, viz Phyogs-kyi Glan-po (i e. Dinnaga) In volume 115 (ङे) of the Narthang edition there is a section of 355 folios entitled Visalamalavati Nama Pramanasamuccayatika by Rgyal-balu Dban-polu Blo-gros-kyi Shabs (i e Jinendramatipada) In view of this, therefore, I have thought it better to consult you before proceeding with the photoduplication of texts that may prove to be other than what you desire and of little or no use to you in your work

I shall be looking forward to hearing from you soon, regarding this matter

Jain Muni Jambuvijayaji,
C/o Jain Atmanand Sabha,
Bhavnagar-Saurashtra,
India

Very sincerely yours,
Walter H Maurer
Reference Librarian,
South Asia Section.

ધી લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ,
વૉશિંગ્ટન, ૨૫, ડી સી
ડિસેમ્બર, ૫, ૧૯૫૧.

આત્મપ્રિય મુનિશ્રી જંબૂવિજયજી,

નવેમ્બર ૮ મીએ લખેલા મારા પત્રનો આપે કૃપા કરી ઉત્તર આપ્યો છે તે માટે આપનો આભાર. આપે અમારા પુસ્તકાલય માટે જૈનદર્શનના પાંચ પુસ્તકો રવાના કર્યાં છે તેની અમે આતુરતાપૂર્વક વાટ જોઈ રહ્યા છીએ. આપે જરૂરી વિચાર કરીને જ જાહેરાત કરી છે કે ભાવનગરની જૈન આત્માનંદ સભા પોતાના સંસ્કૃત અને પ્રાકૃત પ્રકાશનો અમારા પુસ્તકાલય માટે મોકલે. અમારા પુસ્તકાલયમાં જૈનધર્મનાં પુસ્તકો વધારે સંખ્યામાં આવે અને તેથી અમારું પુસ્તકાલય સમૃદ્ધ થાય તે બાબત આપ જે કાળજી અને કૃપા દર્શાવો છો તેની અમે કદર કરીએ છીએ.

હવે જે બાબતોને આપ માઇક્રોફિલ્મ અને ફોટોસ્ટેટ કરાવવા ઇચ્છો છો તેને લગતી મારે જણાવવાનું કે ચોથા ભાગ-ભાગની તાંજુરની આવૃત્તિમાં આપના મનમાં જેનો ખ્યાલ છે તે 'પ્રમાણસમુચ્ચયવૃત્તિ' જોવામાં આવેલ નથી. ૯૫ નંબરના વૉલ્યુમમાં આ પ્રકારના નામવાળું પ્રકરણ છે અને તેનો વિસ્તાર ફોલીઓ ૧૦ ક થી ૨૨ ૨૪ કે ફોલીઓ ૮૧ ૫ સુધી છે. પણ આપના પત્રની દરખાસ્ત પ્રમાણે તો ફોલીઓની સંખ્યા ઘણી મોટી છે. ૯૫ નંબરના વૉલ્યુમમાં નારથંગ આવૃત્તિ પ્રમાણે બે પ્રમાણસમુચ્ચયવૃત્તિ છે અને તેમાં અનુક્રમે ૮૦ અને ૮૩ નંબરનાં ફોલીઓ છે. તે બન્નેના કર્તા દિનાગ છે. નારથંગ આવૃત્તિના ૧૧૫ નંબરના વૉલ્યુમમાં ૩૫૫ ફોલીઓનો એક વિભાગ છે અને તેનું નામ 'વિશાલામલવતી નામ પ્રમાણસમુચ્ચય ટીકા' છે. તેના કર્તા જિનેન્દ્રબુદ્ધિ છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી મને લાગ્યું કે આપે જણાવેલ ગ્રંથ ૯૫ ૩૫ ... ફોટો લેતાં પહેલાં

આવૃત્તિઓ અને પ્રતોની બાબત મારે ચોખવટ કરી લેવી જોઈએ કારણ કે આપે જે પ્રતોના ફૉટાઓ કરવા ધાર્યા હોય તેનાથી જુદા જ નીકળી પડે એવું મને લાગે છે આમ થાય તો તે આપને તદ્દન નિરુપયોગી થઈ પડે એવો ભય છે આ બાબત આપનો ખુલાસો સત્વર આવી પહોંચશે એવી આશા સેવું છું

હૃદયપૂર્વક આપનો
વૉલ્ટર એચ મૌરેર.
રેફરન્સ લાઇબ્રેરીયન સાઉથ એશીયા સેક્શન

THE LIBRARY OF CONGRESS

Washington 25 D C

Exchange and Gift Division July 11 1952

Reference O-India

Dear Muni Jambuvijay,

The Librarian of Congress has requested me to acknowledge, with many thanks, the following publications, among others, which you have so kindly sent, or have caused to be sent, to the Library of Congress

Samaraiccakaha, by Haribhadra Sūri
Sāstravārtāsamuccaya, By Haribhadra Sūri
Kumārapālabhūpāla caritram mahākāvyam by Jayasimha Sūri
Sūtrakṛtāngam by Sudharmasvāmin
Saddarśanasamuccayah, by Haribhadra Suri
Jaina Katha Sāhitya by Jaina Sāhityakāra Parisad
Hemacandra Sūriśvarajī mahārāja, by Jambūvijayajī
Vītarāga-mahādeva-stotram

Surasundaree-chariam of Shree Dhaneshvara Muneeshvara, edited by Muniraj Shree Raja Vijayjee (Jaina Vividha Sahitya Shastramala No 1) Benares 1916

An *Exhibition of old Palm-leaf Manuscripts and Writing Material* at the National Museum of India

These publications about the Jain religion are valuable additions to our collection of Indic materials The six lists of books about the Jain religion are also very welcome and will be useful to us in our reference and acquisitions work

Mr Maurer, our reference librarian for South Asia is presently

working out the details for micro-filming the Tibetan texts which you have requested Because these texts are uncatalogued, his work is proceeding slowly Mr Maurer has expressed his intention to write to you soon about the progress of his work

Thanking you once again for your generous cooperation, I remain

Jain Muni Jambuvijay,
C/o Jain Temple
P O Malegaon, District Nasik
India.

Sincerely yours
Jennings Wood
Assistant Chief,
Exchange and Gift Division

જૈન સાહિત્ય ગ્રંથો અમેરિકા ભેટ મોકલવાથી કોંગ્રેસ સરકારે માનેલો આભાર

ધી લાયબ્રેરી ઑફ કોંગ્રેસ
વૉશીંગ્ટન ૨૫ ડી સી
જુલાઈ, ૧૧, ૧૯૫૨

આત્મપ્રિય મુનિશ્રી જમ્બૂવિજયજી,

અમારી લાયબ્રેરી માટે આપે નીચે પ્રમાણે પુસ્તકો મોકલવાનો શ્રમ કર્યો છે તે બદલ અમારા લાયબ્રેરીયનના ઘણા આભાર સ્વીકારશો —

(૧) સમરાઇચ્ચકહા—હરિભદ્રસૂરિકૃત.
(૨) શાસ્ત્રવાર્તાસમુચ્ચય—હરિભદ્રસૂરિકૃત.
(૩) કુમારપાલભૂપાલચરિત્રમ્ મહાકાવ્યમ્—જયસિંહસૂરિકૃત
(૪) સૂત્રકૃતાંગમ્—સુધર્માસ્વામીકૃત
(૫) ષડ્દર્શનસમુચ્ચય—હરિભદ્રસૂરિકૃત
(૬) જૈન કથા સાહિત્ય—જૈન સાહિત્યકાર પરિષદ્-પ્રકાશન
(૭) હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ—જમ્બૂવિજયજીકૃત
(૮) વીતરાગ-મહાદેવ-સ્તોત્રમ્
(૯) સુરસુંદરીચરિયમ્—કર્તા શ્રી ધનેશ્વર મુનીશ્વર સંપાદક મુનિરાજ શ્રી રાજવિજયજી
(જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા નં ૧ બનારસ-૧૯૧૬)
(૧૦) નેશનલ મ્યુઝીયમ ઑફ ઇંડિયાના પ્રદર્શનમાં મૂકેલી તાડપત્ર પર લખેલી જૂની પ્રતો તદુપરાંત લેખન સામગ્રીના પ્રકારો

અમારા પુસ્તકાલયમાં ભારતીય વસ્તુઓનો જે સંગ્રહ છે તેમાં આપના તરફથી આવેલ જૈન ધર્મનાં પુસ્તકો ઉમેરાવાથી અમારું પુસ્તકાલય ખરેખર સમૃદ્ધ બન્યું છે ઉપરોક્ત પુસ્તકો જૈન ધર્મનું માર્ગદર્શન કરતાં હોવાથી અમને બહુ જ ઉપયોગી નીવડશે એ દૃષ્ટિએ પણ અમે તેને બહુમૂલ્ય અપનાવીએ છીએ દક્ષિણ એશિયા વિભાગના ખાસ લાયબ્રેરીયન શ્રી મોરેર, અત્યારે ટિબેટન પ્રતોને કેવી રીતે માઇક્રોફિલ્મ કરવી તેની તજવીજ કરી રહ્યા છે આ પ્રતો કેટલોગમાં સમાવિષ્ટ થઇ નથી

તેથી તેનુ કામ બહુ ધીમુ ચાલે છે પોતાના કામની પ્રગતિ બાબત, મી મેરેર, આપને પત્રથી ખુલાસો કરશે

આપ અમારી સાથે, બહુ ઉદાર ચિત્તે, સહકાર કરી રહ્યા છો તે બદલ આપના અમે આભારી છીએ

હૃદયપૂર્વક આપનો,
જેનિંગ્સ વુડ.
એસિસ્ટંટ ચીફ, એક્સચેઇન્જ એન્ડ ગીફ્ટ ડીવીઝન

---

[1]216, 3rd St S E
Washingtan 3 D C.
(વોશીંગ્ટન) ૭–૭–૧૯૫૨

આદરણીય શ્રી મુનિજી શ્રી જમ્બુવિજયજી મહારાજ

સાદર વંદન આપનો કૃપાપત્ર પ્રાપ્ત થયો તે પહેલા બંધુવર જેટલીનો પણ પત્ર મળ્યો આપનો પત્ર ન આવ્યો હોત તો પણ આપને આપની અભિલાષિત વસ્તુ મળી ગઈ હોત હુ ગત વર્ષ ઓકટોબરના અંતમા અહીં આવ્યો હતો આપનો પત્ર જ્યારે સર્વપ્રથમ શ્રી વોલ્ટર મોઅર પાસે આવ્યો હતો ત્યારથી જ એ આપનુ નામ સદા આદરપૂર્વક સ્મરણ કરતો રહે છે આપે ઉપકાર કરી અહીં જે પુસ્તકો ભેટરૂપમા આપેલા છે તેમનો પણ શ્રદ્ધા સાથે ઉલ્લેખ કરે છે **એ આપણી ભારતમાતા, ભારતી, ભારતીયસંસ્કૃતિનો પરમ ઉપાસક અને નિષ્ઠાવાન્ ભક્ત છે. આ દેશમા બહુ ઓછા વ્યક્તિ એના જેવા સરલ, સજ્જન અને સાધુ હશે**

આપનુ કાર્ય એ ભૂલ્યો નથી, કિન્તુ આપે અભિલષિત અંશ સરલતાથી પ્રાપ્ત ન હોવાને લીધે તથા અન્યાન્ય અનેક કાર્યોમા અતિવ્યસ્ત હોવાને લીધે આપનુ કાર્ય હમણા સુધી કરી શક્યો નથી હમણા એ ગ્રીષ્માવકાશમા બહાર ગયો છે આ માસના અન્તમા આવશે હુ આપને વિશ્વાસ અપાવુ છુ કે એના આવતા વેત જ હુ યથાસંભવ શીઘ્ર આ કાર્ય પૂર્ણ કરાવી [2]માઇક્રોફિલ્મ આપની સેવામા રવાના કરીશ આ સબંધમાં આપને એક પઈ પણ ખર્ચ નહીં કરવો પડે કારણ આપે આપેલી ભેટોથી લાયબ્રેરી નિતાન્ત ઉપકૃત છે અને એ આભારના સ્વીકારરૂપમા એ લોકો સ્વયં આ ખર્ચો ઉપાડશે

મ્હારો જૈન સાધુઓથી બહુ જ સારો સબંધ રહ્યો છે મુનિશ્રી પુણ્યવિજયજીની સહાયતાથી હુ ઘણાખરા જૈન ભંડારોથી અમૂલ્ય ગ્રંથરત્નોના અધ્યયનનો લાભ મેળવી શક્યો છુ જૈનધર્મ તથા જૈન સંસ્કૃતિ પ્રતિ હુ વિશેષ પ્રેમ રાખુ છુ

---

૧ શ્રીમાન્ મુરારિલાલભાઇ નાગર કે જેઓ સંસ્કૃતસાહિત્યના સુંદર વિદ્વાન્ છે અને ગુજરાતના જ વતની છે તેઓ ગયે વર્ષે અમેરિકાની કોંગ્રેસ લાયબ્રેરીમા હિન્દુસ્તાન વિભાગમા (India Section) લાયબ્રેરીઅન તરીકે વોશીંગ્ટનમા નીમાયા છે તેમનો આ પત્ર છે અમેરિકન કોંગ્રેસ લાયબ્રેરી જગતની લાયબ્રેરીઓમા નામાંકિત ગણાય છે

૨ આખા જગતમા માત્ર અમેરિકન કોંગ્રેસ લાયબ્રેરીમા જ જેનો સંગ્રહ છે એવા છાની એડીશનના કેટલાક ટિબેટન ગ્રંથોની માઇક્રોફિલ્મ મેળવવાની આ બધી મહેનત અમારા તરફથી પ્રગટ થનાર નયચક્ર ગ્રંથને શુદ્ધ તથા વ્યવસ્થિત કરવા માટે થઇ રહી છે લી૦ સભા

અહીં લાયબ્રેરીમાં ભારતીય સંસ્કૃતિના અને વિશેષત જૈન સંસ્કૃતિના જે કંઇ પણ ગ્રંથો આવશે તેનો આદર સાથે સ્વીકાર કરવામાં આવશે આપે મોકલેલાં બધાં પુસ્તકો અહીં મળી ગયાં છે આપને એ વિષયનો સ્વીકારપત્ર હમણાં સુધી મોકલાયો નથી, કારણ એ લોકો દેવનાગરી લિપિથી અનભ્યસ્ત હોવાને લીધે પુસ્તકોના નામ નહોતા વાંચી શકતા આપનો પત્ર આજે પામી હું તરત એ વિભાગમાં ગયો અને તપાસ કરી પુસ્તકોનાં નામ મ્હેં એમને અંગ્રેજી લિપિમાં નોંધી આપ્યાં છે અને હવે આપ પાસે સ્વીકૃતિ પત્ર આવશે

પુનશ્ચ માઇક્રોફિલ્મીંગ માટે આપે આપેલા બધા આદેશોનું અક્ષરશ: પાલન કરવામાં આવશે આપે લખેલ વિગતો બધી અમને વિદિત છે આપે લિખિત સૂચીપત્ર પણ અમને વિદિત છે આપ નિશ્ચિન્ત રહેશો કૃપાદૃષ્ટિ બનાવી રાખશો પત્રોત્તર આપવા કૃપા કરશો

લી આપના સ્નેહાધીન મુરારિના પ્રણામ

પુનશ્ચ ૯-૭-૫૨.

આપને ઉપર્યુક્ત પત્રનો અંશ લખ્યો ત્યારપછી ગયકાલે એટલે ૮ મીએ મેં અહીંના એક અન્ય મિત્રની સહાયતાથી આપે અભિલષિત પ્રાય બધા અંશ શોધી કાઢ્યા છે એ વ્યક્તિ હિંગ્લિશ વધારે જાણતો નથી, માટે એક વાર નિરીક્ષણદ્વારા પુનરાલોચન અવશ્ય કરાવવું પડશે આપે શ્રી જેટલીદ્વારા લીસ્ટ મોકલાવેલ છે તેમાં કેટલાક સ્થાનોમાં અભીષ્ટ પુસ્તકોના નામ નથી આપ્યા તો પુન વિસ્તૃત વિવરણ મોકલાવશો આપનો ઉત્તર આવશે ત્યાંસુધીમાં મિ મોચ્યર પણ આવી જશે એ આવ્યો એટલે તરત જ માઇક્રોફિલ્મીંગ કરાવી આપની સેવામાં મોકલવામાં આવશે આપશ્રી જેટલીને પત્ર લખો તો લખી શકો છો કે મારો ઉત્તર આપને મળી ગયો છે

અહીંથી વિનિમયમાં ગમે તે પુસ્તકો તો નહીં કિન્તુ ઘણાખરા વિભિન્ન પ્રકારના મળી શકે છે અમેરિકાનાં સરકારી બધાએ પ્રકાશનો, લાયબ્રેરીના બધા પ્રકાશનો તથા લાયબ્રેરીનાં જ સંગ્રહમાં પ્રાય ૬ લાખ ડુપ્લીકેટ પ્રતિયો છે તેમાંથી ગમે તે વસ્તુ મોકલવામાં આવે છે

આપ અહીં જેટલાં પણ પ્રકાશનો મોકલાવી શકો તેટલું સારુ છે અમે એનો આદર સાથે સ્વીકાર કરીશું અહીંનો સંગ્રહ મહત્ત્વપૂર્ણ છે અને અમે એની સમૃદ્ધિનો સર્વાત્મના પ્રયત્ન કરી રહ્યા છીએ

શેષ કુશલ આપનો, મુરારિ

— સુધારો :—

૧ ગયા આત્માનંદ પ્રકાશના વર્તમાન સમાચાર પા ૧૭૧ મા (મુંબઇમાં થયેલું અપૂર્વ જ્ઞાનપૂજન) વાળા સમાચારમાં શ્રી નેમિનાથ ભગવાનના મંદિરના ઉપાશ્રયમાં આચાર્યદેવો શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ૦ તથા શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ ત્રણ આચાર્ય દેવો એક સાથે પાટે બિરાજમાન થયેલ અન્ય પેપરમાં આવેલ હકીકત ઉપરથી છપાયેલ છે અમોને જણાવવામાં આવે છે કે " ત્રણે આચાર્યદેવો એક સાથે એક પાટે બિરાજમાન થયેલા નહોતા " તેમ સુધારી વાંચવું

૨ ગયા વર્ષના અગીયારમા અંકમાં જ્યાં **श्री षोडशक प्रकरण(पूर्वार्ध)**ની સમાલોચના આપી છે, તેમાં સંશોધકનું નામ પં મોહનલાલ અમૃતલાલ સંઘવી છે તેને બદલે " અમૃતલાલ મોહનલાલ સંઘવી " વાંચવું

દીપમાલા

લેખક—પૂ૦ પન્યાસજી મ૦ શ્રી કનકવિજયજી ગણિવર

એક વાર બુદ્ધિએ મારી પાસે આવી, પોતાની બડાઈ હાંકતા કહેવા માંડ્યું 'જુઓ! સંસારમાં જ્યાં ત્યાં કેવળ મારી જ બોલબાલા છે મારામાં જગતનું ઐશ્વર્ય, સંપત્તિ તથા સમૃદ્ધિ વસેલી છે હું હોઉં તો જ માણસની કિંમત છે મારા લીધે જ માનવ ધારેલું પાર પાડે છે મારા સામર્થ્યનો કોઈ પાર નથી કેમ બરાબર છે ને?' મારી સ્હામે નજર કરી તેણે મારી સમ્મતિ માગવા પ્રયત્ન કર્યો પણ હું જવાબ દઉં તે પહેલા જ મારી બાજુમાં બેઠેલા ભાગ્યદેવે પોતાનો અવાજ રજૂ કર્યો 'ના ના બુદ્ધિદેવી! તમારી બડાઈની વાતો જવા દો! શેકયો પાપડ ભાગવાની પણ તમારામાં તાકાત કયાં છે? તમારી હોંશિયારી મારી આગળ પાણી ભરે છે મારી મહેરબાનીથી જ તમારું શાસન દુનિયામાં ચાલી રહ્યું છે એ ભૂલતા નહિ ભલભલા ડાહ્યા શાણા વિદ્વાનો મારા વિના સંસારમાં ફાંફાં મારે છે, માટે તમારી કિંમત મારા વિના મીંડું છે એ ચોક્કસ માનજો આથી જ 'ભાગ્ય વિના નર કોડી ન પાવત' એમ અનુભવીઓ કહે છે

હું શાંત ચિત્તે આ બન્નેનો વાર્તાલાપ સાંભળી રહ્યો મારું કૌતુક વધ્યું, બુદ્ધિદેવી આનો શો જવાબ આપે છે એ સાંભળવા હું ઉત્સુક બન્યો, ત્યાં અચાનક કોઈ ત્રીજી વ્યક્તિ મારા આશ્ચર્યની વચ્ચે આ ચર્ચામાં ઝુકાવતી જણાઈ, એ હતા પુરુષાર્થબાઈ તેમણે તો સીધું રોકડું બન્નેને સંભળાવી દીધું, તમારા બન્નેના કાંડામાં જોર જ કયાં છે? દુનિયામાં જોરવાળા જ આગળ આવે છે, બીજા નહિ સમજ્યાને!' નસકોરા ફૂલાવતા તેમણે તો હાંકવા માંડ્યું 'આ બધી બુદ્ધિની હુશિયારી કે ભાગ્યદેવતાની ફીશીયારી મારે મન નકામી છે ખરી રીતે જ્યાં ત્યાં મારી જ વાહ વાહ થઈ રહી છે, મહેનત કરનારો ઉદ્યમી માનવ સંસારમા આગળ આવે છે, માટે 'મનુષ્ય યત્ન ઈશ્વરકૃપા'નું સૂત્ર દુનિયામા પ્રચલિત બન્યું છે, એ તમને ખબર છે ને?'

વાતમાંથી વાદ, અને વાદમાંથી વિવાદ જાગે અને બોલવા કરતા સાંભળવામાં વધુ રસ લાગ્યો હવે કોણ શું જવાબ આપે છે એ ધ્યાનપૂર્વક જ્યાં હું જોવા લાગ્યો, ત્યાં બુદ્ધિદેવીની બાજુમા આસન જમાવીને બેઠેલા વિવેકચંદ્ર મહાશય ઝળકયા એમના મુખ પર ધીરતા હતી પ્રસન્ન ગંભીર એમની આકૃતિ સંપૂર્ણપણે સ્વસ્થ હતી ઉતાવળ કે ઉશ્કેરાટનું નામ કે નિશાન એમનામા ન જણાયું તેઓને બોલતા મે શાંતિપૂર્વક સાંભળ્યા

ત્રણેયને જવાબ આપતા તેમણે ધીર રહીને કહ્યું 'તમે ત્રણેય સાચા છો, સંસારમા પ્રત્યેક પ્રાણીને પોતાના અભ્યુદયની સાધના માટે તમારા બધાયની જરૂર છે પણ યાદ રાખવું કે તમે એકબીજાની સ્હામ સ્હામા એક-બીજાનું પરસ્પર કાપતા રહેશો તો તમે ત્રણેય જણ સંસારમાં નકામા છો તમારા ત્રણેયની તાકાતને સફળ કરવા સુયોગ્ય સુકાની જોઈશે અને તે હું છું આ મારી બડાઈને માટે કે મારી મહત્તાના ગાણા ગાવા હું નથી કહેતો મને બોલવામા લગીરે રસ નથી મારું પોતનું કર્તવ્ય કરવામા જ મને રસ છે, છતાં સત્ય વસ્તુસ્થિતિ ખાતર મારે તમને બધાયને આ જણાવવું પડે છે જો બુદ્ધિ, ભાગ્ય કે પુરુષાર્થને હું ન મળ્યો તો બધું નિરર્થક છે, માટે તમારા ત્રણેયની સફલતાનો આધાર મારા પર જ અવલંબે છે એ વસ્તુ ભૂલે નહિ પાલવે' આટલું બોલીને વિવેક મહાશય મૌન રહ્યા

વિવેકે કહેલી આ વાતે મને જ્ઞાનની નવી દિશા સુઝાડી બુદ્ધિ, આવડત, વિજ્ઞાન કે શિક્ષણ, વિવેક

વિના શા કામના ? પુરુષાર્થ પણ વિવેકહીનપણે જો થાય તો સંસારમાં અનેક અનર્થો, ઉત્પાતો તથા વિનાશ સર્જે એ વસ્તુ સાવ સાચી છે અને ભાગ્યને અંગે શું કહેવું ? જ્ઞાન તથા ક્રિયાદ્વારા આત્મા પોતે જ પોતાના ભાગ્યને ઘડે છે એ કહેવું શું ખોટું ? પણ આ જ્ઞાન ક્રિયા બન્ને વિવેકપૂર્વક જ હોવા જોઈએ તો જ જ્ઞાન તથા ક્રિયા સમ્યક્ બને છે યથાર્થ ગણાય છે

સંસારમાં વિવેકપૂર્વકની બુદ્ધિ સુયોગ્ય પુરુષાર્થની પ્રેરક બને છે પુરુષાર્થદ્વારા આત્મા નિજના શુભ ભાગ્યનો ઘડવૈયો બને છે એટલે વિવેક, બુદ્ધિ, પુરુષાર્થ તથા ભાગ્ય આ ચારેયનો સુંદર સમન્વય જ કલ્યાણના માર્ગમાં સહાયક બને છે એ નિઃશંક છે

તે દિવસે મને આ પરમસત્ય પ્રાપ્ત થયું

* * *

જીવનમાં સત્યનો આગ્રહ ડાહ્યા માણસને હોવો જોઈએ સત્ય એ જીવનનું પરમતત્ત્વ છે સત્ય સિવાયનો સંસાર આપણી કલ્પના બહાર છે પોતાના જીવનમાં કોઈક ક્ષણે તો સત્ય માટે આગ્રહી બનવા પ્રયત્ન કરતા ભલા-ભોળા અધમ માનવને જ્યારે આપણે જોઈએ-સાંભળીએ છીએ ત્યારે ખરેખર આપણું સત્ય માટેનું માન ઓર વધી જાય છે પણ સત્યને સમજવું એ રહેલું નથી કોઈપણ કાલની વાત તમે જ્યારે સાંભળશો ત્યારે સત્યનો મહિમા એમાં ભારોભાર ગવાયો હશે ? અરે આજના કાલમાં પણ સત્યનો પ્રભાવ ઓછો નથી પણ સત્ય કહેવું કોને ? એ જ એક અણઉકેલ પ્રશ્ન છે

પહેલી વાત એ છે કે, સત્ય હંમેશા નિરપેક્ષ નહિ, પણ સાપેક્ષ છે કોઈપણ મંતવ્યનું જ્યારે આગ્રહયુક્ત બની જકારપૂર્વક ભાર દઈને પ્રતિપાદન કરવામાં આવે છે, ત્યારે એ મંતવ્ય સત્યની સામાન્ય મર્યાદાને ચૂકી જાય છે, એ ભૂલવું જોઈતું નથી સત્ય કદિએ નિરપેક્ષ નથી. આ ત્રિકાલ સત્ય છે.

સત્યને સમજવા મથનારે વસ્તુ માત્રના-પદાર્થ માત્રના સાપેક્ષપણાને જાણવા હૃદયની આંખો ઉઘાડવી જોઈશે

આત્માથી માંડીને સંસારના કોઈપણ પદાર્થને જ્યારે સાપેક્ષદૃષ્ટિએ જોવા-જાણવા આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણને સત્યતત્ત્વનું યથાર્થ દર્શન થાય છે આને જ 'સ્યાદ્વાદ' શબ્દથી આપણે સંબોધી શકીએ

સ્યાદ્વાદ એટલે સત્યવાદ સત્યના આગ્રહીને એકાંત દૃષ્ટિ ન હોવી જોઈએ અનેકાંત-સાપેક્ષદૃષ્ટિએ જગત માત્રને જોવા જાણવા સજ્જ આત્મા, સરળ, સ્વચ્છ તથા નિરાગ્રહી હોય એ સ્વાભાવિક છે સામાના કોઈપણ મંતવ્યને એ આગ્રહયુક્ત બનીને તોડી ન પાડે, પણ એમાં રહેલા આપેક્ષિક સત્યને એ ખોળી કાઢે, નિરપેક્ષ-એકાંત અંશને દૂર કરી ધૂળ ધોયાની જેમ એ સ્યાદ્વાદી બની સત્યને ગ્રહણ કરે છે

આ દૃષ્ટિએ વિચારતાં સમજી શકાશે કે સત્ય, સંસારના સચરા-ચર પ્રત્યેક પદાર્થમાં ગૂઢપણે રહેલું છે, ફક્ત આ માટે તેને જોવા જાણવા તથા માણવાની સ્વચ્છ દૃષ્ટિ જોઈશે, તો જ સત્ય તત્ત્વનું દર્શન થશે આવી સ્વચ્છ દૃષ્ટિ આવ્યા પછી જીવનમાં કદાગ્રહ, સંકુચિતતા તથા સ્વાર્થભાવના કદિ જ ઉત્પન્ન થઈ શકતી નથી રાગ-દ્વેષ, ભય ઈર્ષ્યા, અસૂયા, મત્સર, કામ, ક્રોધ ઇત્યાદિ અંતર રિપુઓ સત્યવાદીના આત્મા પર કાબૂ જમાવી શકતા નથી

મારા-તારાના ભેદો સત્યના ગ્રાહકને કદિ સ્પર્શી શકે નહિ અકળામણ, ઉકળાટ તથા લાગણીવશતા સંસાર માત્રના પદાર્થોમાં જેને તત્ત્વદૃષ્ટિ લાધી છે, એનામાં ક્યાંથી હોઈ શકે ? વાદ, વિવાદ તેમજ ઝઘડાઓ સત્યના જિજ્ઞાસુને ન જ હોય, એ સ્વાભાવિક છે. યથાર્થ જ્ઞાતા, તથા દૃષ્ટા બનીને આવો આત્મા પરમતત્ત્વને પ્રાપ્ત કરે છે

આજે જોઈએ છે આવું સત્યદર્શન

વર્તમાન સમાચાર

આચાર્ય ભગવત વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સાધર્મિ બંધુઓ માટે કરેલ વ્યાખ્યાનની અજબ અસર.

આચાર્ય મહારાજ વ્યાખ્યાનમા ઠાણાંગ સૂત્ર અને કામવદ્દ વચાય છે તપશ્ચર્યાઓ ચાલી રહી છે મુબઇમા પધારતા સાધર્મિક બધુઓને ઓટલો અને રોટલાની તકલીફ દૂર કરવા આપેલ પ્રભાવશાળી વ્યાખ્યાનથી એક જૈન બંધુએ ઉભા થઇ જણાવ્યુ કે-એક ઉદાર જૈન બધુ પચાસ હજાર રૂપીયા તે માટે આપવા તૈયાર છે બીજા એક જૈન બધુએ જણાવ્યુ કે પોતાના તરફથી પાચ વર્ષ સુધી પાંચસો સાધર્મિક બધુએને જમવાની સગવડ કરવા જાહેર કર્યું, પણ જમ્યાનો પ્રબધ થાય તો કાર્યકરોએ વિલબ ન કરતાં આ કાર્યને જલદી ઉપાડી લેવા જરૂર છે

સ્વીકાર-સમાલોચના

શ્રમણ મહાવીર—લેખક સત્યનમ્-પ્રકાશક ધનરાજ ઘાસીરામ કોઠારી વ્યવસ્થાપક શ્રી લક્ષ્મી પુસ્તક ભડાર અમદાવાદ પરમાત્મા મહાવીર દેવનુ રોચક શૈલીમાં સરળ ભાષામા બાળજીવો વાંચી શકે તેવી રીતે ગ્રથ તૈયાર કરવામા આવ્યો છે ભાષાની દૃષ્ટિએ તેમજ શૈલીની દૃષ્ટિએ ગ્રથની રચના સુદર કરવામા આવી છે

૧ શ્રીવરચરિત્ર, ૨ જિનસ્તવનમાળા ૩ ધર્મબિન્દુ ૪ વિવિધ પૂજા સગ્રહ ૫ હસ્તિનાગપુર એ પાચે ગ્રથો પૂજ્ય શ્રી દર્શનવિજયજી ત્રિપુટી મહારાજ પ્રસેથી ભેટ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારવામા આવે છે

શ્રી પ્રભાવશાળી નમસ્કાર મહામંત્ર—વચનામૃતાસહિત, લેખક અને પ્રકાશક વકીલ નાલચદ લક્ષ્મીચદ બી એ એલ એલ બી તરફથી ભેટ મળેલ છે, તે પણ આભાર સાથે સ્વીકારવામાં આવે છે

શ્રી પ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ ટીકા-(અષ્ટાંગ વિવરણ) ભાગ બીજો

કર્મ બધનમાથી છુટવા માટે પ્રતિક્રમણ સૂત્ર ઘણુ આવશ્યક છે. અત્યાર સુધીમા સાર્થ પ્રકટ થયેલ સર્વ પચ પ્રતિક્રમણ સૂત્રો કરતા આ પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકાની વિશિષ્ટતા અનેરી છે તેનો પ્રથમ ભાગ ગત વર્ષે પ્રગટ થયા પછી આ બીજો ભાગ તેને પ્રસિદ્ધમા મુકતા પહેલા તેને માટે મળેલ મેળાવડામાં મહાન વિભૂતિ આચાર્યદેવ શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીના પવિત્ર હસ્તે (સૂત્ર) જ્ઞાનનુ પૂજન થયુ હતુ અને પ્રયોજક તથા લેખકના આ પ્રસશનીય કાર્ય માટે અભિનદન પાઠવવામાં આવ્યા હતા અદ્વિતીય ભાગના સશોધકો બે વિદ્વાન મુનિવરો પ શ્રી ભદ્રકરવિજયજી ગણી અને પ. શ્રી ધુરધરવિજયજી વિદ્વાન જૈન બધુ શ્રીયુત લાલચદ્ર ભગવાનદાસ ગાંધી હોવાથી તેની શુદ્ધતા માટે તો આનદ થવા જેવુ છે આ બીજા ભાગમા ભગવદાદિ વદન સૂત્રથી ભરહેસર સઝ્ઝાય સુધી ૨૦ સૂત્રો (૨૫ થી ૪૪ સુધી અને છેવટે વદનક ગુરુ વદન મહિમા, પાપ વિમોચનની પવિત્ર ક્રિયા પ્રતિક્રમણનો અર્થ સમજાવનાર આઠ દૃષ્ટાતો, ખાસ પઠનપાઠન કરવા જેવા વગેરે વિષયો આધારભૂત જુદા જુદા ગ્રંથો (૧૧૪ થી ૧૪૨ સુધીના ગ્રથો) કોણ મહાત્માએ રચેલ છે, કોણ પ્રકાશકના નામ સાથે આપેલા છે અને જુદા જુદા શહેરના જ્ઞાનભડારોની ૫૪ હસ્તલિખિત પ્રતોના તેમાં આધારો-સાક્ષીઓ પણ લેવામા આવી છે. પૂજ્ય પ્રતિક્રમણ સૂત્રની સામાન્ય સમજુતી માટે તેના અગો પાગ તરીકે અષ્ટાગ આઠ અગો-મૂળપાઠ, સસ્કૃતછાયા, ગુજરાતી છાયા, સામાન્ય વિશેષ અર્થ, અર્થનિર્ણય અર્થસકલના, સૂત્રપરિચય અને આધાર સ્થાન-એ આઠ અગો આપી સપૂર્ણ અગોથી દેદિપ્યમાન ગ્રથરચના કરી છે. અને આ ગ્રથ જૈનસમાજમા જ્ઞાનભડારોના ભૂષણરૂપ આ એક ઉમદા વસ્તુ બની છે

હવે તેનુ શિક્ષણ આપવા શિક્ષકો તૈયાર કરવાની જરૂર છે કિમત મળવાનુ ઠેકાણુ-મુબઇ.

જલદી-મંગાવો. " , **શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ફરીથી છપાવી શકાતું નથી.**

(શ્રી અમરચંદ્રાચાર્યકૃત)

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચા ત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાચતા રસ ઉત્પન્ન થાય, દઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઇથી મનન કરી કંઠાગ્ર થઈ શકે અને મોટી ઉમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત િ નેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેવો આ ' થ છે. જેમાં જોઈએ તેટલું અને કંઠાગ્ર થઈ શકે તેટલું જ ચરિત્ર વર્ણન આપવામાં આવેલું . સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દશ્ય ફોટો આવેલ છે. ગ્રથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્ય કૃ ઃ મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઇન્દ્ર મહારાજ ની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમા શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અ છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બ ડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર તે ર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂા. ૬–૦–૦ (પોસ્ટેજ જુદુ)

શ્રી દેવભદ્ર ચાર્ય કૃત–

શ્રી કથારત્નકોષ ગ્રંથ (અનુવાદ) (ભાગ ૧ લો)

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રં થ સં વત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામા સુમારે સાડાઆર હજાર શ્લોક પ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે આ ગ્રંથમાં સમ્યકૃત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચઅણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે લીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચેલ સાંભળવામાં આવેલી જે જે ગુણ સાથે વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આનંદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમા તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત તે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક હત્વના વિષયો જેવા કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, આપઘાતના દોષો, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, અતિથિસત્કારાદિ અનેક વિષયો, છીંકવિચાર, રત્નલક્ષણો, સામુદ્રિક, પરીક્ષા વગેરે લોકમાનસને આકર્ષક સ્થૂલ વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજાના વિવિધ વર્ણન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો, ઉપધાન, પ્રવ્રજ્યાપણુ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિષાનો અને અંતર્ગત અનેક કથાઓ સુભાષિતો આદિ વિવિધ વિષયો આપવામાં આવ્યા છે જેથી કર્તા આચાર્યમહારાજ કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમ જ આ કૃતિ પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર એટલી બધી છે કે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે

ગુજરાતીમાં ઘણો-જ ખેડેલો હોવાથી બે ભાગમાં પ્રકાશન કરવાનો હોવાથી આ તેનો પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વતાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમા આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે, જેથી ગ્રંથકર્તા પૂર્વાચાર્ય અને સંપાદક મહાત્માશ્રીની વિદ્વત્તા માટે અપૂર્વમાન વાચકને ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિં.

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધ રંગીન કવરજેકેટ મજબૂત બાઇંડીંગથી વધતી જતી સખ્ત છાપકામની મોંઘવારી છતા સુંદરમાં સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનુ જ્ઞાન કરાવનાર આવો ગ્રંથ હજી કોઇ પ્રગટ થયો નથી તેમ વાચના માલૂમ પડશે. કિંમત રૂા ૧૦–૦–૦ પોસ્ટેજ જુદું

શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત લુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ (ગ્રંથ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપો, પ્રાચીન કલાની દ્રષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અસંકૃત બાઇંડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવુ છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે

કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ.

(બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪.) (શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી)

ત્રણ પર્વો સુમારે પચાસ ફોર્મમાં સુંદર ઉંચા લેજર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે અને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકાર રૂા ૮) પોસ્ટેજ જુદુ. પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિક છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.

શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર.

(ઘણી થોડી નકલો સિલિક છે.)

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારું હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓ અને બહેનોએ રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને (સલિકમાં હશે ત્યાં સુધી) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૭)

શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐

પુસ્તક ૫૦ મું. | આત્મ સં. ૫૬ | સંવત ૨૦૦૮.

અંક ૨ જો | તા ૧૫-૯-૫૨ | ભાદ્રપદ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

૧૨૭૪

અનુક્રમણિકા.

૧	સામાન્ય જિન સ્તવન	(શ્રી જવાનમલ)	૨૧
૨	પર્યુષણ કર્તવ્ય	(અમરચંદ માવજી શાહ)	૨૧
૩	ભર્તૃહરિ અને દિગ્નાગ	(પૂ૦ શ્રી જમ્બૂવિજયજી)	૨૨
૪	ભર્તૃહરિ અને દિગ્નાગ (અંગ્રેજીમા)	(એ. આર. રંગા–સ્વામી આયંગર)	૨૭
૫	ઉપરના લેખનો અનુવાદ		૨૭
૬	વલ્લભવાણી	(પૂ આ. શ્રીવિજયવલ્લભ સૂરીશ્વરજી મ૦)	૩૩
૭	શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ ...	(પ્રો હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)	૩૪
૮	વર્તમાન સમાચાર	(સભા)	૩૬
૯	સ્વીકાર–સમાલોચના	(સભા)	૩૬

" શ્રી કલ્પસૂત્ર–(સચિત્ર) "

આર્થિક સહાય મળેથી છપાવવામાં આવશે.

શ્રી કલ્પસૂત્ર એ આપણો મહાન પૂજ્ય ગ્રંથ છે દર વર્ષ પવિત્ર પર્યુષણાપર્વમાં પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચે છે શ્રદ્ધાપૂર્વક સાંભળનારા ભાઈઓ આરાધનાવડે થોડા વખતમાં મોક્ષગામી બને છે.

જ્યાં નાના મોટા ગામ–ગામડાઓમાં જ્યાં પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ થતાં નથી, ત્યાંના જૈન બંધુઓને કલ્પસૂત્ર સાંભળવાની તક મળતી નથી, તેવા ગામોના કેટલાક જૈન બંધુઓ તરફથી અમોને સચિત્ર કલ્પસૂત્ર (ટીકાના અનુવાદવાળુ) ગુજરાતી ભાષામાં સરલ ભાષાંતર કરાવી પ્રગટ કરવા સુચના ઘણા વખતથી થયા કરે છે, જો કે અત્યારે છાપકામ, ચિત્રકામ, કાગળો વગેરેની વધતી જતી સખ્ત મોંઘવારી છતા શ્રી મહાવીર પ્રભુના જીવન પ્રસંગના રંગીન ફોટાઓ સાથે ઉંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપમાં છપાવતાં શુમારે રૂ. ૬૦૦૦) છ હજાર રૂપીયા ખર્ચના થાય તેમ છે) એક બંધુ કે બે ત્રણ બંધુઓ મળી તેટલું ખર્ચ આપશે તો તેમના જીવનચરિત્ર સાથે ફોટા આપવામાં આવશે.) ધનાઢ્ય જૈન બંધુઓએ આર્થીક સહાય આપી આવા જ્ઞાનોદ્ધાર અને અનેક ગામડાઓમાં જ્યાં જ્યાં આ ગ્રંથ જશે ત્યાં ત્યાં પવિત્ર પર્યુષણપર્વમાં અનેક જૈન બંધુઓ બ્હેનો સાંભળી લાભ લેશે તેમજ પર્યુષણ કર્તવ્યો કરી આત્મકલ્યાણ સાધશે તેનો અનુમોદના વગેરે લાભ આર્થિક સહાય આપનારને વર્ષોનાવર્ષો સુધી મળશે.

આ નાના ગામો માટે પર્યુષણ પર્વ માટે અતિ મૂલ્યવાન અને ઉપયોગી ગ્રંથ હોવાથી તેના તેવા ગામોને જ માત્ર ભેટ મોકલવામાં આવશે

આર્થિક સહાય આપનારની સુચના અમુક જ્ઞાનભંડારો સિવાય માત્ર ખાસ ઉપકારી ગ્રંથ હોવાથી સિવાય કોઈને ભેટ આપવામાં આવશે નહિ. અને જરૂરીયાત હશે ત્યાં સભા અમુક શરતે ભેટ મોકલશે

લાભ લેવો હોય તેમણે આ સભાને પત્ર લખી જણાવવું.—

જાહેર ખબર.

શ્રી ભાવનગરમાં શ્રી કૃષ્ણનગરમાં બંધાયેલ નવા જીનાલયમાં મૂળનાયકજી તરીકે પધરાવવા શ્રી મહાવીરસ્વામીજીની પ્રતીમા એક ઉંચાઈ ઇંચ ૨૫ અગર તેથી વધારે યોગ્ય નકરાથી જોઈએ છે.

લખો—શા. નારણજી ભાણાભાઈ. (વીમાવાળા.)

કાટાવાળો ડેલો–ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ..

વીર સં. ૨૪૭૮.	ભાદ્રપદ	પુસ્તક ૫૦ મું.
વિક્રમ સં. ૨૦૦૮.	:: તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૨ ::	અંક ૨ જો

સામાન્યજિન સ્તવન.

(પ્રભુ તુજ શાસન અતિ ભલું એ રાગ)

પ્રભુ તારૂં દર્શન લાગે પ્યારુ, પાપ કોડો હરનારુ રે;
મનવાંછિત ફલ તે આપે, આનંદ ઉત્કૃષ્ટ દેનારું રે. પ્રભુ૦ ૧
પ્રભુ તુજ મૂર્તિ મનોહારી, જોતા દિલ હર્ષિત થાવે રે;
જે નરનારી તુજ દર્શન કરે, તે વાંછિત સુખ પાવે રે પ્રભુ૦ ૨
દર્શન કરવાથી પ્રાપ્તજ થાય, વિનય વિવેકાદિ ગુણો રે,
મોહ, માયા ને લોભ આદિ દૂર થાય એ અવગુણો રે. પ્રભુ૦ ૩
પ્રભુ તારા દર્શનનો પ્રભાવ, વર્ણવતા નવિ આવે રે,
જે પ્રભુ તારા દર્શન કરે, તે અવ્યાબાધ સુખ પાવે રે. પ્રભુ૦ ૪
તેનેજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, જે તુજ દર્શનમા શ્રદ્ધા ધરાવે રે;
મોક્ષનુ અનતગણુ સુખ, જવાનમલ કહે તે પાવે રે. પ્રભુ૦ ૫

પર્યુષણ કર્તવ્ય.

(કવ્વાલી)

અમો ક્રોધ સમાવીને સૌ જીવો ખમાવીને;
વળી મસ્તક નમાવીને, મિચ્છામિ દુક્કડ મહીશુ ૧
અમો સયમ તપ પાળી, કલુષિત કર્મને બાળી,
વળી સૌ દોષને ટાળી, પરમ આરાધના કરીશુ. ૨
અમારી કાયા મન વાણી, કરે અહિંસાતણી લ્હાણી,
દયા વીર ધર્મ પીછાણી, પર્યુષણને દીપાવીશુ. ૩
ન દ્વેષી કોઇના થઇશું, ન વિરોધી અમે બનશું;
ક્ષમાનુ સત્ર આચરશું, કષાયોને શમાવીશું. ૪
અમો સત્ય ન્યાય ને નીતિ, સૌ જીવો તરફ પ્રીતિ;
અમારા ધર્મની રીતિ, 'અમર' પ્રેમે પ્રસારીશું. ૫

—અમરચંદ માવજી શાહ.

॥ जयन्तु जिनेन्द्राः ॥

भर्तृहरि अने दिङ्नाग

શ્રી આત્માનંદપ્રકાશના તા ૧૫-૪-૫૨ ના અંકમા આચાર્યભગવાન શ્રી મલ્લવાદિક્ષમાશ્રમણના સમયના અનુસંધાનમા બૌદ્ધાચાર્ય દિગ્નાગરચિત **પ્રમાણસમુચ્ચયની** રચના **ભર્તૃહરિપ્રણીત** વાક્ય **પદીયથી** પછી થયેલી છે, એ હુ જણાવી ગયો છુ આ સાથે Bhartrhari and Dinnaga (ભર્તૃહરિ અને દિગ્નાગ) નામનો જે ઇગ્લીશ લેખ આપવામા આવેલો છે તે ઉપર જણાવેલ વાક્ય **પદીય** અને **પ્રમાણસમુચ્ચયના** પૂર્વાપરભાવનુ જ વિશદરીતે સમર્થન કરે છે આ ઇગ્લીશ લેખના લેખક વિદ્વાન્ મહાશય શ્રીમાન્ [1]**રગાસ્વામી રામાનુજ આયગર મ્હૈસુરરાજ્યના** પુરાતત્ત્વ સશોધનમંદિરના મુખ્ય સચાલક છે, સસ્કૃત સાહિત્યના જ્ઞાન ઉપરાત ટિબેટન ભાષાનુ પણ જ્ઞાન ધરાવે છે અને ભારતમા ટિબેટનગ્રથો ઉપર સશોધન કરનારા વિરલ વિદ્વાનોમાના એક છે

બૌદ્ધ સાહિત્યનો ઘણો મોટો ભાગ સસ્કૃત ભાષામા આજે નાશ પામી ગયો છે અને તેના ચીની તથા ટિબેટન ભાષાતરો જ આજે મળે છે આ હકીકત મારા લેખોમા હુ ઘણીવાર જણાવી ગયો છુ **પ્રમાણસમુચ્ચય** નામનો દિઙ્ગનાગરચિત ગ્રથ કે જેનો વૈદિક તથા [2]જૈન સાહિત્યમાં ખડન-મડન માટે ઘણો ઉપયોગ કરવામા આવેલો છે તેની પણ આ જ દશા થઈ છે. આ ગ્રથ ઉપર **દિઙ્નાગની** સ્વોપજ્ઞ **વૃત્તિ** પણ છે અને તેના ઉપર **જિનેન્દ્રમતિપાદ ઉર્ફે જિનેન્દ્રબુદ્ધિએ** રચેલી ૯૦૦૦ શ્લોકપ્રમાણ **વિશાલામલવતી** નામની ટીકા પણ છે આ **મૂલ, વૃત્તિ** અને **ટીકા** ત્રણે સસ્કૃતમાં નાશ પામી ગયા છે, તેથી **પ્રમાણસમુચ્ચયનુ** ટિબેટન ભાષાતર ઉપરથી સસ્કૃતમા પુન ભાષાંતર (Restoration into Sanskrit) કરીને જનતા સમક્ષ મૂકવા માટે શ્રી આયગરે ઘણો પ્રયત્ન કરીને આજથી બાવીસ વર્ષ પૂર્વે તેના ૬ પરિચ્છેદો પૈકી પ્રથમ પરિચ્છેદ પ્રકટ કર્યો હતો ત્યારપછી અનુક્રમે બીજા પરિચ્છેદો પ્રગટ કરવા માટે તેમનો પ્રયત્ન તો ચાલુ હતો જ પણ ટિબેટનમાથી સસ્કૃતમાં ભાષાતર કરવાના કાર્યની અત્યત કઠિનતાને લીધે પ્રકાશિત કરી શકયા નહોતા આથી જ્યારે મે **નયચક્રમા પ્રમાણસમુચ્ચય** અને તેની **વૃત્તિના** ઘણા પાઠો ઉદ્ધૃત કરેલા જોયા ત્યારે મે તેમને સૂચના કરી કે **નયચક્ર** નામના અપ્રસિદ્ધ જૈનદાર્શનિક ગ્રથનો ઉપયોગ કરવાથી ટિબેટનમાથી સસ્કૃતમા અનુવાદ કરવાનુ કેટલેક સ્થળે તમારુ કષ્ટ બચી જશે તેઓ ઘણા ખુશી થયા અને મારી પાસેથી **નયચક્રની** પ્રતિ મગાવી પછી વડોદરા હુસવિજયજી લયબ્રેરીની **નયચક્રની** પ્રતિ પૂજ્યશ્રી **પુણ્યવિજયજી** મહારાજ સાહેબદ્વારા મે તેમના ઉપર મોકલાવી હતી આ પ્રતિનો ઉપયોગ તેમણે ભર્તૃહરિના સમયના સબધમા પણ કર્યો છે, એનો [3]ઉલ્લેખ સાથેના લેખમા વાચકો જોઈ શકશે

---

1 H R Rangaswami Iyengar, M A Suprintendent, Oriental Research Institute, MYSORE

2 ન્યાયાવતારમા આચાર્ય ભ૦ શ્રી સિદ્ધસેનદિવાકરજીએ પણ પ્રમાણસમુચ્ચયનુ ખડન કરેલુ છે

3 વિ સ ૨૦૦૪ માં અમારુ તલેગામ ઢમઢેરા (જીલ્લા-પુના) મા ચોમાસુ હતુ તે વખતે નયચક્રની પ્રતિ મે આયગર ઉપર મોકલાવી હતી એટલે મારા નામોલ્લેખમા તલેગામનુ નામ તેમણે લખ્યુ છે

પ્રસિદ્ધ ચીની યાત્રી ઇત્સિંગે જણાવેલો ભર્તૃહરિનો ઇસ્વીસન ૬૫૦ મા મૃત્યુસમય ચોથાથી આઠમી શતાબ્દી સુધીના ભારતીયદાર્શનિક ઇતિહાસમા એક સીમાચિહ્ન (Mile-stone) રૂપે થઇ પડ્યો છે તેને આધારે ઘણાય ગ્રંથકારોનો સમય નક્કી કરવામા આવ્યો છે યુરોપીય અને ભારતીય વિદ્વાનોએ ઇત્સિંગના વચનને એક આપ્તવાક્યરૂપે જ માની લીધુ હતુ, છતા ઇત્સિંગનુ આ કથન સત્ય નથી એમ કેટલાક વિદ્વાનોના મનમા ઘણા સમયથી ઘોળાયા કરતુ હતુ મે પણ મારા નયચક્રના લેખોમા આ વાતનો ચોક્કસ નિર્દેશ કર્યો જ છે પરતુ દિઙ્નાગે બે કારિકા ભર્તૃહરિના વાક્યપદીયમાથી ઉદ્ધૃત કરી છે, આ વાતની સર્વપ્રથમ શોધ શ્રી આયગરે જ કરી છે અને ઇત્સિંગના કથનની અસત્યતા તેમણે બરાબર સપ્રમાણ સિદ્ધ કરી આપી છે **विशालामलवती**(પ્રમાણસમુચ્ચયટીકા)ની કોપી કરતા આ હકીકત તેમને જડી આવી હતી આ શોધનુ મહત્ત્વ કેટલુ બધુ છે, એ તે વિષયમા રસ ધરાવતા માણસો સહજ રીતે સમજી શકશે ૪ થી ૮ મી શતાબ્દી સુધીના વિદ્વાનોના સમયની જે વ્યવસ્થિત શૃંખલા સશોધકોએ તૈયાર કરી છે તેને હવે બદલ્યા સિવાય છૂટકો જ નથી, અસ્તુ

તા ૧૫-૪-૫૨ ના અંકમાં જે માહિતી મે રજૂ કરી હતી તથા સાથેના ઇંગ્લીશ લેખમા પણ જે માહિતી છે તેનાથી અધિક તપાસ કરતાં જે વધારે માહિતી મને મળી આવી છે તે નીચે પ્રમાણે છે

प्रमाणसमुच्चय ઉપરની દિઙ્નાગની વૃત્તિના બે ટિબેટન [1]અનુવાદો થયેલા છે એક અનુવાદ ભારતીયપંડિત **वसुधररक्षित** કે જે ટિબેટમાં ગયા હતો તેણે કર્યો છે, જ્યારે બીજો અનુવાદ **कनकवर्मा**એ કરેલો છે એક જ ગ્રથના બને અનુવાદો હોવાથી આશય એક જ છે, છતાં અનુવાદકો જુદા જુદા હોવાથી ભાષામાં ઘણો ઘણો ફેરફાર પડી ગયો છે કોઇક સ્થળે અનુવાદકની ભૂલ પણ થઇ ગઇ છે, છતા અહીં એ અપ્રસ્તુત છે બે અનુવાદમાં બીજો અનુવાદ વધારે સારો છે **वृत्ति**ના અનુવાદમા મૂળ કારિકાઓનો પણ અનુવાદ મોટાભાગે ભેગો આવી જાય છે, છતા **कनकवर्मा**એ કરેલો મૂલનો જુદો અનુવાદ પણ મળે છે આ બને કરતાય **विशालामलवती टीका**નો અનુવાદ ઘણો સુંદર છે

દિઙ્નાગે જે પ્રસંગમા જે રીતે વાક્યપદીયની કારિકાઓ ઉદ્ધૃત કરી છે તે આખો પ્રસગ વૃત્તિના બને અનુવાદોનુ પરિશીલન કરીને સસ્કૃતમ ભાષાંતર કરીને નીચે આપવામા આવે છે

[2]**अथ जाति-समुदायशब्दयो को विशेष इति चेत्, कश्चिदपि नास्ति। जातिशब्दोऽपि प्रसिद्धिवशात् क्वचित् प्रत्येकमवयवेषु मारोप्यते यथा-अभक्ष्यो ग्रामशूकर इति। क्वचित्तु मुख्य। यथोक्तम्—**

---

૧ પ્રમાણસમુચ્ચયવૃત્તિના બને ટિબેટન અનુવાદો નાર્થંગએડીશનની Tanjur, Mdo, No 95 પ્રતિમા અનુક્રમે પૃ ૧૩ A-૯૬ B તથા પૃ ૯૬ B-૧૭૮ B મા છપાયેલા છે આ બંને અનુવાદોના અતિ દુર્લભ પાના મને જોવા આપવા બદલ મિત્રવર્ય શ્રી H R R આયગરને અનેકશ ધન્યવાદ આપુ છુ

૨ પ્રમાણસમુચ્ચયવૃત્તિના બને અનુવાદોને તપાસીને મે આ સસ્કૃત રૂપાતર (Retranslation) તૈયાર કર્યું છે તેમા પણ મુખ્યતયા હુ અહીં બીજા અનુવાદને અનુસર્યો છુ વૃત્તિના બને ટિબેટન અનુવાદો તથા विशालामलवती ટીકાનો પણ ટિબેટન અનુવાદ અહીં આપવાની મારી ઇચ્છા હતી, પરતુ આ માસિકના મોટા ભાગના વાચકો ટિબેટન ભાષાથી અપરિચિત હોવાને લીધે તેમને એ લાબા લાબા અવતરણો કંટાળાદાયક થઇ પડશે, એમ સમજીને એ અનુવાદ આપવાનો લોભ અહીં

" [1]संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते ।
विन्दौ च समुदाये च वाचकः सलिलादिषु[2] ॥ " इति ।

क्वचित्तु अवयवेषु न प्रवर्तते एव । यथा—

" संस्थानवर्णावयवैर्विशिष्टे य. प्रयुज्यते ।
शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते[3] ॥ " इति ।

[4]संस्थानविशिष्टे प्रवृत्ताः चक्रम् परिमण्डलो दीर्घश्चतुरस्र इति तथा मुष्टि-ग्रन्थि-पंक्ति-कुण्डलकादय. अवयवं नाभिदधति । वर्णविशिष्टे प्रवृत्ता' 'चित्रः कल्माषः' इत्यादयः अवयवविशिष्टे प्रवृत्ताः 'शतं सहस्रं प्रस्थो द्रोणो मासः संवत्सरः' इत्यादयः अवयवेषु न प्रवर्तन्ते ।

समुदायशब्दोऽपि क्वचित् प्रत्येकं परिसमाप्यते, यथा 'नगरम्' इति उच्यते । क्वचित्तु आरोप्यते, यथा—शरीरकर्मणा आत्मनः कर्म उच्यते । क्वचित्तु अवयवेषु नैव प्रवर्तते,[5] यथा यूथं वनमिति । [6]प्रमाणसमुच्चयवृत्तिः, अपोहपरिच्छेदः पञ्चमः

જતો કરું છું. ઉપરાંત ટિબેટન ભાષામાંના કેટલાય અક્ષરો આપણી લિપિમાં નથી એટલે તેના પ્રતિશબ્દો સૂચવવા માટે મારે જાત-જાતના સંકેતો આપવા પડે છે અને એ સંકેતોથી અપરિચિત હોવાને લીધે આપણા કંપોઝીટરોને હાથે તેમાં ઘણીવાર ભૂલ થાય છે

૧ તા ૧૫-૩-૫૨ ના આત્માનંદ પ્રકાશના અંકમાં પૃ. ૧૧૩ માં મેં જણાવ્યું છે તે પ્રમાણે આ કારિકાના બીજા ટિબેટન ભાષાંતરમાં कनकवर्माએ પૂર્વાર્ધ-ઉત્તરાર્ધનો વ્યુત્ક્રમ કર્યો છે. પણ वसुधररक्षिते કરેલા પહેલા અનુવાદમાં નીચે મુજબ બરાબર ક્રમ પ્રમાણે છે.

ટિબેટન ભાષાંતર નં ૧	સંસ્કૃત
ग्रङस्-दङ् छद्-जिद् दङ् नि द्ब्यिबस् ।	सङ्ख्याप्रमाणसंस्थान
ल्तोस्-प मेद्-पर् रब्-तु ऽजुग् ।	निरपेक्ष प्रवर्तते ।
छु स-छोग्स् पहि थिग्स् प दङ् ।	विन्दौ च समुदाये च
ऽदुस्-प ल यङ् ब्र्जोद्-पर् ब्येद् ।	वाचक सलिलादिषु ॥

२ वाक्यपदीय, काण्ड २, कारिका १५७।

३ वाक्यपदीय, काण्ड २, कारिका १५६।

४ प्रमाणसमुच्चयवृत्तिना પહેલા અનુવાદમાં અહીં નીચે પ્રમાણે વાક્યરચના છે—

संस्थानविशिष्टे प्रवृत्त 'चक्रम्, परिमण्डल., दीर्घ, चतुरस्र' इति अवयवो नाभिधीयते । तथा मुष्टिग्रन्थिपङ्क्तिकुण्डलकादय' ।

તુલના—" संस्थानविशिष्टोपक्रम (? चक्रम्) परिमण्डलो दीर्घश्चतुरस्र इति तदवयवो नाभिधीयते । तथा मुष्टिग्रन्थिसन्धिक(?)कुण्डलकादय शब्दा तदवयवेषु न प्रयुज्यन्ते । वर्णशब्दानां चित्र कल्माषः सारङ्ग इति तदवयवेष्वप्रवृत्ति । अवयवशब्देन शतं सहस्र प्रस्थो द्रोण मास सवत्सर । "

—भर्तृहरिविरचितवाक्यपदीयस्वोपज्ञवृत्ति,

५ द्पेर्-न ब्सु दोग् ब्य प दङ् । नगस् दोग् ब्य ब स्त बुब्बोग्।

६ प्रमाणसमुच्चयवृत्तिना પ્રથમ અનુવાદમાં આ ભાગ પૃ ૮૭A માં છે, બીજા અનુવાદમાં પૃ. ૧૭૦B-૧૭૧Aમાં છે

આમાં **यथोक्तम्** એ પ્રમાણે નિર્દેશ હોવાથી દિઙ્નાગે ઉપરની બે કારિકાઓ અન્ય ગ્રંથમાંથી ઉદ્ધૃત કરી છે, એ તો ચોક્કસ દેખાઇ આવે છે હવે આ બે કારિકા કોની છે, તે જાણવા માટે આના ઉપર જિનેન્દ્રમતિવિરચિત *विशालामलवती* ટીકામાં નીચે મુજબ જે [1]વ્યાખ્યા છે તે જોવાથી ખાત્રી થશે કે આ કારિકાઓ ભર્તૃહરિની જ છે

अथेत्यादि । यदि उभावपि सामान्यवाचिनौ [तर्हि] जाति-समुदायशब्दयोः को विशेषः ? न कश्चिदित्यभिप्रायः । कश्चिदपि नास्तीति एतन्मात्रेण अंशेन विशेषो नास्त्येव इति भावः, न तु सर्वथा नास्त्येव इति । अन्यथा 'अयं जातिशब्दः, अयं समुदायशब्दः' इति भेदो न स्यात् ।

ननु अवयवेषु साक्षादध्यारोपाभ्यां प्रवृत्त्या भेदो भविष्यति, जातिशब्दः प्रत्येकमवयवेषु साक्षाद् वर्तते, समुदायशब्दस्तु अध्यारोपात् । अयं जातिसमुदायशब्दयोः विशेषः । प्रसिद्धिवशात् जातिशब्दः प्रत्येकमपि समुदायिषु वर्तते, समुदायशब्दस्तु प्रत्येकं समुदायिषु अध्यारोप्यते इति चेत्, तत आह-प्रसिद्धिवशादित्यादि । शूकरस्यैकैकावयवेष्वपि शूकरशब्द आरोपाद् वर्तते-यथा अभक्ष्यो ग्रामशूकर इति वचने अवयवा अपि अभक्ष्याः ।

क्वचित्तु मुख्यः अवयवेषु वर्तते । यथोक्त भर्तृहरिणा । सलिलादिषु इति आदिशब्देन पृथिव्यादिपरिग्रहः । संख्यादिनिरपेक्षत्वेन अवयवेषु मुख्या प्रवृत्तिः दर्श्यते । संख्यादिसापेक्षत्वे...चतुरस्रादिवत् मुख्या प्रवृत्तिर्न स्यात् । तत्र संख्यानिरपेक्षः बिन्द्वञ्जल्यादिः संख्यानिरपेक्षत्वात् एकस्मिन्नपि बिन्दौ वर्तते अनेकेष्वपि । सलिलशब्दः प्रमाणनिरपेक्षः । संस्थाननिरपेक्षः दीर्घपरिमण्डलचतुरस्राद्यनपेक्षत्वात् ।

तथा मुष्टिग्रन्थिकुण्डलकादीनामवयवा मुष्ट्यादिशब्दैर्नाभिधीयन्ते । अवयवविशिष्टे इति, नियतावयवविशेषसमुदायवाचिनः शतादिशब्दा अवयवेषु न प्रवर्तन्ते । वर्णविशिष्टे चित्रः कल्माष इति नीले रक्ते वा चित्रावयवे न प्रवर्तते ।

क्वचित् प्रत्येकं परिसमाप्यते इति प्रत्येकमवयवेषु मुख्यः प्रयुज्यते इत्यर्थः । मुख्य इत्येतत् कुत इति चेत्, 'पश्चाद्भूते उपचारः' इति वचनात् । नगरशब्दः गृहक्षेत्रमार्ग-

---

[1] આ વ્યાખ્યા ટિબેટન ભાષાંતર ઉપરથી સંસ્કૃતમાં રૂપાંતર (Restoration) કરીને મેં અહીં આપી છે. નાર્થંગએડીશનની Tanjur, Mdo No. 115 પ્રતિમાં આ ભાષાંતર છપાયેલું છે. આ ભાષાંતરની અત્યંત દુર્લભ પ્રતિ કે જે ઘણો ઘણો પ્રયત્ન કરવા છતાં અમને મળી શકી ન હતી તે Adyar Library, Theosophical Society, Adyar, Madrasમાંથી મેળવી આપવા બદલ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ(પુના)ના ક્યુરેટર International Scholar શ્રી પરશુરામ ભાઉસાહેબ ગોડે (P. K. Gode) તથા પુના, ફર્ગ્યુસન કૉલેજના જર્મન ભાષાના અધ્યાપક વિવિધ ભાષાઓ નામાંકિત વિદ્વાન્ ડૉ. શ્રી વાસુદેવ વિશ્વનાથ ગોખલે M. A. Ph. D. કે જેમની પ્રેરણાથી જ હું ટિબેટન ભાષા શીખ્યો છું તથા જે મારા અંગત ધર્મસ્નેહી છે તેમને અનેકશઃ ધન્યવાદ આપું છું.

प्राकारपुरुषादिसमुदायवाचक एकदेशे पुरुषादौ वर्तते। शरीरकर्मणा आत्मनः कर्म उच्यते इत्यत्र शरीरशब्दो हस्तादिसमुदाये वर्तमानस्तदवयवेऽप्येव अध्यारोप्यते।

अयं पुनरत्र जाति-समुदायशब्दयो विशेषः प्रकाश्यते-समुदायशब्द एकसमुदायान्तर्वर्तिनः सजातीयान् विजातीयांश्च अभेदेन-अभिदधाति, जातिशब्दस्तु तज्जातीयानेव समुदितानसमुदितांश्चापीति।

—विशालामलवती नाम प्रमाणसमुच्चयटीका. पृ० ३३० B-३३१ A.

આ ટીકામા **यथोक्तं भर्तृहरिणा** એમ ઉલ્લેખ હોવાથી આ કારિકાદ્વય ભર્તૃહરિનું છે એ તો સ્પષ્ટ છે તપાસ કરતા આ બને કારિકાઓ ભર્તૃહરિના વાક્યપદીયના ૨જા કાંડમા અનુક્રમે ૧૫૭ તથા ૧૫૬ મી મળી આવે છે દિગ્નાગે અહીં વ્યુત્ક્રમથી ઉદ્ધૃત કરી જણાય છે.

આ ઉપરાત એક બીજી વાતનો પણ પ્રસંગવશાત્ અહીં નિર્દેશ કરી લઉં. કલકત્તા સંસ્કૃત ગ્રથમાલા(ન ૨૩)મા **સાંખ્યકારિકાની યુક્તિદીપિકા** નામની વૃત્તિ બહાર પડી છે આ વૃત્તિ **માઠરવૃત્તિથી** તદ્દન જુદા પ્રકારની છે અને પ્રાચીન છે એમા તો શકા જ નથી, છતા દિગ્નાગના **प्रत्यक्षं कल्पनापोढम्** આ લક્ષણનો તેમા ઉલ્લેખ હોવાથી **પ્રમાણસમુચ્ચય** પછી જ રચના થયેલી છે એ તો નિર્વિવાદ છે કલકત્તા યુનિવર્સીટિના નામાંકિત વિદ્વાન **શતકરી મુખરજી** કે જેઓ **શતકોડી બાબુના** નામથી પ્રસિદ્ધ છે તેમણે **યુક્તિદીપિકાની** પ્રસ્તાવનામા 'જણાવ્યું છે કે યુક્તિદીપિકામા ભર્તૃહરિના વાક્યપદીયનુ કોઇ પણ અવતરણ ન હોવાથી યુક્તિદીપિકા વાક્યપદીયથી જૂની છે પરતુ આ તેમનુ લખાણ 'ભર્તૃહરિનુ ઇ સ ૬૫૦માં મૃત્યુ થયુ છે' આ ઇત્સિંગવચનનિર્મિત સસ્કારોને આધારે જ રચાયેલુ છે અને તેથી જ યુક્તિદીપિકામા પૃ૦ ૩૮માં ભર્તૃહરિની એક કારિકા ઉદ્ધૃત કરેલી હોવા છતા તેઓ જોઇ શક્યા નથી, પરતુ ખરી રીતે યુક્તિદીપિકાથી વાક્યપદીય જ પ્રાચીન છે, કારણ કે યુક્તિદીપિકા પૃ૦ ૩૮ મા નીચે પ્રમાણે વાક્યપદીયમાથી એક કારિકા ઉદ્ધૃત કરેલી છે.

आह च—प्रमाणत्वेन ता लोक. सर्व. समनुगच्छति।
व्यवहाराः प्रवर्तन्ते तिरश्चामपि तद्वशात्॥ [वाक्यप० २/८१]

આ વાક્યપદીયના બીજા કાંડની ૮૧ મી કારિકા છે.

આ ઉપરાત વાક્યપદીયના 'प्रतिभा वाक्यार्थ' આ મતની સમાલોચના પણ પ્રમાણસમુચ્ચયમા છે, એ વિષે પ્રસગે જણાવીશ આ બધા વિવેચનથી સ્પષ્ટ છે કે વૈયાકરણ ²ભર્તૃહરિ ઘણો જૂનો વિદ્વાન છે તેથી આચાર્ય ભગવાન શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણે ભર્તૃહરિના મતનો વિસ્તારથી ઉલ્લેખ

---

1 Nor even a single quotation can be traced to Bhartrhari's Vakyapadiya, which has been laid under contribution by all writers who followed him Forward of Yuktidipika p g.

2 આ લેખમા મે બધુ વિવેચન વાક્યપદીયકાર ભર્તૃહરિને અનુલક્ષીને કરેલુ છે, પરતુ શતકત્રયનો કર્તા ભર્તૃહરિ કોણ છે, તેનો શો સમય છે, ઇત્યાદિ બાબતોનુ વિસ્તૃત વિવેચન શ્રી ધર્માનંદ કોસાબીના ચિરંજીવ વિદ્વદ્વર શ્રી દામોદર કોસાંબીએ The journal of oriental research, Mylapore, Madras ના ઇ સ ૧૯૪૫ ના ડીસેમ્બર માસના અંકમાં on the Authorship of the SATAKATRAYI નામના લેખમા કરેલુ છે જિજ્ઞાસુઓએ તે જોઇ લેવુ.

કર્યો હોવા છતાં વિક્રમ સંવત ૪૧૪ માં મલ્લવાદીએ બૌદ્ધો ઉપર વિજય મેળવ્યાની હકીકતને કશી બાધા પહોંચતી નથી

સાથેના શ્રી આયંગરના લેખમાં ૪ થી ૫ મી શતાબ્દીનું દિઙ્નાગનું જે અસ્તિત્વ જણાવવામાં આવ્યું છે તે વિદ્વાનોએ આજસુધી કરેલા સ્થૂલ સંશોધનને આધારે હોવાથી સંભાવના માત્ર છે એ સ્થૂલ અનુમાનો એવાં છે કે દિઙ્નાગના સમયને પાંચમી શતાબ્દીથી સો-દોઢસો વર્ષ પૂર્વે સુધીથી લઇ જઇ શકાય તેમ છે

સં० २००८,
श्रावण शुक्ल पंचमी,
मु. येवला [जिल्ला-नाशिक]

—मुनिराजश्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय.

Bhartṛhari and Dinnāga*

By H R Rangaswamy Iyengar

The date of the great grammarian Bhartṛhari, author of the Vakya padiya, which is regarded as a landmark in the literary history of India in as much as it forms the basis for determining the dates of several Sanskrit authors,[1] has been determined so far on the statements of Itsing in his, "Record of Buddhist religion' The Chinese traveller has recorded *that Bhartṛhari was a great grammarian whose fame had spread* all over India that he was the author of the three works Vakyapadiya the commentary on the Mahabhastya and another work Peina, (which may perhaps be the Prakirna Kanda or the third and last chapter of *the Vakyapadiya), and that he died in about 650 A D i e, forty* years before the date of his record The accuracy with which Itsing has reported other contemporary events as well as about the extent of the Vakypadiya itself has led scholars to assign Bhartrhari to the seventh century A D

* Read at the 15th session of the All India Oriental Conference

1 Cf "A Record of the Buddhist Religion,' by I tsing translated into English by J Takakusu P xv—

"The most important of all the dates given by I tsing are those of Bhartrhari, Jayaditya, and their contemporaries They serve as a rallying point for a number of literary men belonging to what I called the Renaissance period of Sanskrit literature"

2 *Ibid* PP LVII and PP 178-180

But now evidences which have come to light, completely falsify the statement of Itsing and push back the date of Bhartrhari to the 5th century A D[3]

In the second Kanda of the Vakyapadiya, while describing how the science of grammar, which had been almost extinct, was restored and propagated by the great grammarians, Chandra and Vasurata, Punyaraja, the commentator of the Vakyapadiya, mentions several times Vasurata as the teacher of Bhartrhari[4] In the Karika 490 of the Vakyapadiya[5] Bhartrhari himself seems to refer to his teacher Vasurata by, 'Guruṇa' as is evident from the words of Punyaraja prefaced to the verse[6] Again a Jain writer Simhasurigani, who may be assigned to the beginning of the 6th century A, D., in his unpublished work, Nayacakratika,[7] a commentary on the Nayacakra of Mallavadin the senior[8], which is not now extant, mentions, twice in his work, Vasurata the Upadhyaya of Bhartrhari[9] This confirms the statement of

3 See —I-tsing and Bhartrhari's Vākyapdiya, By Dr Kunhan Raja contributed to the Krishnaswamy Iyengar Memorial Volume (pp 285-298).

4 See the comment of Punyarāja on Kārikā 486 of Kānda II·—न तेनास्मद्गुरोस्तत्रभवतोर्वसुरातादन्य कश्चिदिमं भाष्यार्णवमवगाहितुमलमित्युक्तं भवति । See Ibid II 489 —

कनचिच्च ब्रह्मरक्षसानीय चन्द्राचार्यवसुरातगुरुप्रभृतीना दत्त इति । ते· खलु यथावत् व्याकरणस्य स्वरूप तत उपलभ्य सतत च शिष्याणां व्याख्याय बहुशाखित्वं नीतो विस्तर प्रापित इत्यनुश्रूयते ।

5 cf II 490b —प्रणीतो गुरुणास्माकमयमागमसंग्रह· ।

6 cf : Ibid —अथ कदाचित् योगतो विचार्य तत्रभगवता वसुरातगुरुणा ममाय मागम· संज्ञाय वात्सल्यात् प्रणीत इति स्वरचितस्य ग्रन्थस्य गुरुपूर्वकमभिधातुमाह

7 I am deeply grateful to sri Jambu Vijayaswami, Talegaon-(Poona) for kindly lending a manuscript copy of this important work for my study

8 Mallavadin, author of Dvadasaranayacakra should be distinguished from another Jaina writer of the same name who is the author of Nyayabindutika-Tippanu,

9 cf Nayacakratika folio 272a—

सोऽभिजल्पोऽभिधेयार्थपरिग्राही बाह्याच्छब्दादन्य इति भर्तृहर्यादिमतम् । वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु....

cf. Ibid folio 277a-एव तावत् भर्तृहर्यादिदर्शनमुक्तम् । वसुरातः भर्तृहरेरुपाध्याय.

Punyaraja and establishes that Vasurata was a great grammarian of the day under whom Bhartrhari studied and that Bhartrhari often held views quite different from those of his master.

According to Paramartha, Vasurata was a Brahmin and brother-in-law of Baladitya, a pupil of Vasubandhu.[10] He was well-versed in grammar. He defeated Vasubandhu, through the intervention of Chandra, another great grammarian. This means that Vasurāta, Chandra, and Vasubandhu should be regarded as contemporaries and Bhartrhari, the pupil of Vasurata, assigned to the 5th century A. D.

Another important piece of evidence, which I have discovered in my study of the Pramana Samuccaya of Dinnaga lends support to this view. In the fifth chapter of this work, which is devoted to the exposition of the Apoha theory of Dinnāga, the following two Kārikas are found, which may be rendered into Sanskrit[11] as given below.

> Thigs-pa-dan. ni. tshogs. pa-yi,
> chu. sogs. rnams, la. rjod byed-ni ı
> grans dan. tshad. dan. dbyibs. rnams la
> ltos. pa. med. par. 1 jug. par. byed ıı
> deyibs. dan. kha. dog. yan. lag. rnams
> khyad. par can. lagan. I jug. pa.
> de. yi. yantsg. la sgra-ni
> rah tu. I jug. la. dun asma yin.

They are only Tibetan rendering of the two Kārikās occurring in the second Kanda of the Vākyapadīya of Bhartrhari.[12] This means that either Dinnāga took the Karikas from Bhartrhari's work or both Dinnāga and Bhartrhari took them from quite a different work. But there is no evidence to support the latter alternative. We learn from

10 cf. "A study of Paramārtha s life of Vasubandhu and the Date of Vasubandhu" by J. Takakusu J. R A. S. 1905. pp. 33ff.

11 The two Kārikās may be restored into sanskrit as ;—

1) बिन्दौ च समुदाये च वाचकः सलिलादिषु । संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते ।

2) संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते । शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते ।

12 cf. Kārikas. II. 160, and 157.— Benares. Edition. pp. 144-145.

Jinendra-Buddhi, author of Visālāmalatikā on[13] the Pramāna Samucca yavrtti of Dinnāga that Dinnāga is here referring to the views of Bhartrhari This evidently supports the former alternative that Dinnāga is quoting from Bharthari

Now if Dinnāga a famous Buddhist logician of the 5th century A D quotes from the Vākyapadiya how can we assign Bharthari to the 7th century A D ? We have only to conclude that Bharthari, the author of the Vākyapadiya lived in the 5th century A D and that the statement of Itsing that Bhartrhari died some forty years before the date of his record is incorrect

ભર્તૃહરિ અને દિઙ્નાગ.

(મૂળ લેખક એસ આર રંગાસ્વામી અયંગરના અંગ્રેજી લેખનો શબ્દશ અનુવાદ)

જે 'વાક્યપ્રદીપ ગ્રંથ કેટલાક સંસ્કૃત ગ્રન્થકર્તાઓનો[1] સમય નક્કી કરવા માટે આધારભૂત ગણાતો હોવાથી ભારતીય સાહિત્યના ઇતિહાસમાં "સીમાચિહ્ન' તરીકે ગણાય છે, તે ગ્રંથના કર્તા મહાન વ્યાકરણાચાર્ય ભર્તૃહરિનો સમય ઇત્સિંગના Record of Buddhist religion" ના વિધાનો ઉપરથી નક્કી કરવામાં આવે છે ચીની પ્રવાસીએ જણાવ્યું છે કે ભર્તૃહરિ એક મહાન વ્યાકરણાચાર્ય હતા કે જેની ભારતમાં સર્વત્ર કીર્તિ પ્રસરી રહી હતી અને વાક્યપ્રદીપ મહાભાષ્ય ઉપરથી ટીકા અને પેઇના (કે જે કદાચ વાક્યપ્રદીપ ગ્રંથનું ત્રીજુ અને છેલ્લું પ્રકરણ અથવા પ્રકીર્ણ કાંઇ હોઇ શકે) આ ત્રણે ગ્રંથોના કર્તા હતા, અને તેઓ આશરે ઇ સ[2] ૬૫૦માં સ્વર્ગવાસી થયા જે ચોકસાઇથી ઇત્સિંગે સમકાલીન બનાવો તેમજ 'વાક્યપ્રદીપ'ના સમયની નોંધ લીધી છે તે ઉપરથી વિદ્વાનોએ ભર્તૃહરિનો સમય ઇ સ સાતમા સૈકાનો નક્કી કરેલ છે

---

13 of Visālāmalatikā. Mdo re folio 331b line 6ff Kha cig tu gtso bor cha tshas rnams la 'jug to l bha rite ha ris yis sturas pa 1 cha sogs rnams la zes pai sogs pai sgras sa la yons su gzun no 1 क्वचित्तु मुख्या अवयवेषु वृत्ति । यथोक्त भर्तृहरिणा सलिलादिष्विति आदिशब्देन पृथिव्यादीना परिग्रह ।

૧ સરખાવો ' A record of the Buddhist Religion" કર્તા ઇત્સિંગ-અંગ્રેજી અનુવાદ કરનાર જે ટાકાકુસુ પ્રસ્તાવના પાનું ૧૫ ઇત્સિંગે આપેલી બધી તવારીખોમાં સૌથી અગત્યની ભર્તૃહરિ, જયાદિત્ય અને તેના સમકાલીનોની છે આ બધી તવારીખો જે સમયને હું સંસ્કૃત સાહિત્યના પુનરુત્થાનનો કાળ ગણું છું તે નક્કી કરવામાં બહુ અગત્યની છે

૨ જુઓ તેજ પુસ્તક પ્રસ્તાવના પાનું ૫૭ અને પુસ્તકના પાના ૧૭૮ થી ૧૮૦

પરતુ જે નવા પ્રમાણો પ્રકાશમા આવ્યા છે તે ઇત્સિગનુ વિધાન સર્વાંશે ખોટુ પાડે છે અને ભર્તૃહરિનો સમય ઇ સ પાચમા સૈકાનો ઠરાવે છે[3]

"વાક્યપ્રદીપ" ના બીજા કાંડમા જે વ્યાકરણ શાસ્ત્ર લગભગ મૃતપ્રાય દશામાં આવી ગયુ હતુ તેને મહાન વ્યાકરણાચાર્યો ચદ્ર અને વસુરાત, પુણ્યરાજ (વાક્યપ્રદીપના ટીકાકાર) વગેરેએ કેવી રીતે પુનર્જીવન આપીને પ્રચાર[4] કર્યો તેનુ વર્ણન કરતી વખતે વસુરાતના નામનો ભર્તૃહરિના ગુરુ તરીકે કેટલીયે વાર ઉલ્લેખ આવે છે. "વાક્યપ્રદીપ' ની[5] ૪૯૦ની કારિકામા ભર્તૃહરિ પોતે વસુરાતને ગુરુણા એ શબ્દ લખીને તેનો ગુરુ તરીકે ઉલ્લેખ કરતા હોય તેમ લાગે છે જે પુણ્યરાજે[6] લખેલી શ્લોક ઉપરની પ્રસ્તાવનાના શબ્દોથી સિદ્ધ થાય છે આ સિવાય એક જૈન લેખક **સિંહસૂરિગણી** કે જેઓ ઇ સ છટ્ઠા સૈકાની શરૂઆતમાં થયા હોય તેઓ પોતાના "ન્યાયચક્રટીકા"[7] નામના અપ્રસિદ્ધ ગ્રથમા (પુરોગામી મલ્લવાદીના[8] નયચક્રની ટીકા જે હાલમાં અપ્રાપ્ય છે) વસુરાતના નામનો ભર્તૃહરિના [9]ઉપાધ્યાયનો બે વખત ઉલ્લેખ કરે છે. આ હકીકત પુણ્યરાજના વિધાનને સમર્થન આપે છે અને સિદ્ધ કરે છે કે વસુરાત તે યુગના મહાન વ્યાકરણાચાર્ય હતા જેની નીચે ભર્તૃહરિએ અભ્યાસ કર્યો અને ભર્તૃહરિ પોતાના ગુરુથી ઘણીવાર જુદા મતવ્યો ધરાવતા હતા

પરમાર્થ નામના લેખકના મત પ્રમાણે વસુરાત બ્રાહ્મણ હતા અને વસુબન્ધુના શિષ્ય[10]

---

૩ જુઓ—કૃષ્ણસ્વામી આયગર મેમોરીઅન વૉલ્યુમમા છપાયેલ ડૉ. સી કુનન રાજાનો લેખ. ઇત્સિગ ને ભર્તૃહરિનુ "વાક્ય-પ્રદીપ"

૪. દ્વિતીય કાંડની ૪૮૬ મી કારિકા ઉપર પુણ્યરાજની વ્યાખ્યા न तेनास्मद्गुरोस्तत्रभवतो वसुरातादन्य कश्चिदिम भाष्यार्णवमवगाहितुमलमित्युक्त भवति ॥ જુઓ તેજ પુસ્તકની ૪૮૯ મી કારિકા —

केनाचच ब्रह्मरक्षसानीय चन्द्राचार्यवसुरातगुरुप्रभृताना दत्त इति । तै खलु यथावत् व्याकरणस्य स्वरूप तत उपलभ्य सतत च शिष्याणा व्याख्याय बहुशाखित्व नीतो विस्तर प्रापित इत्यनुश्रीयते ।

૫ ફરીવાર સરખાવો ૪૯૦ ब

प्रणीतो गुरुणास्माकमयमागमसग्रह ।

૬ સરખાવો—अथ कदाचिद् योगतो विचार्य तत्रभगवता वसुरातगुरुणा ममायमागम संज्ञाय वात्सल्यात् प्रणीत इति स्वरचितस्य ग्रन्थस्य गुरुपूर्वकमभिधातुमाह ।

૭ તળેગામવાળા મુનિશ્રી જબૂવિજયજીસ્વામીનો મારા અભ્યાસ માટે આ અગત્યના પુસ્તકની પ્રત કૃપા કરીને મોકલવા માટે હુ ઘણો જ આભારી છુ

૮ "દ્વાદશારનયચક્ર" ના કર્તા મલ્લવાદી એ જ નામના બીજા મલ્લવાદી કે જે "ન્યાયબિન્દુ ટીકા ટીપ્પણી"ના કર્તા છે તેનાથી તે જુદા છે

૯ જુઓ નયચક્ર ટીકા ફોલીયો. ૨૭૨ a

सोऽभिजल्पोऽभिधेयार्थे परिग्राही बाह्याच्छब्दादन्य इति भर्तृहर्यादिमतम् ।

वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मत तु . ...

૧૦ સરખાવો—જનરલ ઑફ ધી રોયલ એશીયાટીક સોસાયટી પૃષ્ઠ ૩૩ (ઇ. સ. ૧૯૦૫)માં છાપેલ જે ટીકાકુશુનો લેખ:—A study of Paramartha's life of Vasubandhu and the date of Vasubandhu.

શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

અભ્યાસ માટેના સાધનો

(લેખક—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિઆ એમ એ)

(ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ)

"ભારતીય વિદ્યા' નો તૃતીય ભાગ ' સ્વ બાબૂ શ્રી બહાદુરસિંહજી સિંધી સ્મૃતિ ગ્રંથ" તરીકે ઇ સ ૧૯૪૫ માં છપાયો છે એમા પ સુખલાલનો "પ્રતિભામૂર્તિ સિદ્ધસેન દિવાકર" નામનો એક લેખ છે એમાં પ્રસગવશાત્ એમણે પાચમી દ્વાત્રિંશિકાનાં ૧૦-૧૨ પદ્યો આપી એના સતુલનાર્થે અશ્વઘોષકૃત બુદ્ધચરિત (સ ૮) ના શ્લો ૨૦-૨૨ તેમજ કાલિદાસકૃત કુમારસભવ-(સ ૭) માથી શ્લો ૫૬, ૫૯ અને ૬૨ ઉદ્ધૃત કર્યા છે પ્રથમ દ્વાત્રિંશિકાનાં પહેલા ત્રણ પદ્યો રજૂ કરી એમણે એમ કહ્યુ છે કે સ્તુતિનો પ્રારભ ઉપનિષદ્‌ની ભાષા અને પરિભાષામા વિરોધાલકાર ગર્ભિત છે બીજી દ્વાત્રિંશિકનુ ત્રેવીસમુ પદ્ય આપી એમણે એમ સૂચવ્યુ છે કે આમા સાખ્ય પરિભાષા-દ્વારા વિરોધાભાસગર્ભિત સ્તુતિ છે

ત્રીજી દ્વાત્રિંશિકાનુ આઠમુ પદ્ય આપી એમાં શ્વેતાશ્વતર ઉપનિષદ્‌મા ભિન્ન ભિન્ન કારણવાદોના સમન્વયદ્વારા વીરનુ લોકોત્તરત્વ સૂચવાયુ છે એમ એમણે કહ્યુ છે

ચોથી દ્વાત્રિંશિકાનુ ત્રીજુ પદ્ય આપી એ છન્દ અને અર્થથી વીરનુ લોકોત્તરત્વ દર્શાવે છે એમ એમણે કહ્યુ છે

આનુ સાતમુ પદ્ય આપી વ્યતિરેકદ્વારા સ્તુતિ કરવાનો નમૂનો રજૂ કરાયો છે

એના પદરમા પદ્યમા સરિતા અને સમુદ્રની ઉપમાદ્વારા પ્રભુમા સર્વ દૃષ્ટિઓના અસ્તિત્વનુ

— ખરૂ સ્વામિ વાત્સલ્ય —

(૫) માંડવગઢ નામે શહેરમા એક લાખ જૈન વસતા હતા જે કોઇ જરૂરિયાતવાળો સ્વામીભાઇ જૈન ત્યા રહેવા આવે તેને તે દરેક જણ એક એક સોનામહોર અને બે બે ઇંટ આપતા જેથી બહારથી આવનાર જૈન પાસે એક લાખ સોનામહોરો ભેગી થતા તેમા તેનુ ઘર પણ બની જતુ ને તે જૈન તેમના જેવો જ સુખી થતો તે પ્રમાણે તમે પણ તમારા દુઃખી સ્વામીભાઇને દરેક પ્રકારે તન, મન, ધનથી મદદ કરી તેને તમારા જેવો સુખી બનાવો ને આપણા સ્વામીભાઇને સુખી બનાવવો તે જ ખરૂ સ્વામી વાત્સલ્ય' છે જેથી ધર્મમા સ્થિર રહે

x x x

—: સ્વામીભાઇને મદદ કરો :—

(૬) તમારી પાસે ધન હોય તો ધન આપીને અન્ન હોય તો અન્ન આપીને રહેવાના સ્થળ હોય તો રહેવાનુ સ્થળ આપીને તમારા સીજાતા સ્વામીભાઇઓને તમારા જેવા બનાવવા માટે પુરૂષાર્થ કરો જો શ્રાવક નામના ક્ષેત્રને મજબુત કરશો તો જ સાતે ક્ષેત્રોની બરાબર રક્ષા થશે

x x x

—: મુંબઇ સઘને મારી સલાહ —

(૭) આ મુબઇ નગરીમાં ઘણા ધનવાનો છે તો મુબઇ સઘની ફરજ છે કે કોઇ કામ એવુ હાથમા લો જેથી તમારા સાધર્મી ભાઇઓને શુદ્ધ ખોરાક ખાવાની સગવડતા મળે ને ઉભા રહેવા માટે સગવડતા મળે તે માટે નીચે ભોજનશાળા ને ઉપર ધર્મશાળા બને તેવા મકાનની વ્યવસ્થા કરો પૈસા તો કામ કરનારને મળી જશે માટે આ સાધર્મીવાત્સલ્યનુ કામ કરી તમારા મુબઇના સઘની શોભા વધારો

(ચાલુ)

કથન કરાયું છે તે અનેકાતવાદની જડ છે એમ અહીં કહ્યુ છે

૨૧ મું પદ્ય આપી વિભાગના અને વિશેષોક્તિ દ્વારા આત્મા સબધી જૈન વક્તવ્ય રજૂ કરાયુ છે એમ કહ્યું છે છઠ્ઠી [1]દ્વાત્રિંશિકાના શ્લો ૧ ૩–૮ અને ૨૮ રજૂ કરી એનો ભાવાનુવાદ અપાયો છે આઠમી દ્વાત્રિંશિકાના [2]શ્લો ૧ અને ૭ ઉદ્ધૃત કરી એનો ભાવ સમજાવાયો છે

અતમા [3]નવમી દ્વાત્રિંશિકા સપૂર્ણતયા અપાઇ છે આ લેખ દ્વારા પ સુખલાલે સિદ્ધસેન દિવાકરનો આદ્ય જૈન તાર્કિક, આદ્ય જૈન કવિ અને આદ્ય જૈન સ્તુતિકાર આદ્ય જૈન વાદી આદ્ય જૈન દાર્શનિક અને આદ્ય સર્વ–દર્શનસગ્રહક તરીકે નિર્દેશ કર્યો છે અને એના સમર્થનાર્થે દ્વાત્રિંશિકાઓનો ઉપયોગ કર્યો છે

અગિયારમી દ્વાત્રિંશિકા વિષે એમણે કહ્યું છે કે–કોઈ પરાક્રમી અને વિજેતા નૃપતિના ગુણોની સમગ્ર સ્તુતિરૂપ આ દ્વાત્રિંશિકા લોકોત્તર કવિત્વપૂર્ણ છે આમ કથન કરી એમણે ઉદાહરણાર્થે આનુ ત્રીજુ પદ્ય ઉદ્ધૃત કર્યું છે

૧ આ દ્વાત્રિંશિકા એ માલવિકાગ્નિમિત્રના નિમ્ન નિખિત પદ્યના ભાષ્યની ગરજ સારે છે—

पुराणमित्येव न साधु सर्वं,
न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते,
मूढः परप्रत्ययनेयबुद्धिः ॥

૨ આને અગે પ સુખલાલે કહ્યુ છે કે–આ બત્રીસીમા પ્રાચીન સર્વ ઉપનિષદો અને ગીતાના સાર વૈદિક અને ઔપનિષદ ભાષામા જ શાબ્દિક અને આર્થિક અલકારથી યુક્ત ચમત્કારકારિણી સરણીમાં રજૂ કરાયો છે આવુ કાર્ય કોઇ બીજા એકલાએ કર્યું હોય એમ જાણ્યુમાં નથી

૩ આમ જે અહીં પદ્યો અપાયાં છે તે મુદ્રિત દ્વાત્રિંશિકાઓમાંથી લીધાં હોય એમ લાગે છે, કેમકે અન્ય કોઇ આધાર તરીકે કોઇ હાથપોથીનો નિર્દેશ નથી

"ભારતીય વિદ્યા"ના ઉપર્યુક્ત ત્રીજા ભાગની અનુક્રમણિકામાં "અનુપૂર્તિ" તરીકે "સિદ્ધસેન દિવાકરકૃત વેદવાદદ્વાત્રિંશિકા વિવેચક–અધ્યાપક પ સુખલાલજી એવો ઉલ્લેખ છે પરતુ એમા આ દ્વાત્રિંશિકા કે વિવેચન નથી તેમ છતા એ બાબતની નોંધ જિનવિજયજીએ લીધી નથી

ગૂઢ અને ગભીર અર્થથી પરિપૂર્ણ એવી નવમી દ્વાત્રિંશિકામા મુખ્યતયા સાખ્ય–યોગના તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કરી બ્રહ્મ યાને ઔપનિષ પુરુષનુ વર્ણન છે આ દ્વાત્રિંશિકાની રચનામાં 'પાશુપત સપ્રદાયના અનુસરણરૂપ શ્વેતાશ્વતર ઉપનિષદ્નો તેમજ પૌરાણિક ત્રિમૂર્તિવાદનો પણ પ્રભાવ જોવાય છે, પ્રથમ છપાયેલી આ દ્વાત્રિંશિકામા અશુદ્ધ પાઠો છે એમ માની પોતાની બુદ્ધિ અનુસાર એને સુધારી અને મૂળ પાઠોને ટિપ્પણમાં સ્થાન આપી સમગ્ર [1]દ્વાત્રિંશિકા હિંદી [2]વિવેચન સહિત પ સુખલાલે ઉપસ્થિત કરી છે આમા મુદ્રણદોષો જોવાય છે દા ત જુઓ શ્લો ૩, ૧૦ વિવેચનમાં પૃ ૪૦૫ મા મનને બદલે મુખ છે તે ભૂલ છે

આ દ્વાત્રિંશિકામાં વિરોધાભાસનો પુષ્કળ ઉપયોગ કરાયો છે એમ વૈદિક ભાષા અને ઉપનિષદોના રૂપકો ડગલે ને પગલે જોવાય છે (ચાલુ)

૧–૨ આ પ્રેમી–અભિનદન ગ્રથ (પૃ ૩૮૪–૪૧૦)માં છપાએલ છે, અતમા ગુજરાતીસે અનુવાદિત" એમ છપાયુ છે એટલે આ ગુજરાતી લખાણનો હિંદી અનુવાદ છે એ ફલિત થાય છે, પરતુ આ ગુજરાતી લખાણ કોઇ સ્થળે છપાયુ છે ખરૂ અને હોય તો ક્યાં એ જાણવુ બાકી રહે છે 'પ્રતિભામૂર્તિ સિદ્ધસેન દિવાકર' નામનો પ સુખલાલનો લેખ અહીં પૃ ૩૭૭–૩૮૩ માં હિંદીમા છપાયો છે પરતુ એ પૂર્વોક્ત એમનો હિંદી લેખ મોટે ભાગે પુનર્મુદ્રણ છે છતા એ જાતનો ઉલ્લેખ નથી 'જૈન તત્ત્વજ્ઞાન' નામનો એમનો જે લેખ હિંદીમાં પૃ ૨૮૫–૩૦૨ માં છપાયો છે તેના અતમા તો 'ગુજરાતીસે અનુવાદિત' એવો ઉલ્લેખ છે

વર્તમાન સમાચાર.

શહેર ભાવનગરમાં કૃપાળુ શ્રી વિજયકેશર સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય વિદ્વાન મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ શ્રી સંઘની વિનંતિથી બિરાજમાન છે પ્રથમ ચૈત્ર માસની ઓળીમાં શ્રી સિદ્ધચક્રજી મહારાજ–શ્રી નવપદજી મહારાજનું આરાધન તેઓશ્રીના નેતૃત્વ નીચે અપૂર્વ આનંદ સાથે થયું હતું તેજ રીતે આ ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં પ્રશમરતિ અને મહાસતી મદનરેખા એ બે ગ્રંથો બહુ જ સુંદર રીતે, શ્રોતાઓને સચોટ અસર કરે તેમ વિદ્વત્તાપૂર્ણ રીતે વાંચે છે એટલી બધી મેદની થાય છે કે મારવાડીનો વંડો સાંકડો પડે છે (અસરકારક વ્યાખ્યાનનો તે પ્રભાવ છે) દરમ્યાન પર્યુષણ આવતા આ મહાપર્વમાં પણ અપૂર્વ આનંદ ઉત્સાહ સાથે પૂજ્ય કલ્પસૂત્રની વાચના થઇ હતી ઘણા ભાઇ બહેનોએ પર્યુષણ કર્તવ્યો અને માસખમણ વગેરેની અનેક તપસ્યાઓ કરી હતી શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ ભીવંડીવાળાએ જેમને ઘેર તેમના સુપુત્ર રમણિકલાલભાઇના ધર્મપત્ની મધુકાન્તાબ્હેને અઠ્ઠાઇની તપસ્યા કરેલ હોવાથી તે નિમિત્તે તપસી ભાઇબ્હેનોને ભાદરવા શુદ ૫ ના રોજ રુચિકર વસ્તુઓવડે પારણા કરાવી ભક્તિ કરી હતી અને ઘોડીયાપારણું ૧૨૫) મણથી લઇ તેજ દિવસે વરઘોડો ઉત્સાહપૂર્વક ચડાવ્યો હતો અને તેજ દિવસે (ઘણાજ આનંદપૂર્વક પર્યુષણ થયેલા હોવાથી) પાંચમના રોજ સલોત જગજીવનદાસ ફુલચંદના સુપુત્રો ભાઇ મોહનલાલ તથા નંદલાલે અને શાહ હરિચંદ કરસનજીના સુપુત્રો મનસુખલાલ વગેરેએ પોતાના પૂજ્ય પિતાની ભક્તિ નિમિત્તે સ્વામીવાત્સલ્ય કરી શ્રી સંઘની ભક્તિ કરી હતી. અને આ શ્રી સંઘની ભક્તિમાં શ્રી સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક શાંતિ જાળવી વ્યવસ્થા કરી હતી અને તે વખતે કલેકટર સાહેબે આવી આ સંઘભક્તિ જોઇ આનંદ વ્યક્ત કર્યો હતો

સક્ષરોત્તમ સાહિત્યસેવક વિદ્વાન પુરાતત્ત્વાચાર્ય શ્રીમાન જિનવિજયજી સાહેબની અનેકવિધ સાહિત્યસેવા જગજાહેર છે જૈન સાહિત્ય ઇતિહાસ અને પુરાતત્ત્વ એ તેઓશ્રીના ખાસ વિષયો હોવાથી ઉપયોગી એવું ઘણું સંશોધન કરી પ્રકાશન કરી ઘણો ઉપકાર કર્યો છે તેઓશ્રીના આ સાહિત્યસેવાથી જર્મનીની ઓરીયેન્ટલ સોસાઇટીએ માનપૂર્વક સભ્ય નીમ્યા છે તે માટે આ સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે

સ્વીકાર સમાલોચના.

દિવ્યદર્શન–પ્રવચન પત્રિકા.

પરમાત્મા તીર્થંકર ભગવંતોએ પોતાની સંસાર તારણી દેશનામાં (આત્મ) દર્શનનું અનુપમ વર્ણન કર્યું છે આ પંચમ આરાના પ્રાણીઓનું જડવાદ અને બીજા કારણોવડે સંસ્કૃતિમાંથી દરપળે જ્યાં અધ:પતન થઇ રહ્યું છે તેવા સમયે વિદ્વાન ધર્મગુરુઓ જ પોતાના પ્રવચનદ્વારા શ્રી સર્વજ્ઞ દેવની વાણીના રહસ્યો સમજાવી દિવ્યદર્શન કરાવી શકે છે વિદ્વાન મુનિવરો માત્ર જ્યાં બિરાજમાન હોય ત્યાં વ્યાખ્યાન દ્વારા તેવો ઉપકાર કરી શકે, પરંતુ તેવા વિદ્વાન મુનિવરોના તેવા વ્યાખ્યાનો આવી પ્રવચન પત્રિકાદ્વારા પ્રકાશન કરી, હિંદના દરેક શહેરોમાં તે જાય તો મનનપૂર્વક જે પ્રાણીઓ વાંચે વિચારે તેને જરૂર દિવ્ય–આત્મદર્શન થયા વગર રહે નહિ, આવો ઉપકારક પ્રયત્ન હાલમાં મુંબઇ લાલબાગ ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન શાંતમૂર્તિ સિદ્ધાંત મહોદધિ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ જેઓ કે વક્તા, લેખક અને વ્યાખ્યાતા છે, તેમના થતા પ્રવચનો સંગ્રહ કરી દર અઠવાડીયે પ્રવચન પત્રિકારૂપે તેની કમીટી તરફથી પ્રકાશન કરવાનો નિર્ણય થયો છે તે આવકારદાયક છે તેઓશ્રીના પ્રવચનની પ્રથમ શ્રેણી દિવ્યદર્શનની પ્રથમ કોપી અમોને સમાલોચના માટે

ભેટ મળી છે જેમાં સંસાર તરવામાં વિનય શાથી? દિવ્યદર્શન કોને કહેવું, દિવ્યદર્શનના ત્રણ ભેદો, આત્મદર્શનમાં ૭ દર્શન તેનો પ્રભાવ, પોતાના દોષ કેમ જોવા? દેવ અને દાનવ દર્શનનું સ્વરૂપ તેના ઉપર ખંધકસૂરિનો મોક્ષમાં કેમ પ્રતિબંધ થયો, સ્વદોષ જોવાનો અભ્યાસ તે જ આરાધક કહેવાય આત્મ નિરીક્ષણ કેમ કરવું, સ્વદોષ ભલેન પોટ્ટિલા શ્રીને સાધ્વીજીએ અમરવાણીવડે કરાવેલું દુઃખનું નિદાન વગેરે વિષયો દિવ્યદર્શનના વિષયમાં પૂજ્ય ભાનુવિજયજી મહારાજે સાદી અને સરલ ભાષામાં સુંદર રીતે ચર્ચ્યો છે લઘુ પત્રિકા હોવા છતાં પ્રાણીઓનું ખરું દિવ્ય-આત્મદર્શન-ભાન કરાવનાર છે વિદ્વાન મુનિવરોના જ્ઞાનના પરિપાકવડે આપેલા વ્યાખ્યાન કે વક્તવ્ય આવી પ્રવચન પત્રિકાદ્વારા પ્રકાશન કરી દરેક શહેર ગામોમાં મોકલતાં ઘણો ઉપકાર થાય અને પ્રાણીઓ પોતાના દોષ દર્શન જોઇ આત્મદર્શન કરતા શીખે જ એમ અમો માનીએ છીએ અમો આ પત્રિકાની પ્રગતિ ઇચ્છીએ છીએ

૨ જિનવાણી—લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યજી અંગ્રેજીમાં લખેલ તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ ગુજરાતી અનુવાદ ભાઇ સુશીલે કર્યો હતો ઘણા વર્ષો પહેલાં પ્રકટ થયેલ હતો પરંતુ મારવાડ માળવા પંજાબ વગેરે પ્રાંતોમાંના જૈન બંધુઓ આ હિંદી ભાષાના અનુવાદથી સારો લાભ લઇ શકશે તેવા આશયથી અનુવાદક વૈદ્ય ગોપીનાથ ગુપ્તે કરેલ છે શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળાના ૪૯ મા પુષ્પ તરીકે તેમના શિષ્યો મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ ત્રિપુટીઓએ પ્રકાશન કરી ગુરુભક્તિ કરી છે આ ગ્રંથ જૈનધર્મી ન હોય તેવાઓને જૈનધર્મનો મર્મ સમજવા એક ઉપયોગી વસ્તુ બની છે આ ગ્રંથમાં સાથે કર્મવાદ, ભગવાન પાર્શ્વનાથ, મહામેઘવાહન ખારવેલ એ ચાર લેખોનો વધારો કર્યો છે પ્રકાશક શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા મૂલ્ય અઢીરૂપીયા

૩ શ્રી દેશના ચિંતામણિ ભાગ-૩-૪-૫ મો જેના લેખક વિદ્વાન્ પૂજ્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ છે આ ગ્રંથમાં ત્રીજા, ચોથા અને પાંચમા તીર્થંકર ભગવાનની દેશના સાદી સરલ ગુજરાતી ભાષામાં લખાયેલ હોઇ માર્ગાનુસારી જીવોને ખાસ ઉપયોગી છે સંક્ષિપ્ત ચરિત્ર પણ છે પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા અમૂલ્ય ભેટ શેઠ જેસીંગભાઇ કાળીદાસ તરફથી મળેલ છે

૪ શ્રી હરિબળ મચ્છીનું અદ્ભૂત ચરિત્ર શ્રી નવસ્મરણ સાથે-મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજ અનુવાદક છે સાદી સરલ ભાષામાં છપાયેલ વાંચવા જેવું રસિક છે પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન શાહ મોતીચંદ દીપચંદ ઠળીયા (તળાજા) જે મુંબઈ કોટનિવાસી શેઠ અમૃતલાલ કેશવજી તરફથી ભેટ મળેલ છે

૫ શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ—વર્ષ ૧૮ મું કર્તા પૂજ્ય પંન્યાસ વિકાશવિજયજી મહારાજ

સંવત ૨૦૦૯ ની સાલનું સૂક્ષ્મ (સાયન) ગણિતવાળું આ પંચાંગ અમોને ભેટ મળેલું છે અઢાર વર્ષથી કર્તા મુનિરાજ આ પંચાગ કરી જૈન જૈનેતર પ્રજા સમક્ષ મૂકી મહાન ઉપકાર કરે છે તેઓ સાહેબે ભૂલ બતાવવા એક વખત સૂચના કરેલી હતી છતાં હજી સુધી કોઇ જ્યોતિષ નિષ્ણાતો ભૂલ કાઢી શકયા નથી (ખોટું ઠરાવી શકયા નથી) સાયન અને નિરયન પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણા પંચાગો પ્રકટ કરે છે, પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચો) સમયની જરૂર હોય તેને આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે અને તેને આટલા વર્ષ સુધી કોઇ ખોટું ગણિત ઠરાવી શકયા નથી, તે જ તેની સત્યતાનો પુરાવો છે જૈન મહાત્મા અનેક રીતે ઉપકાર કરી શકે છે તે માંહેનો આ એક છે કિંમત છ આના, પોસ્ટ અલગ અમારે ત્યાંથી મળશે

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને સૂચના.

પુસ્તક ૫૦ મું (ગયા માસ)શ્રાવણથી શરૂ થયું છે અને આ અંક બીજો છે દર વખતે ભેટની બુક રૂ શ્રાવણ માસમાં વી પી કરી લવાજમ વસુલ કરવામાં આવે છે પરંતુ આ વખતે ભેટની બુકનો નિર્ણય થવામાં બીજા કારણને લઇને ઢીલ થઇ છે તો ભેટની બુક તૈયાર થતા લવાજમ વસુલ કરવા કારતક માસમાં વી પી કરવામાં આવશે જેથી સ્વીકારી લેવા સૂચના છે (તંત્રી)

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ફરીથી છપાવી શકાતું નથી.**

(શ્રી અમરચંદ્રાચાર્યકૃત)

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, હૃદયમાં પ્રકારે, સહેલાઈથી મનન કરી કંઠાગ્ર થઈ શકે સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેવો આ ગ્રંથ છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમા છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દશ્ય-ફોટો છે, ગ્રંથની શરૂઆતમા પૂજ્યશ્રી હરિભદ્રાચાર્યકૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના રંગના ફોટાઓ, પરમાત્માના ચરિત્રો, વચમા શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીઓ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇંડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા ૬–૦–૦ (પોસ્ટેજ જુદું.)

શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

શ્રી કથારત્નકોષ ગ્રંથ (અનુવાદ) (ભાગ ૧ લો)

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમા પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામા સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમા વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમા સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિ વાંચવા સાંભળવામા આવેલી જે જે ગુણો સાથે વર્ણવાય તે તે ગુણો મહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમા તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના ભમતા ગુણદોષો, લાભહાનિનુ નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતા લાભો, સત્પુરુષોનો માર્ગ, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે આકર્ષક વિષયો, દેવગુરુધર્મતત્ત્વનુ અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનુ વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ આપવામાં આવી છે. જે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે

મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમા આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમા અમોએ પ્રગટ કરી છે,

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ કાઉન આઠ પેજીમાં વિવિધ રંગીન કવરજેકેટ મજબૂત બાઈંડીંગથી સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવના આવો ગ્રંથ હજી કોઈ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલમ પડશે. કિંમત રૂા. ૧૦–૦–૦ પોસ્ટેજ જુદું

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

Shri Atmanand Prakash

પુસ્તક ૫૦ મું. | આત્મ સં. ૫૬ | સંવત ૨૦૦૮.

અંક ૩ જો. | તા. ૧૫-૧૦ ૫૨ | આશ્વિન

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અનુક્રમણિકા

૧. શ્રી મહાવીર જિન સ્તવન ...	(લે. આ. શ્રી. વિજયલબ્ધિસૂરિમહારાજ.)	૩૭
૨. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન. ...	,, ,, ,, ...	૩૭
૩. દીપમાલા	(લે. પંન્યાસજી કનકવિજયજી ગણિ)	૩૮
૪. અમેરીકન સરકારની લાયબ્રેરીના મેનેજરનો જૈન સાહિત્ય માટે પત્ર.		૩૯
૫. સત્તરમા શ્રી વીરસેન જિન સ્તવન. ...	(સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી.)	૪૩
૬. સિદ્ધસેનદીવાકરની કૃતિઓ ...	...(પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ એમ. એ.)	૪૭
૭ પ્રથમ ઋષભદેવ ભગવંતનું સ્તવન સાર્થ (શ્રી મોહનવિજયજી મ. કૃત)	(લે પંન્યાસજી રામવિજયજી ગણિ)	૪૮
૮. કુદરતી ઉપચારો	(લે. કમળાબેન સુતરીઆ એમ. એ.)	૫૧
૯. વર્તમાન સમાચાર	(સભા)	૫૨
૧૦. સ્વીકાર સમાલોચના	(સભા)	૫૨

આ માસમાં નવા થયેલા માનવંત સભાસદો

૧ શેઠ સાહેબ પોપટલાલભાઈ ગીરધરલાલ પેટ્રન મુંબઈ

લાઈફ મેમ્બરો.

૧ ગાંધી યશવંતરાય કાનજીભાઈ ભાવનગર	૩ શેઠ રાજમલ માનમલ મંથર
૨ શેઠ ભરતકુમાર ઘેલાભાઈ અમદાવાદ	૪ શ્રીકમળ વિજયજી જૈન પુસ્તકાલય શેઠ (ગામડ)

બાઈડીંગ થાય છે. માગશર વદી ૧૦ પ્રકટ થશે.

શ્રી બૃહત્કલ્પસૂત્ર–છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

આ પૂજ્ય આગમનો પાચમો ભાગ પ્રકટ થયા પછી આ છેલ્લો વિભાગ ઘણા વખતે પ્રગટ થાય છે. આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે પાટણ, લીંબડી, ખભાત વગેરે ભંડારો અને છેવટે જેસલમેરના પ્રાચીન જૈન ભંડારોની તાડપત્રીય, અને હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ, વગેરે સાથે પૃષ્ઠ, શ્લોકોનો સમન્વય કરી તે સર્વે પ્રતો માહેની સર્વે નોંધ, સાહિત્યનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામાં આપવાનું હોવાથી પ્રકટ થતાં વિલંબ થયો છે, તેટલું જ નહિ પરંતુ સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષર શિરોમણિ, પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલના-પૂર્વક તૈયાર કરેલ તેની પ્રસ્તાવના–ગ્રંથ પરિચય આ ભાગમાં આપવામાં આવેલ છે. સંપૂર્ણ ગ્રંથ છપાઈ જવાથી હાલ તેનું કપડાનું મજબુત બાઈડીંગ તૈયાર કરવામાં આવે છે જેથી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણક (પોષ દશમે) પ્રકટ થશે

ગ્રંથનું સંશોધનકાર્ય પ્રસ્તાવના–આમુખ વગેરે સર્વે સંપાદન કાર્ય ઘણું જ સુંદર અને વિદ્વતાપૂર્ણ કૃપાળુ ગુરુદેવ પુણ્યવિજયજી મહારાજે તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર જેવો તેવો ઉપકાર નથી જે પ્રગટ થયા બાદ વિદ્વાન પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રંથની પ્રશંસા કર્યા સિવાય રહેશે નહિ, તેટલું જ નહિ પરંતુ ભાવિમાં પણ સંપાદક કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ માટે, તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા માટે તેના પઠનપાઠન કરનારા વિદ્વાન મુનિરાજો, આગમનું યથાર્થ જ્ઞાન ધરાવનારા પંડિતો પ્રશંસા કરવા સાથે તેઓશ્રી ઉપર પૂજ્યભાવ પ્રગટ થયા સિવાય રહેશે નહિં અને તેઓશ્રીની એક ઉત્તમ પંક્તિમાં વિદ્વાન મુનીશ્વર તરીકે પણ ગણના થશે. ટા. પા. ૩.

આ સભાના માનવંતા પેટ્રનઃ—

શેઠશ્રી પોપટલાલભાઈ ગિરધરલાલ

શેઠ સાહેબ પોપટલાલભાઇ ગિરધરલાલનું જીવન વૃત્તાંત.

બૃહત ગૂજરાતનું પાટનગર, રાજનગર, ઉદ્યોગનગર એ આજે અમદાવાદ શહેર ગણાય છે. જે શહેર ઘણા વર્ષોથી મીલ ઉદ્યોગ, બાહોળો કાપડ વ્યાપાર અને નાના મોટા અનેક ઉદ્યોગો હુન્નરોવડે સુપ્રસિદ્ધ છે. તે લક્ષ્મી, સરસ્વતીનું પણ ધામ છે. સાક્ષરો, સાહિત્યકારોની જન્મભૂમિ છે. એ બધું છે પરંતુ જૈન પુરી તરીકે આજે ભારતવર્ષમાં તેની ખાસ વિશિષ્ટતા–અનુપમતા છે. જ્યાં હિંદના અનેક મહાન તીર્થોના સંરક્ષણ ને ભક્તિ માટે શેઠ આણંદજી કલ્યાણજી મુખ્ય પેઢી છે. તેટલું જ નહિં પરંતુ વિદ્વાન જૈનાચાર્યો, મુનિપુંગવોના આવાગમનવડે તે પૂજ્યોના શાસ્ત્રશ્રવણથી મળતા લાભોવડે, પરંપરાથી જૈન સંસ્કારી, પરમ શ્રદ્ધાળુ અનેક જૈન કુટુંબો વસે છે; તેવા એક સંસ્કારી જૈન કુટુંબમાં પિતા ગિરધરલાલ સાંકળચંદ અને માતુશ્રી ચંચળ બ્હેનની કુક્ષિમા સં. ૧૯૫૧ ના પોસ વદી ૩૦ ના રોજ શેઠશ્રી પોપટલાલભાઈનો જન્મ થયો હતો. મૂળ સામાન્ય સ્થિતિ હોવા છતાં સને ૧૯૧૪ ની સાલમાં સદ્ભાગ્ય મુંબઈ લઈ ગયું.

તેઓશ્રીએ પ્રથમ સાઈકલનું બીઝનેસ શરૂ કર્યું. પૂર્વનો પૂણ્યયોગ્ય, કુશાગ્રબુદ્ધિ અને સહજ આલંબનવડે પ્રગતિ અને પ્રતિષ્ઠા સાથે લક્ષ્મી પણ વધી અને સાથે જન્મથી સાંપડેલા જૈન સંસ્કાર અને પરમ શ્રદ્ધાવડે ધર્મ ભાવના જાગૃત થતાં સને ૧૯૪૯ ની સાલમાં અમદાવાદથી રેલવે રસ્તે શ્રી શંખેશ્વર તીર્થનો સંઘ કાઢ્યો, જેસલમેર ભટ્ટેશ્વર વગેરેમાં એમના કુટુંબ તરફથી (૮૦ માણસોનો) સંઘ પણ કાઢવામાં આવ્યો હતો. વળી શ્રી મહાવીર વિદ્યાલય મુંબઈ, પાલીતાણા જૈનગુરુકુળ, જૈન બાલાશ્રમ, માંગરોળ જૈન સભા, જૈન

કૉનફરન્સ, એજ્યુકેશન બોર્ડ, સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ વગેરેમાં મળેલી સુકૃતની લક્ષ્મીનો સારો વ્યય કર્યો. હજી પણ પ્રયત્ન ચાલુ જ છે.

શ્રીયુત પોપટલાલભાઇ બુદ્ધિવૈભવ અને વ્યાપાર વાણિજ્યમાં કેટલા નિષ્ણાત છે, તે નીચે જણાવેલ હકીકતથી જાણી આનંદ થાય છે,

૧ મેનેજીંગ ડીરેકટર વી. સી. બ્રધર્સ એન્ડ કું. મુંબઈ.
૨ ડીરેકટર ધી વીકટોરીયા સાઈકલ ટ્રેડીંગ કું. લીમીટેડ નાગપુર.
૩ ડીરેકટર નેપચ્યુન એસ્યુરન્સ કું. લી. મુંબઈ.
૪ ડીરેકટર ઈનસ્યુરન્સ ઇનવેસ્ટમેન્ટ કોરપો લીમીટેડ

નીચેની ફર્મના પાર્ટનર છે.

૫ મેસર્સ પ્રેસીઅસ હાઈવર્કસ મેન્યુફેકચરીંગ સાઇકલ.
૬ ધી ચંદ્રોદય ઇલેકટ્રીક કું.
૭ ધી સુર્યોદય ટ્રેડીંગ કું.
૮ દુપટ્ટાવાળા બ્રધર્સ મુંબઈ.
૯ પોપ્યુલર કન્સટ્રક્સન કું. નાગપુર
૧૦ નેશનલ સાઇકલ એન્ડ મોટર કું. અમદાવાદ.

તેઓશ્રીને ત્રણ પુત્રો છે. જેમા મ્હોટા સુપુત્ર **પ્રતાપસિંહ** હાલ ઇન્ટરમાં પાસ થયા છે અને છ પુત્રીઓ છે, સર્વ આજ્ઞાંકિત છે. વ્યાપારનો વિશેષ અનુભવ મેળવવા એક વખત વિલાયત પણ જઈ આવ્યા છે.

આવા મહાન ઉદ્યોગપતિ, વિવિધ ધંધાના નિષ્ણાત, પરમ શ્રદ્ધાળુ શેઠ સાહેબ **પોપટલાલભાઈ** આ સભાના માનવંતા પેટ્રન થવાથી સભાના ગૌરવમાં વૃદ્ધિ થઇ છે. પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે, તેઓશ્રી દીર્ઘાયુ થઈ આધ્યાત્મિક, શારીરિક, આર્થિક લક્ષ્મી વિશેષ મેળવી સુકૃતની લક્ષ્મીનો વિશેષ સદ્વ્યય આત્મકલ્યાણ માટે કરે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮.	આશ્વિન	પુસ્તક ૫૦ મું.
વિક્રમ સં. ૨૦૦૮.	:: તા. ૧૫ મી ઑક્ટોબર ૧૯૫૨ ::	અંક ૩ જો.

શ્રી મહાવીર જિન સ્તવન.

(રાગઃ—તું મેરા નાથ મેં તેરી આદની)

તું મેરા નાથ મેં તેરા દાસ હું હો નહિ મુજકો
ભૂલાના કોઇ દિન કભી કોઇ દિન કભી
તુમકો જપના કર્મોંકો ખપના હૈ રીત હો પૂજનકી હૈ રીત
વીરકી મૂર્તિ પલ પલ ધ્યાવે, ગાવે પ્રભુ કે ગીત
તું મેરે પ્રાણુ મેં તેરે આશ
નહિ મુજકો ભૂલાના કોઇ દિન કભી કોઇ દિન કભી. ૧.
માલીક મેરા તું હૈ જીવનકા, તુ જિન ઔર મેં દીન હો,
આત્મ કમલમેં લબ્ધિ દેના, ભૂલો નહિ ઓ નાથ;
તું મેરે પ્રાણુ મેં તેરે આશ, હો નહિ મુજકો ભૂલાના
કોઇ દિન કભી કોઇ દિન કભી. ૨.

શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(રાગઃ—મુરલિવાલે મુરલિ બજા)

મુગતીવાલે મુગતી બતા, ભવિજન મુક્તિ કો ચાહે સદા
સહ સહકે દુઃખ મેરા, ગભરાયા મન, સહતા વીર મેરા સદા હી લગા,
તુજ મેં ધ્યાવું પ્રભુ બુઝા, અગન એ બુઝા અગન
ચંદ્રપ્રભુ તેરી સચ્ચી શાન, સમજને સે હટ જાય મેરા ભરમ. ૧
સુરતસે તેરી મેરી લાગી લગન, હો લાગી લગન
આંખો મેં તુમ, નહિ કોઇ તુમ સમ, હો નહિ કોઇ
તેરી હો ભકતકી રીતરસમ હો રીતરસમ
ચોહી દીલા દેગી, મુગત વધૂ, આત્મ કમલમેં લબ્ધિ રહું. ૨

આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ

દીપમાલા

(લે. પૂજ્ય પન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિ)

સંસારમાં માનવીના મનની મહત્તાનું માપ કોઈ કાઢી શક્યું નથી ખરેખર માનવનું મન, શક્તિઓ, સંપત્તિઓ તથા સમૃદ્ધિઓથી છલોછલ ઊભરાતો અગાધ ભંડાર છે. માનવ જ્યારે આ મનને સદ્‌વિચાર તેમજ વિવેકના અંકુશથી નિજને સ્વાધીન બનાવે છે, ત્યારે મનની મહત્તા, તેની અમાપ તાકાત અકલ્પ્ય તેમજ અજય્ય બને છે મનને મનની નિર્બલતાને, તેની પાશવી વૃત્તિઓને જાગૃતિપૂર્વક ડામનારો જાતને જીતી શકે છે અને જાતને જીતનારો, જગત વિજેતા બનવાની લાયકાત સ્હેજે પ્રાપ્ત કરે છે

પણ જ્યારે મન નિર્બળ બની, પાશવી વૃત્તિઓના દોરથી ખેંચાઈ પરવશ બને છે ત્યારે એ માનવનું મન જગતની તમામ વિપત્તિઓ, અનિષ્ટો તથા અનર્થોનું જન્મસ્થાન બને છે સાડા ત્રણ મણકાની કાયામાં મનનું જ શાસન પ્રાય પ્રવર્તી રહ્યું છે, એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી દુષ્ટ વિચારો જ્યારે મન પર સ્વાર થઈને બેસે છે ત્યારે મન પોતાની બધી તાકાતથી તે માર્ગે દોડી જાય છે પરિણામે આત્મા કાયા કે ઇંદ્રિયોદ્વારા બંધાયે પાપો તે આચરવા મંડી પડે છે

માટે જ મનને જીતવામાં જ સંસારની જીત છે સુખ, સંપત્તિ કે આબાદીના સ્વપ્નો સાચાં પાડવા માટે સહુ પહેલાં મનને મારતા શીખો, મનની નબળાઈઓ ક્યાં છે? તેને શોધતા રહો! તે માટે પ્રયત્નપૂર્વક જાગ્રત બનો! મનને હંમેશા સદ્‌વિચારોનો, શુભ સ્વાધ્યાયનો ખોરાક ખૂબ જ હોંશિયાર બનીને આપતા રહો!

યાદ રાખજો કે, નબળું મન અનેક ઉલ્કાપાતોનું આદિકારણ છે અકારણ દુઃખની પરંપરાથી જાતને સુરક્ષિત રાખવી હોય તો મનનું મારણ ધારણ કે વારણ કરતા રહો!

એક જિજ્ઞાસુ સાધક, કોઈ સંત પાસે જઈને બેઠો તેણે પેલા મહાપુરુષને પૂછ્યું 'ભગવન્! સુખનો માર્ગ કયો?' સંતે જવાબ આપ્યો 'ભાઈ તે માર્ગ મારી પાસે નથી પણ તારી પાસે છે સુખ કે દુઃખ સંસારમાં માનવની પોતાની પાસે જ છે એને જાણવા, જોવા, સમજવાની દૃષ્ટિ તેને પ્રાપ્ત થવી જોઈએ' આ સાંભળી તે સાધકે પૂછ્યું 'મહાત્મન્! મને તે દૃષ્ટિ આપો! આપની મારા પર તો મહાકૃપા થશે' તે સંતે એને ગામ બહાર કબરો દાટી છે તે સ્થને જઈ, કબરોની આગળ ખૂબ ગાળો દઈ આવવાનો આદેશ કર્યો આ ભલો જીવ તે મુજબ જઈ કરીને તે સંતની પાસે પાછો આવ્યો

સંતે તેને ફરી આ કબરો આગળ તેની સ્તુતિ કરવાનું કહ્યું તે જિજ્ઞાસુ સીધો કબરો પાસે જઈ કબરોને વખાણવા માંડ્યો મનમાં મૂંઝાતો અને આ બધાયનો પરમાર્થ નહિ સમજતો કાંઈક સાશંક વૃત્તિએ તે પાછો સતપુરુષ પાસે આવ્યો આ મહાત્માએ તેને પૂછ્યું 'કેમ ભાઈ! કામ થઈ ગયું કે?' એણે જવાબમાં માથું નમાવી હા કહી. સંતે કહ્યું 'બસ ભાઈ, સુખનો માર્ગ આમાંથી તને મળી ગયો' જવાબમાં પેલાએ કહ્યું 'બાપજી, મને કાંઈ સમજાયું નહિ આપની આ આગમવાણી મારા જેવાને માટે કોયડો બની ગઈ છે, તો કૃપયા મને આ બધનો પરમાર્થ સમજાવો'

આ મહાત્માએ આનો પરમાર્થ જે કાંઈ સ્પષ્ટ કર્યો તે ખૂબ જ બોધક તથા જીવનને ઊર્ધ્વગામી

અમેરિકન સરકારની લાયબ્રેરીના મેનેજરનો પત્ર.

THE LIBRARY OF CONGRESS

Washington 25, D C

Air Mail

August 20 1952

My dear Muni Jambuvijayaji,

I am very happy indeed that you have at long last received from the Exchange and Gift Division of the Library of Congress an acknowledgement of gratitude for the several books on Jainism that you and your friends were so kind to present to this Library. They will have an honored place in our special collections you may be sure I have been most anxious to build up a a truly representative collection of *Jain literature here for the use* of future scholars of this great religion Your contributions have initiated this project, and I sincerely hope that you will continue to evince an interest in helping us to secure the best possible books on the subject, particularly the basic texts of Jainism, by which I mean parts of the Āgama or Siddhānta These latter are of the greatest importance as primary source materials in scholarly research You have inquired in a postscript whether we would care to have books in Gujarati by all means we should be glad to, *and in fact we already possess a fine* collection of Gujarati publications !

Mr Murari Lal Nagar and I *have tried very hard to locate for* you the books and chapters of the Choni Tanjur of which you have requested microfilms As you know from my previous letter, the Choni Kanjur and Tanjur have not as yet

---

બનાવવા માટે પ્રેરક છે. તેમણે કહ્યું 'કબરોની આગળ પહેલી વખતે જઈને ગાળો દઈ તું પાછો આવ્યો, અને બીજી વેળા તેના ખૂબ વખાણ કરીને તું અહીં આવ્યો, એ બન્ને વખતે કબરે એકસરખી સ્થિતિ જાળવી રાખી ન રોષ કે ન તોષ ન આનંદ કે પરિતાપ, ન હર્ષ કે શોક કાંઈ જ ન રાખ્યું પણ સમભાવ રાખ્યો તેમ સમારમા જે દિવસથી તને માન યા અપમાનમા, સંપત્તિ કે વિપત્તિમા આત્માનો સમભાવ, મનની નિર્વિરોધ સ્થિતિ ચિત્તની એકરૂપતા જાળવી રાખતા આવડશે, તે દિવસથી સુખ, સમાધિ કે આત્માનંદનો રસાસ્વાદ તને થવા માંડશે

સુખી જીવનનો આ મર્મ આજે આપણે મોહ, અવિવેક કે અજ્ઞાનતાના કારણે ભૂલી ગયા છીએ માટે જ આપણે ચોમેર દુઃખ ઉદ્વેગ, ગ્લાનિ તથા દૈન્યનો અનુભવ કરી રહ્યા છીએ 'ખરેખર જો આપણે Welcome-ભલે આવો' કહીને સુખ-દુઃખના બાહ્ય નિમિત્તોને સત્કારતા થઈ જઈએ તો આજે જ આપણાં દુઃખો ટળી જઈ આપણે સુખી છીએ એ શ્રદ્ધા આપણામાં તરત જ જન્મવા માંડશે અને પરિણામે આપણો આત્મા પોતાની જાતને જોવામાં સજાગ બનશે આજે આપણે આટલું તો જરૂર કરી શકીએ ને?

been catalogued and hence it is sometimes extremely difficult to find a particular section that is desired What I usually do in attempting to locate a desired item is to avail myself of the *Catalogue du Fonds Tibetain* by P Cordier and that by the Japanese scholar Ui, entitled a *Complete Catalogue of the Tibetan Buddhist Canons* (Tokyo, 1934) and then proceed on the assumption that the items will be in a similar location in the Choni version. Actually, very often they will be found in the Choni version in precisely the same volume and with the same number of folios as in one or the other of these printed catalogues, occasionally, however, it follows neither, and in such an instance it is really immensely difficult to find the item desired since, after all, it may be virtually anywhere in the whole gamut of the collection or, on the other hand, it is just possible that it is missing from it entirely Of all the items you have requested there are only two which I have not succeeded in finding in the Choni Tanjur, viz प्रमाणसमुच्चयवृत्ति Pramana samuccayavrtti) no 2 [Cordier, tome XCV folios 93B–177A] and तन्त्रान्तर-सिद्धिटीका [Cordier tome CVIII folios 1–21B]. In the case of the first of these, i e प्रमाणसमुच्चयवृत्ति the Choni text appears to be completely in agreement with that in the catalogue by Ui where this work is also omitted, and the works immediately before and after are exactly as in the choni version. The other work, i e तन्त्रान्तरसिद्धिटीका is also missing in the catalogue by Ui and once again this recension and the choni are completely parallel I have appended a list of all the works which I have located along with the folio-numbers so that the whole picture may be clear to you I have used the same orthography for the titles as is actually found prefixed to the individual works, in spite of the fact that the spellings are often incorrect In the latter case I have indicated the error with the Latin adverb sic! All this material is at this very moment in my office waiting to be sent to our Photoduplication Service, negative microfilms will be made of all the items (907 exposures, each containing two sides of a folio) and dispatched to you without cost on your part I am sure that the work of photographing will be concluded within two weeks or so and since surface-mail requires about six to eight weeks, I calculate that the microfilms should be in your

hands in a little more than two months I hope and trust you will find everything intact and in accordance with your desires. It is regrettable that we could not locate two of the works you wanted, but I feel quite certain they are entirely missing in the choni recension

You will, of course, need a microfilm-projector in order to make use of these microfilms At first I had thought you might experience difficulty in procuring this device in India and was therefore on the point of including herewith a list of American firms from which a projector could be purchased. However, Mr. Nagar assures me that microfilm-projectors are readily available in India I was glad to hear this, as you will thus be spared the expense of having prints made of so many hundreds of exposures

In closing, may I thank you again for the Sanskrit books which you and your friends have been so kind to present to the Library, they are deeply appreciated

Very sincerely yours,
Walter H Maurer
Reference Librarian
South Asia Section

Muni Jambuvijayaji
Jain Temple
P O Yeola
Nasik, India

ધી લાઇબ્રેરી ઑફ કોંગ્રેસ
વૉશિંગ્ટન ૨૫, ડી સી.

ઑગષ્ટ ૨૦, ૧૯૫૨

અમેરિકા સરકારની લાઇબ્રેરીના મેનેજરે જૈન સાહિત્ય માટે કરેલી કદર.

એરમેઇલ

મુનિશ્રી જમ્બૂવિજયજી મહારાજ,

આપે અને આપના મિત્રોએ આ લાઇબ્રેરી માટે જૈનધર્મના જે સંસ્કૃત પુસ્તકો મોકલ્યા છે તેને માટે એકસચેન્જ એન્ડ ગીફ્ટ ડીવીઝન ઑફ ધી લાઇબ્રેરી ઑફ કોંગ્રેસ તરફથી આભારદર્શક પત્ર મળ્યો છે તે જાણી મને અત્યંત હર્ષ થયો છે આપને ખાત્રી આપું છું કે આ પુસ્તકોને અમારા ખાસ ગ્રંથ સમુચ્ચયમાં વિશિષ્ટ સ્થાન આપવામાં આવશે આ મહાન ધર્મના ભાવી અભ્યાસીઓના ઉપયોગ માટે અહિં જૈન સાહિત્યનો એક ઉત્તમ સંગ્રહ કરવા હું ખૂબ જ આતુર છું આપના ભેટ પુસ્તકોથી આ યોજનાની શુભ શરૂઆત થઇ છે, અને આશા રાખું છું કે આગમ અને સિદ્ધાંતના સારામાં સારા પુસ્તકો મેળવી આપવામાં મદદ કરવાનું આપ ખાસ કરીને ચાલુ રાખશો સંશોધન કાર્યમાં આ પુસ્તકો ઘણું જ ઉપયોગના અને જરૂરનાં છે આપે આપના પત્રની તાજા કલમમાં પૂછાવ્યું છે કે-ગુજરાતી પુસ્તકોને સંગ્રહસ્થાનમાં સ્થાન મળે કે નહિ આના ઉત્તરમાં આપને જણાવું છું કે ગુજરાતી પ્રકાશનોનો એક સારો એવો સંગ્રહ અમારી પાસે છે જ અને તેથી આપ ગુજરાતી પુસ્તકો મોકલશો તો તેનો જરૂર સ્વીકાર કરીશું

જેની માઇક્રોફીલ્મ આપે માગી છે તે તાંજુરના પુસ્તકો અને પ્રકરણો ક્યા છે તે શોધી કાઢવા માટે શ્રી મુરારીલાલ નાગર અને હું બન્ને જણા ઘણો પ્રયત્ન કરી રહ્યા છીએ આપ મારા અગાઉના પત્રથી જાણો છો કે ચુની કાન્જુર અને તાંજુર હજી સુધી સૂચિ પત્રમાં દાખલ કરવામાં આવેલ નથી, અને તેથી

કયા વિભાગમાં તે હશે તે શોધી કાઢવું દુષ્કર છે જ્યારે કોઇ પ્રચ્છિત ભાગ શોધવાનો હોય છે ત્યારે પી કોર્ડીઅર અને જાપાનીઝ સાક્ષર ઉઈના સૂચિપત્રનો ઉપયોગ કરું છું અને પછી ચુની ભાષામાં આ ભાગ અમુક સ્થળે હશે એમ ધારીને આગળ કામ કરું છું ખરેખરી રીતે ઉપર જણાવેલા બન્ને મુદ્રિત કરેલાં સૂચિપત્રોમાં આ ભાગોના જે પ્રકરણો અને નંબરો આપ્યા છે તે તેમાં પણ જોવામાં આવે છે, વળી ઘણીવાર આમાંથી કોઇપણ તેમાં જણાતા નથી. આમ હોય ત્યારે પ્રચ્છિન્ન ભાગ શોધી કાઢવામાં ઘણી મુશ્કેલી પડે છે, કારણ કે એક દરે આખા સગ્રહમાં તે ' ગમે ત્યાં હોય અથવા તો તે ન પણ હોય આપે જે માગ્યા છે તેમાંના ચોની તાજુરમાં માત્ર બે હું શોધી શક્યો છું

૧ પ્રમાણસમુચ્ચયવૃત્તિ નાં ૨ (કૉર્ડીઅર રોમ ૯૫ ફોલીયોઝ ૯૩ બી-૧૭૭ એ)

૨ તન્ત્રાન્તરસિદ્ધિ ટીકા (કૉર્ડીઅર રોમ ૧૦૮ ફોલીયોઝ ૧-૨૧ બી) પ્રમાણસમુચ્ચયની બાબતમાં ચોનીપ્રત ઉઈના સૂચિપત્ર સાથે મળતી આવે છે જેમાંથી આ ગ્રંથ બાતલ કરવામાં આવેલ છે આ આગળ પાછળનાં બધા પુસ્તકો ચુની ભાષામાં છે તે પ્રમાણે મળતા આવે છે ઉઈના સૂચિપત્રમાં તન્ત્રાન્તરસિદ્ધિ ટીકા પણ નથી આ સાથે મે બધા ગ્રંથોનું લીસ્ટ તેમના ફોલીયોઝ, નંબરો સાથે મોકલ્યું છે જેથી કરીને આપને સ્પષ્ટ ખ્યાલ આવી શકે અગર જો કે શબ્દજોડણી ખોટી છે તોપણ દરેક ગ્રંથ માટે જે નામાભિધાન મૂકવામાં આવેલ છે તે જ તેના મુખપૃષ્ઠ માટે નામાભિધાન વાપર્યાં છે બીજા ગ્રંથમાં જ્યાં ભૂલો છે ત્યાં "કાળ" એવો લેટીન શબ્દ વાપરી ભૂલો જણાવી છે આ બધું સાહિત્ય અત્યારે તૈયાર છે, અને ફોટો ડુપ્લીકેશન માટે મોકલવાનું છે બધા મુદ્દાઓનું નેગેટીવ માઇક્રોફીલ્મ કરાવવામાં આવશે, (૯૦૭ એક્સપોઝર, દરેકમાં એક ફોલીયોની બે બાજુઓ) અને કોઇપણ કીંમત વગર આપને મોકલવામાં આવશે હું માનું છું કે ફોટોગ્રાફીનું કામ એક કે બે અઠવાડીયામાં પૂરું થશે, અને છ થી આઠ અઠવાડીયા પોસ્ટ મળતા થાય આથી આપને બે માસ આસપાસમાં માઇક્રોફીલ્મ મળી જશે હું આશા રાખું છું કે આપની ઇચ્છા પ્રમાણે દરેક વસ્તુ વ્યવસ્થિત રીતે આપને મળી જશે મને દિલગીરી થાય છે કે-જે બે ગ્રંથો આપે માગ્યા તેનું સ્થાન કયાં છે તે શોધી શક્યો નથી પણ મને ખાત્રી છે કે ચોની રીસેન્સનમાં આ ભાગ બિલકુલ મળી આવતો નથી

આપને માઇક્રોફીલ્મ-પ્રોજેકટરની જરૂર પડશે આપને હિન્દુસ્તાનમાંથી પ્રાપ્ય ન થઇ શકે એટલે અહિંની અમેરિકન પેઢીઓના સૂચિપત્રો મોકલવાનો વિચાર હતો પણ મી નાગરે મને ખાત્રી આપી છે કે માઇક્રોફીલ્મ-પ્રોજેકટરો હિન્દુસ્તાનમાં પણ મળી શકે છે આપને આથી ખર્ચમાં ફાયદો થશે

આપે અને આપના મિત્રોએ આ લાઇબ્રેરી માટે સંસ્કૃત પુસ્તકો મોકલ્યા છે તે માટે ફરી આભાર માનું છું.

આપનો અત્યંત વિશ્વાસુ,
(સહી) વૉલ્ટર એચ મુરર.
રેફર સ લાઇબ્રેરીયન
સાઉથ એશિયા વિભાગ

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

સત્તરમા શ્રી વીરસેન જિન સ્તવન.

સ્પષ્ટાર્થ સાથે.

(સ. ડાકટર વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી.)

વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ;
આજ હો દીસે રે વીરજતા ત્રિભુવનથી ઘણીજી ૧

સ્પષ્ટાર્થ–અતુલ આત્મીય વીરપણું (પરાક્રમ) સ્ફુરાયમાન કરી અત્યંત દુર્જય, દુષ્ટ પરિણામી મોહ શત્રુનો લીલા માત્રમાં નાશ કરી પોતાના નામને સાર્થપણે આ ત્રણ જગમાં પ્રસિદ્ધ કર્યું છે એવા હે ત્રિલોકપૂજ્ય દેવાધિદેવ શ્રી વીરસેન પ્રભુ! તમે જ્ઞાનાવરણાદિ દુષ્ટ કર્મનો અત્યંત અભાવ કરી જ્ઞાનાદિ અનંત સર્વોત્કૃષ્ટ સંપદા પોતાને સ્વાધીન કરી છે તેના ભોગ–આસ્વાદમાં નિરંતર મગ્નપણે પરમાનંદ ભોગવો છો. એવી આપની જ્ઞાનાદિ લક્ષ્મી આપથી અભેદપણે હોવાથી કોઇ પણ તેનો નાશ કરી શકે તેમ નથી તથા મોહરાજાને વશ પડેલા જગતવાસી જીવોમાં એવી જ્ઞાનાદિ અનંત લક્ષ્મીનું સ્વામિત્વ નથી, તેથી આપની જગીશ અર્થાત્ સંપદા પરમ સર્વોત્કૃષ્ટ પદને વાસ્તવિક રીતે યોગ્ય છે

વળી જગતવાસી જીવોનું વીર્ય ક્ષાયોપશમિક ભાવે હોવાથી અલ્પ છે–અપૂર્ણ છે અને વીર્યની અલ્પતા તથા ચલપણાને લીધે કર્મબંધ કરી પરાધીન થાય છે, પણ હે ભગવંત! આપે વીર્યાંતરાયનો સમૂલ ક્ષય કરી, અખૂટ–અનંત, અચલ વીર્ય સંપૂર્ણપણે પોતાને સ્વાધીન પ્રગટ કરી લીધું છે તેથી આ સર્વ જગતવાસી જીવોમાં ઉત્કૃષ્ટ વીર્યવંત આપ જ છો એવા આપના દૃઢ–સ્થિર અને સતેજ વીર્ય સામે મોહ રાજા દૃષ્ટિ કરવાને પણ સમર્થ થઇ શકતો નથી, તો નજીક આવવાની શી વાત? માટે આપની જ વીરતા સર્વોપરી પદ ધરાવે છે ૧

અણાહારી અશરીર, અક્ષય,
અજય, અતિ ધીર;
આજ હો અવિનાશી અલેશી,
ધ્રુવ પ્રભુતા બનીજી. ૨

સ્પષ્ટાર્થ—શરીર તે અનંત પુદ્ગલોના સમૂહ રૂપ અચેતન પદાર્થ છે અને જીવદ્રવ્ય પોતે એક તથા સચેતન પદાર્થ છે તેથી જીવ દ્રવ્યથી શરીર તદ્દન વિલક્ષણ વસ્તુત ભિન્ન પદાર્થ છે, તથાપિ અનાદિ અવિદ્યાવડે ભેદવિજ્ઞાનના અભાવે સંસારી આત્મા અનેક પ્રકારના કર્મ બાંધી તે કર્મના ઉદય વડે પ્રાપ્ત થયેલા શરીરને જ આત્મપણે જાણે છે, સદ્દહે છે, તેથી મનુષ્યના શરીરમાં રહેલા જીવને મનુષ્ય તથા દેવના શરીરમાં રહેલા જીવને દેવ વિગેરે મનાય છે અને તેથી સંસારી આત્મા સશરીરી બને છે, પણ હે ભગવંત! આપ તો તે અવિદ્યાનો નાશ કરી સંપૂર્ણ ભેદ વિજ્ઞાન પ્રાપ્ત કરી, સ્વપર દ્રવ્યને તદ્દન ભિન્ન ભિન્ન જાણી શરીરમાંથી અહં મમત્વ ઉઠાવી શરીરથી સર્વથા અતીત થયા છો, માટે હે પ્રભુ! આપ અશરીરી છો

શરીર અનંત પુદ્ગલોના સંયોગથી બનેલું હોવાથી સચલ તથા અસ્થિર છે, તેથી તેમાંથી કેટલાક પુદ્ગલો સ્થાનાંતરે જતા બીજા પુદ્ગલો લેવાની જરૂર પડે છે માટે શરીરધારીને આહારની જરૂર પડે, પરંતુ હે ભગવંત! આપ તો અશરીરી છો, માટે આપને આહારની જરૂર નથી આપ [illegible] અંગ એકતાધારી છો તેથી તેમાંથી કોઇ પર [illegible] રજ માત્ર પણ ઘસાવાનો, ક્ષીણ થવાનો [illegible] નથી માટે નિઃસંદેહ આપ અણાહારી [illegible]

અનેક પુદ્ગલોના [illegible] બનેલી હોય, તે જ ઘસાય, ભાંગી [illegible] આદિ જે જે પદાર્થમાં [illegible], [illegible] તે તે પદાર્થ ઘસા[illegible]

નહિ, માટે હે ભગવત ! આપ અસયોગી તથા એકત્વ સહિત હોવાથી આપના આત્મ અગમા કોઇ પણ કાલે રચ માત્ર પણ ક્ષય થવાનો સભવ નથી આપ અક્ષય પદમાં નિત્ય બિરાજમાન છો

સર્વે દ્રવ્યો પોતાની સત્તાભૂમિમાં પોતાના ગુણપર્યાયોના સ્વામીપણે વર્તવાને સદાકાલ સત્તા ધારી છે કોઇ પણ અન્ય દ્રવ્ય તેમાં પ્રવેશ કરવાને જ સમર્થ નથી તો આપને જીતવાની શુ વાત ? માટે હે ભગવત ! આપ સદા અપરાજિત–અજય છો

વળી આપનુ વીર્ય ક્ષાયિકભાવે હોવાથી આપ અત્યત ધીર–વીર છો જેમ સૂર્યના પ્રતાપ સામે અધકાર અત્યત અભાવ પામે છે તેમ આપશ્રીના ક્ષાયિક વીર્યજન્ય ધીર–વીરતાના પ્રતાપથી આપના કર્મશત્રુઓ અત્યત અભાવને પ્રાપ્ત થઇ ગયા છે

જો કે સર્વે દ્રવ્યો વસ્તુત અવિનશ્વર છે, તથાપિ અનેક પુદ્‌ગલોથી બનેલા શરીરમા જ્યાસુધી અહ મમત્વ બુદ્ધિ હોય છે ત્યાસુધી તે શરીરનો નાશ થતાં આત્મા પોતાનો નાશ માની નાશપણાના દુ ખને અનુભવે છે, પણ આપે પોતના આત્મ અગમાં આત્મપણુ જાણ્યુ, સ્વીકાર્યું, પોતાની એકત્વ પિડના અનુભવી થયા તેથી વિનાશપણાનો પ્રસગ નાશ થયો માટે આપ નિરતર અવિનશ્વર પદમા પરમાનદ ભોગવો છો લેશ્યાના હેતુ કષાય યોગ છે, પણ આપ તો કષાય તેમજ યોગથી સર્વથા મુક્ત થયા છો માટે અલેશી છો

વળી હે ભગવત ! આપની પ્રભુતા પણ હવે ધ્રુવ (નિશ્ચલ) થઇ છે સસારી જીવો અજ્ઞાનવશે પોતાની સત્તાભૂમિની મર્યાદા ઓલઘી પરક્ષેત્રે પરગુણ પર્યાયોની પ્રભુતા ચાહે છે, એવા અન્યાયી પુરુષોની કૃત્રિમ પ્રભુતા નાશ પામે, પરતુ આપ ન્યાય શિરોમણી હોવાથી પરગુણપર્યાય વિષે પોતાની પ્રભુતા સ્થાપન કરતા નથી. નિરતર પોતાના ગુણ પર્યાયમા સતુષ્ટ છો એમ આપની પ્રભુતા એક ક્ષેત્રી, અપૃથગ્ભૂત તથા સમવાય સબધે હોવાથી તેનો કોઇ પણ કારણે વિયોગ થવા સભવ નથી, માટે આપની પ્રભુતા ખરેખર ધ્રુવ–નિશ્ચલ છે આપની પ્રભુતાને કોઇ પણ સ્ખલના કરવા સમર્થ થઇ શકે તેમ નથી જે અન્યાયી પુરુષ પોતાનુ ઘર છોડી પારકે ઘેર ચોરી કરવા જાય તેનુ ધન બીજા ચોરોવડે પહેલાં લુટાઇ જાય પણ જે ન્યાયી પુરુષ બીજાના પદાર્થની આકાક્ષા નહિ રાખતા, પોતાની વિભૂતિમાં સતોષપણે નિરતર સચેત રહે તેની વિભૂતિ બીજો કોણ લૂટી શકે ? ૨

અતીદ્રિય ગત કોહ, વિગત માય મય લોહ,
આજ હો સોહે રે મોહે જગ જનતા ભણીજી. ૩

સ્પષ્ટાર્થ:—હે ભગવત ! આપ અતીદ્રિય છો પાચ ઇંદ્રિયોના સ્પર્શ રસ ગધ રૂપ અને શબ્દ એ પાંચ વિષયો છે, માટે ઇંદ્રિયોનો વિષય ફક્ત પુદ્‌ગલ છે, પરતુ આપ અરૂપી દ્રવ્ય હોવાથી ઇંદ્રિય વિષયથી તદ્દન ભિન્ન છો તેથી આપ ઇંદ્રિયોવડે અગોચર છો

શરીરાદિ પરદ્રવ્યમાં જેને અહ મમત્વ બુદ્ધિ હોય તેને ક્રોધ ઉપજવાનો સભવ છે, કારણ કે તે શરીરાદિ અનિત્ય અને પરક્ષેત્રી પદાર્થો હોવાથી કોઇ તેને બગાડે, વિણસાવે અથવા વિયોગ કરે તે ઉપર તેને ક્રોધ ઉપજે છે પણ હે ભગવત ! આપ તો તે શરીરાદિ પરદ્રવ્યનુ સર્વથા મમત્વ તજી પોતાના નિત્ય, અભેદ, સમવાય સબધી જ્ઞાનાદિ ગુણોમા પોતાનુ સ્વામિત્વ અનુભવો છો તમને કોઇ પણ અન્ય દ્રવ્ય રચ માત્ર પણ હરકત કરવા સમર્થ નથી તો આપના પરિણામમા ક્રોધને અવકાશ ક્યાથી ? ક્ષમા સરોવરમા નિરતર ક્રીડા કરતા આ ભગવતની પાસે ક્રોધાગ્નિ કેમ આવી શકે ? વળી સર્પ જેવી અવિશ્વાસ્ય, જગતમાં ફસાવવાને અત્યત બલવત્તર જાળ સમાન જે માયાપરિણતિ, તેને આપે તીક્ષ્ણ ધારવાળી આર્જવરૂપી તરવારવડે છિન્નભિન્ન કરી નાખી છે

વળી જાતિ લાભ કુલ, વિદ્યા, અધિકાર વિગેરે આઠ પ્રકારના મદરૂપ અતિશય દઢ પર્વતના આપશ્રીએ માર્દવરૂપ વજ્રદડવડે ચૂરેચૂરા કરી નાખ્યા છે

તથા પરદ્રવ્યાદિને ગ્રહણ-સંગ્રહ કરવારૂપ મૂર્છા જલે ભરેલા અતિશય વિસ્તીર્ણ લોભ સમુદ્રને આપ નિઃસ્પૃહરૂપ વહાણમાં આરૂઢ થઇ સહજ લીલા માત્રમાં તરી સંતોષભૂમિમાં બિરાજમાન થયા છો.

એમ આત્મગુણનો ઘાત કરનાર તથા ભવ-તરૂના મૂલરૂપ ક્રોધાદિક કષાયોને આપ ક્ષપકપણે સમૂલ ક્ષય કરી, ક્ષમા, માર્દવ, આર્જવ, નિઃસ્પૃહતા વિગેરે અનુપમ ગુણાલંકારવડે આપ સર્વોત્તમ શોભાયમાન છો એવી આપની નિઃકષાય પરમ શાંત મુદ્રા અવલોકતાં જગતવાસી જીવો અત્યંત વિસ્મય થાય છે. ૩.

અમર-અખંડ-અરૂપ-પૂર્ણાનંદ સ્વરૂપ;
આજો હો ચિદ્રૂપે દીપે, થિર સમતા ધણીજી. ૪

સ્પષ્ટાર્થ —ઇંદ્રિય, બલ, આયુ અને શ્વાસોશ્વાસ એ ચાર જીવના વ્યવહાર પ્રાણ છે અને તે પ્રાણના વિયોગે મરણ કહેવાય છે. પણ હે ભગવંત! આપે તે વ્યવહાર પ્રાણને પૌદ્ગલિક પરદ્રવ્યથી નિષ્પન્ન સાક્ષાત્પણે જાણી તે, પ્રાણ ઉપરથી મમત્વ ઉઠાવી, પોતાના શુદ્ધ ચેતના પ્રાણવડે પોતાનું જીવન સ્વીકાર્યું છે. તે ચૈતના પ્રાણનો આપથી કોઇ પણ કાળે વિયોગ થાય તેમ નથી માટે આપ સદા અમર છો.

જે સંયોગી પદાર્થ હોય તેમાં સંધિ હોય અને જેમાં સંધિ હોય તે ભાંગી તૂટી શકે, પણ હે ભગવંત! આપ અસંયોગી શુદ્ધ એક તત્વ છો, આપના અંગમાં સંધિ નથી તેથી આપ સદા અખંડ છો.

પરમ સ્વભાવને અનુયાયીપણે દ્રવ્યના સર્વ ગુણો હોય છે. જીવ દ્રવ્યનો પરમગુણ ચેતનત્વ છે માટે જીવના સર્વ ગુણો ચેતનાનુગત હોય, એ સિવાયના ગુણો જીવ દ્રવ્યમાં હોઇ શકે નહિ, માટે રૂપ-રસ-ગંધાદિ ગુણો ચેતનાનુગત નથી માટે રૂપાદિ ગુણોનો જીવ દ્રવ્યમાં અત્યંતાભાવ છે તેથી હે ભગવંત! આપ સદા અરૂપી છો

જગતવાસી જીવો ઇષ્ટ પુદ્ગલોની પ્રાપ્તિ, પ્રભુતા તથા ભોગવડે આનંદ માને છે, પણ તે પરદ્રવ્યના તાબે હોવાથી જગત જીવોનો આનંદ પરાધીન-અવાસ્તવિક તથા ક્ષણભંગુર છે પણ હે ભગવંત! આપ તો માત્ર પોતાના ગુણ-પર્યાયોની જ પ્રભુતા તથા ભોગવડે આનંદ માનો છો, તેથી આપનો આનંદ નિરૂપચરિત, પૂર્ણ તથા નિત્ય છે એમ હે પ્રભુ! આપ પૂર્ણાનંદ સ્વરૂપ છો.

તથા હે ભગવંત! આપના આત્મીય જ્ઞાન પ્રકાશ-કિરણો કે જે સર્વ દ્રવ્યના ત્રૈકાલિક પરિણામથી અધિક છે, તે અનંત જ્ઞાન પ્રકાશવડે આપ નિરંતર સર્વોપરી દેદિપ્યમાન છો આપના જ્ઞાન-પ્રકાશનું આ ત્રણ જગતમાં કોઈ ઉપમાન નથી

વળી હે ભગવંત! આપ સર્વજ્ઞ તથા વીતરાગ હોવાથી પૂર્ણ સમતાવંત છો ઇષ્ટાનિષ્ટ વિકલ્પથી સર્વથા મુક્ત છો. તે સમતા ક્ષાયિક ભાવજન્ય હોવાથી હવે કોઇ પણ કાળે આપના પરિણામમાં વિષમતાનો સંભવ નથી તેથી આપ પૂર્ણ નિશ્ચલ સમતાના સ્વામી છો. ૪

વેદ રહિત, અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય;
આજ હો ધ્યાય કે નાયકને ધ્યેય પદે ગ્રહોજી. ૫

સ્પષ્ટાર્થ:—નપુંસકવેદ, સ્ત્રીવેદ અને પુરુષવેદ એ ત્રણે વેદનો નવમે ગુણસ્થાને તથા સર્વ કષાયનો દશમા ગુણસ્થાનના અંત સુધીમાં સમૂલ ક્ષય કરી દીધો છે તેથી હે ભગવંત! આપ વેદ તથા કષાય રહિત છો. તથા "ખય પરિણામે સિદ્ધા" એ સૂત્ર પ્રમાણે આપમાં ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવ જ વર્તે છે સકલ કર્મનો ક્ષય કરી ક્ષાયિક ભાવે પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ સંપૂર્ણ સિદ્ધ પ્રગટ કર્યું છે, અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રના સ્વામી થયા છો અને પારિણામિક ભાવવડે અનંતકાળ સુધી આપના જ્ઞાનાદિ ગુણો અસહાયપણે નિરંતર પરિણમશે. કોઇ પણ કાળે કોઈ પણ આપના જ્ઞાનાદિ પરિણામને

સ્ખલના કરી શકશે નહિ, માટે હે ભગવંત! આપ સાદિ અનંતકાલ સુધી શુદ્ધ, સિદ્ધ તથા અસહાય છો

ઉપર વર્ણવેલા ગુણો સહિત શુદ્ધ, સિદ્ધ તથા અસહાય આપ ભગવંતને અવલોકી આપ સમાન સિદ્ધપદનો કામી હું સેવક, ધ્યાતા, આપ ત્રિલોક પૂજ્ય ભગવંતને ધ્યેય પદે સ્થાપુ છું, આપના પદનું ધ્યાન કરું છું ૫

દાન-લાભ-નિજ ભોગ, શુદ્ધ સ્વગુણ ઉપભોગ,
આજ હો અજોગી કર્તા-ભોક્તા પ્રભુ લહ્યોજી. ૬

સ્પષ્ટાર્થ –અંતરાય કર્મના ક્ષયવડે હે ભગવંત! આપમા દાનાદિક લબ્ધિઓ ક્ષાયિકભાવે વર્તે છે

વીર્યગુણની સહાયવડે સર્વે ગુણો પરિણમે છે. તેમ જ્ઞાનગુણના ઉપયોગ વિના વીર્યગુણ સ્ફુરાયમાન થઇ શકે નહિ, માટે વીર્યને જ્ઞાનગુણની સહાયતા છે તથા શુદ્ધ દાન પરિણામને ચારિત્રની સહાય છે વળી ચારિત્ર પરાચરણરૂપ ન પરિણમે તે ચારિત્રને જ્ઞાન-ગુણનો ઉપકાર છે. એક એક ગુણને બીજા ગુણોની સહાય છે, તે સહાયરૂપ દાનના કર્તા હે ભગવંત! આપ જ છો વળી એવું દાન આપ નિરંતર આપ્યા કરો છો માટે આપ અક્ષય દાતા છો તથા તે દાનના પ્રભાવવડે સર્વે ગુણો પોતાની શુદ્ધ, પરિણતિયે પરિણમે છે તે રૂપ લાભ લેનાર પણ આપ જ છો એમ આપમા દાતા, પાત્ર ને દેયની અભેદતા છે એમ જ્ઞાનાદિ પરિણામ હમેશા શુદ્ધપણે વર્તે છે-તજ્જન્ય આનંદના વેદનારા છો તેથી જ્ઞાનાદિ પર્યાયના આપ નિ પ્રયાસપણે હમેશા ભોક્તા છો

જે એક વાર જ ભોગવવા યોગ્ય હોય તે ભોગ અને જે અનેક વાર ભોગવવા યોગ્ય હોય તે ઉપભોગ કહેવાય છે, માટે જ્ઞાનાદિ શુદ્ધ ગુણો સહભાવી હોવાથી હમેશા આપમા કાયમપણે રહેનારા છે, માટે આપમાં તે ગુણોનો ઉપભોગ છે.

વળી હે ભગવંત! મન, વચન, કાયા તથા કોઇ પણ પુદ્ગલ યોગ વિના આપ પરકર્તૃત્વ તથા પર-ભોક્તૃત્વ નિવારી સ્વભાવના કર્તા ભોક્તા બન્યા છો, એવા આપ ત્રિલોકપૂજ્ય પ્રભુનું મને કોઇ મહત્ પુણ્યના પસાયે આજે દર્શન મળ્યું છે. ઇંદ્રિયગોચર વસ્તુનું દર્શન તો સહજે સર્વ પામી શકે પણ આપ તો અરૂપી નિષ્કર્મ છો આપના દર્શનની પ્રાપ્તિ તો વિરલાને જ થઇ શકે છે ૬.

દરિસણ-જ્ઞાન-ચારિત્ર, સકલ પ્રદેશ પવિત્ર;
આજ હો નિર્મલ નિઃસંગી, અનિહા વંદિયેજી. ૭

સ્પષ્ટાર્થ.–આપનું દર્શન થતાં આપના સર્વે પ્રદેશ અસંત નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે પરિપૂર્ણ પવિત્ર જોઇ તથા આપને જ ત્રણ જગતમા નિર્મલ તથા નિ.પરિગ્રહી અવલોકી કર્મશત્રુનો અંત આણનાર આપશ્રી વીરસેન પ્રભુને કર્મક્ષય નિમિતે ત્રિકરણ યોગે વંદુ છુ ૭

દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો કંદ;
આજ હો જિનવર સેવાથી, ચિર આનંદિયેજી. ૮

સ્પષ્ટાર્થ.–સ્તુતિકર્તા શ્રી દેવચંદ્ર મુનિ કહે છે-સર્વે જિનોમા ચંદ્રમા સમાન વર-પ્રધાન હે વીરસેન પ્રભુ! સ્વાભાવિક, નિ પ્રયાસિક, અનંત આનંદના સમૂહરૂપ આપ જિનેશ્વરની આજ્ઞા, સેવનરૂપ સેવાથી હું પણ આપ સમાન અનંત પરમાનંદને પ્રાપ્ત થઇશ-શિવરમણીનો વિલાસી થઇશ. ૮.

શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

અભ્યાસ માટેના સાધનો.

(લેખક —પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ)

(ગતાંક પૃ૪ ૩૫ થી શરૂ)

(૫)

કલ્યાણમંદિર સ્તોત્ર સિદ્ધસેન દિવાકરની કૃતિ છે એ વાત જાણે નિર્વિવાદપણે સિદ્ધ છે એમ માનનાર એનો અભ્યાસ કરવા લલચાય તો તેમાં કંઇ ખોટું નથી

આ સ્તોત્ર બીજી દ્વાત્રિંશિકા સાથે છંદની બાબતમાં સામ્ય ધરાવે છે શબ્દ-વિન્યાસ માટે દ્વાત્રિંશિકાના ૮ મા પદ્યગત चित्रं किमत्र અને ૨૩ મા પદ્યગત क्षणेन સાથે આ સ્તોત્રનું વીસમું પદ્ય તેમજ ૧૧ મા અને ૧૨ મા પદ્ય સરખાવી શકાય બીજી દ્વાત્રિંશિકાના પંદરમા પદ્ય સાથે શૈલીની બાબતમાં આ સ્તોત્રનું સાતમું પદ્ય સમાનતા ધરાવે છે

કલ્યાણમંદિરસ્તોત્રની ભક્તામરસ્તોત્ર સાથેની સતુલના અનેક રીતે જોવાય છે એની રૂપરેખા મેં આ બે સ્તોત્રની સાથે સાથે નમિ-ઊણસ્તોત્રનું સટીક સંપાદન કર્યું છે તેમાં પ્રસ્તાવના(પૃ ૧૯-૩૧)માં આલેખી છે વળી આની સંસ્કૃત ભૂમિકા(પૃ ૩૧-૩૪)માં મે કલ્યાણમંદિરસ્તોત્રગત કેટલાક પ્રયોગો અને પ્રાતિહાર્યો વિષે થોડુંક કહ્યું છે. આ ઉપરાંત આ સંસ્કરણમાં મે આ સ્તોત્રનો અંગ્રેજીમાં અનુવાદ આપ્યો છે. આ સ્તોત્રનું જર્મન ભાષાંતર ડૉ. યાકોબીએ કરી એ ઘણા વર્ષો ઉપર છપાવ્યું છે આ સ્તોત્રના ગુજરાતી અને હિંદીમાં પણ ભાષાંતર થયા છે અભ્યાસ માટેના આ સાધનો ઉપરાંત પ્રાચીન સાધનો તરીકે ઉપર્યુક્ત સંસ્કરણમાં મે કલ્યાણમંદિરસ્તોત્ર ઉપર જે નીચે મુજબની સંસ્કૃત ટીકાઓ છપાવી છે તેનો પણ ઉલ્લેખ હું કરું છું.—

(૧) કનકકુશલગણિએ વિ. સં. ૧૬૫૨ માં રચેલી વૃત્તિ.

(૨) [1]માણિક્યચન્દ્રે રચેલી વિવૃતિ [2]

આ ઉપરાંતની બીજી નવ ટીકાઓની નોંધ મે ઉપર્યુક્ત સંસ્કરણની મારી સંસ્કૃત ભૂમિકા (પૃ ૩૬)માં લીધી છે આમાં હર્ષકીર્તિસૂરિએ વિ. સં. ૧૬૬૮ મા ટીકા રચ્યાનું છપાયું છે, પરંતુ જિન-રત્નકોશમાં કહ્યું છે કે એ ભૂલ છે આ ટીકા તો પાંત્રીસેક વર્ષ જેટલી વહેલી રચાઇ છે.

આ ઉપરાંત નીચે મુજબની ટીકા વગેરે વિષે જિનરત્નકોશ (પૃ ૮૧) માં ઉલ્લેખ છે.—

(૧) પુણ્યસાગરગણિકૃત ટીકા

(૨) વિ સં. ૧૬૨૭ મા લખાયેલી અને "ભાસ્વદ્રત્નગર્ભસ્તંભિ" થી શરૂ થતી સૌભાગ્ય-મંજરી

(૩) જયાનન્દસૂરિ(? ગુણરત્ન)દ્વારા રચાયેલી ટીકા

(૪) કમલવિજયકૃત વૃત્તિ

(૫) દિગંબર તપાચાર્યે રચેલી અને 'શ્રી પાર્શ્વજિનમાનમ્ય' થી શરૂ થતી વૃત્તિ

(૬) અજ્ઞાતકર્તૃક ટીકા

(૭) મેરુતુંગે રચેલો બાલાવબોધ

(૮) દિગંબર મનોહરદાસે રચેલો બાલાવબોધ.

જેમ તત્ત્વાર્થસૂત્ર અને ભક્તામરસ્તોત્ર એ શ્વેતાંબરીય કૃતિઓને કેટલાક દિગંબરો 'દિગંબરીય' કૃતિ ગણે છે તેમ કલ્યાણમંદિરસ્તોત્ર માટે પણ

---

૧ શાંતિચન્દ્રના શિષ્ય રત્નચંદ્ર એમના વિદ્યા-ગુરુ થાય છે

૨ જિનરત્નકોશ (ભા ૧, પૃ ૮૧) પ્રમાણે આ દીપિકા વિ. સં. ૧૬૬૮ મા રચાઇ છે ગુણ સેનસૂરિ કે પછી ગુણરત્ને રચેલી અને વિ. સં. ૧૫૨૩ મા રચાયેલી અવચૂર્ણિની અહીં નોંધ છે.

પ્રથમ ઋષભદેવ ભગવંતનું સ્તવન.

સ્વ. પૂ. મુ. શ્રી મોહનવિજયજીકૃત (સાર્થ-ભાવાર્થ સાથે)

(લેખક—પન્યાસજી મહારાજશ્રી રામવિજયજી ગણિવર.)

બાલપણે આપણ સસનેહી,
રમતા નવ નવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ,
અમે તો સંસારને વેષે,
હો પ્રભુજી! ઓલભડે મત ખીજો

ગાથાનો અર્થ—બાળપણમા આપણે બન્ને નવા નવા વેષ ધારણ કરી રમતો કરતા હતા તે સંબંધ છોડી દઈને આપ તો ત્રણ ભુવનની ઠકુરાઈ રૂપ મોક્ષપદ પામ્યા અને અમે તો સંસારના રચનોમા ભટકતા રહ્યા આવી રીતે ઘણો સબંધ છતા આમ કરવુ તે તમને ઉચિત ન હતુ તો ઓલભડાથી મારા ઉપર કોપ કરશો નહિ

ભાવાર્થ—ઓલભો એટલે ઠપકો આ સ્તવનમા પ્રભુની સ્તુતિ કરનાર સેવકજન પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી પ્રત્યે ભક્તિરસથી ભરપૂર વક્ર ભાષામાં પોતાનુ આત્મહિત સાધવામાં ચિંતાતુર હોવાથી આવા પ્રકારની શબ્દોની ગોઠવણ કરીને ભક્તિરસ વધારે છે આ સ્તવનના કર્તા શ્રી મોહનવિજયજી મહારાજનો ઉદ્દેશ પ્રભુ પ્રત્યેનુ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વધારવાનો હતો. અનુષ્ઠાન ચાર પ્રકારનો છે પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન, બીજુ ભક્તિ અનુષ્ઠાન, ત્રીજુ વચન અનુષ્ઠાન અને ચોથુ સત્સંગ અનુષ્ઠાન એમ ચાર પ્રકારનાં અનુષ્ઠાનો છે આ ચાર અનુષ્ઠાનનુ સ્વરૂપ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે જ્ઞાનસાર અષ્ટકમા તેમજ શ્રીપાળના રાસના ચોથા ખંડમા સુંદર રીતે વર્ણન કરેલુ છે ત્રીજુ અને ચોથુ અનુષ્ઠાન પ્રાપ્ત કરાય તો જ જીવને મુક્તિપદ મળી શકે તે કાર્ય સાધવાને માટે તેમજ

કહેવાય છે, અને એને લઈને તો આપણે આ સ્તોત્રના સ્પષ્ટીકરણરૂપ દિગંબરીય રચના મળે છે.

એમ લાગે છે કે વિ સ ૧૫૨૭ મા લખાયેલી અવચૂરિ એ સમગ્ર ટીકા-સાહિત્યમાં પ્રાચીનતાની દૃષ્ટિએ પ્રથમ હશે એવી રીતે બાલાવબોધમા મેરુતુંગનો બાલાવબોધ ગણાવી શકાય, જો કે આ મેરુતુંગ નામના એક મુનિએ વિ સ ૧૪૦૯ માં કામદેવ-ચરિત અને વિ સ ૧૪૧૩ મા સંભવનાથ ચરિત રચ્યા છે 'નાગેન્દ્ર' ગચ્છના મેરુતુંગસૂરિએ વિ સ. ૧૩૬૧ મા વર્ધમાનપુર([1]વઢવાણ)માં પ્રબંધચિન્તામણિ રચેલ છે. આચલિક મહેન્દ્રપ્રભ-સૂરિના શિષ્ય મેરુતુંગસૂરિએ વિ સ ૧૪૪૪ મા કાતંત્ર વ્યાકરણ ઉપર સંસ્કૃતમા બાલબોધ રચ્યો છે

(૬)

સિદ્ધસેન દિવાકરના જીવનવૃત્તાંતમાં એવી વાત આવે છે કે એમણે અર્દ્ધમાગધીમા રચાયેલા આગમોને સંસ્કૃતમા ઉતારવાનો વિચાર દર્શાવ્યો હતો અને એ બદલ એઓ 'પારાંચિક' પ્રાયશ્ચિત્તના ભાગી બન્યા હતા આ વાત જો સત્ય હોય અને સાથે સાથે " **नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्य** " એમ નમસ્કાર-મંત્રનુ પરિવર્તન કરનાર પણ એઓ જ હોય તો એવી સંભાવના થઈ શકે કે "નમુત્થુણં" ના સંસ્કૃત રૂપાંતર અને વિસ્તરણ તરીકે એમણે શક્રસ્તવ રચ્યો હોય, જો કે એકે પ્રબંધમા તો આ કૃતિ વિષે ઉલ્લેખ નથી (ચાલુ)

---

૧ આ નગરમા વિ સ ૧૨૫૪ મા 'જાલંધર' ગચ્છના દેવસૂરિએ પઉમપ્પહ ચરિય રચ્યુ છે આ પૂર્વે કોઈ શ્વેતામ્બરીય કૃતિ આ નગરમા રચાઈ છે ખરી? દિગંબરોના બે ગ્રંથો તો રચાયા છે—(૧) જિનસેને શક સંવત્ ૭૦૫ મા રચેલુ હરિવંશપુરાણ અને હરિષેણે શક સંવત્ ૮૫૩ મા રચેલો બૃહત્કથાકોશ

ત્રીજુ અને ચોથુ અનુષ્ઠાન મેળવવાને માટે પ્રથમના બે અનુષ્ઠાન ઉપાયરૂપ છે તે આવા ભક્તિભર્યા અને કોઇક વક્રભાષામાં કહેવાથી થઇ શકે છે આશય જો નિર્મળ હોય અને ભક્તિરસ ભર્યો હોય તો આવા શબ્દોમા દોષ જણાતો નથી આવા ઓલભડા આપવા તે પરપરાયે મેક્ષપદ આપવામા અપૂર્વ કારણભૂત બને છે આ અસાર અને અનાદિ સસારમા એકેક જીવને પરસ્પર પ્રાયે કરીને ઘણા સબધો થયા છે એ ન્યાયથી આપણા આત્માની સાથે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના આત્માનો સબધ ઘણા કાળનો હોય એ વાત માની શકાય છે કોઇ વખતે પૃથ્વીકાયમા, કોઇ વખતે અપકાયમા તેમ તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય તેઇંદ્રિય ચૌરિંદ્રિય, નારકી, તિર્યંચ અને મનુષ્ય અને દેવ એવી રીતે ચોરાશી લાખ જીવાયોની સબધી અને તે અનેક સબધો અનતી અનતીવાર જોડાયા છે તેથી કર્તા પુરુષ કહે છે કે-પ્રભુ ! આપણે એક વખત બાળપણામા નવાનવા વેષ કરી રમત કરતા હતા તે સબધ છોડી દઇને આપ મોક્ષ પધાર્યા અને અમે તો સસારમા રખડતા જ રહ્યા દુનિયામા મનુષ્યોનો એક વ્યવહાર છે કે અલ્પકાળનો સ્નેહ બધાય અને પછી લાબા વખતે ભેગુ થવાનુ થાય તે વખતે પ્રેમની ઊર્મિઓ ઉછળે, તમે તો તેનાથી ઉલટુ કર્યુ ઘણા કાળનો ભક્તિરસથી ભરપૂર તમારી સાથે અમારો સબધ હતો, તે છોડી દઇને અમને સસારમા પડતા મૂકીને એકલા જ શિવમદિરમા ગયા તે ઠીક કર્યું નહિ આવા ઓલભાથી હે પ્રભુ ! તમે કોપ કરશો નહિ અમારી ભક્તિરસની અને હૃદયના બળાપાની ઉર્મિઓ તમારા સિવાય કોને કહુ ? કોને સભળાવુ ? (૧)

ગાથા

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીયે,
તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ,
કોઇ ન મુગતિ જાવે,
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૨

ગાથાનો અર્થ-હે પ્રભુ ! જો તમારુ ધ્યાન ધરતા મોક્ષસુખ મેળવાતુ હોય તો તમારુ ઘણા મનુષ્યો ધ્યાન ધરે પણ સ્થિતિનો પરિપાક થયો હોય ત્યાં સુધી માત્ર ધ્યાનથી મોક્ષ ન મળે ! તો હે પ્રભુ ! આવા ઓલભાથી ખીજશો નહિ

ભાવાર્થ:—જીવોને મોક્ષ મેળવવાને માટે પ્રથમ ધ્યાન અને ભવસ્થિતિનો પરિપાક એમ બન્ને કારણ મળે તો જ મોક્ષ પ્રાપ્ત થાય. આવી રીતે જીવને મોક્ષ પ્રાપ્ત થાય તેમા સેવકનુ ધ્યાનબળ અને ભવ સ્થિતિનો પરિપાક એ બન્ને કારણો મોક્ષના હેતુ ભૂત કહેવાય પણ હુ આપને નિવેદન કરુ છુ કે તેવુ ધ્યાન અને ભવસ્થિતિનો પરિપાક ક્યારે થશે ? અનતો કાળ ગયો તો પણ હજુ સુધી મારુ કાર્ય થયુ નહિ તમારા ધ્યાનથી અને ભવસ્થિતિના પરિપાકથી જ્યારે મોક્ષ મળે ત્યારે આપે મારા જીવ પ્રત્યે મદદ કઈ રીતે કરી કહેવાય ? તે વખતે તો મોક્ષ જો મારી શક્તિથી મેળવ્યુ કહેવાય એમા કઇ તમારો ઉપકાર કહેવાય નહિ હુ આપને હાથ જોડીને કહુ છુ કે સ્વાર્થીજનો તો ઉતાવળા જ હોય હમારુ ધ્યાનબળ અને કાચુ હોય, ભવસ્થિતિનો પરિપાક ન થતો હોય તો પણ આપની પરસેવા હમારે મોક્ષ તો લેવુ જ છે અને આપવાની શક્તિ આપનામાં છે બીજા કોઇ દેવોમા નથી તો પછી આપ અમારી વાતમા બેદરકારી કરો તો કોઇ રીતે મને ગમતુ નથી પ્રભુજી ! આવા ઓલભાથી આપ ખીજશો નહિ મારે તો તમારી પાસેથી મોક્ષસુખ લેવુ તે સોએ સો ટકા વાત સાચી છે

ભવસ્થિતિનો અર્થ નીચે પ્રમાણે —

આપણા દરેક આત્મામાં અસખ્ય પ્રદેશો છે એક એક પ્રદેશમાં અનત જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, ચારિત્રશક્તિ અને અનત તપશક્તિ રહેલી છે

આવી શક્તિરૂપ પ્રકાશની પરંપરા અટકાવનાર કોઇ હોય; તો આઠ કર્મના સંચયરૂપ ભવસ્થિતિ છે. સૂર્ય તેજસ્વી છતાં વાદળાનાં જથ્થાથી સ્વ એટલે પોતાનું તેજ ઢંકાઇ જાય છે તેમ આ ભવસ્થિતિએ આત્માનું સ્વરૂપ ગુણરૂપી તેજ વાદળાનાં દૃષ્ટાંતરૂપ બની જગજાહેર કર્યું છે ભવસ્થિતિમાં કર્મનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એમ ચાર પ્રકાર આવે છે. આ ભવસ્થિતિનો પરિપાક કરવાને માટે ધ્યાનયોગ એ પ્રબળ કારણ છે. જેમ એક કાચું ગુમડું હોય તેને પકાવ્યા વિના તે મટે નહિ એવા ગુમડા પર પકાવવાને માટે મલમ તેમજ ઘઉંની પોટીસ લગાડવામાં આવે છે. આ પ્રયોગથી ગુમડું જો પાકી જાય તો ગુમડું તુરત મટી જાય આ દૃષ્ટાંતથી ભવસ્થિતિરૂપ ગુમડાને પકાવવાને ધ્યાનરૂપ પોટીસની ઘણી જરૂર છે. આ વાત સ્વાભાવિક છે, પરંતુ કર્તા પુરુષને તો આ સંયોગ મેળવવો કઠીન પડ્યો છે અને કાર્ય જલદી સાધવુ છે માટે ભક્તિરસ ભર્યા ઓળંભા આપી પોતાનો ઉદ્યમ શરૂ રાખ્યા કરે છે, તે ધારેલી વસ્તુ મેળવવાનો અપૂર્વ ઇલાજ છે. પણ સાચી વાતનું જો અવલોકન કરીએ તો ઉત્તમ પ્રકારના શુક્લધ્યાન વિના અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિના પરિપાકની ક્રિયા કર્યા વિના કોઇ દિવસ આત્માનુ કાર્ય સિદ્ધ થવાનુ નથી આમ છતા પણ ઉપર કહેલું કાર્ય સાધવાને માટે અને પ્રીતિ ભક્તિ મેળવવાને માટે આ નિશાળનો પ્રથમ ક્લાસ એકડીયારૂપ આદરવો એ ઉચિત સ્થાનમા છે પણ માર્ગ બહાર પ્રયાસ નથી એમ કર્તાપુરુષ માને છે તે વાત યથાર્થ ઘટે છે. (૨)

ગાથા.

સિદ્ધિનિવાસ લહે ભવસિદ્ધિ,
  તેહમાં શ્યો પાડ તુમારો ?
તો ઉપગાર તુમારો વહિયે,
  અભવ્ય સિદ્ધને તારો !
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો (૩)

ગાથાનો અર્થ—ભવ્યજીવોની યોગ્યતા હોવાથી મોક્ષસ્થાનમા જઇ શકે છે, પરંતુ તેમાં તમારો ઉપકાર કહી શકાય નહિ પણ તમારો ઉપકાર ક્યારે કહેવાય કે અભવ્ય જીવને પણ તમે જો મોક્ષ પમાડી શકો તો ખરા ઉપકારી કહેવાવ ! હે પ્રભુજી ! આવા ઓલંભાથી ખીજશો નહિ

ભાવાર્થ—આ અનાદિ અનંત સંસારમાં જીવોના ઘણા પ્રકાર છે. તેમા મુખ્ય બે પ્રકાર છે. એક ભવ્યજીવો અને બીજા અભવ્યજીવો. આમાં એક વિશિષ્ટ પ્રકારે સમજવાનું એ છે કે-ભવ્ય જીવોની ભવ્યતાની છાપ અનાદિ કાળની સ્વાભાવિક છે, તેથી ગમે તેવા સંયોગમાં તે અભવિ થતા નથી તેમજ અનાદિકાળના સ્વભાવવાળા અભવ્ય જીવો ભવ્ય થતા નથી. આ બન્ને પ્રકારના સ્વભાવોનું પલટવું થતુ નથી એમ કેવળજ્ઞાની પ્રભુ કહે છે. આ બન્ને પ્રકારના જીવોમા ભવ્યજીવને માટે મોક્ષની યોગ્યતા છે અને અનંતકાળમા જે અનંતા જીવો મોક્ષે ગયા છે તે ભવ્યજીવો જ ગયા છે અને ભવિષ્યકાળમા પણ ભવ્ય જીવો મોક્ષે જશે. વળી અભવ્ય જીવો, તેનો સ્વભાવ નહિ પલટાવાથી મોક્ષે ગયા નથી અને જશે પણ નહિ ત્યા દૃષ્ટાંત શાસ્ત્રકાર મહારાજ આપે છે કે—કોરડુ મગ હોય તેને અગ્નિદ્વારા પકવવામાં આવે પણ કઠિન સ્વભાવ હોવાથી અને મૂળ સ્વભાવ કઠિનપણાનો હોવાથી ગમે તેવા સંયોગથી પાકી શકે નહિ. પરંતુ આ ગાથાના કર્તા પુરુષ કહે છે કે—ભવિ જીવ મોક્ષે જાય તેમા તો મુખ્યત્વે ભવ્ય સ્વભાવ જ કામ કરે છે તો એમા કોઇ પ્રભુનો ઉપકાર કહેવાય નહિ પણ અભવ્યને તારે તો ઉપકાર કહેવાય પણ આ વસ્તુ તો બનતી જ નથી અને બનશે પણ નહિ તે છતાં ભક્તિભર્યા ઓલંભાના પ્રીતિ ને ભક્તિ વધારવાને માટે આ શબ્દનો પ્રયોગ કરેલ છે તેમાં કોઇ દોષ નથી. આવા વચનો નિશ્ચય નયથી પણ વ્યવહાર નયથી શુદ્ધ આશયપણે ભક્તિરસથી બોલાય છે. વાસ્તવિક તો એ છે કે ભવિ જીવ જ મોક્ષે જાય; અભવ્ય જઇ શકે નહિ. (ચાલુ)

" કુદરતી ઉપચારો "

(સંપાદક—કમળાબ્હેન સુતરીયા. M A)

નેવુ વરસની ઉંમરના અમેરિકન તત્વચિંતક ડૉ જોન ટ્યૂઇ આરોગ્ય વિષેના પોતાના પુસ્તકમા (લડનની ડેનિયલ કંપનીએ આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું) જણાવે છે

ખોરાકની સારી રુચિ ફરી પેદા થાય ત્યા સુધી માત્ર પાણી અને મોસંબીના રસ સિવાય બીજો ખોરાક સદંતર બંધ કરવો, એ જુદા જુદા પ્રકારના તાવ, અજીર્ણ, મધુ દુખવુ વગેરે અનેક વ્યાધિઓ દૂર કરવાનો સર્વોત્તમ ઉપાય છે

ડૉ અબ્રામ્સ કહે છે—

તમને જો કોઇ રોગ લાગુ પડ્યો હોય તો આજના પ્રચલિત દાકતરી ઉપચાર (એલોપથી) દ્વારા તે દૂર કરવાની શકયતા અઢારમા અઢારમા ઓગણીસમા અને ભૂત ભુવાના જમાના કરતાં ભાગ્યેજ વધારે કહી શકાય

રોગ થવાનું મોટામા મોટુ એક જ કારણ છે અને તે છે અંદરની અશુદ્ધિ રોગ દૂર કરવા માટેનો ઉપાય પણ એક જ છે, અંદરનો કચરો દૂર કરો, શરીરમાથી ઝેરી કચરો ચામડી દ્વારા પરસેવાના રૂપમા, મૂત્રપિંડ દ્વારા પેસાબના રૂપમાં અને આંતરડા દ્વારા ખોરાક પચીને શરીરમાં સમરસ થયા પછી બાકી રહેલા કચરાના રૂપમા કાઢી નાખવામાં આવે છે કુદરત આ રીતે પોતાની શુદ્ધિનુ કાર્ય કરી રહી હોય છે ત્યારે તેના પ્રયાસમા આપણે એક જ રીતે બુદ્ધિપૂર્વકની મદદ કરી શકીએ, હમેશા તાજી હવા પૂરી પાડો, અશુદ્ધિઓને ધોઈ કાઢનાર તત્વો તરીકે પાણી તથા ફળોના રસનો છૂટથી ઉપયોગ કરો, અને કુદરતને કામ કરવાની મોકળાશ આપવા માટે ખોરાક સદંતર બંધ કરો રોગો દૂર કરવા માટેના બીજા બધા પ્રયાસો ખાસ કરીને જુદી જુદી જાતની રસીઓ ઉત્તેજક દવાઓ દારૂ વગેરે ઝેરી દવાઓ તો કુદરતના કાર્યમાં વધારો કરીને અને તેમા બાધાઓ નાખીને નુકસાન જ કરે છે

મેજર ડૉ. ઓરિટન પેતાના ડાયરેક્ટર પાથ ટુ હેલ્થ (આરોગ્ય માટે સીધો રસ્તો) નામના પુસ્તકમા નીચે મુજબ લખે છે મેજર ડો ઓરિટન, ૧૮૨૧ ની સાલમા કલકત્તાની બ્રિટિશ મિલિટરી હોસ્પિતાલના વડા દાકતરી અધિકારી હતા

રોગ એ શરીરની અંદરની અશુદ્ધિઓ એકઠી થવાની સ્થિતિ છે, એ અશુદ્ધિઓ દૂર કર્યા પછીજ શરીર પોતાનુ આરોગ્ય પાછુ મેળવી શકે આપણને રોગોના જે લક્ષણો દેખાય છે તે શરીરમાથી અશુદ્ધિઓ દૂર કરવાના પ્રયાસો છે, છીંક આવવી ઉબરસ આવવી, ઉનગી થવી અને ઝાડા થવા, એ બધુ પોતાનામાથી ઝેરી કચરો બહાર કાઢી નાખવાના શરીરના પ્રયાસો છે પ્રાણીઓ માંદા પડે છે ત્યારે ખોરાક લેવાનુ બંધ કરે છે ગાંધીજી કહે છે કે—

દાક્તર મિત્રોની ક્ષમા માગીને પણ મારા તેમજ બીજાઓના અનુભવના આધારે હુ નિસંકોચે કહુ છુ કે—તમને કબજીયાત થઇ હોય, તાવ આવ્યો હોય, અજીર્ણ થયુ હોય, માથાની પીડ હોય, તમારા સાંધા રહી ગયા હોય, તમને વા થયો હોય, તમે ઉદ્વિગ્ન થયા હો તો ઉપવાસ કરો, અને કોઇ ડૉકટરની દવા કે પેટન્ટ દવા લેશો નહીં, ભૂખ લાગી હોયે ત્યારેજ ખાઓ, ઉપવાસ કરતા હો ત્યારે નિયમિત રીતે દરરોજ તમારા શરીરમાથી નીકળતો મેલ જોઇ તમને નવાઇ લાગશે તમારાથી પી શકાય એટલુ પાણી પીઓ, પણ દર વખતે થોડા પ્રમાણમા પીઓ

આજે જ્યારે દાકતરી દવા, પેટન્ટ દવા અને ઇંજેકશન વગેરેનો ડંકો વાગે છે ત્યારે જુદા જુદા રોગો અને શરીરની પીડાઓના નિવારણ અર્થે ઉપવાસ વિષેના ગાંધીજીના વિચારો પર ખાસ ભાર મૂકવાની જરૂર છે

નાની નાની પીડાઓની બાબતમાં તો આપણે પોતેજ આપણા દાક્તર બની શકીએ એમ છે

ઉપરની વાત ધ્યાનમા લઇને લોકો રોગ નિવારણ માટે ગાંધીજીએ ગામડામાં રહેનારાઓ તેમજ નગરવાસીઓ બન્નેને માટે (અચૂક અસરકારક) તરીકે વર્ણવ્યા છે તે કુદરતી ઉપચારો અપનાવશે એવી આશા રાખીએ

વર્તમાન સમાચાર.

આખનું સફળ ઓપરેશન અને મુંબઈ જૈન સમુદાયની તે માટે આયબીલ તપસ્યા

તા ૨૨-૯-૫૨ ના રોજ સુગરીર આચાર્ય ભગવંત શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનુ ડોકટર જમશેદજી દુગ્ગને બીજા ત્રણ ડોકટરની સહાય વડે આખનુ ઓપરેશન તેમની હોસ્પીટલમા કરેલ હતુ જે સફળ થયુ હતુ ગુરુભક્તિ નિમિત્તે મુબઈમા જૈન બંધુઓ બ્હેનો વગેરે ત્રણ હજાર વ્યક્તિઓએ આચાર્ય મહારાજને જ્યોતિ આવવા આયબીલનુ તપ તે દિવસે કર્યું હતુ

જયંતી

પ્રાતઃસ્મરણીય શાંતમૂર્તિ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ તીથી આસો શુ૦ ૧૦ ના રોજ હોવાથી દર વર્ષે મુજબ આ વર્ષે ગુરુભક્તિ નિમિત્તે અત્રે મ્હોટા જિનાલયમા શ્રી આદિનાથ પ્રભુ મંદિરમા શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી આ સભા તરફથી જયંતી ઉજવવામાં આવતી હતી આ સભાનુ સદ્ભાગ્ય છે કે ગુરુભક્તિના આવા માંગલિક પ્રસંગો સાંપડ્યા છે

સ્વીકાર–સમાલોચના.

(૧) શ્રી જ્ઞાતાધર્મ કથા પ્રથમ ભાગ (અધ્યયન ૧ થી ૮) સંપાદક આચાર્યદેવ ચંદ્રસાગરસૂરિવર આ પૂજ્ય આગમગ્રંથના આ પ્રથમ ભાગની બીજી આવૃત્તિ છે હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી પ્રત્યન્તર પાઠો, પ્રસ્તાવના, પરિશિષ્ટો અધ્યયનોનો સારાંશ વિષયાનુક્રમ પણ સાથે સંશોધનકાર્ય અને સંપાદક મહાત્મા (વિદ્વાન હોવાથી) બહુ જ સુંદર રીતે બહાર પાડવામા આવ્યો છે પાયમા પરિશિષ્ટમા ગુજરાતી ભાષામા સારાંશ આપેલ છે, જેમા મેઘકુમારથી આઠમા અધ્યયનમા શ્રી મલ્લિનાથ પ્રભુ સુધી કથાઓ આપવામા આવેલી છે, તે પછી પ્રસ્તાવના અનુક્રમણિકા આપી અને આ પૂજ્ય આગમ ગ્રંથની શરૂઆત કરી છે ભાષાના નહિ જાણકાર માટે આચાર્ય મહારાજે આપેલ અધ્યયન-સારાંશ અને પ્રસ્તાવના ગુજરાતી ભાષામા જે આપી છે તે તેને માટે ઉપકારક છે

પ્રકાશક–શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ ૨૨૪ શેખ મેમન સ્ટ્રીટ-મુબઈ કિમત આઠ રૂપીઆ

(૨) શ્રીસિદ્ધહેમચંદ્રાચાર્ય–શબ્દાનુશાસન શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજીવિરચિત-સ્વોપજ્ઞ-તત્વપ્રકાશિકા સહિત આ વ્યાકરણનો ગ્રંથ છે તેની સંધિ, નામ, કારક, સમાસ સહિતનો આ પ્રથમ ભાગના સંશોધક-સંપાદક શ્રી આનંદબોધિની વૃત્તિકાર આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરિવર છે આવા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાનરચિત ગ્રંથો શુદ્ધ રીતે સંશોધન કરી તૈયાર કરવા તે સંપાદક આચાર્ય મહારાજ જેવા પ્રખર વિદ્વાન જ કરી શકે ઊંચા કાગળો ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઈપોવડે શ્રી નિર્ણયસાગર પ્રેસમા છપાવી બહુ સુંદર રીતે પ્રકાશન કરવામા આવ્યુ છે

પ્રકાશક શ્રી ઋષભદેવજી છગનીરામની પેઢી ખાતાકુવા ઉજ્જૈન (માલવા) કીંમત રૂા ૯)

(૩) શ્રી સિદ્ધસેન દિવાકર રચિત દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાની પ્રથમ બત્રીશી મૂળ તેના ઉપર શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર શ્રી વિજયલાવણ્યસૂરિ મહારાજકૃત કિરણાવલી નામની વૃત્તિ સાથે શુદ્ધ છાપકામ સહિત પ્રકટ થયેલ છે વૃત્તિકાર આચાર્યમહારાજ શ્રી વિજયલાવણ્યસૂરિ મહારાજ વિદ્વાન આચાર્ય છે. શ્રી સિદ્ધસેનદિવાકરજીની કૃતિ ઉપર વિદ્વત્તાપૂર્વક વૃત્તિ રચવી તે સંપૂર્ણ વિદ્વત્તા વગર બની શકે નહીં અભ્યાસીઓ માટે ઉપયોગી અને બાળજીવો માટે મૂળનો શુદ્ધ ગુજરાતી અનુવાદ આપી ઉપયોગી પુસ્તિકા પ્રગટ થયેલી છે પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–બોટાદ.

(૪) શ્રી વિજયનેમિસૂરીશ્વરજી સ્વાધ્યાય ગુરુદેવની જીવનવૃત્તાંતવાળી સજ્ઝાય, સ્તુત્યષ્ટક, ગુરુ-અષ્ટક અને અંજના વગેરે પદ્યમા આપી તેઓશ્રીના પ્રશિષ્ય શ્રી સુશીલવિજયજી ગણિવરે તે તથા-

(૫) તેર કાઠીયાનુ સ્વરૂપ તેર પ્રકરણમા આપી ગુરુભક્તિ બતાવી છે બંને પુસ્તિકા વાચવા જેવી છે શ્રી નેમિલાવણ્યસૂરિ ગ્રંથમાળાના ૭-૮ પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. મળવાનુ સ્થળ ઉપર પ્રમાણે

પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દશ્ય-ફોટો છે, ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્યકૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના રંગના ફોટાઓ, પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૬-૦-૦ (પોસ્ટેજ જુદું.)

શ્રી દેવભદ્રાચાર્ય કૃત-

શ્રી કથારત્નકોષ ગ્રંથ (અનુવાદ) (ભાગ ૧ લો)

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચેલ સાંભળવામાં આવેલી જે જે ગુણો સાથે વંચાય તે તે ગુણો મહણ કરવાની વાચકને મહીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના ભંગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવા કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતા લાભો, સત્પુરુષોનો માર્ગ, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે આકર્ષક વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, અવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ આપવામાં આવી છે. જે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે,

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધ રંગીન કવરજૅકેટ મજબૂત બાઇંડીંગથી સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવનાર આવો ગ્રંથ હજી કોઈ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલમ પડશે. કિંમત રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું

જાહેર ખબર.

ઝાલાવાડ પ્રાંતમાં લીંબડી શહેરથી પાંચ માઈલ દૂર શિયાણી ગામ આવેલું છે, ભૂતકાળમાં તે જૈનોની મહોટી વસ્તીનું શહેર હશે તેમ તેના ભૂતકાળની સાક્ષી રૂપ સંપ્રતિ મહારાજાએ ભરાવેલ જિનાલયમાં સાત બિંબ છે તે તેનો પુરાવો છે, તે કાળ પરિવર્તનથી જીર્ણ થઈ ગયેલ છે તેનો જીર્ણોદ્ધાર કરવાની જરૂરીયાત ઉભી થતાં સુરેન્દ્રનગર, લીંબડી, અને શીયાણીના અગ્રેસર જૈનોની એક કમીટી નીમાયેલી છે, નવું મંદિર તૈયાર થતાં રૂપીયા પચાસ હજાર ખર્ચ થશે, તો દરેક શહેરમાં શ્રીમંત જૈન બંધુઓ પોતાની લક્ષ્મી આ શીયાણીના નૂતન જૈન મંદિર માટે આપવા અમો ભલામણ કરીયે છીએ.

પત્ર વ્યવહાર અને નાણા મોકલવાનું સ્થળ.

શેઠ વૃજલાલ ત્રિભુવનદાસ સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

Shri Atmanand Prakash

પુસ્તક ૫૦ મું.	આત્મ	સંવત ૨૦૦૮
■	સ. ૫૬	■
અંક ૪ થો	તા ૧૫ ૧૧-૫૨	[illegible]

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત

પ્રકાશક:

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર

અનુક્રમણિકા

૧. શ્રી મહાવીરસ્વામી જિનસ્તવન ... ... (લે. આ. શ્રી વિજયલબ્ધિસૂરિમહારાજ) ૫૩
૨ અઢારમા શ્રી મહાભદ્ર જિન સ્તવન ... (સ. ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી.) ૫૪
૩ ઇન્ડીયા ઓફીસ લાયબ્રેરીયનનો પત્ર ૫૭
૪. સિદ્ધસેન દિવાકરની કૃતિઓ. ... (લે પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ એ.) ૬૦
૫ ચૈતન્યવિકાસ ... ... (લે શ્રી વસતલાલ કાન્તિલાલ ઇશ્વરલાલ બી એ.) ૬૧
૬. પ્રથમ ઋષભદેવ ભગવતનુ સ્તવન સાર્થ. (મોહનવિજયજીકૃત)... ... ...
(લે. પન્યાસજી રામવિજયજી ગણિ) ૬૨
૭ પાર્શ્વનાથનુ સ્તવન ... ... (કર્તા પાર્શ્વચંદ્રગચ્છીય સાધ્વીશ્રી આનંદશ્રીજી) ૬૪
૮. વર્તમાન સમાચાર ... ... (સભા) ૬૫
૯ સ્વીકાર–સમાલોચના ... ... (સભા) ૬૭

શ્રી ઊંઝા ફાર્મસી લિમીટેડના માલિક અને આ સભાના માનનીય લાઇફ મેમ્બર શ્રીયુત ભોગીલાલ ભાઇ નગીનદાસ વૈદ્ય તરફથી સ ૨૦૦૯ની સાલના જૈન પચાગ અમારા લાઇફ મેમ્બરો, આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવા બે હજાર કોપી ભેટ મળેલ છે. જે માટે આભાર માનવામા આવે છે

બાઇન્ડીંગ થાય છે. માગશર વદી ૧૦ પ્રકટ થશે.

શ્રી બૃહત્કલ્પસૂત્ર–છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

આ પૂજ્ય આગમનો પાચમો ભાગ પ્રકટ થયા પછી આ છેલ્લો વિભાગ ઘણા વખતે પ્રગટ થાય છે આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે પાટણ, લીંબડી, ખભાત વગેરે ભડારો અને છેવટે જેસલમેરના પ્રાચીન જૈન ભડારોની તાડપત્રીય, અને હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ, વગેરે સાથે પૃષ્ઠ, શ્લોકોનો સમન્વય કરી તે સર્વ પ્રતો માહેની સર્વ નોધ માહિતનુ તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામા આપવાનુ હોવાથી પ્રકટ થતા વિલબ થયો છે, તેટલુ જ નહિ પરતુ સશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષાર શિરોમણિ, પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુદર સકલના-પૂર્વક તૈયાર કરેલ તેની પ્રસ્તાવના–ગ્રથ પરિચય આ ભાગમા આપવામા આવેલ છે સપૂર્ણ ગ્રથ છપાઇ જવાથી હાલ તેનુ કપડાનુ મજબુત બાઇંડીંગ તૈયાર કરવામા આવે છે જેથી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણક (પોષ દશમે) પ્રકટ થશે

ગ્રથનુ સશોધનકાર્ય પ્રસ્તાવના–આમુખ વગેરે સર્વે સપાદન કાર્ય ઘણુ જ સુદર અને વિદ્વત્તાપૂર્ણ કૃપાળુ ગુરુદેવ પુણ્યવિજયજી મહારાજે તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર જેવો તેવો ઉપકાર નથી જે પ્રગટ થયા બાદ વિદ્વાન પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રથની પ્રશસા કર્યા સિવાય રહેશે નહિ, તેટલુ જ નહિ પરતુ ભાવિમા પણ સપાદક કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ માટે, તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા માટે તેના પઠનપાઠન કરનારા વિદ્વાન મુનિરાજો, આગમનુ યથાર્થ જ્ઞાન ધરાવનારા પડિતો પ્રશસા કરવા સાથે તેઓશ્રી ઉપર પૂજ્યભાવ પ્રગટ થયા સિવાય રહેશે નહિં અને તેઓશ્રીની એક ઉત્તમ પડિતના વિદ્વાન મુનીશ્વર તરીકે પણ ગણના થશે. ટા. પા ૩

આ સભાના માનવંતા પેટ્રન:—

શ્રીયુત કાન્તિલાલ હીરાલાલભાઇ કુસુમગર—
અમદાવાદવાળા (હાલ મુંબઇ).

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર

શ્રેષ્ઠીવર્ય શ્રી કાન્તિલાલભાઈ હીરાલાલભાઇનું

જીવન વૃત્તાંત.

ભાવિભાવ ગમે તેવો ચાલતો હોય છતાં અમદાવાદ શહેર પોતાની પ્રતિષ્ઠા સાચવી શકે છે. ભૂતકાળમાં તે રાજધાની તરીકે હોવાથી રાજનગર, અને અનેક ઉદ્યોગ હુન્નર ધરાવતું હોવાથી ગુજરાતનું તે પાટનગર ગણાય છે. લક્ષ્મી, સરસ્વતીનો ત્યાં સુયોગ છે. અનેક સુશોભિત જૈન મંદિરોવડે તે દેદિપ્યમાન હોવાથી જૈનપુરી તરીકે તે ગૌરવવંત ગણાય છે. વર્તમાનકાળમાં અનેક પૂજ્ય વિદ્વાન આચાર્ય ભગવંતો અને મુનિપુંગવોના નિરંતર આવાગમન અને શાસ્ત્ર શ્રવણ–ધર્મોપદેશવડે ચાલ્યા આવતાં જૈન સંસ્કારી કુટુંબમાં શેઠસાહેબ કાન્તિલાલભાઈનો સને ૧૯૦૯ના માર્ચ માસની તા. ૮ગી (ફાગણ શુદ ૧૩)ના રોજ પૂજ્ય પિતાશ્રી હીરાલાલભાઈ મગનલાલ અને માતુશ્રી ચંપાબ્હેનની કુક્ષિમાં જન્મ થયો હતો. પૂજ્ય માતાપિતા ઘણા જ ધર્મિષ્ઠ, ઉચ્ચ સંસ્કારી હોવાથી શ્રીયુત કાન્તિલાલભાઈને બંને વારસામાં સાંપડ્યા હતા. શેઠશ્રી કાન્તિલાલભાઈ ધર્મપ્રેમી, ભદ્રિક પરિણામી, ઉદાર ભાવનાવાળા સૌજન્ય પુરુષ છે. સામાન્યસ્થિતિ હોવાથી પૂર્વપૂન્ય પસાયે ભાગ્ય શેઠ સાહેબને મુંબઈ લઇ ગયું, જ્યાં સાઈકલનું બિઝનેશ શરૂ કરતાં ધર્મ શ્રદ્ધાની સાથે લક્ષ્મીની વૃદ્ધિ થવા લાગી જેથી ધર્મ ભાવના અને સુસંસ્કારોવડે સખાવતો કરવામાં અવારનવાર ભાગ લેવા લાગ્યા, અને જૈન ગુરૂકુલ જૈન શ્રાવિકાશ્રમ, જૈન બાલાશ્રમ, કેશરીયાજી જૈન ગુરૂકુલ વગેરે ધાર્મિક-શિક્ષણ સંસ્થા વગેરેમાં હજારોની રકમનો સુકૃતની લક્ષ્મીનો ઉદાર ભાવે વ્યય કર્યા કરે છે. તેટલું જ નહિ પરંતુ શ્રી જૈન વિદ્યોત્તેજક સહાય મંડળ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના લાઇફ મેમ્બર થયા. સાથે વીશ વર્ષ થયા દર વર્ષે શ્રી વૃદ્ધમાન ઓળીની તપશ્ચર્યા પણ ચાલુ રાખવામાં આવેલ છે. સં. ૧૯૭૮થી આજ સુધીમાં દરવર્ષે એક માસ તીર્થયાત્રા-ભક્તિ અને નિરંતર સામાયિક, પ્રતિક્રમણ પચ્ચખ્ખાણ આદિ ધર્મક્રિયા કરી આત્મકલ્યાણ પણ સાધવા ચૂકતા નથી. શેઠ શ્રી કાન્તિલાલભાઇને ત્રણ પુત્રોમાં વડિલ પુત્ર નરેશભાઇ હાલ નાગપુર સાઈકલનું બીઝનેશ અને બે પુત્રો અભ્યાસ કરે છે. જે સર્વ આજ્ઞાંકિત છે. શ્રી કાન્તિલાલભાઇ મુંબઇમાં વી૦ બી૦ કુસુમનગરની કું૦ નામથી વહીવટ ચલાવે છે. બ્હોળો વ્યાપાર, પ્રતિષ્ઠા, અને લક્ષ્મીની વૃદ્ધિ થતી જતી હોવા છતાં શેઠ સાહેબ કીર્ત્તિની અભિલાષાથી દૂર છે. આવા પરમ ધર્મશ્રદ્ધાળુ દાનવીર શેઠશ્રી કાન્તિલાલભાઇ જેવા ધર્મનિષ્ઠ પુરૂષે અમારી વિનંતિ સ્વીકારી આ સભાનું માનવંતું પેટ્રન પદ સ્વીકારવાથી સભાના ગૌરવમાં વૃદ્ધિ થઈ છે. આ સભા તેઓશ્રીનો આભાર માને છે અને પરમાત્માની પ્રાર્થના કરે છે કે શેઠસાહેબ શ્રી કાન્તિલાલભાઈ દિર્ઘાયુ થઇ આધ્યાત્મિક શારીરિક, આર્થિક લક્ષ્મી વિશેષ વિશેષ પામી આત્મકલ્યાણ સાધે.

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૯. | કાર્તિક | પુસ્તક ૫૦ મું.

વિક્રમ સં. ૨૦૦૯. | :: તા. ૧૫ મી નવેમ્બર ૧૯૫૨ :: | અંક ૪ થો.

શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન.

(રાગ-માનવીના મનસુખના મૂલ કોડી કોડી.)

વીર વિભુના દર્શન કરવા આવે દોડી દોડી, ભવિ આવે દોડી દોડી.

અન્ય દેવ તારાગણુ પૂરણુ, ચંદ્ર તે જ્યોત ધરે છે;
અનંત ભવના પાપ અંધેરા, જુગતે પ્રભુ હરે છે. વીર વિભુના. ૧

ચ્યવન જન્મ દીક્ષા કલ્યાણુક, જગ કલ્યાણુ કરે છે;
કેવલ મોક્ષ પણુ તેથી માનું, કલ્યાણુક તે ઠરે છે. વીર વિભુના. ૨

રૂપ રંગ ઔર ગાનતાનમાં, પ્રભુને જેહ સ્મારે છે;
રૂપ રંગ ઔર ગાન તાનને, ભવના તેહ હરે છે. વીર વિભુના. ૩

પ્રભુ નયનની જ્યોતિ નીરખી, અઘ તિમિર હરે છે;
ઘાતી કર્મનું ઢાંકણુ ખોલી, ઝગમગ જ્યોતિ ધરે છે. વીર વિભુના. ૪

લબ્ધિ નગરની મુક્તિ લેવા, અઘાતી દૂર કરે છે;
લબ્ધિસૂરિ શ્રી વીરકૃપાએ, અનંત સુખ વરે છે. વીર વિભુના. ૫

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

અઢારમા શ્રી મહાભદ્ર જિન સ્તવન.

સ્પષ્ટાર્થ સાથે.

(સં. ડાકટર વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી)

મહાભદ્ર જિનરાજ,
રાજ રાજ વિરાજે હો આજ તુમારડોજી,
ક્ષાયિક વીર્ય અનંત,
ધર્મ અભંગે હો તું સાહિબ બડોજી.
હું બલિહારી રે શ્રી જિનવરતણીજી–(૧)

સ્પષ્ટાર્થ—સર્વે જિનોમાં શિરોમણી, પરમ કલ્યાણના નિધાન હે શ્રી મહાભદ્ર પ્રભુ! આપનું રાજ્ય અપૂર્વ સમાધિ તથા અનંત વિભૂતિયુક્ત નિર્વિઘ્નતાએ અલૌકિક રીતે શોભે છે આપનું રાજ્ય પરાક્રમ અક્ષય અજર તથા અપરિસીમ છે આપે સર્વ કર્મશત્રુઓનો સપરિવાર નાશ કર્યો છે–નિત્ય શમ્યાં છે તેથી હવે કોઇપણ આપના રાજ્યમાં વિઘ્ન કરી શકે તેમ નથી તથા આપની અનંત પર્યાયરૂપ પ્રજા અત્યંત સરલ, પંડિત તથા સદાચરણી છે આપના ધર્મરૂપ કાયદાનો જરાપણ ભંગ કરે તેમ નથી આપના સર્વે ધર્મકાયદા સંપૂર્ણ ન્યાય તથા દયાયુક્ત હોવાથી સદા સર્વત્ર અભંગ છે. એમ આપ સર્વોત્તમ રાજાપણે વિરાજો છો આપના રાજ્યની બલિહારી છે (૧)

કર્તા ભોક્તા ભાવ,
કારક કારણ હો તું સ્વામી છતોજી;
જ્ઞાનાનંદ પ્રધાન,
સર્વ વસ્તુનો હો ધર્મ પ્રકાશતોજી–હું. (૨)

સ્પષ્ટાર્થ—વળી તે પર્યાયરૂપ પ્રજાના ઉત્પન્નકર્તા પણ આપજ છો તથા તેના ઉપાદાન કારણરૂપ પણ આપ જ છો, તેના અધિકરણાદિ અન્ય કારકો પણ આપમાં જ અભેદપણે શોભે છે તથા તે પ્રજાને સદાચરણ–યુક્ત ન્યાયાનુસાર ગમન કરનાર નીરખી તજ્જન્ય રાજ્યાનંદના ભોક્તા પણ આપ જ છો તે સર્વે પ્રજામાં શિરોમણી, આદરણીય તથા અત્યંત વલ્લભ એવા જ્ઞાનાનંદસ્વરૂપી શેઠને આપે પ્રધાનપદે સ્થાપ્યો છે, તે જ્ઞાનપ્રધાન સર્વે પ્રજાથી સંપૂર્ણ રીતે માહિતગાર છે–તેના હૃદયમાં સર્વે પ્રજાના ભાવ નિરંતર પ્રકાશિત રહે છે. વળી તે જ્ઞાનાનંદ પ્રધાન નિરંતર આપ સમીપ હાજર રહે છે. સમય માત્ર પણ દૂરવર્તી નહિ થતાં સર્વે પ્રજાનું સદૈવ નિરીક્ષણ તથા સંરક્ષણ કરે છે તથા કોઇને પણ ત્રાસ નહિ આપતાં અત્યંત હર્ષપૂર્વક ન્યાયાનુસાર વર્તાવે છે, લેશ માત્ર પણ ન્યાયાતિક્રમ થવા દેતો નથી એવો અદ્ભુત ચાતુર્ય તથા વિવેકવંત છે. (૨)

સમ્યક્ દર્શન મિત થિર,
નિર્ધાર રે અવિસંવાદતાજી;
અવ્યાબાધિ કોશ અનર્ઘરે,
રે નિજ આનંદતાજી. હું. ॥ ૩ ॥

દેશ અસંખ્ય પ્રદેશ,
નિજ નિજ રીતે રે ગુણ સંપત્તિ ભર્યાજી;
ચારિત્ર દુર્ગ અભંગ,
આતમ શકતે હો પરજય સંચર્યાજી હું.॥૪॥

સ્પષ્ટાર્થ:–અભિગ્રહાદિ પાંચ મિથ્યાત્વને સમૂળ નાશ કરી જેણે પોતાનું અંગ નિર્મલ કરેલું છે તથા જે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યતા લક્ષણે યુક્ત તથા કુશલતા, તીર્થસેવા, ગુરુભક્તિ, દૃઢતા તથા શાસનની અનુમોદના વિગેરે ભૂષણોથી ભૂષિત, શંકા, કાંક્ષાદિ, સર્વે વિસંવાદ ટાળી, અવિસંવાદતાને સ્થિર દૃઢપણે પોતાના હૃદયમાં ધારણ કરતો મહાવિનયવંત, આપના શાસનનો પ્રભાવ ગુણનિધાન એવો "સમ્યગ્દર્શન" નામે મહાધીર–વીર સુભટ આપનો મિત્ર છે. જેની સાથે આપનો સમ્યગ્દર્શન પ્રધાન પણ એટલી તીવ્ર મૈત્રી રાખે

છે કે ક્ષણ માત્ર પણ તેથી છૂટો પડી શકતો નથી, જેઓના અંગ માત્ર જૂદા જણાય છે, પણ જીવ તો જાણે એક જ છે.

એવા સ૦ દર્શન અને સ૦ જ્ઞાન બે મહાન્ પુરુષો આપનું રાજ્ય અત્યંત ચાતુર્ય, ન્યાય અને દયાપૂર્વક સર્વ પ્રજાને આનંદમાં રાખતા નિષ્કંટકપણે ચલાવે છે, તથા અવ્યાબાધ સમાધિરૂપ અનેક પ્રકારના રત્નોવડે આપના ખજાનાને સદા પરિપૂર્ણ તથા અખૂટ રાખે છે, નિરંતર તજ્જન્ય પરમાનંદમાં આપ વિલસો છો.

વળી આપ જ્યાં રાજ્ય કરો છો તે દેશ અસંખ્યાત પ્રદેશવાલો, જેની સીમામાં કોઈ પણ વધઘટ કરી શકે નહિ એવો છે તથા જેના સર્વ પ્રદેશ અનંતા ગુણવિભાગરૂપ સંપત્તિવડે તથા પર્યાયરૂપ પ્રજાવડે ઠસ ભરેલા છે.

એવા આપના અનુપમ દેશના, તથા તેમાં વસતી સરલ પ્રજાના રક્ષણ નિમિત્તે આપના મિત્ર તથા પ્રધાને મળી પોતાના અત્યંત બળ તથા ચાતુર્યવડે ચારિત્રરૂપ અત્યંત મજબૂત તથા અભંગ કિલ્લો બાંધ્યો છે. હે ભગવંત! એવા અલૌકિક રાજ્યના આપ સ્વામી બન્યા છો. એવું અલૌકિક રાજ્ય કે જે મોહરાજાએ અનાદિથી પોતાના કબજે કરી રાખ્યું હતું તેને આપે કેવી રીતે પ્રાપ્ત કર્યું? "આતમ શક્તે હો પરજય સંચર્યાજી" અન્યની મદદ વગર માત્ર પોતાની આત્મશક્તિ સ્ફુરાયમાન કરી સમ્યગ્દર્શન મિત્ર તથા સમ્યગ્જ્ઞાન પ્રધાનને સાથે રાખી મોહશત્રુને પરાભવ કરવા રણભૂમિમાં પ્રવેશ કર્યો. ૩–૪

ધર્મ ક્ષમાદિક સૈન્ય,
પરિણતિ પ્રભુતા હો તુજ બલ આકરોજી;
તત્ત્વ સકલ પ્રાગ્ભાવ,
આદિ અનંતી રે રીત પ્રભુ ધ્યાવોજી. હું. ૫

સ્પષ્ટાર્થ:–મોહરાજાના લશ્કરને શીઘ્રમેવ નાશ કરનારા "ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન અને બ્રહ્મચર્ય"-એવા અપરિમિત બળવાળા સૈન્ય ગજ્જ કર્યા, અને તે સર્વ સૈન્યોની પ્રભુતા (સેનાધિપતિપણું) શુદ્ધોપયોગરૂપ મહાઅજિત અને નિડર સુભટને આપી એમ અત્યંત તીક્ષ્ણ બળવડે મોહરાજાના લશ્કરનો નાશ કર્યો, ક્ષાંતિ સૈન્યે ક્રોધ લશ્કરનો, માર્દવે માન લશ્કરનો, આર્જવે માયા લશ્કરનો, મુક્તિએ લોભ–સ્પૃહા લશ્કરનો, તપે પરાશાનો, સંયમે હિંસાનો, સત્યે અસત્યનો, શૌચે મલિનતાનો, અકિંચને પર સંગ્રહબુદ્ધિનો અને બ્રહ્મચર્યે પરરમણનો, એમ મોહરાજાના સર્વ લશ્કરનો તથા પરિવારનો નાશ કરી મોહરાજાને માણરહિત કર્યો એ આદિ અનંત ભાંગે "તત્ત્વ સકલ પ્રાગ્ભાવ"–પોતાનો સંપૂર્ણ રાજ્યાધિકાર પ્રકટ કર્યો (૫).

દ્રવ્ય ભાવ અરિ લેશ,
સકલ નિવારી રે સાહિબ અવતર્યાજી;
સહજ સ્વભાવ વિલાસ,
ભોગી ઉપયોગી રે જ્ઞાન ગુણે ભર્યાજી. હું. ૬.

સ્પષ્ટાર્થ:–દ્રવ્ય તથા ભાવ એ બન્ને પ્રકારના શત્રુનો સમૂલ નાશ કરી આપ શિવક્ષેત્રના રાજા બન્યા છો તથા આપ જ્ઞાનાનંદે સહજ સ્વતંત્ર ભોગના વિલાસી થયા છો તથા આપ જ્ઞાનાનંદે પરિપૂર્ણ સદા ઉપયોગવંત અર્થાત્ પોતાના રાજ્યની સંભાળમાં નિરંતર વર્તો છો.

આચારિજ ઉવજ્ઝાય,
સાધક મુનિવર હો દેશવિરત ધરુજી;
આતમ સિદ્ધિ અનંત,
કારણ રૂપે રે યોગ ક્ષેમંકરુજી. હું. ૭.

સ્પષ્ટાર્થ–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, એ પંચાચારમાં વર્તનાર, તથા શિષ્ય અને તેમાં વર્તાવનાર (જોડનાર) એવા છત્રીસ ગુણવાન શ્રી આચાર્ય તથા સૂત્રપાઠના દાતાર શ્રી ઉપાધ્યાય, તથા પોતાના શુદ્ધાત્મતત્ત્વને સાધનાર શ્રી મુનિરાજ તથા પંચમ ગુણસ્થાનકવર્તી દેશવ્રતધારીઓ એ સર્વે આપ મહારાજની આજ્ઞામાં વર્તનાર,

પોતાના મન, વચન, કાયયોગને સંયમમાં વર્તાવનાર હોવાથી અનંત આત્મસિદ્ધિરૂપ આપ સમાન રાજ્ય યોગ પામવાના કારણ છો અર્થાત્ તેઓ અલ્પકાળમાં આપ સમાન શિવભૂમિનું રાજ્ય પ્રાપ્ત કરશે તથા તે આચાર્યાદિકોને શિવભૂમિનું રાજ્ય પ્રાપ્ત કરાવવામાં આપ ભગવંત કારણરૂપ અર્થાત્ મદદગાર છો (૭)

સમ્યગ્દૃષ્ટિ જિવ આણારાગી,
હો સહુ જિનરાજનાજી;
આતમ સાધન કાજ,
સેવે પદકજ હો શ્રી મહારાજનાજી. હું (૮)

સ્પષ્ટાર્થ-વળી ચતુર્થ ગુણસ્થાનવર્તી ઉપશમ, ક્ષયોપશમ વા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ સર્વે જીવો હે ભગવંત! ભવસમુદ્રમાં સેતુ સમાન આપની આજ્ઞાના રાગી છે આપની આજ્ઞા પાળવાને ઉત્સુક છે તેઓ પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે આપ ભગવંતના દ્રવ્યભાવ ચરણકમલને સંમાને છે ૮

દેવચંદ્ર જિનચંદ્ર,
ભગતે રાચો હો ભવિ આતમરુચિજી,
અવ્યય અક્ષય શુદ્ધ,
સંપત્તિ પ્રગટે હો સત્તાગત શુચિજી હું (૯)

સ્પષ્ટાર્થ-સ્તુતિકર્તા શ્રી દેવચંદ્ર મુનિ મિત્ર ભાવનના આવેશમાં પોતાના મુખકમલમાંથી પરમ કલ્યાણકારી ઉપદેશ આપે છે કે પોતાની શુદ્ધાત્મ સિદ્ધિના ઇચ્છુ હે ભવ્યાત્માઓ! શિવક્ષેત્રના મહારાજા શ્રી જિનેંદ્ર ભગવાનની આજ્ઞા સેવવામાં લીન થાઓ જેથી તમારી સત્તામાં રહેલી, પવિત્ર અવિનશ્વર, અખૂટ, અક્ષય, શુદ્ધાત્મ સંપદા સહજ પ્રકટ થશે ૯

કળશ

વંદો વંદો રે જિનવર વિચરતા વંદો,
કીર્તન, સ્તવન નમન અનુસરતાં;
પૂરવ પાપ નિકંદો રે,
જિનવર વિચરતા વંદો (૧)

અર્થ.—વિહરમાન જિનેશ્વરને હે ભવ્યો! ભાવ સહિત વંદો તેઓના સદ્ગુણોનું કીર્તન કરો, માર્દવ પરિણામી થઈ તરણતારણ જિનેશ્વરને નમો તેઓની આજ્ઞાને અનુસરો, જેથી પૂર્વે બાંધેલાં અનેક પ્રકારના કર્મો નિર્મૂલ થાય (૧)

જંબુદ્વિપે ચાર જિનેશ્વર,
ધાતકી આઠ આણંદો;
પુષ્કર અર્ધે આઠ મહામુનિ,
સેવે ચોસઠ ઇંદ્રો રે. જિનવર (૨)

અર્થ—જંબૂદ્વીપમાં ચાર, ધાતકીમાં આઠ, અને પુષ્કરાર્ધમાં આઠ, એમ સર્વે મળી વીશ તીર્થંકર વિહરમાન જેને મહારિદ્ધિના ધારક એવા ચોસઠ ઇંદ્રો પણ સેવે છે (૨)

કેવલી, ગણધર, સાધુ, સાધ્વી,
શ્રાવક, શ્રાવિકા વૃંદો;
જિન મુખ ધર્મ અમૃત અનુભવતાં,
પામે મન આણંદો રે જિનવર. (૩)

અર્થ—શ્રી તીર્થંકરના મુખકમલમાંથી વહેતા અમૃત સમાન વચનોને અનુભવતાં, તેનો આસ્વાદ લેતા, કેવલી, ગણધર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સમ્યગ્દૃષ્ટિ જીવો શુદ્ધ આનંદમાં મગ્ન રહે છે (૩)

સિદ્ધાચલ ચોમાસ રહીને,
ગાયો જિનગુણ છંદો;
જિનપતિ ભક્તિ મુક્તિનો મારગ,
અનુપમ શિવસુખ કંદો રે. જિનવર (૪)

અર્થ—સિદ્ધાચલ ક્ષેત્રમાં ચોમાસુ રહીને જિનેશ્વરના પવિત્ર ગુણોના જેમાં વખાણ છે એવા છંદો (સ્તવનો) બનાવ્યા-કારણ કે જિનેશ્વરની ભક્તિ તે જ મુક્તિનો માર્ગ છે તથા તે જ અનુપમ અનાબાધ સ્વાભાવિક શિવસુખનું મૂલ છે (૪)

ખરતર ગચ્છ જિનચંદ સૂરિવર,
પુણ્ય પ્રધાન મુણિંદો,

India Office Library

COMMONWEALTH RELATIONS OFFICE

KING CHARLES STREET LONDON SW1

Whitehall 2323

Air Mail

L 226/1952

31 January 1952

Dear Sir,

I am writing in reply to your two letters of the 1st and 24th January, about microfilms and enlargements of Jain manuscripts and Tibetan xylographs.

We have not yet received the list of the 214 Jaisalmer manuscripts which you have sent to us, but when it arrives, we can select those of which we should like to acquire microfilms for this Library. In the meantime we have made preliminary enquiries from Messrs. Kodak Limited, who do microfilming for us, as to the possibility of making positive films

---

સુમતિસાગર સાધુ રંગસુવાચક,
પીધો શ્રુત મકરંદો રે. જિનવર. (૫)

અર્થઃ—હવે સ્તવનકર્તા શ્રી દેવચંદ્ર મુનિ પોતાની પરંપરા વખાણે છે. જેણે જિનપ્રણીત સૂત્રને શુદ્ધ આસ્વાદ લીધો છે એવા ખરતર ગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરિ ભટ્ટારક નામે પ્રધાન આચાર્ય થયા. તેઓશ્રીના શિષ્ય પ્રધાન પુણ્યવાન મુનિશિરોમણિ શ્રી પુણ્યપ્રધાન નામે મહોપાધ્યાય થયા. તેઓના શિષ્ય સુમતિના સમુદ્ર એવા શ્રી સુમતિસાગર નામે ઉપાધ્યાય થયા. તેઓના શિષ્ય મુનિપણામાં જેને રંગ લાગ્યો છે એવા સાધુરંગ વાચક થયા (૫)

રાજસાર પાઠક ઉપકારી,
જ્ઞાનધર્મ દિણંદો;
દીપચંદ સદ્ગુરુ ગુણવંતા,
પાઠક ધીર ગયંદો રે. જિનવર. (૬)

અર્થઃ—તે પછી આવશ્યકોદ્ધાર પ્રમુખ ગ્રંથના કર્તા સુવિહિતસામાચારીધારક શ્રી રાજસાગરજી મહોપાધ્યાય થયા, તે પછી ન્યાયાદિક ગ્રંથ અધ્યાપક સૂર્યસમાન તપસ્વી, જ્ઞાનધર્મ ઉપાધ્યાય થયા—તે પછી મારા સદ્ગુરુ જ્ઞાનદર્શનચારિત્ર ગુણનાં ધારક, પંચાચારના પાલક, ઉપસર્ગ પરિસહ સામે ગજેંદ્રની પેઠે નિશ્ચલ રહેવાવાળા મહાધીર શ્રી દીપચંદ પાઠક થયા. (૬)

દેવચંદ્ર ગણિ આતમહેતે,
ગાયા વીશ જિણંદો;
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ પ્રગટે,
સુજસ મહોદય વૃંદો રે. જિનવર. (૭)

અર્થઃ—તેમના શિષ્ય મે દેવચંદ્ર ગણિએ આત્મપદાર્થને કર્મકલંકથી મુક્ત કરવાના હેતુએ વિહરમાન શ્રી વીશ તીર્થંકરના ગુણ ગાયા, જેથી કર્મકલંકરૂપે આચ્છાદિત થયેલી આત્માની જ્ઞાનદર્શનાદિ અનેક રિદ્ધિઓ પ્રગટે, વૃદ્ધિને પામે તથા તજ્જન્ય સુખસંપત્તિ પ્રગટ થાય: અપૂર્વ નિર્મલ યશ વિસ્તરે, આત્મીય ગુણસમૂહનો મહોદય થાય, સર્વ કલ્યાણ વરે, અને જીવ પરમાનંદને પ્રાપ્ત થાય * (૭)

---

* ૧૯ મા શ્રી દેવજસા જિનેશ્વર અને ૨૦ મા શ્રી અજિતવીર્યપ્રભુના સાર્થ-સ્તવનો શ્રી આત્માનંદ પ્રકાશના ૪૭ મા પુસ્તકના પા-૨૪૦ તથા પા. ૮૫ મે છપાઇ ગયેલ છે; તેથી ઉપરે કળશ સાથે આ લેખ પૂર્ણ થાય છે.

and some enlargements from the negatives in the possession of Muni Sri Punya Vijayaji. Messrs. Kodak have made a trial enlargement from the specimen microfilm which you sent to us and the print of this is being sent to you under separate cover. Judging from this specimen, they think that they could make satisfactory copies, but they emphasize that the negative film should be kept intact in rolls and not cut up. reproductions from separate exposures is more troublesome, and therefore the cost is higher.

I am enclosing price lists for photostats and microfilms (photostat Limited is a branch of Kodak Limited) photostat reproductions can, of course, only be made from the original manuscripts and not from microfilms Both firms require payment before they undertake any work.

I am afraid that we have not yet had any reply from the Bibliotheque Nationale, although we have written to them reminding them of your request. We do know, however, that they require payment in French francs, so that you may decide not to proceed with getting a microfilm of their Peking edition of the Bstan-hgyur. The Choni edition is clearly written, and would reproduce satisfactorily. Professor Simon of the School of Oriental and African studies, London University, with whom I have discussed the subject, considers that all the older editions are inferior to the Lhasa edition. Cambridge University Library acquired a set of this last year, and it would probably be very much easier, from the point of view of payment, to obtain microfilms or photostats of those texts, in which you are interested from this edition.

I am sorry that there has been so much delay in getting the Tibetan microfilms for you. but if you decide on the Lhasa edition, I do not think the work would take long to complete, Kodak Limited would start on the Jessalmer microfilms as soon as they receive the negatives from you.

Dr F. W. Thomas is now living at Limen, Bodicote, Nr. Banbury,; Oxford.

Yours faithfully,

A. J. Thompson

Jain Muni Jambuvijayaji,
Jain Temple,
P. O. Malegaon City.
BOMBAY

ઇન્ડીઆ ઓફિસ લાઇબ્રેરી.

કોમનવેલ્થ રીલેશન્સ ઓફીસ,

કીંગ ચાર્લ્સ સ્ટ્રીટ. લંડન. એસ ડબલ્યુ

એરમેઇલ — વ્હાઇટ હોલ. ૨૩૨૩

પત્રાંક ૨૨૬/૧૯૫૨ — ૩૧ જાન્યુ. ૧૯૫૨

મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ,

જૈન હસ્તલિખિત પ્રતો અને ટીબેટન કાષ્ઠ પર કોરેલી કલાપ્રતોના એન્લાર્જમેન્ટ માટે આપના તા. ૧ લી તથા ૧૪ મીના બન્ને પત્રોના જવાબ આપું છું.

૨૧૪ જેસલમેર હસ્તલિખિત પ્રતો જે આપે અમારા તરફ રવાના કરી છે તે હજી સુધી અમને મળી નથી, પણ જ્યારે આ પ્રતો મળી જશે ત્યારે અમારી લાઇબ્રેરી માટે મોકલેલ પ્રતોમાંથી કઇ પ્રતોનું માઇક્રોફીલ્મ કરાવવું તે અમે પસંદ કરી શકીએ. આ દરમિયાન મેસર્સ કોડાક લીમીટેડ જે અમારું માઇક્રોફીલ્મનું કામકાજ કરે છે તેની સાથે મુનિશ્રી પુણ્યવિજયજી પાસે જે નેગેટીવ્ઝ છે તેના એન્લાર્જમેન્ટ માટે પ્રાથમિક પૂછપરછ ચાલુ કરી છે. આપે જે માઇક્રોફીલ્મનો નમૂનો મોકલ્યો છે તેના ઉપરથી એન્લાર્જમેન્ટ કરાવવા માટે મેસર્સ કોડાક કંપનીએ અખતરો શરૂ કર્યો છે. આની એક નકલ આપને જુદા કવરથી મોકલી આપી છે. આ નમુનાની નકલ ઉપરથી કોડાક કંપની માને છે કે તેઓ સંતોષકારક નકલો ઉતારી શકશે, પણ તેઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે નેગેટીવ ફીલ્મના કકડા નહિં કરતાં એક રોલમા જ રાખવી જોઇએ. જુદા જુદા કકડા ઉપરથી તેનું રીપ્રોડકસન કરવું વધારે મુશ્કેલીવાળું થઇ પડે છે, અને પરિણામે ખર્ચ પણ વધારે થાય છે.

ફોટોસ્ટેટ્સ અને માઇક્રોફીલ્મ માટેનું સૂચિપત્ર આ સાથે મોકલું છું.

ફોટોસ્ટેટ એ કોડાક કંપનીની શાખા છે. ફોટોસ્ટેટ પુનઃ વિધાન મૂળહસ્તલિખિત પ્રતો ઉપરથી થઇ શકે છે પણ માઇક્રોફીલ્મ ઉપરથી થતી નથી. બન્ને કંપનીઓ કામ શરૂ કરતા પહેલાં ખર્ચ પ્રથમથી માગે છે.

જો કે આપની વિનતીને તાજી કરતા બીબ્લીઓથીક નેશનાલેને ફરીથી પત્ર લખેલ છે પણ મને શંકા છે કે હજી સુધી કશો જવાબ મળ્યો નથી. હું ચોક્કસ જાણું છું કે ફ્રાન્સના નાણાંમા તેઓ પ્રથમથી ખર્ચ માગે છે, જેથી કરીને Bstan-hgyur ની તેઓની પેકીંગ આવૃત્તિનું માઇક્રોફીલ્મ મેળવવા માટે આપ નિર્ણય કરી લેશો. ચુની આવૃત્તિ શુદ્ધ લખાયેલી છે અને તેનું પુનઃ વિધાન સંતોષકારક રીતે થશે. લંડન યુનીવર્સીટીની સ્કુલ ઓફ ઓરીએન્ટલ અને આફ્રિકન સ્ટડીઝવાળા પ્રો. સાઇમન કે જેની સાથે મેં આ વિષે ચર્ચા વિચારણા કરી છે તેઓ ધારે છે કે બધી પ્રાચીન આવૃત્તિઓ લાસા આવૃત્તિ કરતા ઊતરતી છે. ગત વર્ષે કેમ્બ્રીજ યુનીવર્સીટીએ આનો એક સેટ મેળવ્યો છે, અને કદાચ આર્થિક દૃષ્ટિએ આ પુસ્તકોનું માઇક્રોફીલ્મ અથવા ફોટોસ્ટેટ મેળવવુ તે વધારે સુગમ થઇ પડશે

આપને માટે ટીબેટન માઇક્રોફીલ્મ મેળવવામાં આટલી બધી ઢીલ થઇ છે તે માટે દિલગીર છું, પણ આપ જો લાસા આવૃત્તિ માટે નિર્ણય કરો તો હું ધરતો નથી કે કામ પૂરું કરવામાં લાંબો વખત લાગે. આપના તરફથી નેગેટીવ મળશે કે તુર્ત કોડાક કંપની જેસલમેર માઇક્રોફીલ્મનું કામ શરૂ કરી દેશે.

આપનો વિશ્વાસુ,

(સહી) એ. જે. થોમ્પ્સન

શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

અભ્યાસ માટેના સાધનો.

(લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.)

(ગતાંક પૃ૪ થી શરૂ)

મુખ્યતયા ગદ્યમાં સંસ્કૃતમાં રચાયેલી કૃતિને [1]જિનસહસ્રનામસ્તોત્ર તેમજ સિદ્ધિશ્રેયસ્સમુદય એ નામે પણ ઓળખાવાય છે. આ કૃતિના "નમુત્થુણં" સાથે સંબદ્ધ વિભાગના અભ્યાસ માટે લલિતવિસ્તરા અનુપમ સાધન છે. આ [2]કૃતિ પાઠાંતરપૂર્વક "અનેકાંત" (વ. ૧, પૃ ૪૯૯–૫૦૪) માં વિ. સં ૧૯૮૬ મા છપાવાઇ છે આ કૃતિની હાથપોથીઓ કેટલી પ્રાચીન મળે છે, આ કૃતિ વિષે પ્રથમ ઉલ્લેખ ક્યાં છે, એમાથી કોઇ અવતરણ અપાયું હોય તો સૌથી પ્રથમ તેમ કરનાર કોણ છે ઇત્યાદિ બાબતો ઉપર પ્રકાશ પડે તો આ કૃતિ સિદ્ધસેન દિવાકરની છે એમ ક્યારથી મનાતું આવ્યુ છે એ જાણવાનુ મળે વિ. સ. ૧૭૯૮ માં લખાયેલી એક હાથપોથીનો મે આ કૃતિના સપાદન માટે ઉપયોગ કર્યો છે. એ કૃતિ ઉપર્યુક્ત સંસ્કરણમાં પૃ. ૨૪૨–૨૪૫ મા છપાવાઇ છે. આ "અનેકાંત"મા એ પૂર્વે એ પ્રસિદ્ધ થઇ છે, પણ મને એની પાછળથી ખબર પડી હોવાથી એનો હુ ઉપયોગ કરી શકયો નથી.

જેમ આવશ્યક અનુષ્ઠાનના અર્થી પંચપ્રતિક્રમણનાં સૂત્રો મોઢે કરે છે, જૈન શાસ્ત્રનો શ્રદ્ધાપ્રધાન બોધ મેળવવા ઇચ્છનારે જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી અને કર્મગ્રંથો કંઠાગ્ર કરે છે અને ઇષ્ટ દેવોનો મહિમા ગાઇને વિવિધ ભયોથી મુક્ત બનવાની કામના રાખનાર સાત કે નવ સ્મરણો ગણે છે તેમ જૈન સંસ્કૃતિની અખંડ જ્યોતિને સદા ઝળહળતી જોવાની ઉત્કંઠા ધરાવનારે વાચકવર્યનું તત્ત્વાર્થસૂત્ર અને સૌજન્યમૂર્તિના ષડ્દર્શનસમુચ્ચયની સાથે સાથે પ્રતિભામૂર્તિ સિદ્ધસેનની તમામ કૃતિઓનો પાઠ કરવો જોઇએ અને એના અર્થના મનનપૂર્વક એના ભાવાર્થનું ઉદ્ઘાટન કરવું જોઇએ. આ પ્રકારની અભીષ્ટ મનોદશા કેળવાશે તો દુઃષમારૂપ રાત્રિને વિષે સૂર્યસમાન સિદ્ધસેન દિવાકરનું સાચું અને સંપૂર્ણ સન્માન થયેલું ગણાશે અને એમના જેવાની કૃતિઓવડે દેદીપ્યમાન જૈન શાસન સદાયે જયવંતુ રહેશે.

અનુપૂર્તિ—"અનેકાન્ત" (વ. ૨.)ના નવમા અંકમાં–વીર સંવત્ ૨૪૬૫ ના આષાઢના અર્થાત્ ઇ. સ. ૧૯૩૯ ની જુલાઇના અંકમાં પૃ. ૪૯૩ ઇત્યાદિમાં પં. રતનલાલ સંઘવી 'ન્યાયતીર્થ–વિશારદ'નો "સિદ્ધસેનદિવાકર" એ નામના હિંદી લેખનો પહેલો હપતો અને કિરણ ૧૦ (પૃ ૫૬૭–૫૭૨) માં બીજો હપતો છપાયેલ છે. પહેલા હપતારૂપ લેખમાં એમણે આ આચાર્યરત્નની સાહિત્ય–સેવાની નોંધ લીધી છે. એમણે કહ્યું છે કે આ સિદ્ધસેન સાહિત્ય–ક્ષેત્રના ખરેખરા પ્રકાશસ્તંભ (Light-house) સમાન છે. પૃ. ૪૯૬ માં એમણે એવુ એક વિલક્ષણ વિધાન કર્યું છે કે આ આચાર્ય જૈન ધર્મના રંગથી પૂરેપૂરા રંગાઇ ગયા હતા અને એઓ વૈદિક માન્યતાઓને જૈન ધર્મની અપેક્ષાએ હીન કોટિની સમજતા હતા. આનું પ્રમાણ એ છે કે સ્વપક્ષ અને

---

[1] આ કૃતિનો હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રની સ્વોપજ્ઞની વૃત્તિમાં તેમજ વીતરાગસ્તોત્રમા કેવો ઉપયોગ કર્યો છે ઇત્યાદિ બાબતો આપી આ નામની અન્યાન્ય કૃતિઓની નોંધ મે "જિનસહસ્રનામસ્તોત્રની કૃતિઓ" એ નામના લેખમા લીધી છે આ લેખ અહીં (સુરત)ના "દિગબર જૈન" નામના માસિકમા વ. ૪૪ ના અ. ૧૦ ને ૧૧ મા એમ બે કટકે છપાયો છે.

[2] અહીં એનું નામ "સિદ્ધિશ્રેયસમુદય" અપાયું છે, પણ તે અશુદ્ધ છે. ખરી રીતે "સિદ્ધિશ્રેયઃસમુદય" જોઇએ.

ચૈતન્ય–વિકાસ.

પ્રત્યેક ચૈતન્યમય પદાર્થનો વિકાસ થવો જ જોઇએ. વિકાસ તે જ તેની સ્વાભાવિક દશા છે. આથી જ પ્રત્યેક વિચારક પાસે સૌથી અગત્યનો પ્રશ્ન આજે દેશોન્નતિ કે સમાજોદ્ધાર કરતાંય સ્વવિકાસનો છે શારીરિક વિકાસ માટે મલ્લશાળાઓ ખોલાય છે ઇંદ્રિયો ને બુદ્ધિના વિકાસ માટે વિદ્યાલયો, ઉપાશ્રય છે. તે રીતે જ ચિત્તના વિકાસ માટે ગુરુકુળ વિદ્યાપીઠો પ્રાચીન કાળમાં હતી તેના ઉદાહરણો ગુરુઆશ્રમ, "શાકુંતલ"નો કણ્વઋષી આશ્રમ ને કૃષ્ણસુદામાનો સાંદીપની ઋષીનો આશ્રમ આપણને એ મસ સમજાવે છે કે ચિત્તનો વિકાસ આમ ગુરુકુળ વિદ્યાપીઠોમાં એક કાળે થતો. આપણે જોયુ કે શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ ને ચિત્તના વિકાસમાં બહારના તત્ત્વો અગ્રસ્થાન પામ્યા છે, પણ આ બધા શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ ને ચિત્તના વિકાસોનો સરવાળો કરીએ તો પણ જીવનનો વિકાસ પૂરો થતો નથી કશુંક ખૂણે અગત્યનું રહી જાય છે. તે છે અંતરાત્માનો વિકાસ એ વિકાસ જાતે જ કરવાનો છે કોઇ ગુરુ કે વિદ્યાપીઠ કરાવી શકતું નથી ત્યાં ગુરુ ને શાસ્ત્રો માત્ર signpost જેવા–રસ્તો ચીંધતા પાટિયા જેવા છે દિશાસૂચન કરે, ગતિ ન કરાવી આપે આથી જ કઠોપનિષદમાં આત્માને સ્વયંજ્યોતિ કહ્યો છે ને મહાત્મા બુદ્ધ પણ અત્તશરણ અત્તદીપો ભવ કહે છે–આત્મા જ આત્માનું શરણ છે અને આત્મા જ આત્માનો દીપક છે એમ કહે છે. વિકાસને માર્ગે જીવ એકલો જ આગળ વધશે સમૂહભાવનાનો આજે તો એટલો વિકાસ થયો છે કે રાજ્યસંચાલન પણ ગરીબ ભરવાડને મહાન ઉદ્યોગપતિના સહકારથી ચલાવાના સ્વપ્નો સેવાય છે પણ એ સમૂહભાવના આત્મવિકાસમાં કામ નથી આવતી ત્યાં તો એકત્વ ભાવના જ લાગુ પડે છે જીવે એકલા જ આગળ વધવાનું. માનવીએ માત્ર આત્મા પર જ વિશ્વાસ રાખી પ્રસ્થાનયાત્રા આરંભવાની છે વિકાસપથ પરની તેની આ એકત્વભાવના એટલી દૃઢ થઈ જાય છે કે તે બર્નાર્ડ શૉ જેમ કહે છે "I belong to myself and to noone else Keep your distance"

અર્થ–(સંસારના પદાર્થોને) તમે સર્વ દૂર રહો કારણ મારું સ્થાન માત્ર મારા પોતામાં જ છે

વિકાસમાં બે જ સત્યો યાદ રાખવાના હોય છે તેમાનું આ પહેલું સત્ય થયું કે સૌએ પોતાની મેળે જ પોતાનો વિકાસ કરવાનો છે બીજું સત્ય એ કે એ વિકાસ "અહીંનું" સર્વ તોડવાથી "ત્યાં" જોડાય છે તેમાં સમાયો છે "અહીં"નો વિનાશ એટલે જ "ત્યાં"નું સર્જન આ બે સત્યો જે જાણે તે વિકાસનું તત્ત્વજ્ઞાન સમજે છે

શ્રી વસંતદાસ કાન્તિલાલ ઈશ્વરલાલ બી. એ.

પરપક્ષની વિવેચના કરતી વેળા પરપક્ષની કોઇ કોઇ અબાધ્ય તર્કસંગત વાતનું પણ નિર્બળ તર્કોના આધારે ખંડન કરે છે, જ્યારે સ્વપક્ષની કોઇ તર્કથી અસંગત વાતને પણ શ્રદ્ધાના આધારે સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે આ વિધાન એક રીતે આક્ષેપરૂપ ગણાય સંપાદકે એના ઉપર ટિપ્પણરૂપે લખ્યું છે કે જો આ વિષયનું એકાદ ઉદાહરણ પણ સાથે સાથે અપાયું હોત તો ઠીક થાત મારું પણ એ જ કહેવું છે આવું ઉદાહરણ મને તો અત્યાર સુધીમાં એકે મળ્યું આવ્યું નથી એટલે આ બાબત પરત્વે પં. રતનલાલ જરૂર પ્રકાશ પાડવા કૃપા કરે, કેમકે આ કંઇ નાનીસૂની બાબત નથી જો સિદ્ધસેન જૈન આગમોની બાબતોની પણ આકરી કસોટી કરતા જોવાય છે તેમના સંબંધમાં આ વાત કેમ સંભવે એવો સહજ પ્રશ્ન ઊઠે છે

આ લેખમાં સિદ્ધસેનનું આદરપૂર્વક સ્મરણ કરનાર ગ્રંથકારોનો અને ગ્રંથોનો નિર્દેશ છે. દા. ત. હરિભદ્રસૂરિ અને એમનું પંચવસ્તુગ (ગા ૧૦૪૮), વાદીદેવસૂરિનો સ્યાદ્વાદરત્નાકર, મુનિરત્નસૂરિકૃત અમમચરિત્ર, પ્રભાચન્દ્રસૂરિકૃત પ્રભાવકચરિત્ર, પ્રદ્યુમ્નસૂરિ કૃત સંક્ષેપસમરાદિત્ય, હેમચન્દ્રસૂરિકૃત અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા.

---

૧ "उदितोऽर्हन्मतव्योम्नि सिद्धसेनदिवाकरः।
चित्रं गोभिः क्षितौ जह्रे कविराजबुधप्रभा ॥"

જૈન દર્શનરૂપ આકાશમાં સિદ્ધસેનરૂપ સૂર્ય ઊગ્યો, એટલે એમના વાણીરૂપ કિરણોવડે કવિરાજ અન્ય કવિઓ તેમજ બૃહસ્પતિની તથા બુધ નામના ગ્રહની તેમજ બુદ્ધિશાળીઓની કાંતિ શરમાઇ ગઇ.

પ્રથમ ઋષભદેવ ભગવંતનું સ્તવન.

સ્વ૦ પૂ. મુ. શ્રી મોહનવિજયજીકૃત (સાર્થ–ભાવાર્થ સાથે)

(લેખક—પન્યાસજી મહારાજશ્રી રામવિજયજી ગણિવર.)

(ગતાંક પૃષ્ઠ ૭૫ થી શરૂ)

ગાથા

નાણરયણ પામી એકાંતે,
થઈ બેઠા મેવાસી,
તેમાંહેલો એક અંશ જો આપો,
તે વાતે શાબાશી હો ! પ્રભુજી૦

અર્થ–કેવળજ્ઞાનરૂપ રત્ન મેળવીને એકાંતમાં આપ સ્વતંત્ર અને મેવાસી એટલે મોટા થઈને (મુકિત સ્થાનમાં)બેસી ગયા પણ તેમાં શાબાશી નથી પણ શાબાશી ક્યારે કહેવાય કે કેવળજ્ઞાનમાંથી એક અંશ આપો તો વાત બરાબર ઘટી શકે

ભાવાર્થ —પ્રભુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ-સ્થાનમાં બિરાજમાન થયા તેથી કોઈની સાથે લેવડ-દેવડ કરવી એવી પરિસ્થિતિ રહી નહિ આવી સ્થિતિમાં કેવળ આપનો એક અંશ જો આપો તો અમે એ એક અંશરૂપ બીજમાંથી મોક્ષરૂપી વૃક્ષ પેદા કરીએ કારણ કે કેવળજ્ઞાનનો એક અંશ અમારે બીજ જેવો છે જેમ આમ્રવૃક્ષને એક બીજરૂપે રહેલો ગોટલો હોય તો તેને વાવ્યા પછી અંકુરા, થડ, શાખા, પ્રશાખા, પાંદડા ફૂલ અને ફળ વિગેરે રૂપ એક મહાન્ વૃક્ષ પેદા થાય કારણ કે એક બીજમાં વૃક્ષ થવાની શકિત તિરોભાવે એટલે ગુપ્તભાવે રહેલી છે પરંતુ જો અંશરૂપી બીજ ન હોય તો અંકુરાદિક વસ્તુ થઈ શકે જ નહિ, તો કર્તા પુરુષ કહે છે કે–અમને ભલે મોક્ષ ન આપો પણ મોક્ષના કારણભૂત જ્ઞાનનો એક અંશ બીજરૂપે આપો તો પણ આપની શાબાશી સાચા હૃદયથી વધાવી લઈએ

ગાથા.

અક્ષયપદ દેતા ભવિજનને
સંકીર્ણતા નવિ થાય,
શિવપદ દેવા જો સમરથ છો,
તો જસ લેતા શું જાય ?
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. (૫)

અર્થ —હે પ્રભુ ! આપ મને અક્ષય પદ આપો તો મોક્ષસ્થાનમાં સંકડાશ નહિ થાય. હે પ્રભુ ! મોક્ષપદ આપવા માટે જો સમર્થ છો તો યશ લેતા આપનું શું જાય છે ?

ભાવાર્થ —અનંત જીવો મોક્ષે ગયા અને અનંતા જીવો મોક્ષે જશે તે બધા લોકાગ્રના ભાગે રહેલી પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ લાંબી પહોળી સિદ્ધશિલા છે; ને આઠ યોજન વચમાં જાડી છે પછી પ્રદેશ પ્રદેશ ઘટતી ઘટતી છેડા ઉપર માખીની પાંખ કરતાં પણ પાતળી પડે છે આ સિદ્ધશિલા સફેદ રંગવાળી છે સફેદ રંગની વસ્તુમાં આના કરતાં વિશેષ ઉજળી એવી વસ્તુ લોકાકાશમાં નથી માટે આ સિદ્ધશિલા અતિ ઉજ્વળતર કહેવાય છે આ સ્થાનમાં અનંતા જીવો મોક્ષે ગયા અને અનંતા જીવો મોક્ષે જશે તો પણ સંકડામણ થઈ નથી અને થશે પણ નહિ, કારણ કે અરૂપી વસ્તુ આકાશ ક્ષેત્રમાં રહે છે પણ ઘણી ઘણી મળતાં એવા પ્રકારનો સુંદર સ્વભાવ હોવાથી એકબીજાને સંકડામણ કરતી નથી. તેમાં એક રૂપી વસ્તુનું દૃષ્ટાન્ત છે કે દીવાના પ્રકાશમાં બીજા ઘણા દીવાનો પ્રકાશ અન્યોઅન્ય મળી જાય છે પણ વધારે જગ્યા રોકાતી નથી આવી અજવાળા જેવી રૂપી વસ્તુ ઘણી મળ્યા છતાં પણ સંકડામણ ન થાય તો અરૂપી વસ્તુમાં સંકડામણ કેમ થાય ? હવે કર્તાપુરુષ કહે છે કે–તમે મને એકને શિવપ૦ આપો તો કાંઈ સંકડામણ થવાની નથી વળી મોક્ષપદ

આપવા સમર્થ છો તો કંઈ પણ મહેનત વિના આપો અપૂર્વ જશ આપને પ્રાપ્ત થાય તો તે ઉપર ધ્યાન કેમ ન અપાય? આવો જશ લેતાં તમારું શું ઓછું થાય છે? આપ તો પરમ ઉપકારી છો માટે આ ધારણા ઉપર આપ જો લક્ષ આપો તો આપના સેવકને આનંદનો પાર રહે નહિ!

ગાથા.

સેવા ગુણ રંજ્યો ભવિજનને,
જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો?
નિર્મમ ને નિરાગી.
હો પ્રભુજી! ઓલંભડે મત ખીજો. (૬)

અર્થ-ભવિજનના સેવાગુણથી આપ રાજી થઈને સેવક જનને મોટા બનાવો તો તમે હે સ્વામિન્! મમતા વિનાના અને રાગ વિનાના કેમ કહી શકાઓ?

ભાવાર્થ:-દુનિયામાં આપની જે સેવા કરી શકે તેને તમે મોટા બનાવો અને જે સેવા ન કરી શકે તેને મોટા બનાવી શકો નહિ, તો આપની જે સેવા કરે તેના ઉપર આપને રાગ થયો કહેવાય અને સેવા વહાલી લાગતી હોવાથી મમતાવાળા પણ કહેવાય તેથી નિર્મમ ને નિરાગી એવા બે વિશેષણો આપને માટે ત્રણ જગતના જીવો ગાય છે, તે બરાબર ઘટી શકશે નહિ. ખરા સ્વામી નિર્મમ ને નિરાગી ક્યારે કહેવાય કે જ્યારે સેવા કરનારાને અને સેવા નહિ બજાવનારને સરખા માનો; પરંતુ આમ દેખાતું નથી. આપનાથી તો ચંદ્ર, સૂર્ય, ગંગાનદી અને વૃક્ષો પણ સમતોલપણું રાખે છે. જેમ રાજાના મહેલ ઉપર અને ગરીબના ઝુંપડા ઉપર ચંદ્રનો પ્રકાશ સરખો પડે છે અને સૂર્યને માટે પણ આ પ્રકાર જ છે. વળી ઝાડો ગમે તેવા મુસાફરોને ભલે તે સજ્જન હોય કે દુર્જન હોય તો પણ છાયા સરખી આપે છે. તેમજ રાજા ને રંક તાપથી પીડાયલા હોય અને ગંગાનદીમાં નહાવા જાય તો બન્નેને શીતળતા સરખી જ પ્રાપ્ત થાય. આવી લૌકિક વસ્તુઓમાં સમતોલપણું દેખાય છે તો હે ઋષભદેવ પ્રભુ! અનંત ગુણનિધાન છતાં સમતોલપણું ન રહે તે આપને શોભે નહિ, તો મારી જેવા પામર જીવ ઉપર અને જે આપની ભક્તિ કરે એવા જીવો ઉપર સરખી દૃષ્ટિ રાખીને મને તારો તો નિર્મમ ને નિરાગી એવા બે પરમ ગુણધારક વિશેષણો યથાર્થ રીતે ઘટી શકે. વધારે લખવાથી કે કહેવાથી શું?

ગાથા

નાભિનંદન જગ વંદન પ્યારો,
જગગુરુ જગ જયકારી;
રૂપવિબુધનો મોહન પભણે,
વૃષભ લંછન બલિહારી.
હો પ્રભુજી! ઓલંભડે મત ખીજો. (૭)

અર્થ—હે પ્રભુ! આપ નાભિરાજાના પુત્ર છો, જગતના વંદનીય છો. ત્રણ જગતને પ્રિય છો. ત્રણ જગતના ગુરુ છો અને ત્રણ જગતમાં જયવંતા વર્તો છો એવી રીતે શ્રી રૂપવિજયજી પંડિતના શિષ્ય શ્રી મોહનવિજયજી આ પ્રમાણે બોલે છે કે-વૃષભ લંછનના ધરનાર પ્રભુ તમારી બલિહારી છે.

ભાવાર્થ—શ્રી ઋષભદેવ પ્રભુએ જગતની વ્યવહાર નીતિ પ્રકાશ કરી અને ધર્મનીતિમાં લોકોને સ્થાપન કર્યા. પ્રભુએ યુગલિકોને વ્યવહારનું જ્ઞાન ન આપ્યું હોત તો યુગલિકો ધર્મકળા જાણી શકત નહિ પ્રથમ અવસર્પિણી કાળમાં ત્રીજા આરાને છેડે થતા પ્રથમ તીર્થંકરનો એવો કલ્પ છે કે જીવોને સંસારની સ્થિતિ બતાવી ધર્મસ્થિતિનું વાવેતર કરે. આ કળા અર્પણ કરવાનો કલ્પ અનાદિ કાળથી પ્રથમ તીર્થંકરનો જ હોઇ શકે, કારણ કે અઢાર કોડાકોડી સાગરોપમ જેટલા વિશાળ કાળમાં દુનિયાદારીનું તેમજ ધર્મદૃષ્ટિનું ભાન આ જીવોને પ્રાપ્ત થતું જ નથી. વળી તદ્દન વ્યવહાર જ્ઞાનથી રહિત હોય અને એને ધર્મકળા એકદમ બતાવવામાં આવે

તો સમજી શકાય નહિ તેમ એવા જીવો તો બરાબર વ્યવહાર જ્ઞાન મેળવ્યા પછી ધર્મજ્ઞાન મેળવી શકે, એ સિવાય બીજો કોઇ ઉપાય નથી આ કલ્પ પ્રથમ તીર્થંકરને જ ઘટે બીજા તીર્થંકરોના શાસનમા આ કલ્પ ઘટે નહિ તેમને તો પાધરો-જ ધર્મ વ્યવહાર બતાવવાનો હોય.

આવી રીતે કર્તાપુરુષ ઓલંભડારૂપ ભક્તિભર્યા અને સુંદર આશયથી કાંઇક વક્ર શબ્દમાં પણ બોલીને પોતાનો સેવ્યપણાનો ભાવ પ્રકટ કરે છે. આ પ્રકાર સિવાય બીજો એકે પ્રકાર દુનિયામા નથી, કે જે પ્રકારદ્વારા પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન વધારી શકાય આવો અપૂર્વ ભાવ કર્તાપુરુષ શ્રી મોહનવિજયજી મહારાજનો જણાય છે.

પાર્શ્વનાથનું સ્તવન (પ્રાર્થનાભાવગર્ભિત).

(છોટી બડી સૈયા રે જાલીકા મેરા ગુંથના—એ રાગ.)

પાર્શ્વ પ્રભુજી રે વિનંતિ મારી ધારના,
    વિનતિ મારી ધારના, વિનતિ મારી ધારના..........પાર્શ્વપ્રભુ.
વિષય કષાયો ને, મોહમદ રિપુઓ,
    દૂર હઠાવો રે, તુજ દાસની એહિજ પ્રાર્થના..........પાર્શ્વપ્રભુ.
ઇંદ્રાદિક પદને નહિં ચાહું, માત્ર તુજ પદને ચાહું;
    અભિલાષા એકજ રે, મહેર કરી તેને પૂરના..........પાર્શ્વપ્રભુ.
અનંતાનંત ભવના પાપો, પશ્ચાત્તાપથી તેને બાળી;
    ત્રિવિધે ખમાવું રે, સદ્બુદ્ધિ એવી આપના..........પાર્શ્વપ્રભુ.
વળી ખમાવું સર્વ જીવોને પ્રેમથી હું;
    સ્થાપો હૃદયમા રે, મૈત્રી કારુણ્ય ભાવના..........પાર્શ્વપ્રભુ
ભયાનક ભવથી હુ તો, કંટાળ્યો પૂરેપૂરો;
    જન્મ મરણના રે, ક્લેશ મારા તેને ચૂરના..........પાર્શ્વપ્રભુ.
ધર્માનુષ્ઠાનો મારા, મુક્તિના સાધક થાઓ;
    અન્ય ન આશા રે, સમકિત રયણની કામના..........પાર્શ્વપ્રભુ.
ભવોભવ તુજ પદની સેવા, ધર્મ પણ તુજ આજ્ઞાથી;
    નિર્ગ્રંથ ગુરુની રે, મુક્તિ સુધી એ ઉપાસના..........પાર્શ્વપ્રભુ.
પામર તુજ ભક્તાની અરજી, આ ઉર ધારો;
    કોટી કોટી પ્રભુજી, આનંદની હોજો વંદના.... ... ...પાર્શ્વપ્રભુ.

કર્તા પાર્શ્વચંદ્રગચ્છીયા સાધ્વી શ્રી આનંદશ્રીજી.

વર્તમાન સમાચાર.

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની મુંબઈના શ્રી સંઘે ઉજવેલી જન્મ જયંતિ

ગયા કાર્તક શુ. ૨ ના રોજ યુગવીર આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને ૮૩ મું વર્ષ બેસતું હોવાથી ૮૩ જન્મ જયંતી પાંચ દિવસના મહોત્સવપૂર્વક મુંબઈના જૈન સંઘ (જેમાં મુંબઈ, ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ, મહારાષ્ટ્ર, પંજાબ, બંગાળ વગેરે પ્રાંતો)ના જુદા જુદા અગ્રેસર જૈન બંધુઓએ પોતાની સહીથી આમંત્રણ પત્રિકા પ્રકટ કરી અપૂર્વ ભક્તિપૂર્વક મોતીવાડ પાર્કમાં ઉજવી હતી. આ વખતે એ અપૂર્વ પ્રસંગો (આચાર્ય ભગવતને આંખે જ્યોતિ પ્રકટી અને તાત્કાલિક જન્મનો માગલિક દિવસ આવ્યો તે) મુંબઈ જૈન સંઘને સાંપડ્યા હતા અને ત્યાંના જૈન સંઘને શોભે તે રીતેજ મહોત્સવ કર્યો હતો. આવા વયોવૃદ્ધ, પાસઠ વર્ષના દીક્ષિત, બાળબ્રહ્મચારી અને જૈન સમાજ ઉપર તેના ઉત્કર્ષ માટે કેળવણી વગેરેના કાર્યોમાં જેમણે આખું જીવન મહાન ઉપકાર કરી રહેલ છે તેવી મહાન વિભૂતિ માટે જેટલી ગુરુભક્તિ ભારતવર્ષના જૈન સંઘો કરે તેટલી ઓછી છે. આ મહોત્સવનો વિગતવાર હેવાલ મુંબઈ સમાચાર વગેરે પત્રોમાં વિસ્તીર્ણ આવી ગયેલ છે જેથી સંક્ષિપ્ત નોંધ અત્રે આપી, અમે પણ ઉપરોક્ત જ્યોતિ પ્રગટ અને જયંતિ મહોત્સવ માટે અપૂર્વ આનંદ જાહેર કરીયે છીએ અને આચાર્ય ભગવંત દીર્ઘાયુ થઈ જૈન સમાજ ઉપર અનેક ઉપકારો કરે તેમ પ્રાર્થના કરીયે છીએ.

પ્રથમ તા. ૨૦-૧૦-૫૨ ના રોજ મુંબઈના મેયર શ્રી ગણુપતિશંકર દેસાઈના પ્રમુખપણા નીચે મેળાવડો યોજાયો હતો. હજારો માણસો ચતુર્વિધ શ્રી સંઘની હાજરી વચ્ચે જયંતી કાર્ય શરૂ થતાં પ્રથમ મંગળાચરણ થયા બાદ શેઠ ભોગીલાલ અનોપચંદ ઝવેરીએ શ્રી આત્માનંદ જૈન સભા મુંબઈ તરફથી "વલ્લભવાણી" પુસ્તિકા આચાર્ય મહારાજને અર્પણ કરી હતી. સગ્ગાદ શ્રી નાથાલાલ ડી પારેખે આચાર્યશ્રીએ કરેલા જૈન ઉપકારોનું વર્ણન કરી બતાવ્યું હતું ત્યારબાદ રામરતન કોચરે પંજાબીએની ગુરુભક્તિના અનુભવો વિષે, ફુલચંદ હરિચંદ દોશીએ આચાર્યશ્રી પગલે પગલે શિક્ષણના વિકાસ પ્રચારના વિષે, પંડિત હંસરાજજીએ ગુરુદેવની ગુણપૂજા વિષે,



યુગવીર આચાર્ય ભગવાનશ્રી
વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.

ઉપાધ્યાયજી પૂર્ણાનંદવિજયજીએ જુદા જુદા પ્રાંતોમાં વિહાર કરી માનવજાત માટે કરેલ ઉદ્ધારના કાર્યો વિષે વિવેચનો કર્યા હતા. છેવટે મુંબઈના મેયર અને મેળાવડાના પ્રમુખના ભાષણમાં ઘણીજ વિશિષ્ટતા હતી અને બહુમાનપૂર્વક જણાવ્યું કે-આચાર્યશ્રી ભારતના ખૂણે ખૂણામાં જ્ઞાનગંગા વહેવડાવનાર છે. તેઓ વૃદ્ધ નહીં પણ કાર્યદૃષ્ટિએ યુવાન છે. ભારતને એક રોગ છે કે જે જીવંત મહાપુરુષોની ગુણપૂજા કોઈ કરતું નથી પણ આજે એ રોગ જૈન સમાજને લાગ્યો નથી આપણે આજે દેવ નિમાજ ગુરુદેવની ગુણપૂજા કરીયે છીએ એ એક ગૌરવજનક ઘટના છે. વળી એક વલ્લભ શાન્તિદૂત ગણાય હતા

બીજો વલ્લભ ધર્મક્ષેત્રે ગર્જે છે તે ખરેખર ભારતની ભૂમિ પુણ્ય ભૂમિ જ છે ખરેખરી રીતે આજે આપણે દરેકે પોતપોતાનું એક એક દિવસનું આયુષ્ય ગુરુદેવને આપવાની પ્રતિજ્ઞા કરવી જોઇએ વગેરે શબ્દોના હૃદયપૂર્વક અસરકારક વિવેચન કર્યું હતુ.

શ્રી કલ્યાણચંદજી મહારાજે જણાવ્યુ કે—આચાર્ય મહારાજ સમાજને સંગઠિત કરી સાચી દોરવણી આપે તેવી પ્રાર્થના કરી હતી. ત્યારબાદ શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલે ઉપકાર માન્યા બાદ આચાર્ય મહારાજે મંગળાચરણ કરી જણાવ્યુ કે—તમો મારો જન્મ દિવસ મનાવી રહ્યા છો તો તમારી પાસે હું એ માગુ છું કે—તમોએ મારામાં જે ગુણ, જે પ્રવૃતિ દેખી હોય, સાંભળી હોય તેને અમલમાં મૂકો વગેરે જણાવ્યુ હતુ. બીજા દિવસે મુબઇના જૈન સંઘે ડૉ ડગ્ગન તથા ડૉ પરીખને આપતુ સફળ ઓપરેશન થવાથી શેઠ ... ભૂજપુરીયા જે પીના પ્રમુખપણા નીચે ...ત્ર અર્પણ થયા હતા, જેમા પ્રથમ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલે આચાર્યશ્રીના જીવનનો પરિચય કરાવી પછી પંજાબમા જૈન કોલેજ તેમજ મારવાડ, ગુજરાત વગેરે અનેક સ્થળોએ જૈન સમાજના ઉદ્ધાર માટે શિક્ષણશાળાઓ સ્થાપી હતી તેમાં મુબઇ શ્રી મહાવીર વિદ્યાલયની ઉપયોગિતા વિષે જણાવતાં તે સ્થાપન કરવામાં આચાર્ય મહારાજશ્રીએ મહાન્ ઉપકાર કર્યો છે વળી આચાર્ય મહારાજની વિશ્વવિદ્યાલય સ્થાપવાની ઇચ્છા છે અને મે બીજુ ચાતુર્માસ કરવા માટે જણાવતા મને જણાવ્યુ કે—તમો જૈન સંઘ વિશ્વવિદ્યાલય સ્થાપો તો હુ બે ચોમાસા કરવા તૈયાર છુ અને એક પણ જૈન શિક્ષણ વગર ન રહેવો જોઇએ તેવી મારી ઇચ્છા છે શેઠ ફુલચંદ શામજીએ આચાર્ય મહારાજ કઇ રીતે સસર્ગમાં આવ્યા વગેરે, ફુલચંદ હરિચંદે પંજાબમાં આચાર્યશ્રીની થતી ગુણપૂજા વિષે, ધીરજલાલ ટોકરશીએ જૈનસમાજ આચાર્યશ્રી માટે મંત્રમુગ્ધ બન્યો છે તે પ્રમુખશ્રીએ ડૉક્ટર સાહેબની સેવાના વખાણ કર્યા બાદ ડૉ ડગ્ગન સાહેબે જૈન કોમનો ઉપકાર માન્યો હતો આચાર્ય મહારાજે જણાવ્યુ કે—જનતાની ખરી સેવા કરનાર સાચો ડૉક્ટર છે

વળી પોતાના પરમ ગુરુદેવે મને શિક્ષણપ્રચાર કરવાનો આદેશ આપેલો છે મારી ઇચ્છા વિશ્વવિદ્યાલય સ્થાપવાની છે જે શ્રીમ તો પુરી કરશે વગેરે વિવેચન કરી પ્રમુખ સાહેબે આપણા આચાર્યદેવની ૧૨૫ મી જન્મ જયંતી ઉજવાય એમ હુ ઇચ્છુ છું. આચાર્યશ્રીએ આજે દશ જણાને ધર્મના સંસ્કાર આપ્યા છે તે પ્રસંગ જૈનોની તવારીખમાં યાદગાર રહી જશે તા ૨૨મી ઓક્ટોબરે (ત્રીજે દિવસે) અંબાલા આત્માનંદ જૈન કોલેજના પ્રીન્સીપાલ જ્ઞાનચંદજી જૈનના પ્રમુખપણા નીચે મેળાવડાનું કામ શરૂ થયુ હતુ પ્રથમ પ્રતિજ્ઞાધારી પિતા દાનમલ દેવીચંદજીએ અગાઉ એવી પ્રતિજ્ઞા લીધી હતી કે આચાર્યશ્રીની આંખે ફેરી રોશની પ્રાપ્ત થાય તો મારા પુત્ર જે બાર વર્ષનો છે તો આચાર્યશ્રીને અર્પણ કરીશ તે અનુસાર આજના મેળાવડામાં પોતાના પુત્ર રણજીતકુમારને આત્મિક આનંદપૂર્વક આચાર્યશ્રીને અર્પણ કર્યો હતો. આચાર્યશ્રીએ વાસક્ષેપ નાંખ્યો હતો. ધન્ય છે દાનમલજીની અપૂર્વ ગુરુભક્તિને! પુત્રમોહને ત્યાગ કરી શ્રી મહાવીરદેવના પગલે ચાલતા ગુરુદેવનો અર્પણ કર્યો હતો આ એક અપૂર્વ અનુપમ માંગલિક પ્રસંગ હતો ગુરુભક્તિ માટે પોતાનુ સર્વસ્વ અર્પણ આવા પુરુષોજ કરી શકે આ સભા તેમને ધન્યવાદ આપે છે બાદ શ્રી રતિલાલ કોઠારીએ પ્રથમ આચાર્યશ્રીના વ્યાખ્યાનની પ્રશંસા કરી, શ્રી મહાવીર વિદ્યાલયની ઉપયોગિતા તેઓશ્રીને આભારી છે આ દીર્ઘદૃષ્ટિ આચાર્યશ્રી ૧૨૫ વર્ષનુ આયુષ્ય ભોગવે તે માટે મારા જીવનમાંથી હું મારા વર્ષો તેમને અર્પણ કરુ છુ (ધન્ય છે) બાદ ચંદુલાલ વર્ધમાન શાહે આચાર્યશ્રીના ઉપદેશની પ્રશંસા કરી આપણો કરોડપતિઓ આપણી ઓછી શક્તિવાળા ભાઇઓને પગભર કરવા જરૂરીયાત પૂરી પાડે તે વિષે

જણાવ્યું. બાદ શ્રી મોહનલાલ દીપચંદ ચોકશીએ જણાવ્યું કે-આચાર્યશ્રીએ જૈન સમાજની કેટલી સેવા કરી છે તે વલ્લભવાણી જણાવશે. શ્રી શત્રુંજય ઉપર ત્યાં રાજાએ રૂા (૬૦૦૦૦) નો નાખ્યો ત્યારે અસહકાર કરવા પંજાબીઓ મોકલી આપવા જણાવ્યું હતું વગેરે વિષે તેમજ શાંતિલાલ મગનલાલે આપણા જૈન ભાઇઓ માટે ભોજનશાળા બનાવવા માટે શ્રીમંતોને વિનતિ કરવા વિષે વિવેચનો કર્યા હતાં. પ્રમુખ સાહેબે છેવટે જણાવ્યું કે-અંબાલા જૈન કોલેજની સ્થાપના થઇ કે જે પહેલી જ જૈન કોલેજ છે તે આચાર્યશ્રીને આભારી છે અને પંજાબ યુનીવરસીટી માટે જોડાયેલી છે અને તેના નિભાવ માટે જૈન શ્રીમંતોને ઉદારતાપૂર્વક દાન કરવા વગેરે જણાવ્યું હતું. છેવટે આચાર્ય મહારાજે સાધુઓને ચોમાસું પૂરું થયા બાદ વિહાર કરવાની ફરજ છે. એક સ્થળે રહી શકાય નહિ શ્રી આત્મારામજી મહારાજની આજ્ઞા પાળનારો વલ્લભ જો સમાજ માટે સંગીન કામ થતું હોય તો અહિં બીજું ચોમાસું રહેવા તૈયાર છે. (સર્વે વાણી સાંભળી મુગ્ધ થયા હતા) પૈસો પૈસો આપશો તો પાંચ લાખ રૂપીયા એકઠા થતાં તમારી યુનીવરસીટી તેમજ તમારા ધર્મ માટે પંડિતો તૈયાર થશે. અનેક સંસ્થાઓને પ્રભાવનામાં ફળો વ્હેંચવામાં આવ્યા હતા. એ રીતે પાંચ દિવસનો જન્મ-જયંતિ મહોત્સવ ઉજવાયો હતો.

સ્વીકાર સમાલોચના

૧ અધ્યાત્મકલ્પદ્રુમ—મૂળ કર્તા આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી. તેનો ગુજરાતીમાં સવિસ્તર વિવેચન સાથે અનુવાદ કરનાર ભાઇશ્રી મોતીચંદ ગિરધર કાપડિઆ સોલીસીટર. આ તેની ચોથી આવૃત્તિ પ્રકાશન કરનાર શ્રી મહાવીર વિદ્યાલય-મુંબઇ. કિંમત રૂા. ૬-૪-૦. મૂળ ગ્રંથ વૈરાગ્ય અને અધ્યાત્મની ઉચ્ચ કોટીનો અને તેના અનુવાદક પણ વિદ્વાન હતા તેથી રોચક, સરલ ગુજરાતી ભાષામાં આકર્ષક રીતે લખેલ હોવાથી જ તેની ચોથી આવૃત્તિ તે તે ગ્રંથની ઉપયોગિતા જણાવે છે. ખાસ પઠનપાઠન કરવા જેવો ગૃહના શૃંગારરૂપ આ ગ્રંથ નિરંતર માટે ઉપયોગી છે.

૨ હીર ચરિત્ર—રચયિતા શ્રી ભક્ત્યાનંદવિજયજી મહારાજ. ગદ્ય સંસ્કૃત ભાષામાં રચેલી પ્રતાકારે પ્રકટ થયેલ છે. અકબર જેવા મુગલ સમ્રાટને જેમણે પ્રતિબોધી અહિંસાનો ઝંડો ફરકાવ્યો હતો. ઐતિહાસિક આ ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રી હીર સ્વર્ગ સં. ૩૫૭ છપાયેલ છે તે ગમે તેવી રીતે બન્યું હોય પરંતુ સત્તરમા સૈકામાં આચાર્ય મહારાજનો સ્વર્ગવાસ થયો હતો તેમ ઇતિહાસ કહે છે.

૩ પ્રાચીન સજ્ઝાયમાળા—સંપાદક વિદ્વાન પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મહારાજના શિષ્યરત્ન મહિમાવિજયજી મહારાજ. પ્રકાશક જૈન સાહિત્ય પ્રચારણી સભા-પાલીતાણા આ એક જ બુક ૯૯ પ્રાચીન સજ્ઝાયોનો સંગ્રહ કરી સંપાદક મહારાજશ્રીએ અભ્યાસીઓની ખોટ પૂરી પાડી છે. આ રીતે પ્રાચીન પૂર્વાચાર્યોના સ્તવનોનો સંગ્રહ પણ થાય તો તેના જિજ્ઞાસુઓને સુખપાઠ પ્રતિક્રમણાદિ વગેરે ક્રિયાઓમાં બહુ જ ઉપયોગી થાય એમ અમો માનીએ છીએ. કિંમત રૂા. ૧-૪-૦. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

૪ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સાડત્રીસમો રિપોર્ટ અમોને મળ્યો છે. જૈન સમાજમાં હિંદમાં શિક્ષણમાં ઉત્તેજન માટે આ અનુપમ અજોડ સંસ્થા મુખ્ય છે. તેની જરૂરીયાત શ્રીમંત જૈન બંધુઓએ જરૂર પૂરી પાડવી જોઇએ. અમો તેનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

૫ શ્રી અશક્ત આશ્રમ-સુરતનો સં. ૧૯૯૧નો રિપોર્ટ અમોને મળ્યો છે. નિરાધાર મનુષ્યો-પ્રાણીઓને માટે અનુકંપા ધરાવનાર-પોષણ કરનાર આ સંસ્થા મુંબઇ ઇલાકામાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. વ્યવસ્થા, યોજના, અને કાર્યવાહકોની સેવા ધન્યવાદને પાત્ર છે. દરેક મનુષ્યને સહાયની જરૂર છે.

૬ सुभाषितरत्नभाण्डागारम्—આ ગ્રંથની આઠમી આવૃત્તિ હમણાં જ નિર્ણયસાગર પ્રેસ-(મુંબઈ) તરફથી પ્રકાશિત થઈ છે. આ ગ્રંથની આ "આઠમી આવૃત્તિ" છે, એ હકીકત જ તેની લોકપ્રિયતા અને ઉપયોગિતાને દર્શાવી આપે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-આ ચારે પુરુષાર્થો ઉપર લગભગ બાર હજાર સુભાષિત શ્લોકોનો આમાં સંગ્રહ છે. પ્રત્યેક ભાષાના સાહિત્યમાં સુભાષિતોનું સ્થાન પણ જુદું છે. સુભાષિતોની નાની નાની પંક્તિઓમાં પણ સમગ્ર જીવન ઉપર વ્યાપક અસર કરે તેવો અર્થ ભરેલો હોય છે. તેથી સુભાષિતો મન ઉપર ચમત્કારિક અસર કરે છે. પ્રસ્તુત ગ્રંથ કોઈ એક વ્યક્તિની રચના નથી કિન્તુ કાવ્ય અલંકારશાસ્ત્ર નાટક કથા, પુરાણ સ્મૃતિ વગેરે વગેરે વિવિધ વિષયક સાહિત્યરૂપી મહાસાગરમાંથી નિર્ણયસાગર પ્રેસના પંડિતોએ એકત્રિત કરેલા સંસ્કૃત સુભાષિત રત્નાકરનો ભંડાર છે. તેથી આ ગ્રંથની નવી નવી આવૃત્તિઓમાં ક્રમશઃ સુભાષિતોની વૃદ્ધિ જ થતી આવી છે. આ આઠમી આવૃત્તિમાં કેટલીક ખાસ જ મહત્ત્વની અને ઉપયોગી વિશિષ્ટતાઓ છે. તેના સંપાદક વિદ્વદ્વર્ય કાવ્યતીર્થ શ્રી નારાયણ રામ આચાર્ય કે જે નિર્ણયસાગર પ્રેસના પંડિત વિભાગમાં મુખ્ય પંડિત છે તેમણે આ આવૃત્તિમાં સાતમું (મળજું) પ્રકરણ નવું જ ઉમેર્યું છે. ઉપરાંત, એવા હજારો સુભાષિતો છે કે જે સાહિત્યમાં ઘણે સ્થળે નજરે પડે છે પણ જેના મૂળ સ્થાનનો કશો પત્તો જ નથી. પરંતુ આ આવૃત્તિમાં તેના સંપાદકે એવા સુભાષિતોના મૂળ સ્થાનો પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ મુદ્રિત-અમુદ્રિત સેંકડો પ્રાચીન ગ્રંથોને તપાસીને શોધી કાઢવા માટે યથાશક્ય ભગીરથ પ્રયત્ન ઉઠાવ્યો છે અને તેનું એક ખાસ પરિશિષ્ટ આપ્યું છે. એટલું જ નહિ, પણ તે તે મૂળ ગ્રંથોના કર્તા, તેનો સમય તથા માતા-પિતા આદિ બાબતોની માહિતી આપતું એક વિશિષ્ટ પરિશિષ્ટ પણ આમાં દાખલ કરવામાં આવેલું છે. તેથી referrenceની દૃષ્ટિએ પણ આ ગ્રંથ વિદ્વાનોને ઘણો ઉપયોગી છે. પૃષ્ઠ સંખ્યા ૬૫૪ છે. આ ગ્રંથના પ્રકાશનથી ભારતીય સાહિત્યરાશીમાં એક અમૂલ્ય ગ્રંથરત્નનો ઉમેરો થયો છે. એક વાત અહીં ખાસ નોંધવા જેવી છે કે આમાં જૈનગ્રંથોમાંથી ખાસ કોઈ સુભાષિત લેવામાં આવ્યું લાગતું નથી. અને તે સહજ જ છે, કારણ કે નિર્ણયસાગર પ્રેસના પંડિતોને જૈનસાહિત્યનો ખાસ પરિચય ન હોય. પરંતુ જૈનસાહિત્યમાં પણ હજારો સુંદર સુંદર સુભાષિતો ભરેલા છે, કારણ કે જૈન સાહિત્ય ખાસ કરીને સ્વ-પરકલ્યાણકારક ઉપદેશમય છે. કલિકાલ સર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર તો સુભાષિતમય જ છે. તે ઉપરાંત આગમો, ચરિત્રો, કાવ્યો વગેરે સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોમાં પણ હજારો સુભાષિતો ભરેલાં છે. તેમાંથી વીણી-વીણીને જો આ ઢબથી સંગ્રહ કરવામાં આવે તો ઘણો ઉત્તમ અને બેનમૂન સંગ્રહ તૈયાર થઈ શકે. પૂ૦ પં૦ શ્રી ચંદનવિજયજી મહારાજે તાજેતરમાં જ આવો એક સ્તુત્ય પ્રયત્ન કરીને એ દિશામાં એક સુંદર પગલું ભર્યું છે. તેમણે જૈન સુભાષિતસૂક્ત-સંગ્રહ નામનો એક ગ્રંથ હમણાં સંપાદિત કર્યો છે કે જેમાં જુદા જુદા ૧૪૫ વિષયો ઉપર બધાં મળી ૨૦૪૩ શ્લોકોનો સંગ્રહ છે. આ ગ્રંથ કેશરબાઈ જ્ઞાનમંદિર (પાટણ)થી પ્રગટ થયેલો છે. આમાં વધારીએ તો બીજા હજારો સુંદર સુભાષિતો ઉમેરી શકાય તેમ છે. આશા છે કે વિદ્વાન્ મુનિરાજો જૈન સાહિત્યમાંથી આવો સંગ્રહ કરતા રહે કે જેથી ભવિષ્યમાં મોટો ગ્રંથ તૈયાર થઈ શકે. અને આશા છે કે નિર્ણયસાગર પ્રેસ પણ નવમી આવૃત્તિ પ્રગટ કરતી વખતે જૈનસાહિત્યમાં રહેલા સુભાષિતરત્નોના ખજાનાને લક્ષમાં રાખે અને તેમાંથી ગ્રહણ કરે. એમ થશે તો સંગ્રહ ઘણો વ્યાપક અને સુંદર થશે.

મુ. યેવલા (જી. નાશિક) } મુનિરાજ શ્રી
સં. ૨૦૦૫ કાર્તિક શુ. સપ્તમી } ભુવનવિજયાન્તેવાસી
મુનિ જમ્બૂવિજય

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ચોપન રતલી કાગળો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર મુંબઈ પ્રેસમાં છપાયેલ છે. ઘણો જ મ્હોટો લાભ થયેલ હોવાથી તેમજ સખ્ત મોંઘવારી અને છાપખાનાના દરેક સાહિત્યના ભાવો વધતા જતાં હોવાથી આ પૂજ્ય આગમ ગ્રંથ હોવાથી ઘણા વર્ષો સુધી ટકી શકે, સચવાય અને જ્ઞાન ભંડારોના શણગારરૂપ બને તે દ્રષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

અગાઉથી ઘણા ગ્રાહકો નોંધાઈ ગયેલ છે. આવા વિદ્વત્તાપૂર્ણ આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતાં નથી જેથી જલદી નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું. લખો

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત–
શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર મૂળ.

(બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪.) (શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી)

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે જને સાઇઝમા છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકાર રૂા ૮) પોસ્ટેજ જુદુ **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ (ગ્રંથ) છપાય છે ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, પ્રાચીન કળાના દ્રષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરનાં વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇંડીંગ સાથે પ્રગટ થશે.

નમ્ર સૂચના.

આવતા માસના આત્માનંદ પ્રકાશમાં પ્રાય: અમારા માનવંતા સભાસદોને આ વર્ષે આપવાના ભેટના ગ્રંથો જાહેર ખબર આપવામાં આવશે. નવા થનારા લાઇફ મેમ્બરોને પણ તે ગ્રંથો ભેટ આપવાની વિચારણા ચાલી રહી છે.

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ફરીથી છપાવી શકાતું નથી.**

(શ્રી અમરચંદ્રાચાર્યકૃત)

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાચના રસ ઉત્પન્ન થાય, દ્રઢશ્રદ્ધા પ્રકરે, સહેલાઈથી મનન કરી કંઠાગ્ર થઈ શકે સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેનો આ ગ્રંથ છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખપૃષ્ઠ ઉપર

પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દરય-ફોટો છે, ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્યકૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના રંગના ફોટાઓ, પરમાત્માના ચરિત્રો, વચમા શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામા આવેલ છે. સુંદર બાઇંડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે કિંમત રૂા ૬-૦-૦ (પોસ્ટેજ જુદું.)

શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

શ્રી કથારત્નકોષ ગ્રંથ (અનુવાદ) (ભાગ ૧ લો)

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામા સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે આ ગ્રંથમા સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાચવા સાંભળવામા આવેલી જે જે ગુણો સાથે વર્ણવાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમા તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે, તેમ જ રાજકુળના પરિચયથી થતા લાભો, સત્પુરુષોનો માર્ગ, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે આકર્ષક વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિધિ વર્ણન, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ આપવામાં આવી છે. જે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે

મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમા આવેલી છે તેજ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે,

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમા વિવિધ રંગીન કવરજેકેટ મજબૂત બાઈંડીંગથી સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવના આવો ગ્રંથ હજી કોઇ પ્રગટ થયો નથી તેમ વાચતા માલમ પડશે કિંમત રૂા ૧૦–૦–૦ પોસ્ટેજ જુદું

જાહેર ખબર.

ઝાલાવાડ પ્રાંતમા લીંબડી શહેરથી પાંચ માઉ દૂર શિયાણી ગામ આવેલુ છે, જૂનકામાં તે જૈનોની બહોળી વસ્તુનું શહેર હશે તેમ તેના ભૂતકાળની શાક્ષી રૂપ સંપ્રતિ મહારાજાએ ભરાવેલ જિનાલયમા સાત બિંબ છે તે તેનો પુરાવો છે, તે કાળ પરિવર્તનથી જીર્ણ થઇ ગયેલ છે તેનો જીર્ણોદ્ધાર કરવાની જરૂરીયાત ઉભી થતાં સુરેન્દ્રનગર, લીંબડી, અને શીયાણીના અગ્રેસર જૈનોની એક કમીટી નીમાયેલી છે, નવું મંદિર તૈયાર થતા રૂપીયા પચાસ હજાર ખર્ચ થશે, તો દરેક શહેરમા શ્રીમંત જૈન બંધુઓ પોતાની લક્ષ્મી આ શીયાણીના નૂતન જૈન મંદિર માટે આપવા અમો ભલામણ કરીયે છીએ.

પત્ર વ્યવહાર અને નાણા મોકલવાનુ સ્થળ

શેઠ વ્રજલાલ ત્રિભુવનદાસ સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

Shri Atmanand Prakash

પુસ્તક ૫૦ મું. આત્મ સં. ૫૬ સંવત ૨૦૦૯.

અંક ૫ મો. તા ૧૫-૧૨-૫૨ માર્ગશિર્ષ

☆

Edited by
Shri Jain Atmanand Sabha
Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

અનુક્રમણિકા

૧ સામાન્ય જિન સ્તવન... ... . (પૂ આ શ્રી વિજયલબ્ધિસૂરિ) ૬૯
૨ અમેરિકાનો જૈનદર્શન શાસ્ત્રના અ૦ મુરારીલાલ્ નાગરને પત્ર ૭૦
૩ અતિત પ્રથમ પરમાત્મા કેવળજ્ઞાનીનુ સ્તવન સાર્થ .. ...(ડૅા વલ્લભ મ નેણશીભાઇ) ૭૧
૪ સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાના અવતરણો ... (પ્રો હીરાલાલ ર. કાપડીઆ એમ એ) ૭૪
૫ ગુરૂગુણ સ્તુતિ .. .. (સાહિત્યપ્રેમી મુનિશ્રી વિનયવિજયજી મ) ૭૫
૬ શ્રી અજિતનાથ જિન સ્તવન સાર્થ ... ... (પ મુનિશ્રી રામવિજયજીગણિ) ૭૬
૭ યતિધર્મ ... ... (શ્રી વસતલાલ કાન્તિલાલ ઇ૦ બી એ.) ૭૮
૮ શ્રી આદિનાથ ભગવાનની પ્રાર્થના .. .. (સ૦ ભગવાનભાઇ પ્રાગજીભાઇ) ૮૦
૯ પૂજ્ય જમ્બૂવિજયજી મ૦ અને નયચક્રમાર તથા જૈન સાહિત્યની અમેરિકન વિદ્વાને કરેલી પ્રશંસા ૮૧
૧૦ સદ્‌ગુણ પૂજન ... ... (અઠ્ઠાભાભા) ૮૪
૧૧ થાણામાં ઉપધાન .. .. (સભા) ૮૪
૧૨ સ્વીકાર સમાલોચના .. ... . (સભા) ૮૫

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સૂચના.

શ્રી ' આત્માનંદ પ્રકાશ ''ના ગ્રાહકોને પુસ્તક ૫૦ ૨૦૦૮ ના શ્રાવણથી ૨૦૦૯ ના અષાડ એક વર્ષની ભેટ આપવા માટે **શ્રી જ્ઞાનપ્રદીપ ત્રીજો ભાગ** તૈયાર થઇ ગયો છે પોસ માસથી આત્માનંદ પ્રકાશ માસીકના લવાજમના રૂા ૩) વસુલ કરવા માટે વી. પી પોસ્ટ ખર્ચના રૂા ૦-૧૦-૦ મળીને રૂા ૩ાાા નુ વી પી કરવામાં આવશે જેથી અમારા ગ્રાહકોને વી પી સ્વીકારી લેવા નમ્ર સુચના છે પ્રથમ પોસ્ટદ્વારા ખબર આપવામાં આવશે દર માસે માસિક રાખી વી પી. પાછુ વાળી જ્ઞાનખાતે નુકશાન ન કરવા નમ્ર સુચના છે લવાજમ તરત જ મોકલનાર બધુએ રૂા ૩-૪-૦ મોકલવાથી તે બુકપોસ્ટ કરી મોકલવામા આવશે, જેથી લવાજમ મોકલી આપનાર બધુને વી પી ના ખર્ચનો બચાવ થશે પોશ શુદ ૨ સુધીમા લવાજમ મોકલી આપવા સુચના છે અન્યૂ માટે કિમત રૂા ૨-૦-૦ (પોસ્ટેજ જુદુ)

જલદી મગાવો **શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)** ફરીથી છપાવી શકાતુ નથી

(શ્રી અમરચદ્રાચાર્યકૃત)

ધર્મકથાનુયોગમા શ્રી તીર્થંકર ભગવતોના ચરિત્ર જેમા આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાચન-મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાચતા રસ ઉત્પન્ન થાય, દૃઢશ્રદ્ધા પ્રકટે, સહેલાઇથી મનન કરી કઠાગ્ર થઇ શકે સક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે અને તેવો આ ગ્રથ છે સુદર સાદી, સરળ ગુજરાતીમા છપાવેલ છે અનેકવિવિધ કલરોના સુદર પરમાત્માના ફોટાઓ સાથે જીવનચરિત્ર, શ્રી હરિભદ્રસૂરિ મહાદેવ અષ્ટક, પરમાત્મ જ્યોતિ પચીશી તથા પરમાત્મ પચીશી તથા વીતરાગ સ્તોત્રના અર્થ સહિત અને સિદ્ધદિવાકરરચિત દ્વાત્રિંશિકા મૂલાર્થ સાથે આપવામા આવેલ છે સુદર બાઇડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રથ તૈયાર કરવામાં આવેલ છે કિમત રૂા ૬-૦-૦ (પોસ્ટેજ જુદુ)

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૯.	માગશર	પુસ્તક ૫૦ મું
વિક્રમ સં. ૨૦૦૯.	:: તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૫૨ ::	અંક ૫ મો.

સામાન્યજિન સ્તવન.

(રાગ—રાખીયા ર મણુહારા-લૈરવી)

જિનવરજી જપનેવાલા જિનભક્તિ રાખજે,
મોહતણાં તે ચાખે તારું જ્ઞાન લીધું છે ગમાઇ,
દમદમમાં ભવ સત્તર કરતાં દુઃખો ગણ્યા ન ગણાય,
જીવનમાં તું પ્યારા જિનજી ધ્યાવજે. જિનવરજી. ૧

વિકલેન્દ્રિયના ઘોર અંધારે, જિનજી નહિ જણાય,
કામ કરે તું વિનાશનાં જીવન એળે જાય;
માનવભવમાં જાપ જપી તું જિનજી ધ્યાવજે. જિનવરજી. ૨

પલ પલ મોહની ઠોકર ખાતાં, જિંદગી તેં છે ગમાઈ,
પ્રભુ ધ્યાનના તાર તંબુરે, ગાન અધ્યાતમ ગાઇ;
અંતરના અજવાળે તું જ્યોતિ જગાવજે. જિનવરજી. ૩

જિન શાસનના સુંદર નભમાં, જ્યોતિ ઝગમગ થાય,
વિશ્વ વિભુના વ્યાપક કિરણે, આતમ જ્યોત જગાય;
તેહતણા આધારે તું જિનજી ધ્યાવજે. જિનવરજી. ૪

મુક્તિતણા મારગડે જાવા, કરલે આત્મ કમાઇ,
ડગલે ડગલે સેવા સાધી, આત્મ કમલ સોહાઈ;
લબ્ધિસૂરિ ઉપદેશે તું, જિનજી ધ્યાવજે. જિનવરજી. ૫

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા-ખંભાત.

અમેરિકાથી દર્શનશાસ્ત્રોના અભ્યાસી મુરારીલાલ નાગરનો જૈન સાહિત્ય સંબંધી પત્ર

આદરણીય મુનિપ્રવરશ્રી જંબૂવિજયજી મહારાજ,
સાદર અભિનન્દન.

216, 3rd st S E,
Washington 3 D C
સપ્ટેમ્બર ૧૮, ૧૯૫૨

આપનો તા ૨૮ મીનો પત્ર યથાસમય મળ્યો હતો તે પહેલાં ઘરના સરનામે મોકલેલો અન્ય પત્ર મળ્યો હતો ઉત્તર આપવામાં વિલમ્બનુ કારણ એ જ છે કે અહીં આપનુ કાર્ય થઈ રહ્યુ હતુ અને મારી ઇચ્છા હતી કે કામ પતી ગયા પછી આપને પત્ર લખુ આપને એ જાણી પ્રસન્નતા થશે કે આપને પત્રદ્વારા અમે સૂચવેલ સમસ્ત પુસ્તકોની માઇક્રોફિલ્મ આપની સેવામા મોકલી દેવામા આવી છે અને આશા છે તે આપને યથાસમય મળી જશે

આપે ધન્યવાદના અમિત વચનો લખી અમને સર્વથા લજ્જિત કરી દીધા છે અમે જે કંઇ પણ કર્યું તે અમારુ કર્તવ્ય હતુ એક વ્યક્તિ પોતાનુ કર્તવ્યપાલન કરે એમાં ધન્યવાદ શાનો? અમે ગ્રંથાલયવ્યવસાયમાં છીએ ગ્રંથાલયોનુ એ સર્વપ્રથમ કર્તવ્ય છે ગ્રંથ અને એના અધ્યેતાનો પરસ્પર સમાગમ કરવો યદિ તેઓ કર્તવ્યનુ પાલન ન કરે તો તે આશ્ચર્ય ગણાય

ભારતના લોકોની–આપણા અંગસ્વરૂપ ભાઇઓની ચર્ચા શી કરીએ? અહીં પણ ઘણાખરા ભારતીય કહેવાતા લોકો મળી આવે છે અને તેમના વ્યવહારથી અમને પણ લજ્જિત થવુ પડે છે આપણી સંકુચિત વૃત્તિ અનુચિત છે આશા છે પ્રભુની કૃપાથી એ શીઘ્ર જ દૂર થઈ જશે અને જ્ઞાનસૂર્યનો પ્રકાશ બધા જ કશી બાધા વિના પ્રાપ્ત કરી શકશે.

કોંગ્રેસ ગ્રંથાલયના અધિકારીઓ વાસ્તવ પ્રશંસનીય છે એ ઉદાર છે અને અધ્યેતાઓને સર્વ પ્રકારની સહાયતા આપવા માટે સદા તત્પર રહે છે અહીંનો સંગ્રહ વસ્તુત અમૂલ્ય છે અમે પણ અહીં પોતાની સર્વ શક્તિઓ લગાવી કાર્ય કર્યું છે અમારા કાર્યથી અહીંના અધિકારી અત્યંત પ્રભાવિત થયા છે

આપના મિત્ર મુનિજીએ ગુજરાતીના ૨ પુસ્તકો (૪ પ્રત) મોકલ્યા હતા તે મળી ગયા છે મે એક એક એક પ્રત લાયબ્રેરીને આપી દીધી છે અને એક એક પોતાની પાસે રાખી છે એમને અમારા સાદર આભાર લખી દેશો અમે પણ લખીશુ આપ અહીં જે કંઇ પણ મોકલાવશો તેનો સારો ઉપયોગ થશે. સમ્બન્ધપરીક્ષા પણ વોલ્ટરને મળી ગઈ છે આપના ભેટ પુસ્તકોથી અહીંનો ગ્રંથાલય કૃતજ્ઞ છે

આપની સેવામાં જે પુસ્તકોનુ લીસ્ટ મોકલવામા આવ્યુ છે તે અમે મળીને જ પ્રસ્તુત કર્યું હતુ એમા દેવનાગરી લિપિમાં જે નામ લખ્યાં હતા તે મારા જ હાથમાં છે તે આપ કલ્પના કરી શક્યા હશો પ્રમાણવિનિશ્ચયની ટીકા જ્ઞાનશ્રીભદ્રની જ છે ધર્મોત્તરની ટીકા મળી નથી આ વસ્તુ વોલ્ટરે પોતાના પત્રમાં સર્વથા સ્પષ્ટ કરી દીધી છે આપ એ પત્ર પુન વાચશો પત્રના બીજા પાના ઉપર ઉપરના ભાગમા જ એ વિષય ઉલ્લિખિત છે અમારુ અહીંનુ ચીની એડીશન ક્યારે તો પેરીસનુ અનુકરણ કરે છે ક્યારે તો ટોકિયોનુ અનુકરણ કરે છે એમા પ્રમાણવિનિશ્ચયની એક જ ટીકા છે આ સબંધમા અમે વિશેષ તપાસ કરીશુ અમને એથી વધુ કંઇપણ પ્રસન્નતાનુ કારણ નહીં થશે કે આપને આપના અભિલષિત સમસ્ત ગ્રંથો પ્રાપ્ત થઇ જશે

પોઝીટીવ ફિલ્મ લેવામાં કશો પણ લાભ નથી નેગેટીવ વાચવામા વધારે સરળતા પડે છે ચીની એડીશન એટલુ સ્વચ્છ અને સુંદર છે કે એની માઇક્રોફિલ્મ બહુ જ સ્પષ્ટ આવી છે વોલ્ટરે એ જોઇ લીધી છે આપને એ વાચવામા કષ્ટ નહીં પડે.

પ્રોજેક્ટર અથવા રીડર અહીં ૧૦૦ ડોલરથી ૨૦૦ ડોલર સુધીમાં મળે છે આપ યદિ લખો તો એને મોકલવાની પણ વ્યવસ્થા કરી શકીએ છીએ

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી સ્તવન મધ્યે

પ્રથમ શ્રી કેવળજ્ઞાની જિન સ્તવન.

સ્પષ્ટાર્થ સાથે.

(સ. ડાકટર વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી)

અતીત સમયમા જે હુવા તીર્થપતિ ચોવીશ,
તસ ગુણ સ્તવી ભવિ ન લહો, સહજાતમ સુજગીશ. (૧)
શુદ્ધ ધ્યેય ધ્યાતાં લહે, ધર્મ શુકલ શુભ ધ્યાન;
પરમાતમ પૂરણ કળા, ભવિ નિજ સિદ્ધિ વિધાન. (૨)

નામે ગાજે પરમ આલ્હાદ,
પ્રગટે અનુભવ રસ આસ્વાદ;
તેથી થાયે મતિ સુપ્રસાદ,
સુણતાં ભાજે રે કાંઇ વિષય વિષાદ રે.
જિણંદા તાહરા નામથી મન ભીનો. ૧

સ્પષ્ટાર્થ:-જેના નામથી ભવિજીવોના હૃદયમા પરમ આલ્હાદ ગાજી રહે છે, ત્રણે ભુવનના જીવો સિદ્ધ સમાન પોતાનુ શુદ્ધ સ્વરૂપ નહીં જાણતાં સડણ, પડણ, વિધ્વંસણવાળા અપવિત્ર દેહમા પોતાપણુ જાણી, માની જન્મ, જરા, મરણાદિ આધિ વ્યાધિ અહંપણે ભોગવતા અને મિથ્યાત્વ, અવિરતિ પ્રમાદ, કષાયવશી કર્મબંધ કરતાને પ્રભુજી સિદ્ધ સમાન નિર્મળ જ્ઞાન, દર્શન, ચરણ વીર્યમય સ્વતંત્ર અજર, અમર, અક્ષય અનંત આનંદમય શુદ્ધાત્મસ્વરૂપ બનાવે, તે જ આત્મ, અનાત્મ લક્ષણ ભિન્ન સમજતા, રુચિ, પ્રતીત થતા, ભવિજીવોના હૃદયમા પરમાનંદ પ્રાપ્તિ થાય છે. વળી રાગાદિ દોષો મટી નિર્મલ શાશ્વત જ્ઞાન, દર્શન, ચરણ, વીર્યાદિ પોતાની અનંત શુદ્ધ શક્તિનો અનુભવ આસ્વાદ સ્વતંત્રપણે પ્રગટે છે એ જ પરમ આલ્હાદ ગાજે છે તારા વચન સાંભળતા વિષય અને કષાયોનો વિષાદ તાપ દૂર ભાગે અને પ્રશમતાનો આનંદ આવે જિનોના ઇંદ્ર સમાન શાસન નાયક તમારા નામથી મારુ મન આશ્ચર્ય પામે છે, મારુ મન પ્રભુના સ્યાદ્વાદામૃત વચન રસે ભીનુ છે (૧)

ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ,
અનંત પર્યાય નિવેશ,
જાણગ શક્તિ અશેષ,
તેહથી જાણુ રે કાંઇ સકલ વિશેષ રે
જિણંદા તારા નામથી મન ભીનો (૨).

ઉત્તર જેટલા અપેક્ષિત હશે તે હુ અહીં આપી દઇશ આપ કૃપયા થી જેટલીજી પાસે મોકલાવી દેશો

જેસલમેરના ગ્રંથોના લીસ્ટમા વિક્રમાંકચરિત છે અથવા નહીં તે લખવા કૃપા કરશો આપને એ તો વિદિત જ હશે કે મે એ ગ્રંથનુ સંપાદન કર્યુ છે અને તે પ્રિન્સેસ ઑફ વેલ્સ, સરસ્વતી ભવન ટેક્સ્ટ્સ સીરીઝમા ૮૨ સંખ્યા સાથે ૧૯૪૫ માં પ્રકાશિત થયો છે આ વિષયોમા મને જૈનભંડારોથી વિશેષ કરી પરમપૂજ્ય મુનિવર શ્રી પુણ્યવિજયજી મહારાજથી પર્યાપ્ત સહાયતા મળી હતી મે જેસલમેર, પાટણ તથા અમદાવાદના અનેક જૈનભંડારોથી લાભ ઉઠાવ્યો છે

અન્ય સર્વ કુશળ છે પત્રોત્તર આપશો *

લી આપનો સ્નેહી
મુરારિલાલ નાગર

---

* જે કોઇ પુસ્તક પ્રકાશન સંસ્થા કે મુનિવર્ય પોતાના પુસ્તકો ભેટ મોકલવાના હોય તે કોંગ્રેસ લાયબ્રેરીને ઉપરના સરનામે મોકલી આપવાથી જૈન સાહિત્યની કિંમત વધે છે

સ્પષ્ટાર્થ-આત્મ દ્રવ્યના પ્રદેશ લોકાકાશના અસંખ્યાતા પ્રદેશમા વિસ્તરી શકે છે, તે સ્વપ્રતિ પ્રદેશે જ્ઞાનાદિ અનંત ગુણોના છતી પર્યાયો અનંતાનંતા તિરોભાવે રહ્યા છે તે પારિણામિક ધર્મવડે ષટ ગુણ હાનિવૃદ્ધિપણે પર્યાયો દર સમયે સામર્થ્યપણે પરિણમી આપ આપણા કાર્યપણે ઉપ્તંતાએ આવી પરિણમે છે તેમા આવિર્ભાવપણે થયા જે જ્ઞાનપર્યાયો તે વડે રૂપી, અરૂપી સકલ જ્ઞેયની ત્રિકાલવર્તી દૂર, નિકટની સકલ પ્રવૃતિના જાણ છો માટે જાણવાપણાની શક્તિ અને વ્યક્તિ અશેષ છે એટલે અનંત દ્રવ્યના અનંત ક્ષેત્રના, અનંત કાલના અને અનંત ભાવના પ્રભુજી વિશેષ ગુણે કરી જ્ઞાતા છો તેથી કોઇ પણ જ્ઞેય તમારા જાણવામા બાકી રહેતો નથી (૨)

સર્વ પ્રમેય પ્રમાણ,
જસ કેવલનાણ પહાણ;
તિણે કેવલનાણી અભિહાણ,
જસ ધ્યાવે રે કોઇ મુનિવર ઝાણ રે.
જિણંદા (૩)

સ્પષ્ટાર્થઃ-સકલ પ્રમેય પ્રમાણ કહેતા પચાસ્તિકાય દ્રવ્ય છે તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ એક એક દ્રવ્ય છે અને જીવ પુદ્ગલ અનંતાનંત દ્રવ્ય છે અને ત્રિકાલના સમય અનંતા છે તેમાંથી કોઇ દ્રવ્ય વધે નહીં તેમ ઘટે પણ નહીં, એટલે નવો ઉપજે નહીં, પૂર્વનો નાશ થાય નહીં, વળી જે દ્રવ્યમા જે ગુણો છે તેમાથી કોઇ ગુણ પૂર્વનો નાશ થાય નહીં તેમ નવો ઉપજે પણ નહીં, અને જે દ્રવ્યમા જેટલા છતા પર્યાય છે તે પર્યાયોમાથી કોઇ પર્યાય વધે નહીં પર્યાય ઉત્પાદ વ્યયપણે પરિણમે પણ સત્તાએ જેટલા ગુણો અને જેટલા પર્યાયો છે તેટલાજ રહે જીવ દ્રવ્યના ગુણ પર્યાય જીવ કાર્ય કરે, અને પુદ્ગલ દ્રવ્યના ગુણ પર્યાય પુદ્ગલ કાર્ય કરે પણ કોઇ દ્રવ્ય અન્ય દ્રવ્યનાં કાર્યને કરે નહીં. જે વસ્તુનો જે સ્વભાવ હોય તેમાં જે પર્યાયની વ્યક્તિ જે સમયે આવવાની હોય તે જ સમયે આવે, પર્યાયો પોતાનો ક્રમ છોડે નહીં, વળી જેમા જે ભવિતવ્યતા હોય અગર જેને જેનો યોગ થવાનો હોય તેને તે યોગ થાય એ આદિ દ્રવ્ય ગુણ પર્યાય આપ આપણી મર્યાદા છોડે નહીં તેજ પ્રમેય કહીયે એમ સકલ પ્રમેયનુ પ્રમાણ કરનાર પ્રભુજીનુ પ્રધાન કેવલજ્ઞાન છે, તેથી જ પ્રભુજી તમારુ કેવલનાણી એવુ નામ છે જેને પ્રધાન મુનિઓ સદા મન વચન કાયાના યોગો સ્થિર રાખી ધ્યાનમાં ધ્યાય છે, એટલે તમારા શુદ્ધ ગુણો વારવાર સંભારી ધ્યાનાગ્નિ ધમી તુમ સરખા ગુણો આત્મઅંગમા અભેદપણે ધ્યાઇ કર્મરૂપી કાષ્ઠને પ્રજાળે છે (૩)

ધ્રુવ પરિણતિ છતિ જાસ,
પરિણતિ પરિણમે ત્રિક રાશ;
કરતા પદ પ્રવૃતિ પ્રકાશ,
અસ્તિ નાસ્તિ રે કાંઈ સર્વનો ભાસ રે.
જિણંદા (૪)

સ્પષ્ટાર્થ-તે કેવળજ્ઞાની અતીતકાલના પ્રથમ તીર્થંકરને ધ્રુવ પરિણતિ અસ્તિપણે છે તેજ પરિણતિ ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ ત્રણ રાશિપણે સર્વે સમય પરિણમે છે એટલે સર્વ સમય પૂર્વ પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનો ઉત્પાદ, એ સકલ સત્તાનુ ધ્રુવ પણ સર્વે દ્રવ્યમા હોય જો સર્વે સમય દ્રવ્યમાંહિ ઉત્પાદ, વ્યય, ધ્રુવતા ન માનીયે તો દ્રવ્ય પોતાના કાર્યની ક્રિયા કરે નહીં, તો શૂન્યપણુ થાય, માટે ઉત્પાદ, વ્યય, ધ્રુવપણુ સર્વે સમય માનવુ-તેથી પ્રભુજી પોતાના શુદ્ધાત્મ પદની પ્રવૃતિના પ્રકાશ કરવાવાળા છો, વળી સર્વે દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવપણે સદા અસ્તિ એટલે છતા છે અને પરદ્રવ્યના દ્રવ્યાદિકપણે કોઇ દ્રવ્ય થાય નહીં પરદ્રવ્યાદિક રૂપે ન થવુ એવો સ્વભાવ પણ પોતામાં અસ્તિપણે રહ્યો છે તેને જ નાસ્તિ સ્વભાવ કહીએ એમ અસ્તિ-નાસ્તિ આદિ વસ્તુના અનંત

સ્વભાવ સ્વકાલ સર્વે સમય તમારી જ્ઞાયકતામાં ભાસે છે.(૪)

સામાન્ય સ્વભાવનો બોધ,
કેવલ દર્શન શોધ;
સહકાર. અભાવે રોધ,
સમયંતર રે કાંઇ બોધ પ્રબોધ રે.
જિણંદા. (૫)

સ્પષ્ટાર્થઃ—સર્વે દ્રવ્યના અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય સ્વભાવનું જાણવું તેને દર્શન ગુણ કહીયે. તે દર્શન ગુણ તમારે પરમ પ્રગટ શુદ્ધ થયો છે. સામાન્યપણે વસ્તુની છતી જાણવામાં ઇંદ્રિયો તથા ચંદ્ર, સૂર્યાદિની સહાય જોઇતી નથી અને અરોધ કહેતાં તે દર્શન ગુણ રૂપી અરૂપી અનંત દ્રવ્ય જાણવામાં કોઇ ઠેકાણે રોકાતો રૂંધાતો નથી એટલે અસ્ખલિત કેવલ દર્શન ગુણ પ્રગટ થયો છે એટલે સામાન્ય, વિશેષ બોધ સમયાંતરે થયો છે પણ અખંડ સમય કેવલજ્ઞાન અને કેવલ દર્શન ઉપયોગ વર્તે છે. (૫)

કારક ચક્ર સમગ્ગ,
તે જ્ઞાયક ભાવ વિલગ્ગ;
પરમ ભાવ સંસગ્ગ,
એક રીતે રે કાંઇ થયો ગુણ વગ્ગ રે.
જિણંદા. (૬)

સ્પષ્ટાર્થઃ—જીવનમાં અનંત ગુણો છે, તે સર્વે સમય અનંત કાર્ય કરે છે. તે દરેક કાર્યના કારક ચક્ર ભિન્ન ભિન્ન છે, તે સર્વે કારક ચક્ર જ્ઞાન કારક ચક્ર સંબંધે વળગેલાં છે જ્ઞાન કારક ચક્ર ફરે તેમ દર્શનાદિ સર્વે આત્મકાર્યનાં કારક ચક્ર ફરે, તે જ્ઞાન કાર્યનાં કારક નીચે પ્રમાણે જાણવાં.

(૧) કર્તા કારક—તે જ્ઞાન કાર્યનો કર્તા પોતે આત્મા.

(૨) કાર્ય કારક—સ્વપર સ્વરૂપ ત્રિકાલ ભાવનું જાણવું તે જ્ઞાન કાર્ય.

(૩) કરણ કારક—જ્ઞાન કાર્યનું ઉપાદાન કારણ અસંખ્ય પ્રદેશે રહેલા જ્ઞાનના અનંતા છતી પર્યાય અને જ્ઞાન કાર્યનું નિમિત હોય.

(૪) સંપ્રદાન કારક—છતી પર્યાય સામર્થ્યપણે પ્રવર્તાવી, પોતેજ પોતાને અનંત બોધનું દાન આપે તે સ્વસંપદા દેવારૂપ સંપ્રદાન.

(૫) અપાદાન કારક—તેજ છતી પર્યાયો સામર્થ્યપણે પ્રવર્તાવી અબોધનો નાશ કરવો તે અપાદાન.

(૬) અધિકરણ કારક—સ્વઆત્મપ્રદેશમાં સ્વકાલ પ્રવૃતિ તે અધિકરણ

એમ અનંત ગુણોના અનંત કારક. ચક્ર જ્ઞાનાશ્રિત સમકાલે પ્રવર્તે છે તેથી અનંત ગુણોનો વર્ગ એક રીતે થયો એટલે પરમભાવને સંસર્ગે સર્વે ગુણો પ્રવર્તે. (૬)

ઇમ સાલંબન જિન ધ્યાન,
ભવિ સાધે તત્વ વિધાન;
લહે પૂર્ણાનંદ અમાન,
તેહથી થાયે રે કાંઇ શિવ ઇશાન રે.
જિણંદા. (૭)

સ્પષ્ટાર્થઃ—એમ પ્રભુજીના અવલંબને જે ભવિ શુદ્ધાત્મ ધ્યાન રાખી તત્વ વિધાન સાધે એટલે પ્રભુજીએ અનંત ગુણોના કારકચક્રો પોતાના જ કાર્યમાં પ્રવર્તાવી પૂર્ણ આત્મસિદ્ધિ કરી, તેમ મારે પણ આત્મસિદ્ધિરૂપ કાર્ય કરવું અગર એ જ પ્રમાણે આત્મસિદ્ધિ કરવા માટે પ્રભુજીએ કહ્યું તો મારે સર્વે ગુણો નિજાત્મ શુદ્ધ કાર્યમા પ્રવર્તાવવા એ જ પ્રભુનું આલંબન જાણવું. પ્રભુ આલંબન વિના અનાદિ અવિદ્યાવડે પુદ્ગલ દ્રવ્ય ગુણપર્યાયમા કાર્ય માની જ્ઞાન ગુણ તેમાં પ્રવર્તાવે છે એટલે પુદ્ગલ કાર્યમાં રોકે છે ત્યા જ અવરાય છે પણ શુદ્ધાત્મ ઉપયોગમાં પ્રવર્તાવતો નથી. તેમજ દર્શન ગુણ પણ પૌદ્ગલિક કાર્યમાં પ્રવર્તાવી શુભાશુભ અશુદ્ધ વિષયમા રોકે છે. તેમજ ચરણગુણ પણ પુદ્ગલના અનંત ગુણોમા (વિષયોમાં) પ્રવર્તાવે છે. કષાયોમાં મુંઝાય છે (મોહ પામે છે) વીર્ય ગુણ પણ પુદ્ગલના ગુણપર્યાયોમાં ફોરવી. ચલ મલિન અને પરતંત્ર કરે છે, એમ પોતાના અનંત ગુણો પરસંગે ચલ મલિન કરી

સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો

(લે પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ)

સિદ્ધસેન દિવાકરના નામથી અને એમની ઉન્નત અને અનુપમ કૃતિઓથી કોણ અજાણ્યું છે ! એમની કૃતિઓનો લાભ શ્વેતાંબર તેમજ દિગંબર ગ્રંથકારોએ પુષ્કળ પ્રમાણમાં લીધો છે. એની અનેકમુખી પ્રતિભાએ અજબ કાર્ય કર્યું છે. આમ તો એઓ શ્વેતામ્બર આચાર્ય છે, કેમ કે એની ઉપલબ્ધ દ્વાત્રિંશિકાઓમાં નીચે મુજબની બે હકીકત આવે છે, તે દિગંબરોને માન્ય નથીઃ—

(૧) ચમરેન્દ્રનો ઉત્પાત અને એણે લીધેલું ચરમજિનેશ્વર વીરનુ શરણ (દ્વાત્રિંશિકા ૨, શ્લો. ૩)

(૨) સંગમનો ઉપસર્ગ અને એનો વીરને હાથે પરાભવ (દ્વાત્રિંશિકા ૫, શ્લો. ૧૮).

આમ હોવા છતા એમની દ્વાત્રિંશિકાઓમાના પદ્યો તે, દિગંબરીય કૃતિઓમા પણ ઉધ્ધૃત કરાયેલાં જોવાય છે. એમના **સમ્મઈ–પયરણ** ઉપર તો સુમતિ ઉર્ફે સન્મતિ નામના દિગમ્બર આચાર્યે ટીકા પણ રચી છે. એ જો કોઇ સ્થળેથી પણ મળતી હોય તો એ સત્વર છપાવવી ઘટે

સિદ્ધસેન દિવાકરે બત્રીશ દ્વાત્રિંશિકાઓ રચ્યાનુ આજે હજારેક વર્ષોથી તો મનાતુ આવ્યુ છે પરંતુ ન્યાયાવતાર ઉપરાંત ૨૧ બત્રીસીઓ જ હજી સુધી તો મળી આવી છે.[1] પ્રસ્તુત લેખમાં તો હું ન્યાયાવતારને બાજુએ રાખી વિચાર કરીશ, કેમકે એ સિવાયની જે બત્રીસીઓ મળે છે. અને છપાઇ છે તેમાં અશુદ્ધિઓ છે. એ દૂર કરવાનો એક ઉપાય તે અવતરણો છે. આમ હોવાથી અત્યારે મને જે અવતરણો ખ્યાલમાં છે તે એકત્રિત કરી હું એ આપું છુ. અને સાથેસાથે એનાં સ્થળો જણાવું છું. (જેથી એના અર્થ પણ બેસાડવામાં સુગમતા રહે)

વળી વિશેષજ્ઞોને આ દિશામાં પોતાનો સમુચિત અને સબળ ફાળો આપવા હું વિનવું છું. દિગંબરીય આચાર્યોમાં દ્વાત્રિંશિકાઓનો ઉપયોગ કરનાર

---

૧ તત્ત્વાર્થસૂત્ર (અ. ૧, સૂ. ૧૦) ઉપર સિદ્ધસેન ગણિએ રચેલી ટીકા(પૃ. ૭૧)માં 'આચાર્ય સિદ્ધસેન કહે છે.' એવા ઉલ્લેખપૂર્વક જે પદ્ય અપાયું છે તે કોઇ ઉપલબ્ધ દ્વાત્રિંશિકામાં મળતું નથી. એનો વિષય જોતાં એ **પ્રમાણદ્વાત્રિંશિકા** જેવી કોઇ દ્વાત્રિંશિકાનું હશે. મને કેટલીક વખત થયા એમ ભાસે છે કે પૃ. ૭૧ માં મૂળ સ્થળ મે કૌંસમા ઉમેર્યુ" હતુ, પરંતુ કૌંસ છપાયા નથી.

સસારભ્રમણ કરતા દુઃખ પામે છે પણ જ્યારે જીવ પ્રભુ આલબની થાય ત્યારે સકલ કારક શુદ્ધ સ્વભાવ ધર્મમાં પ્રવર્તાવી સકલ દુઃખથી નિવર્તી પરમાનંદ પ્રગટ કરે છે. એમ પૂરો જેનો માપ નહીં એવો આત્યતિક આનદ પ્રગટ થાય છે એટલે આત્મા ઉપદ્રવરહિત પરમ નિર્વાણપદનો જરૂર સ્વામી થાય છે. (૭)

દાસ વિભાવ અપાય,
નાસે પ્રભુ સુપસાય;
જે તન્મયતાયે ધ્યાય,
સહી તેહને રે દેવચંદ્ર પદ થાય રે.
જિણંદા. (૮)

સ્પષ્ટાર્થઃ—હું પ્રભુનો દાસ તે પ્રભુના આલંબને નથી વર્ત્યો ત્યાં સુધી પરદ્રવ્યની મમતા આદિ વિભાવ અનેક પ્રકારનું દુઃખ દે છે. તે પ્રભુ આલંબને સકલ વિભાવ, દુઃખ, દોષ નાશ થાય માટે પ્રભુનો જ પસાય જાણવો. પ્રભુને તન્મયતાયે કહેતાં પ્રભુ જેમ રાગ, દ્વેષ આદિ તજી શુદ્ધ સ્વભાવાચરણમા સ્થિર થયા તેમ જે ભવિ રાગાદિ વિભાવ છોડી સહજાનંદ સ્વભાવમાં સ્થિર થઇ એટલે તન્મય થઈ ધ્યાય તે જરૂર સકલ દેવોમા ચંદ્ર સમાન શુદ્ધ સિદ્ધપદ પામે (૮)

સ્વાભાવિક રીતે થોડા જ હોય અને વસ્તુસ્થિતિ પણ તેમ જ છે એમ જણાય છે કે સૌથી પ્રથમ પૂજ્યપાદ ઉર્ફે દેવનન્દિએ તત્ત્વાર્થસૂત્ર (અ ૭, સૂ. ૧૩) ની ટીકા નામે સર્વાર્થસિદ્ધિમા એમણે નીચે મુજબનું અવતરણ આપ્યું છે—

આ પદ્ય ત્રીજી દ્વાત્રિંશિકાના સોળમા પદ્ય તરીકે જોવાય છે

"वियोजयति चासुभिर्न च वधेन संयुज्यते
शिवं च न परोपमर्दपुरुषस्मृतेर्विद्यते ।
वधाय नयमभ्युपैति च परान् न निघ्नन्नपि,
त्वयाऽयमतिदुर्गमः प्रथमहेतुरु(द्)द्योतित.॥"

પૂજ્યપાદ પછી થયેલા તત્ત્વાર્થ ટીકાકારોમા અકલંકનું નામ આગળ તરી આવે છે. તત્ત્વાર્થસૂત્ર (અ. ૮, સૂ ૧) ઉપરના એમના સ્વોપજ્ઞ તત્ત્વાર્થરાજવાર્તિક (પૃ ૨૯૫)માં નીચે પ્રમાણે અવતરણ છે—

"सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु
स्फुरन्ति याः काश्चन सूक्तसम्पदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता
जगत्प्रमाणं जिन ! वाक्यविप्रुषः ॥"

આ પહેલી દ્વાત્રિંશિકાનું ત્રીસમુ પદ્ય છે

તત્ત્વાર્થસૂત્ર (અ. ૭, સૂ. ૧૩ ?) ની તત્ત્વાર્થવાર્તિક ઉપરની સ્વોપજ્ઞ ટીકા (પૃ. ૨૭૫)મા દિગંબર અકલંકે નીચે મુજબનું અવતરણ આપ્યું છે.

"वियोजयति चासुभिर्न च वधेन संयुज्यते"

આ ત્રીજી દ્વાત્રિંશિકાના ઉપર્યુક્ત સોળમા પદ્યનુ પ્રથમ ચરણ છે.

અકલંક પછી થયેલા કોઈ દિગંબરીય વિદ્વાને એમની કોઈ કૃતિમા કોઈ દ્વાત્રિંશિકામાથી કોઈ પદ્ય ઉદ્ધૃત કર્યું હોય તો તેની નોંધ કરવી બાકી રહે છે.

આ પરિસ્થિતિમા હું શ્વેતાંબરીય કૃતિઓનો વિચાર કરું છું.

આચાર ઉપર કોઈકની ચુણ્ણિ છે એમા દ્વાત્રિંશિકાઓમાંથી પદ્યો અપાયાનુ આગમોદ્ધારક મને કહેતા હતા એ તપાસી જવાનુ હાલ તુરત તો મારાથી બને તેમ નથી

સૂયગડની ચુણ્ણિ (પત્ર ૫૬)મા જે નીચે મુજબનું અવતરણ છે તે બીજી દ્વાત્રિંશિકાનું અઢારમુ પદ્ય છે.–

"दग्धेन्धनः पुनरुपैति भवं प्रमथ्य
निर्वाणमप्यनवधारितभीरुनिष्ठम् ।
मुक्तः स्वयं कृतभवश्च परार्थशूर–
स्त्वच्छासनप्रतिहतेष्विह मोहराज्यम् ॥"

આચાર ઉપર શીલાંકસૂરિની ટીકા છે એમાં સુય૦ ૧ અ. ૫, ઉ ૧ ની ટીકા પત્ર ૨૦૯ મા આ જ અવતરણ છે. (ચાલુ).

ગુરુગુણસ્તુતિ.

મન્દાક્રાન્તા–

દીપાવ્યું છે જીવન જગતે, ત્યાગ ને સાધુવેષે, જેઓ જેણે સુભગ કર્મો, માન નહિ ક્રોધ લેશે.
આચાર્યોમાં શિખરસમ જે, શોભતા શાન્ત મૂર્ત્તિ જ્ઞાતાઓમાં વિજયવલ્લભે, કેળવી જ્ઞાન પૂર્ત્તિ.
બોધ્યા લાભો સકળ જનને, વિશ્વ વિદ્યાલયોના; સુરભાપુરી પુરણ કરશે, દેવના આશયોને
ભાવી આશા સફળ બનશે, લોકકલ્યાણકેરી; વિજેતાને વિજય મળશે, કીર્ત્તિ વાધી અનેરી.
દષ્ટે દૃષ્ટા વિરલ વીરની, છે કૃપા પૂર્ણ જેને, હર્ષે ભક્તો નમન કરતા, દેખતા જોઈ એને.
ભાખ્યું ભાવી સફળ નિવડયું, પ્રેમથી શુદ્ધ ભાવે; વન્દે પ્રેમે વિનય ચરણે, મહાપ્રભાવી ગુરુને.

રચયિતા—
સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી વિનયવિજયજી.

બીજા શ્રી અજિતનાથ ભગવાનનું સ્તવન અર્થ સહિત.

(લેખક—પન્યાસજી મુનિશ્રી રામવિજયજી ગણિવર્ય)

(ગતાંક પૃષ્ઠ ૬૪ થી શરૂ)

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો,
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદ ઘટા જેમ શિવસુત વાહન દાયજો
પ્રીતલડી બંધાણી રે૦ ૧.

ગાથાર્થ:—શ્રી અજિતનાથ જિનેશ્વરની સાથે અમારે પ્રીતિ બંધાણી છે એક ક્ષણ માત્ર પણ પ્રભુ વિના અમારા મનને ગોઠતું નથી પ્રભુ ઉપરના સ્નેહને લઇને અમારી ધ્યાનની તાળી પ્રભુ સન્મુખ લાગેલી છે જેમ મેઘની ઘટા મયૂર પક્ષીને આનંદ દાયક થાય તેવી યોજના ઘટાવવી

ભાવાર્થ—આ સંસારચક્રમાં પ્રીતિ બે પ્રકારની છે એક અપ્રશસ્ત (સંસારજન્ય ઉપાધિવાળી) અને બીજી પ્રશસ્ત (આત્માને સંસારની ઉપાધિથી મુક્ત કરાવનારી) તેમાં પ્રથમની પ્રીતિ સંસારની વૃદ્ધિ કરનારી છે વળી આત્માના જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ધનને લૂંટનારી છે આવી પ્રીતિની સામે એક પ્રશસ્ત પ્રીતિ છે તે સંસારને ઘટાડનારી જ્ઞાનાદિક ધનને અર્પણ કરનારી અને સંસારનું પરિભ્રમણ ઓછું કરનારી છે તેવી પ્રીતિ શ્રી અજિતનાથ પ્રભુ પ્રત્યે જોડાય તો આત્માને સાચું સુખ પરંપરાએ મળી શકે કર્તાપુરુષ કહે છે કે–અમને પ્રભુ વિના એક ક્ષણ માત્ર પણ ગોઠતું નથી અમારું ધ્યાન પ્રભુ પ્રત્યેના સ્નેહ તરફ એકાગ્ર થય છે ત્યાં દૃષ્ટાંત આપી ખૂલાસો કરે છે કે મેઘઘટા જેમ મયૂરને આનંદદાયક થાય તેમ (શિવસુતવાહન) એ શબ્દોનો અર્થ મયૂર થાય છે (એટલે શિવ કહેતા શંકર, તેનો સુત કહેતા પુત્ર કાર્તિકેય છે તેનું વાહન મોર છે તેથી શિવસુત વાહન એટલા શબ્દોથી મોર અર્થ કરવો મોરને મેઘની ઘટા ઘણી આનંદ દાયક થાય છે વળી મેઘ ગર્જના કરે ત્યારે તે પણ મધૂર સ્વરથી મીઠા આલાપો કરે છે આ દૃષ્ટાંતના ઉપનયમાં મેઘ જેવા પ્રભુ શ્રી બીજા તીર્થંકર અજિતનાથ ભગવાન જાણવા અને મોર સમાન શ્રદ્ધાળુ સુભક્ત જન જાણવા એવો ઉપનય-દૃષ્ટાંતદ્વારા સ્વયુક્તિસર અનુભવ જ્ઞાનદ્વારા ભક્તજને વિચારવો

નેહ ઘેલું મન મ્હારું રે પ્રભુ અળજે રહે,
તન મન તે કારણથી પ્રભુ મુજ જો;
મ્હારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો
પ્રીતલડી બંધાણી રે૦ ૨

ગાથાર્થ.—ઉપર કહેલી પ્રીતિના કારણથી તન, મન ધનપૂર્વક મુંઝાયેલું અને સ્નેહથી ગાંડું થયેલું મારું મન પ્રભુ પ્રત્યે વિનંતિ કરતું જ રહે છે મારે આધાર તો આપનો જ છે હે પ્રભુ! આપની આગળ અંતર્ગતની ગુપ્ત વાત પ્રગટ કરું છું

ભાવાર્થ—સંસારમાં એક સ્નેહ નામનો પદાર્થ છે તે અતિ આશ્ચર્યજનક છે તે સ્નેહ ન હોય તો સંસાર પક્ષમાં સાંસારિક વ્યવહાર ચાલે જ નહિ અને ધર્મ પક્ષમાં પ્રશસ્ત સ્નેહ ન હોય તો પણ ચાલે નહિ સંસાર પક્ષમાં સ્નેહ તે અપ્રશસ્ત છે, દુઃખજનક છે આરંભમાં મધુર અને પરિણામે દારુણ છે અને ધર્મ પક્ષનો સ્નેહ તે પ્રશસ્ત છે અને મોક્ષસ્થાનમાં લઇ જવામાં એક પરમ માર્ગ દર્શક બને છે આ ધર્મપક્ષનો સ્નેહ અમુક ગુણસ્થાનની હદ સુધી જ વર્તે છે, કારણ કે અપ્રશસ્ત અને પ્રશસ્ત રાગ સ્નેહરૂપ હોય છે અને તે બન્ને મોક્ષમાં અટકાયત કરે છે, પરંતુ અપ્રશસ્ત રાગને ઘટાડવામાં પ્રશસ્ત રાગ કારણભૂત બને છે તેટલા પૂરતો તેનો સંબંધ છે આ પ્રકરણમાં મુખ્ય દૃષ્ટાંત શ્રી ગૌતમસ્વામીનું પ્રશસ્ત રાગરૂપ છે જેમ રોગ યુક્ત માંદો માણસ મહેલ ઉપર ચડે ત્યારે લાકડીનો

ટેકો જોઈએ, પણ મહેલ ઉપર ચઢ્યા પછી લાકડીના ટેકાની જરૂર ન રહે જો પ્રશસ્ત અને અપ્રશસ્ત સ્નેહને સરખા ગણવામાં આવે તો પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભેદો પાડી શકાય નહીં કર્તા પુરુષ કહે છે કે–મે મારા તન મન ધન પ્રભુને અર્પણ કર્યા છે મારુ સર્વસ્વ તે પ્રભુ જ છે, તેથી આવુ સ્નેહ ભરેલુ થકુ પ્રભુની વિનતિ કરવુ મુઝાયુ જ રહે છે વળી એક વાત મારે સાચી છે કે–મારે તો આધાર પ્રભુ! આપનો જ છે આ વાત મારી ગુપ્ત દશાની છે તે આપ વિના બીજા કોને કહેવાય? મનની ગુપ્ત વાતના સ્થાન બે કહેવાય છે. પ્રથમ સ્થાનના વિચારમા આપણુ દુખ કાપી શકે તેને કહેવાય અને દુખ કાપવા સમર્થ ન હોય તો પણ આશ્વાસન આપે આ બન્ને સ્થાનો માટે પ્રભુ શ્રી અજિતનાથ ભગવાન યોગ્ય છે, માટે અંતર્ગતની વાત આપ વિના બીજાને કહેવી તે નિરર્થક છે

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો;
એના રે આચરણે કેમ કરી રહુ ?
બિરુદ તુમારુ તારણતરણ જહાજ જો.
પ્રીતલડી બંધાણી રે. ૩

ગાથાર્થ.–જગતની અંદર સાચા સાહેબ તેને જ જાણવા કે જે સાહેબ સેવકના કાર્યો સ્હેજ વાતમા સુધારી શકે, પરન્તુ આવા બેદરકારી ભરેલા આચરણથી હે પ્રભુ! હુ કેમ રહી શકુ? કારણ કે તમારુ બિરુદ તરવુ અને બીજાને તારવુ એવા બે પ્રકારના ગુણથી યુક્ત વહાણના દૃષ્ટાંતવાળુ છે

ભાવાર્થ:–સાહેબ જેવુ ઉપનામ અથવા બિરુદ અથવા તો પદ ધારણ કરવુ અને સેવકના કાર્ય સુધારી ન શકે તો આવા વિશેષણો નકામા થઇ પડે મે ઘણા કાળથી સેવક ભાવે રહીને પ્રીતિ અને ભક્તિના અનુષ્ઠાનોનુ પાલન કર્યું પણ તમારુ આચરણ મને સુધારવામા કારણભૂત ન થયુ આપે તે બાબતમા બેદરકારી રાખી મારી વાત લક્ષમા ન લીધી, તો પછી મારુ જીવન મારે કેવી રીતે વ્યતીત કરવુ. વળી આપનુ બિરુદ શક્રસ્તવ(નમુત્થુણં)માં [તિન્નાણં તારયાણં] એવા શબ્દોથી ઉપલબ્ધ છે જેમ કે વહાણ પોતે તરે અને આશ્રય લેનારને પણ તારે તો આવુ તારણતરણ [જહાજ] એ વિશેષણ યથાર્થ પ્રકાશમા મૂકવા માટે મારી ઉપરનુ જે દુર્લક્ષપણુ છે તેનો ત્યાગ કરવો જોઇએ મને તો એમ લાગે છે કે કેવળ મારા માટે જ આપ ઉપેક્ષા કરો છો, કારણ કે તીર્થની સ્થાપનામા ઘણા સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને તારી છે, તો પછી મને ફક્ત એકલાને તારવામા ઉપેક્ષાભાવ દૂર કરી મને હિતકર કાર્ય સધાવી આપો તેમા આપને કઈ નુકસાન નથી આપ તો "સવિ જીવ કરુ શાસનરસી" એવી ભાવ દયા યુક્ત છો, માટે મારી તરફની ઉપેક્ષા દૂર કરવી જોઇએ, તેથી આપનુ કહેવુ અને જગતના જીવોએ ગીયેનુ વિશેષણ સંપૂર્ણ શોભાના સ્થાનમા પ્રગતિ કરે એ વાત નિર્વિવાદરૂપ છે આ બધુ કવિનરરત્નનુ ઓલભારૂપ હોવાથી અને પ્રીતિ તથા ભક્તિ અનુષ્ઠાનને પુષ્ટિ કરતુ કથન સુસ્થાનમા છે

તારકતા તુજ માહેરે શ્રવણે સાંભળી,
તે ભણી આવ્યો છુ દીનદયાળ જો;
તુજ કરુણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણુ કહીએ જાણ આગળ કૃપાળ જો.
પ્રીતલડી બંધાણી રે. ૪

ગાથાર્થ.–હે પ્રભુ! "તારકતા" આપનામા છે એવુ કાને સાંભળીને તમારી તરફ હે દીનદયાળુ ભગવાન! હુ આવ્યો છુ તમારી કરુણાની લહેરથી મારા કાર્ય સિદ્ધ થાય હે દયાળુ પ્રભુ! જાણ આગળ શું ઘણુ કહેવુ?

ભાવાર્થ.–જગતની અંદર "તારક" હોય તે બીજાને તારી શકે પોતે તર્યા ન હોય એવા અન્ય દર્શનના હરિહરાદિ દેવો બીજાને તારી શકે નહિ આપણી તારકતા જૈન આગમોમાં મે મારા કાનથી

યતિધર્મ

શ્રી વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ બી. એ.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં સંવરના પ્રકારો ગણાવતાં ગુપ્તિસમિતિધર્માનુપ્રેક્ષાપરિષહજયચારિત્રૈ: લખ્યું છે એટલે કે ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય તે ચારિત્ર એ સંવરના પ્રકાર છે. આમાં ધર્મ એટલે દશયતિધર્મ ને ક્ષમા તે પહેલો યતિધર્મ છે.

સૌ કોઈ ક્ષમા આપી શકતું નથી. જેમ સૌ કોઈ ધ્રુવપ્રદેશમાં કેપ્ટન સ્કોટ જેમ જઈ શકતું નથી કે સૌ કોઈ લોખંડના કારખાનાના એન્ડ્રુઝ કાર્નેગી જેમ ખોની અબજોપતિ થઈ શકતું નથી. કોઈક જ ક્ષમાગુણ આત્મધર્મરૂપે પ્રકટાવી શકે છે. વિશ્વના અગણિત પાનોમાંથી થોડાક વિરલ જ એ ક્ષમાગુણનો વિશિષ્ટ અધિકાર પામે છે. તત્ત્વજ્ઞાનના ઊંડા હાર્દમાં પ્રવેશી ચારિત્ર્યભૂમિની જેઓ આરાધના કરે છે તેઓ જ ક્ષમાને આત્મધર્મરૂપે-સ્વાભાવિક ગુણરૂપે પ્રકટાવે છે.

ક્ષમાગુણ કેવી રીતે પ્રકટે તેની શાસ્ત્રમાન્ય થોડીક રીતો છે તેમાંથી એક આ રહી. કર્મવાદના અવિચલિત સત્યો માનવીની વિચારધારામાં પ્રકટ થાય છે, ત્યારે તેને ક્ષમા આપવાનું સૂઝે છે. કર્મવાદની વાસ્તવિક ગોઠવણીમાં પ્રત્યેક જીવાત્મા સાહજિકપણે સંડોવાયો છે. કર્મનો અચળ નિયમ છે કે-માનવીના સુખ-

---

સાંભળી છે. કલ્પસૂત્રાદિ ગ્રંથોમાં આપે જ્યારે તીર્થની સ્થાપના કરી ત્યારે કેવલજ્ઞાનથી સર્વ ભાવ જાણ્યા તે વખતે સમવસરણમાં બેસી ધર્મદેશના આપી ચતુર્વિધ સંઘના સમુદાયને તાર્યા. આ વાત દીવા જેવી પ્રત્યક્ષ છે તેથી હું આપની પાસે બીજા દેવોને છોડીને આવેલો છું. તમારી કરુણા નજર થાય તો મારાં કાર્યો સિદ્ધ થાય. આપની કરુણા નજર અમૃતરસથી ભરેલી છે. દૃષ્ટાંત તરીકે જણાવે છે કે-જેમ મયૂરની દૃષ્ટિ એકવાર પડે તો સર્પ જેવા આઠ કર્મ વિષથી જે ભરેલો છે તે ક્ષણમાત્ર પણ મારામાં સ્થાન ન કરે. આપ તો સર્વજ્ઞ છો ત્રણ લોકના ભાવો એક સમયમાં જાણો છો તો જાણ આગળ મારું સ્વરૂપ આપને જણાવવું તે ફોગટ છે. ઘણું શું કહેવું?

કરુણા દૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનોવાંછિત ફળીયા રે પ્રભુ આલંબને,
કરજોડીને મોહન કહે મન રંગ જો.
પ્રીતલડી બંધાણી રે. ૫

ગાથાર્થ:-આપે સેવક ઉપર કૃપાદૃષ્ટિ કરી અને ભક્તિના પ્રસંગથી ભવના ભયની ભ્રમણા ભાંગી ગઈ. આપના આલંબનથી મનવાંછિત ફળ્યા. મનમાં આનંદ પામીને હાથ જોડી કર્તા પુરુષ શ્રી મોહનવિજયજી આ પ્રમાણે કહે છે.

ભાવાર્થ:-અનાદિ કાળનો આપણો આત્મા ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. એક પણ એવી જાતિ નથી, વળી એક પણ એવી યોનિ નથી અને એક પણ આકાશપ્રદેશ નથી કે એક એક જાતિમાં, એક એક યોનિમાં અને એક એક આકાશપ્રદેશની સ્પર્શનામાં અનંત અનંતીવાર ભટકાવાપણું ન થયું હોય. તેવી રખડપટ્ટી અટકાવવામાં બે કારણ જોઈએ. એક તો આપની કરુણાદૃષ્ટિ અને બીજા કારણમાં મારી ભક્તિનો આદર. એમ આ બન્ને વસ્તુ મળે તો મનવાંછિત મોક્ષસુખ મળે. આજ તો આપના પસાયથી તમારી કરુણાદૃષ્ટિ મારા પર પડી અને બીજા કારણમાં મારી ભક્તિનો સંચાર પણ થયો. બન્ને વિશિષ્ટ કારણોનો મેળો થયો તેથી મારે જે વસ્તુ જોઈતી હતી અને મારું જે ધ્યેય હતું, મારી જે માગણી હતી તે સર્વ ફળીભૂત થઈ આપના આલંબનથી સર્વ કાર્ય સિદ્ધ થયું. મનના હર્ષપૂર્વક કવિવર શ્રી મોહનવિજયજી મહારાજ હાથ જોડીને કથન કરે છે, બોલે છે.

દુઃખનો આધાર પોતાના જ પૂર્વકૃત કર્મો છે ને બીજાઓ તો નિમિત્ત માત્ર છે જ્યારે કર્મવાદનુ આ સત્ય સમજાય છે ત્યારે વેર ને દુઃખ નિષ્કારણ લાગે છે ને સમભાવની મહત્તા સમજાય છે ભ૦ મહાવીરે ઉપસર્ગો કરતી કટપૂતના વ્યંતરીને વેરભાવ વાળી દુષ્ટ નારીરૂપે નહોતી જોઇ, પણ અન્યાય પામેલી પૂર્વભવની રાણીરૂપે જોઇ હતી. કર્મવાદ આ જ શીખવે છે કે તમારો શત્રુ એ કોઇ ક્રૂર દુષ્ટાત્મા નથી પણ એ તો ઘાયલ ને માંદો આત્મા છે તેનુ વેર તે તેના પૂર્વે થયેલા અન્યાયની નિશાની છે આવી કર્મવાદની વિચારણા તે તો કરુણાની સર્જનભૂમિ છે આથી જ જિસસ ક્રાઇસ્ટ ખૂની શિષ્ય જુડાસને પ્રેમનુ દૃઢ આલિંગન આપતા ને મહાત્મા ગાંધી ગળુ દબાવતા નોઆખલીના ગુંડાને પણ પ્રેમપૂર્ણ હાસ્યથી વધાવતા કર્મવાદની વિશાલ યોજના સમજવાથી ક્ષમા પ્રકટે છે

પૂર્વભવોની ક્ષતિઓ કર્મવાદદ્વારા વિચારી ક્ષમા પ્રકટાવવાની રીત છે તેવી આ ભવની ક્ષતિઓ વિચારીને પણ ક્ષમા વિકસાવવાની બીજી રીત શાસ્ત્રો આપે છે. તે રીત છે પોતાના દોષો જોતા શીખવાની કલહપ્રિય બને પક્ષો પરસ્પર દોષારોપણ કરે છે આવા એકપક્ષી દોષારોપણથી ચંદ્ર ને તારિકાઓની આ સુંદર સૃષ્ટિમા કાળી ચૌદસની ભયાનક રાત વ્યાપી ગઇ છે એકપક્ષી નહિ પણ દ્વિપક્ષી દૃષ્ટિ પણ જોઇએ પોતાના દોષો ખૂબ પોતાને સતાવે ત્યારે વિકાસની શક્યતા પ્રકટે વસ્ત્ર પર ધૂળના રજકણો ચોટે તો ગમે ત્યારે તે ખખેરી શકાય શરીર પર ધૂળના રજકણો ચોટે તો ગમે ત્યારે સ્નાન કરી લેવાય પણ આંખમા એકાદ પણ ધૂળની કણ જાય તો તત્ક્ષણે જ આકુળવ્યાકુળ થઈ તે કણ કાઢી નાખીએ છીએ દરેકનુ હૃદય વિક્રમાદિત્યના સિંહાસન જેવુ હોવુ જોઇએ એ સિંહાસન પર બેસનાર નાનો બાળક પણ સાચો ન્યાય આપી શકતો તેમ હૃદય એવુ હેતુ જોઇએ કે તેને પૂછીએ કે તરત જ પોતાનો વિરુદ્ધનો ચુકાદો હોય તો પણ ન્યાયસંગત રીતે આપે સ્વદોષોનુ આવુ નિષ્પક્ષપણે અન્વેષણ કરવાનો ક્ષમાનો ગુણ વિકસાવવામા અતિ જરૂરી છે પોતાના દોષો તરફ કેવી વલણ રાખવી તે માટે મહાન્ સંત રમણ મહર્ષિનો એક દાખલો મનનીય છે શ્રી રમણ અરુણાચલની એક ટેકરી પર જતાં હતા ત્યારે મધપૂડાને તેમનો સ્પર્શ થયો ને મધમાખીઓ ઊડવા માંડી એ મહાન્ સંતે વિચાર્યું કે મારી ભૂલથી મે મધમાખીઓને ક્ષુબ્ધ કરી છે તેથી શિક્ષા સહન કરીને જ ખસીશ મધમાખીઓએ તેમનુ શરીર ચાળણી જેવુ કર્યું, પછી જ તેઓ આગળ વધ્યા પોતાના દોષો માટે આવી શિક્ષા સહન કરતા આવડવુ જોઇએ પછી બીજાઓને ક્રોધ કરી શિક્ષા દેવાનો પ્રસંગ જ ઉપસ્થિત થતો નથી

ક્ષમા મેળવાની ત્રીજી શાસ્ત્રમાન્ય રીત પણ એ ન છે ક્રોધના દોષો વિચારવાથી ને ક્ષમાના ગુણો વિચારવાથી અપણી બુદ્ધિ કાયવાદી છે શિવાજીના ગુરુ રામદાસે કહેલુ ક્રાર્યારંભે દેવ એટલે કે કાર્યના આરંભે દેવ-પ્રભુનુ સ્મરણ કરો પણ આપણે સાનો દેવનો અર્થ પ્રભુ નહી પણ મરાઠી અર્થ દેવ એટલે આપો એમ કર્યો લાગે છે કાર્યના આરંભે જ આપો એમ સૌ માગીએ છીએ નામ સાવદાવાદી બુદ્ધિ આવી બુદ્ધિ છે તેથી જ ગીતામા ફળના લાભને બદલે ત્યાગનુ પણ ફળ શોધનારા આપણે થયા છીએ બુદ્ધિને જે કાર્યમા લાભનુ ફળ દેખાય કે તે કાર્ય કરવાની ક્ષમાથી શુ લાભ છે ને ક્રોધથી શુ નુકશાન થાય છે તે વિચારવુ આથી જ જરૂરનુ છે જે ગાઇ ખાય તે લોહી પરુના દુર્ગંધ મરાવરૂપે જેઓને શરીરે ફૂટી નીકળવુ તે ક્ષમાપુત્રનો કે જન્મોજન્મની વેરવૃત્તિ બતાવતો પાર્શ્વનાથ ભેદ માલીના પૂર્વભવોનો ઇતિહાસ ક્રોધના દોષો બતાવે છે ક્ષમાના ગુણો જોવા હોય તો નવલકથાકારોમા શ્રેષ્ઠ વિક્ટર હ્યુગોનુ "લા મીઝરેબલ" પુસ્તક વાચવુ તે નવલકથામા એક ક્રિશ્ચિયન ફાધર પોતાની ચાંદીની મીણબત્તીઓ ચોરી જનાર ખૂની કેદીને ક્ષમા આપે છે ને તે ક્ષમાની અમર કેદીને

કેવી મહાન નૈતિક ઊંચાઈ પર લઈ જાય છે તેનું વર્ણન છે આખરે એ ખૂની કેદી જન-વાલ-જીન મહાન્ સંત બને છે કૌટુંબિક ક્ષેત્રમાં ક્ષમાના ગુણો કેવી અસર કરે છે તે જોવું હોય તો બંગાલી નવલસમ્રાટ્ શરદબાબુની "સ્વામી" વાર્તા વાંચવી જોઈએ. સ્વામીનું પાત્ર કલેશમય કુટુંબ ને બેવફા સ્ત્રી પર પોતાની ક્ષમાદ્વારા કેવી પ્રેમ ને શાંતિનું આંદોલન પ્રસારે છે તે જોવા મળે છે. ક્ષમાના આવા આવા અનેક લાભો વિચારવાથી ક્ષમાનો પરિચય, બહુમાન ને રુચિ થાય ને દેવચંદ્રજી લખે છે તેમ "રુચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે હો લાલ."

લોકોનો બાળસ્વભાવ વિચારીને પણ ક્ષમા ગુણ વિકસાવી શકાય. નોબેલ પ્રાઈઝ વિજેતા બર્ટ્રાન્ડ રસેલ તેના "લોકમાનસ" પુસ્તકમા લખે છે કે

"Man does as much evil as he can and as much good as he must."

અર્થ: માનવી બીજાઓનુ પોતાનાથી બની શકે તેટલુ વધારેમાં વધારે ખરાબ કરે છે. લોકોનો આવો બાલસ્વભાવ છે. ક્રોસારોહણ વખતે જિસસ આથી જ બોલેલા "હે પિતા! તેઓને ક્ષમા આપજે, કારણ પોતે શું કરે છે તેની જ તેઓને ખબર નથી"

"They know not what they do"

આવો ક્ષમા ગુણ પ્રકટાવવાની અનેક રીતો છે. દરેકને કોઈ વિશિષ્ટ રીત પસંદ પડે છે. આજનું માનસશાસ્ત્ર ક્રોધને મુક્ત કરવા નિર્જીવ પદાર્થો પર દાઝ ઉતારવાનું કહે છે એટલે કે ક્રોધને ટીનના ડબ્બા પર કાંકરા ફેંકી કે તકિયા પર લાકડીઓ ફટકારી ઓછો કરવો. બે હજાર વર્ષ પહેલાં ગ્રીસનો મહાન્ ફિલસૂફ પ્લેટો ક્રોધ આવે ત્યારે બજારના ખૂણામા જઈ મૂંગો બેસી રહેતો ને કહેતો મૌન દ્વારા મારી અંદરના ક્રોધી માનવને શિક્ષા કરી રહ્યો છું! જ્યારે અમેરિકાનો પ્રમુખ લિંકન જેની પર ક્રોધ આવ્યો હોય તેને સખ્ત ભાષામાં પત્ર લખતો પણ એ પત્રને પોતના ટેબલના ખાનામા સાચવી રાખતો. ક્રોધ ઊતરે એટલે તે પત્ર ફાડી નાખતો. આ બધી ક્રોધ ઉતારવાની ઉપરછલ્લી રીતો છે. ક્ષમાગુણને આત્મધર્મ ને પતિ-ધર્મ રૂપે ખીલવવો હોય તો-કર્મવાદના અવિચલિત સત્યો સમજવા-સ્વહેલાવારોપણ કરવું ક્રોધના દોષો ને ક્ષમાના ગુણો વિચારવાને લોકનો બાળસ્વભાવ વિચારવો આમ જ્ઞાનીઓએ કહ્યુ છે

શ્રી આદીશ્વર ભગવાનની પ્રાર્થના. (રાગ ઠુમરી)

પ્રભુ! મને તારી એક જ ઓથ વહાલા! મુજ જીવનની અમી જ્યોત,
પ્રભુ મને તારી એક જ ઓથ!
સંસાર ખાલી, દુનિયા ખાલી, ખાલી પ્રેમળ મહેલ;
જ્ઞાન વિના શ્રદ્ધા ના જાગે, શ્રદ્ધા વિણુ ના પ્રેમ.
પ્રભુ મને તારી એક જ ઓથ!
સાગર[1] તરવા નૌકા બેઠો, તોફાન ચડ્યું પ્રચંડ;
પ્રભુ! તુજ નામનું નાવ મળે તો, સાગર પાર કરાય;
પ્રભુ મને તારી એક જ ઓથ!
અન્ય દેવને શું હું પૂજું? સાચો તું મહારાજ!
આદીશ્વર! તુજ ઓથ મળી ત્યાં, ભવનાશી બન્યો ભવાન;
પ્રભુ! મને તારી એક જ ઓથ!
વહાલા! મુજ જીવનની અમી જ્યોત, પ્રભુ મને તારી એક જ ઓથ.

સંઘવી ભવાનભાઈ પ્રાગજી

---

૧ સંસાર સાગર.

અમેરીકન પ્રોફેસર શ્રી ડેનીયલ ઇંગોલ્સે મુનિશ્રી જમ્બૂવિજયજી મહારાજની લીધેલી મુલાકાત આ સભા તરફથી છપાતો "નયચક્રસાર" અને અન્ય જૈન સાહિત્ય ગ્રંથો તેમજ અને જૈનદર્શનના અનુપમ જ્ઞાન, અસાધારણ વિદ્વતા અને ભાષાઓ સંબંધી નિષ્ણાતપણા માટે કૃપાળુ શ્રી જમ્બૂવિજયજી મહારાજશ્રીની મુક્તકંઠે કરેલી પ્રશંસા.

પાશ્ચાત્ય કેળવણી લોકોને દ્રવ્ય આપે છે : પૌર્વાત્ય કેળવણી લોકોને જ્ઞાન આપે છે.

પ્રોફેસર ડેનીઅલ એચ એચ ઇંગોલ્સ ચેઅરમેન, હારવર્ડ યુનિવર્સિટીની લાઇબ્રેરી, હિંદી વિભાગ, જેઓ સંસ્કૃત ભાષાના પ્રોફેસર અને દર્શનશાસ્ત્રના અભ્યાસી છે પોતાનો અભ્યાસ વધારવા માટે પુનાની ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં તેઓ આવી રહ્યા છે અને કેટલાએક શાસ્ત્રીઓની મદદથી તેઓએ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી છે અને હજુ પણ થોડો વખત ત્યાં તેઓ રોકાવાના છે તેઓ માહેબ પ્રથમ સન ૧૯૪૧ માં હિંદમાં આવેલા હતા અને તેઓ પૂનાના પ્રોફેસર ગોખલેના અંગત મિત્ર છે. જ્યારે મુનિમહારાજ શ્રી જમ્બૂવિજયજી માલેગામમાં ચાતુર્માસ રહેલા હતા ત્યારે પ્રોફેસર સાહેબ સાથે તેમનો પત્રવ્યવહાર શરૂ થયેલો હતો અને શ્રી ગોખલેની સાથે મુનિમહારાજનો ગાઢ પરિચય થએલો હોવાથી તેમની સલાહથી મુનિશ્રી જમ્બૂવિજયજીએ ડૉ. ઇંગોલ્સની લાયબ્રેરી માટે સૂયગડાંગસૂત્ર અને શાસ્ત્રવાર્તાસમુચ્ચય વિગેરે ગ્રંથો મોકલી આપ્યા હતા જે તેઓએ સ્વીકારી અત્યંત આદર પ્રદર્શિત કર્યો હતો જ્યારે ડૉ. ઇંગોલ્સ હિંદમાં પધાર્યા ત્યારે મુનિમહારાજશ્રી જમ્બૂવિજયજીની મુલાકાત લેવાની તેઓની ઇચ્છા થઇ ત્યારબાદ બન્ને પંડિતો વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો અને તા ૧૫ મી નવેમ્બરને દિને એરવાડામાં મુનિમહારાજને મળવા અને ધાર્મિક વિચારોની ચર્ચા કરવા માટે પ્રોફેસર ઇંગોલ્સ પધાર્યા

એરવાડાના જૈનમંધે સ્ટેશન ઉપર તેમનું ભવ્ય સ્વાગત કર્યું. શેઠ પોપટલાલ રૂપચંદને ત્યાં તેમને ઉતારો આપ્યો, તેમણે જૈન પદ્ધતિનું ભોજન કરી ઘણો સંતોષ બતાવ્યો મુનિમહારાજ શ્રી ભુવનવિજયજી અને શ્રી જમ્બૂવિજયજીના તેમણે દર્શન કર્યાં તેમની ચર્ચામાં રસ લેવા માટે માલેગામથી કેટલાએક બન્ધુઓ પધાર્યા હતા. મી ઇંગોલ્સ સંસ્કૃત ભાષા ઉપર સારો કાબૂ ધરાવે છે અને શ્રી જમ્બૂવિજયજી તો અસ્ખલિત સંસ્કૃતમાં સંભાષણ કરી શકે છે તેમજ મી. ઇંગોલ્સ સુલભ અને પ્રવાહી સુંદર ઇંગ્લીશ બોલી જતા તેથી પરસ્પરને સમજવામાં બન્ને પંડિતોને આનંદ આવતો હતો અને ખૂબ રસ પડતો હતો જરા પણ વખત ખોયા વગર ચર્ચા ચાલુ રહી હતી કલાકો નીકળી જતા હતા અને ચર્ચામાં રસ વધ્યે જતો હતો જૈન ધર્મની કર્મમીમાંસા ખૂબ ચર્ચાઇ હતી જીવ શી રીતે કર્મગ્રહણ કરે છે તેમજ તેના વિપાકો જન્માંતરોમાં શી રીતે ભોગવી લે છે તેમજ કર્મનો નાશ કરવાના કેવા માર્ગો જૈન શાસ્ત્રોમાં પ્રરૂપેલા છે વિગેરે જાણવાથી પ્રોફેસર સાહેબને ઘણો સંતોષ થયો હતો. તેમજ સાંખ્ય, વૈશેષિક, વેદાંત વિગેરે દર્શનોમાં અને જૈનદર્શનમાં કયાં ભેદ પડે છે અને જૈનદર્શન કેવી રીતે નિઃસંદેહ ઉકેલ આપે છે વિગેરે સિદ્ધાંતો ઉપર ચર્ચા ચાલી હતી. નયચક્રગ્રંથનો ઇતિહાસ નીકળતા શ્રી જમ્બૂવિજયજીએ તે કેવા પરિશ્રમો કરી કેવી સિદ્ધિ મેળવી છે એ બધું સમજાવી હાલમાં ચાલતું ગ્રંથ છપાઇતું કાર્ય તેમને બતાવ્યું હતું. એ ગ્રંથ જોતા તેમનો થોડો ભાગ વાંચતા તેમને ઘણો આનંદ થયો હતો એમજ એ ગ્રંથ માટે ઉપોદ્ઘાત તરીકે એક લેખ લખવાનું તેમણે કબૂલ કર્યું હતું. મી ઇંગોલ્સે શ્રી આબુના જૈન મંદિરો વિગેરેના દર્શન કરેલા છે. તેમને શત્રુંજય તીર્થના દર્શન કરવાની ભલામણ કરવામાં આવી હતી. શ્રી

આદીશ્વર દાદાનો તેમજ અંતરિક્ષ પાર્શ્વનાથનો ફોટો તેમને બતાવવામાં આવ્યો હતો તેમજ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિ અધર રહી છે વિગેરે હકીકત જણાવતાં તેઓને ઘણું આશ્ચર્ય થયું હતું ત્યારપછી અનેક ગ્રંથો તેમને બતાવવામાં આવ્યા હતા જે તેમણે રસપૂર્વક જોઈ અનેક ખુલાસાઓ મેળવ્યા હતા અને ખુલ્લા દિલે જણાવ્યું હતું કે-મુનિશ્રી જંબૂવિજયજીની મુલાકાત લીધા વિના તેઓ અમેરિકા ગયા હોત તો તેઓનું કાર્ય ઘણું જ અધૂરું રહી જાત જૈન મુનિઓની દિનચર્યા તેમજ તેમના આચારો વિગેરે વિષે તેમણે ઘણી માહિતી રસપૂર્વક મેળવી લીધી હતી એટલી શુદ્ધ અને નિર્દોષ પદ્ધતિ તેમણે ક્યાંઇ જોઇ ન હોવાને લીધે તેઓની ભાવના ઘણી જ પ્રદીપ્ત થઇ હતી પછી અહિંસાના સિદ્ધાંત ઉપર ખૂબ છીણવટથી ચર્ચા ચાલી હતી અને માંસભક્ષણનું ભયંકર સ્વરૂપ મુનિમહારાજે સમજાવ્યું હતું તેમજ અમેરિકા જ્યારે વિપુલ અનાજ પેદા કરી પરદેશમાં મોકલે છે ત્યારે અમેરિકા તો પૂરી અહિંસા પાળી શકે વિગેરે ચર્ચામાં મી. ઇંગોલ્સને ઘણો રસ પડ્યો

ત્યારબાદ રાતના ઘણી ચર્ચા ચાલી હતી તેમાં મુક્તિનું સ્વરૂપ કેવું છે? ત્યાં આત્માઓ કેવું વ્યક્તિત્વ ધરાવે છે? એ બાબત અદ્વૈત સિદ્ધાંત કેવો મત ધરાવે છે વિગેરે ચર્ચામાં સ્વર્ગ દેવલોક અને નારકી વિગેરે વિષે ખૂબ ચર્ચા ચાલી હતી મી ઇંગોલ્સ અનેક દર્શનોનું ખૂબ ઊંડું જ્ઞાન ધરાવે છે, તેને લીધે ચર્ચામાં સારો આનંદ આવ્યો હતો મુનિશ્રી જંબૂવિજયજીના દર્શનશાસ્ત્ર વિષયક તલસ્પર્શી જ્ઞાનનો શ્રોતાઓને ખૂબ પરિચય થયો હતો આવી ચર્ચાઓ ખૂબ ચાલે અને સાંભળવા મળે એવી દરેક શ્રોતાની ઉત્સુકતા વધી હતી વચમાંથી કેટલાએક બંધુઓએ પણ ચર્ચામાં પોતાનો સૂર પૂરાવ્યો હતો મોડી રાત સુધી ચર્ચા થયા પછી બધા વિખરાયા હતા

તા ૧૬ના દિને સવારમાં એવલાના સંઘ તરફથી એક સભાની યોજના કરવામાં આવી હતી જૈન બંધુ-બહેનો ઉપરાંત ગામના પ્રતિષ્ઠિત નાગરિકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું પ્રથમ શ્રી સુમતિલાલ પટણીએ પ્રોફેસર ઇંગોલ્સનું સ્વાગત કર્યું હતું પ્રોફેસરને સમજાય તે માટે તેઓ ઇંગ્લીશમાં બોલ્યા હતા પ્રોફેસર હિંદી સમજી શકે છે તેમજ તેઓ ચિની વિગેરે ભાષાના નિષ્ણાત છે બાદ શ્રી મોતીલાલ વીરચંદે ભાષણ કરતા આવા તત્ત્વજિજ્ઞાસુઓ માટે સારો આદર બતાવી તેમને સત્કાર કરી આપવાની આવશ્યકતા બતાવી અમેરિકા સાથે હિંદના પ્રેમના સંબંધો વધારવા ઉપર ભાર મૂક્યો હતો બાદ મુનિશ્રી જંબૂવિજયજીએ પ્રોફેસર સાથે શી રીતે સંબંધ જોડાયો એ કહી પ્રોફેસરની લાયકાત વિષે શ્રોતાઓને ખ્યાલ આપ્યો હતો બાદ શેઠ પોપટલાલ રૂપચંદને હસ્તે પ્રોફેસરને તિલક કરાવી શ્રીફળ આપ્યું હતું અને જૈનશાસ્ત્રના અપૂર્વ એવા ૨૧ ગ્રંથો ભેટ આપ્યા હતા, જેમાં શ્રમણ ભગવાન મહાવીર, શ્રી રત્નપ્રભવિજયજીવિરચિત ૮ ભાગ જે ઇંગ્લીશમાં છે, ઉત્તરાધ્યયનસૂત્ર, પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર તત્ત્વાર્થસૂત્ર સન્મતિતત્ત્વસોપાન, તત્ત્વન્યાયવિભાકર, સુબોધ વાણીપ્રકાશ, જૈનતર્કભાષા, યોગશાસ્ત્ર શ્રી હેમચંદ્ર જિનવાણી શ્રી હરિભદ્રાચાર્યવિરચિત ધર્મબિંદુ વિગેરે મુખ્ય ગ્રંથો ઉપરાંત શ્રી આદીશ્વર દાદા, શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ, શ્રી સિદ્ધિસૂરિ દાદા વિગેરેના ફોટાઓ ભેટ આપ્યા હતા ફોટાઓ ફ્રેમ કરી લાયબ્રેરીમાં મૂકીશ એવું વચન આપ્યું હતું ત્યારબાદ પ્રોફેસર ઇંગોલ્સે સંસ્કૃતમાં થોડા વાક્યો બોલી પોતાનું આખું ભાષણ ઇંગ્લીશમાં કર્યું હતું તેઓ કલકત્તામાં ૧૧ વર્ષ રહ્યા હતા અને હિંદ દેશનો અનુભવ મેળવ્યો જેમાં હાલમાં વધારો થયાનું તેમણે જણાવ્યું હતું પાશ્ચાત્ય કેળવણી લોકોને દ્રવ્ય અપાવે છે જ્યારે આત્મજ્ઞાનની પૌર્વાત્ય કેળવણી આત્મજ્ઞાન આપે છે, આપણે હવે નજીકમાં આવી ગયા છીએ ત્યારે આપણે પરસ્પરને જાણી લેવા જોઇએ મુખ્યત્વે કરીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધારવો જોઇએ સંસ્કૃત અને સંસ્કૃતિ છૂટા પાડી શકાય નહીં તમો લોકોમાં બીજા બધાઓ કરતા શ્રદ્ધાનું તત્ત્વ હું વધારે જોઉં છું. એ શ્રદ્ધાનો

તમોએ સારામાં સારો ઉપયોગ કરી લેવો જોઈએ પાશ્ચિમાત્યો અને પૌર્વાત્યો હવે જુદા રહી ચાલે તેમ નથી, પરસ્પરને ઓળખાણ આપ-લે કરવી જોઈએ જેથી પરસ્પર સ્નેહવૃદ્ધિ થશે તમોએ અપૂર્વ એવા ગ્રંથોની મને ભેટ કરી છે તેનો સારામાં સારો ઉપયોગ અમો કરીશુ ઘણી યુનિવર્સિટીમાં સંસ્કૃતના અભ્યાસી છે અને લાયબ્રેરીનો સારામાં સારો ઉપયોગ થાય છે. બધાઓએ બધી ફીલોસોફીનો અભ્યાસ કરવાથી જ સાચા તત્વની ગવેષણા થઈ શકે છે તમોએ મારુ અત્યંત ભાવપૂર્વક જે સ્વાગત કર્યું અને દરેક સગવડ પૂરી પાડી અમૂલ્ય ગ્રંથોની ભેટ આપી તે હુ કદી ભૂલીશ નહીં શ્રી જંબૂવિજયજીના અપૂર્વ જ્ઞાનની અને ભાવનાની ઊંડી અસર મારા ઉપર થઈ છે આ પ્રસંગો મારી હયાતી સુધી મને યાદ રહેશે શ્રી જંબૂવિજયજી પાસેથી મને ઘણુ નવુ જાણવા મળ્યુ છે વિગેરે વિવેચન કરી બધાઓને ઉપકાર માની પોતાનુ વક્તવ્ય પૂરુ કર્યું હતુ

બાદ માલેગામવાળા શ્રી બલચંદ હીરાચંદે પ્રસંગને ઉચિત કાવ્ય નવુ બનાવી ગાયુ હતુ ત્યાર પછી એનડાના એક જૈનેતર વકીલ મી બોમેરેએ એક ટૂંકુ ભાષણ કરી મી ઈંગોલ્સ માટે અને શ્રી જંબૂવિજયજી માટે સારા ઉદ્ગારો કહ્યા હતા બપોરે ડૉ ઈંગોલ્સ જૈનમંદિરમા ગયા હતા ત્યાં ઘણા વખત સુધી તેમણે અનેક જાતની માહિતી શ્રી જંબૂવિજયજી પાસેથી મેળવી હતી અનેક કથાઓ ભીંતો ઉપર ચિત્રિત કરેલી હોવાથી દરેક કથા એમણે રસપૂર્વક જાણી લીધી હતી ત્યારબાદ તેમનો ફોટો લેવામા આવ્યો હતો

પ્રૉફેસર ઈંગોલ્સની ઉમર ૪૫ વર્ષની છે ઊંચા પૂરા ને નિરોગી સ્વાસ્થ્ય ધરાવનારા અત્યંત શાંત નીગર્વી અને માયાળુ સ્વભાવના ગૃહસ્થ છે દરેક પ્રશ્નના જવાબ તેઓ શાંતિપૂર્વક આપતા હતા જૈન ભોજન તેમને માફક આવ્યુ હતુ મુનિ આગળ પલાંઠી વાળી નમ્રભાવે બેઠક લેતા હતા દરેક પ્રશ્ન ખંતપૂર્વક અને વિનયપૂર્વક પૂછતા હતા અને પોતાના જવાબો પણ શાંતિપૂર્વક આપતા હતા તેમના સહવાસમા આપણે પારકા ગૃહસ્થ સાથે બોલીએ છીએ એમ લાગતુ ન હતુ બે દિવસના સહવાસમા તેમણે બધાઓના દિલ જીતી લીધા હતાં બધાઓની સાથે ખુલ્લા દિલે વાત કરતા હતા બે દિવસના આખા વખતમાં તેઓ બોલતા જ રહ્યા હતા અને ખૂબ ખુશમિજાજમાં રવાના થયા હતા શ્રી જંબૂવિજયજી જેવા એક ૩૦ વર્ષની ઉમરના સાધુ કેવુ અપૂર્વ કાર્ય કરી બતાવી શકે છે, એનો એ નમૂનો હતો દ્વાદશારનયચક્ર ગ્રંથ તૈયાર કરવા ધારીએ તો એકાદ લાખ રૂપીયા ખર્ચી પણ આપણે સંતોષ મેળવી નહી શકીએ, એવો અદ્ભુત અને અમૂલ્ય ગ્રંથ કે જે આખા જગતના જ્ઞાની લોકોમા માન્યતા મેળવવા માટે સમર્થ છે એવો ગ્રંથ મુનિશ્રી જગતને ભેટ આપે છે એનુ મૂલ્યાંકન શબ્દોમા કરી શકાય જ નહિ.

મુનિશ્રી જંબૂવિજયજીની ભેટ લેવા માટે અને તેમનો સાક્ષાત્ પરિચય મેળવવા માટે એક જપાની અને એક જર્મન પંડિત આવવાના છે તેમજ જ્ઞાનની અને પાંડિત્યની સુવાસ દુનિયાના જ્ઞાનપિપાસુ જગતમા પ્રસરી રહેલી છે અને અમારી ખાત્રી છે કે અખંડ રીતે તે વધુ ને વધુ પ્રસરતી જશે અને જૈન ધર્મનુ ગૌરવ જગત આગળ મૂકવાને તે કારણભૂત થશે જગત આગળ જ્યારે જૈન તત્વજ્ઞાન તેના સાચા રૂપમા પ્રકટ થશે ત્યારે આખા જગતને સુખ શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ હાથ આવશે એમા શંકા નથી એ દિવસ નજીકના ભવિષ્યમાં ઊગે અને જૈન ધર્મનો ધ્વજ આખા જગત ઉપર પ્રસરે એ જ ઇચ્છા સાથે વિરમીએ છીએ *

* જૈનપત્રમાથી ઉદ્ધૃત (તા ૨૯-૧૧-૫૨)

કારી અને માગસર શુદિ બીજે મુનઈથી વિહાર કરી લાલનાડી, શિવ, ચિમ્બોર, ઘાટકોપર થઈ ભાડુપ પધાર્યા દરેક સ્થાને અપૂર્વ સત્કાર કરવામાં આવ્યો હતો.

મા. શુદિ ૫ મે ભાડુપમા આચાર્યશ્રીજીની આચાર્યપદવીનો શુભ દિવસ હોવાથી તે ઉજવવામાં આવ્યો હતો. આ શુભ પ્રસગે અ બાલાથી રાવસાહેબ, લાલા પ્યારાલાલજી જૈન વિમાનથી આવીને હાજર રહ્યા અને શ્રીફળોની પ્રભાવના કરી અત્રે બપોરે ધામધૂમથી પૂજા ભણાવવામા આવી આચાર્યશ્રી ચારેક વાગ્યે વિહાર કરી થાણા બહાર શેઠ રતિનાલ ભાઈની મીલમાં રહ્યા.

છઠના સવારે ધામધૂમથી થાણા નગરમા પ્રવેશ થયો. પ્રાય બે માઈલ સુધી આખું નગર શણગારવામાં આવ્યું હતું અને અપૂર્વ સત્કાર કરવામા આવ્યો હતો.

શ્રીમાન્ કલેક્ટર સાહેબ મી. ડી. જે. મદન પણ સામૈયામા પધારી શાસનની શોભા વધારી હતી અને આત્મ–વલ્લભ નગરમા તૈયાર કરેલ મંડપમા આચાર્યશ્રીજીના ઉપદેશામૃતનુ પાન કર્યું હતું.

ઉપધાન કરાવનાર શેઠ કેશરીમલજી તારાચદજી કૃષ્ણાજી તરફથી ૪૦૧) ની બોલીથી ઠનઠનાલસું સામૈયું કર્યું હતું.

દશમીના દિવસે શુભ મુહૂર્તમા આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ઉપધાન તપની ક્રિયા ઉપાધ્યાય સમુદ્રવિજયજી અને ઉપાધ્યાય પૂર્ણાનંદવિજયજીએ ઉત્સાહપૂર્વક કરાવી હતી.

જેમને કા વ સાતમ શનિવારે દાદરમા હજારોની માનવમેદનીમા દીક્ષા આપવામાં આવી હતી, તે મુનિરાજ શ્રી હરિહરવિજયજીને તથા જયવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી અને મુનિરાજ શ્રી હીંકારવિજયજી અને મુનિરાજ શ્રી જનકવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

તેરશના રોજ ઉપધાનમાં પ્રવેશ કરાવવાનુ બીજુ મૂહૂર્ત હતુ રાત્રે મળી લગભગ છસો ઉપર ભાવિકો ઉપધાન તપમા બેઠા છે, એમા ૭૫ પુરુષો છે.

મુબઈ આદિથી દરરોજ ભાવિકો દર્શનાર્થે આવ્યા કરે છે. ઉપધાન કરાવનાર શેઠ કેશરીમલજી તારાચદજી કૃષ્ણાજી આદિ સપરિવાર અને મુખ્ય આગેવાનો શેઠ રૂપચદજી ડાહ્યાભાઈ વિગેરે તેમજ મુંબઈના શેઠ ખીમજી છેડા, આદિ, તપસ્વીઓની ભક્તિમાં તલ્લીન થઈ રહ્યા છે.

ઉપધાન ચાલુ રહે ત્યા સુધી ભાવિકોને લાભ મળતો રહે તે માટે નિયમિત દરરોજ પૂજા, ભાવના, આંગી આદિ કાર્યો થતા રહેશે પ્રસિદ્ધ ગવૈયા પ્રાણસુખભાઈને રોકવામા આવ્યા છે.

" ગુરુ જયતિ "

પૂજ્ય મહાત્મા શ્રી મુળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ માગશર વદી ૬ ના રોજ હોવાથી શ્રી દાદા સાહેબ જિનાલયમા સવારે શ્રી પચપરમેષ્ટીની પૂજા ભણાવવા વગેરેથી ભક્તિ કરી દર વર્ષ મુજબ જયતિ ઉજવવામા આવી હતી તેમજ અંગરચના વગેરેથી ગુરુભક્તિ કરવામાં આવી હતી.

સ્વીકાર–સમાલોચના—

(આભાર સાથે)

" શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ રજત સ્મારક ગ્રંથ "

કોઈપણ સસ્થાનો રજત મહોત્સવ એ તેણે કરેલી સેવાનો હેવાલ છે. આ સસ્થાએ પચીશ વર્ષમાં જૈનશાસન–સઘની જે સેવા કરેલી છે તે તેના દર વર્ષે ઉજવાતા વાર્ષિક મહોત્સવ અને તેના પ્રગટ થતાં આ રજત અક રિપોર્ટ ઉપરથી પ્રશસાપાત્ર સેવા જોવાય છે. આવી સેવાસસ્થા દરેક શહેરોમા હોય તો જૈન સમાજ આજે અન્ય ધર્મોને અનુકરણીય જોવાત. આ રજત સ્મારક ગ્રથમાં આપેલ વિસ્તૃત કાર્યવાહીનું અવલોકન કરતા તે પ્રશસનીય અને સૌ કોઈને દૃષ્ટાતરૂપ હોવાથી સમાજના સાથ અને સહકાર અને તન મન અને ધનના સહાયની જરૂર યોગ્ય છે. તે માંહેની અનેક સેવાની પ્રવૃત્તિઓ વાચતા તેમણે

પચીશ વર્ષમાં જુદી જુદી રીતે ઘણી સેવાઓ કરી છે તેથી તેના કાર્યવાહકો અને કમીટીને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી. આ સંપૂર્ણ રિપોર્ટનું મનન કરનારને જૈન સમાજ-સંઘની સેવા કરવા માટે આ સંસ્થાએ એક ઉત્તમ દૃષ્ટાન્ત પૂરૂ પાડેલ છે અમદાવાદ શહેર જે જૈનપુરી કહેવાય છે તે કહેવરાવવા માટે જે જે કારણો અને નિમિત્તો છે, તેમાં આ શાંતિચંદ્રસેવા સમાજની જૈન સંઘની જે સેવા કરે છે તે પણ અવશ્ય નિમિત્ત કારણ રૂપ છે આ સ્મારક ગ્રંથમાં પણ અમદાવાદ શહેરમાં ઇતિહાસની સંપાદકની નોંધ અને તેમાં જણાવેલા મંતવ્યો પણ જરૂરીયાતવાળા અમોને જણાયા છે વળી પૂજ્ય પંન્યાસજી વિદ્વાન શ્રી કનકવિજયજી મહારાજે સમગ્ર તીર્થનો ઇતિહાસ આપી ગ્રંથની સુંદરતામાં વૃદ્ધિ કરી છે કે જે પુસ્તક રૂપે સચિત્ર જુદો છપાવવા જેવો છે જુદા જુદા બંધુઓના લેખો પણ વાંચવા જેવા સાથે મુનિમહારાજાએ જે માર્ગદર્શન કરાવ્યુ છે તે તેમજ શરૂઆતમાં પૂજ્ય આચાર્યોશ્રીના આશિર્વાદો સંસ્થાની સેવાની પ્રશંસા સાથે ભાવિમાં ઉચ્ચ સ્થાને જવા માટે ચોક્કસ નિશાની છે આ સભા પણ આ સેવા સમાજ ભવિષ્યમાં વધારે વધારે પ્રગતિ સેવી પ્રતિષ્ઠિત અને ગૌરવવંત બની આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે આ સ્મારક ગ્રંથમાં તીર્થો, પૂજ્ય મુનિવરો અને અન્ય ચિત્રો વગેરેથી સુશોભીત અને સુસમૃદ્ધ બનાવવા માટે કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે, છેવટે આ સેવાસમાજ સંસ્થાને જ્યારે જ્યારે આ સભાનો સહકાર જોઇતો હશે તે તે વખતે યોગ્ય સહકાર આપવો તે પોતાનું કર્તવ્ય સમજે છે

૧ સુભાષિત રત્નભાંડાગારમ્-પ્રકાશક નિર્ણયસાગર પ્રેસ કિંમત રૂા ૧૨-૦-૦ આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં સુંદર સુભાષિતો જુદા જુદા વિષયો ઉપર આપેલા છે. ૭૦૫ પાનામાં સુશોભિત શાસ્ત્રી ટાઇપોમાં મજબુત કપડાની બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે તેની સમાલોચના ગયા માસના આત્માનંદ પ્રકાશમાં વિદ્વત્તાપૂર્ણ રીતે કૃપાળુ ગુરુદેવશ્રી જંબૂવિજયજી મહારાજે આપી છે તે વાંચી જવા વાચકોને ભલામણ છે.

૨ જિનેન્દ્ર સ્તવનમાળા-(નૂતન સ્તવન) આચાર્ય શ્રી વિજય ભુવનતિલક સૂરિમહારાજ-નવીન રાગોમાં સુંદર રીતે રચ્યો છે. કાન્તિલાલ માણેકલાલ શાહ જામનગર તરફથી ભેટ આપવામાં આવેલ છે

શ્રીમાન શેઠ ચિમનલાલ ડાહ્યાભાઇનો સ્વર્ગવાસ

શુમારે બાવન વર્ષની વયે ગઇ તા ૫-૧૨-૧૯૫૨ ના રોજ શેઠ સાહેબ ચિમનલાલભાઇ હૃદયના હુમલાના રોગથી મુંબઇમાં પંચત્વ પામ્યા છે. સંવત ૧૯૦૧ ની સાલમાં કપડવંજમાં તેઓનો જન્મ થયો હતો સાત ધોરણ સુધીનો માત્ર અભ્યાસ કરી ગણિત, આંકડા ગણતરી તથા યાંત્રિક શક્તિમાં તેઓ ખૂબ નિષ્ણાત હતા અન્યની મદદ વિના તેથી જ તેઓ પ્રથમ કાપડ, પછી નાણાની દલાલી અને ત્યારબાદ જગત મેન્યુફેક્ચરીંગ વર્કસ નામનું કારખાનું ખોલ્યું જે ભારતવર્ષમાં અજોડ છે જે એક જરમનના ભાગમાં ઇન્ડીયન સ્ટાન્ડર્ડ મેટર વર્કસ અને ચિત્રાલમાં આવેલી સુરમાની ધાતુની જે પ્રથમ શોધની ખાણનો ઉદ્યોગ શરૂ કર્યો હતો જેમાં સારી લક્ષ્મી સંપાદન કરી પ્રાપ્ત થયેલા ઉચ્ચ સંસ્કારોવડે દેવગુરુ ધર્મ આરાધના અને આત્માકલ્યાણ માટે લક્ષ્મીનો બહોળો સદ્વ્યય શરૂ કર્યો હતો તેઓ કર્તવ્યપરાયણ હોવા સાથે એક મ્હોટા ઉદ્યોગપતિ હતા કેટલાક વખત પહેલા આ સભાના માનવંતા પેટ્રન થયા હતા. શેઠ ચિમનલાલભાઇના સ્વર્ગવાસથી જૈન સમાજ અને આ સભાને તેમની ખોટ પડી છે તેઓના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ

સભાના માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને

અનુપમ-સુંદર સાહિત્ય ગ્રંથોની ભેટ.

(૨૦૦૯)

૧ અમારા માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરો અન્ય સભ્યોને નીચે જણાવેલા નંબર- ૧-૨-૩ ના ત્રણે ગ્રંથો સં. ૨૦૦૯ ની સાલ માટે નીચે જણાવ્યા પ્રમાણે ભેટ આપવાના છે.

૧ માનવંતા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને તે ત્રણે ગ્રંથો જેની કિંમત રૂા. ૧૦-૮-૦ છે તે માહ સુદ ૨ થી પોસ્ટેજ પુરતા વી. પી. થી ક્રમસર ભેટ મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા નમ્ર સુચના છે.

૨ બીજા વર્ગના લાઇફ મેમ્બરોને (તા. ૨૦-૭-૫૨ ના રોજ) મળેલ મેનેજીંગ કમીટીએ કરેલા ઠરાવ મુજબ (બે રૂપીયા ઉપરાંતની કિંમતના ગ્રંથોમાંથી બે રૂપીયા કમી કરવાને બદલે હવેથી) ત્રણ રૂપીયા કમી કરીને બાકીની કિંમતે ભેટ આપવાના છે, જેથી રૂા. ૪-૮-૦ માત્ર આપવાથી તે ત્રણે ગ્રંથો ભેટ મળશે.

નં. ૧ નો ગ્રંથ ભેટ જેની કિંમત રૂા: ૭-૮-૦ છે તે રૂા. ૪-૮-૦ માં ન લેવા ઇચ્છા હોય તેમણે અમોને તે ફાગણ સુદી ૨ સુધીમાં પત્રદ્વારા જણાવવાથી તેમની ઇચ્છા પ્રમાણે એટલે તે સિવાયનાં નંબર ૨-૩, વી. પી. પુરતા ખર્ચથી ભેટ મોકલવામાં આવશે. વાર્ષિક સભાસદોને માત્ર શ્રી નમસ્કાર મહામંત્ર ગ્રંથ માત્ર વી. પી. થી ભેટ મોકલવામાં આવશે.

---

૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોકપ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ગ્રંથ છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપો, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર છપાયેલ અનેક રંગોવાળા સુંદર ફોટાઓ અને અલંકૃત બાઇન્ડીંગ સાથે દાનવીર શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ ભીલવાળાના ફોટા અને ગ્રંથમાળા તરીકે પ્રગટ થશે. કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

૨. "જ્ઞાનપ્રદીપ ગ્રંથ" (ભાગ ત્રીજો).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય, ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. જે ધાર્મિક, સામાજિક, નૈતિક વિષયોથી પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ કસ્તુરસૂરિ મહારાજે સાદી અને સરલ ભાષામાં રચેલો છે. અને સુંદર કવર જેકેટથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

Reg, No. B. 314

૩. શ્રી નમસ્કાર મહામંત્ર.

ચૌદ પૂર્વના સારરૂપ જે પવિત્ર મંત્રના સ્મરણ, ધ્યાન, મનનના, નિરંતર અભ્યાસથી સાંસારિક દુઃખો દૂર થાય છે, શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરનારને વૈભવ લક્ષ્મી, આરોગ્ય સાંપડે છે. અને સ્વર્ગગતિ કે મોક્ષમાં જવા માટે અમૂલ્ય સાધન મહામંત્ર છે સંસારના સુખો અને આત્મકલ્યાણ માટે ઉચ્ચતમ વસ્તુ છે. જેના મૂળ ઇંગ્લીશ ભાષાના લેખક જૈન અને બૌદ્ધ દર્શનના પ્રખર અભ્યાસી છે, તે શ્રીયુત હરિસત્યભટ્ટાચાર્ય એમ. એ એ વિદ્વત્તાપૂર્ણ રીતે લખેલ નિબંધ, જેનો ગુજરાતી અનુવાદ સામળદાસ કોલેજના પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે એમ એ શુદ્ધ, સરલ, સાદી ભાષામા સુંદર અનુવાદ ગુજરાતીમા કરેલ છે.' વાચવા જેવો ગ્રંથ છે, સુંદર રીતે છપાયેલ છે કિંમત એક રૂપીઓ, પોસ્ટ જુદુ.

ભાવનગરના સર્વે સભાસદ બંધુઓએ સભામાંથી તેમના ભેટના પુસ્તકો મંગાવી લેવા-લઈ જવા નમ્ર સૂચના છે

આ વર્ષમા ફાગણ માસની આખર સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર સાહેબોને ત્રણે ગ્રંથો ભેટ આપવામાં આવશે. તે તારીખ સુધીમા નવા થનાર બીજા વર્ગના લાઈફ મેમ્બરોને ઉપર પ્રમાણે ધારા મુજબ ગ્રંથો ભેટ મળી શકશે. સ્થાનિક મેમ્બરને કશો ખર્ચ આપવાનો નથી.

માગશર વદી ૧૦ ના રોજ પ્રકટ થશે

શ્રી બૃહત્કલ્પસૂત્ર–છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

ઘણી નકલો લેવા માટે નામો નોંધાઇ ગયેલ છે મુનિરાજશ્રી તથા જ્ઞાનભંડારોના વહીવટ કરનાર મહાશયો, જેમણે પ્રથમ પાંચ ભાગ લીધેલા છે, તેમણે આ છઠ્ઠો ભાગ સત્વર મંગાવી લેવા વિનંતિ છે. ઘણી જુજ નકલો સિલિક છે આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે જેસલમેર, પાટણ વગેરે પ્રાચીન ભંડારોની અનેક હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ, પરિશિષ્ટો સાથે શ્લોકોનો સમન્વય કરી તે સર્વે પ્રતો માંહેની સર્વે નોંધ માહિતનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામા આપેલુ છે. સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષારશિરોમણિ, પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતી-પૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક તયાર કરેલ તેની પ્રસ્તાવના–ગ્રંથ પરિચય આ ભાગમા આપવામા આવેલ છે તે શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણક (પોશ દશમે) પ્રકટ થશે

વિદ્વાન પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રંથનુ અવલોકન કર્યા પછી પ્રશંશા કર્યા સિવાય રહેશે નહિ, આ પૂજ્ય આગમ ગ્રંથની સુંદરતા, શુદ્ધતા, અનુપમ છાપકામ અને વસ્તુસંકલના અપૂર્વ છે.

ઘણા ખર્ચે ઉંચા ટકાઉ લેઝર પેપર ફાર્મો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગરે મુંબઈ મુકામે છપાયેલ છે. સખ્ત મોંઘવારી અને છાપખાનાના દરેક સાહિત્યના ભાવો વધતા જતાં હોવા છતાં, આ પૂજ્ય આગમ ગ્રંથ વર્ષો સુધી ટકી શકે, અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમા સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

અગાઉથી ઘણા ગ્રાહકો નોંધાઈ ગયેલ છે. આવાં વિદ્વત્તાપૂર્ણ આગમો મોટો ખર્ચ કરી વારવાર છપાતાં નથી જેથી જલદી નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદુ.

લખો :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

Shri Atmanand Prakash

પુસ્તક ૫૦ મું.	આત્મ સં ૫૬	સંવત ૨૦૦૯.
અંક ૬ ઠ્ઠો.	તા ૧૩-૧-૫૩	પોષ

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર

અનુક્રમણિકા

૧ શ્રી ઉપધાન તપનું સ્તવન ... (લે. પૂ આ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) ૮૭
૨ દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણપ્રભુનું સ્તવન ... (સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ-મોરબી) ૮૮
૩ સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો ... (લે. હીરાલાલ ર કાપડીયા એમ એ) ૯૦
૪ મૃત્યુની ગાડી... ... ... (લે. પૂ મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી) ૯૨
૫ પ્રભુપ્રાર્થના ... ... (લે સંઘવી ભવાનભાઇ પ્રાગજી) ૯૩
૬ સહજ સમાધિ ... ... (સં. કમળા રતનચંદ સુતરીયા એમ. એ બી ટી) ૯૪
૭ હારવર્ડ યુનિવર્સિટીના મેનેજરના પત્રો ૯૫
૮ ખલિલ જીબ્રાનકૃત ... ... (લે. સંઘવી ભવાનભાઇ પ્રાગજી) ૯૯
૯ સિદ્ધરત્નરૂપ ... ... (લે. વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ બી. એ) ૧૦૧

સં. ૨૦૦૮ ની સાલનો રિપોર્ટ.

આ સભાની સર્વ કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ આ સાથે છે તે વાંચકો મનનપૂર્વક વાંચવા નમ્ર સૂચના છે.

આત્માનંદ પ્રકાશ માસિક.

હવે પછી સને ૧૯૫૩ જાનેવારી માસથી બાર માસ સુધી દર મહિનાની તા. ૧૭ મીના રોજ પ્રગટ થશે જેથી લેખક પૂજ્ય મુનિમહારાજાઓ અને મહાશય જૈન બધુઓ અને બ્હેનોએ ઇગ્રેજી મહિનો બેસતાં તેની પહેલી તારીખ સુધીમા પોતાના લેખો મોકલવા નમ્ર વિનંતિ છે.

શ્રી આત્માનંદ પ્રકાશના માનવંતા ગ્રાહકોને નમ્ર સુચના.

ગયા માગશર માસમા જણાવ્યા પ્રમાણે વાર્ષિક લવાજમ વસુલ કરવા **શ્રી જ્ઞાનપ્રદીપ ત્રીજો** ભાગ કિંમત રૂા બેની ભેટની બુક સાથે ગેરવલ્લે ન જાય માટે પોસ્ટ દ્વારા વી પી. થી મોકલાઇ ગયેલ છે. જે ગ્રાહક બધુઓએ વી. પી સ્વીકારી લવાજમ મોકલ્યું છે તેમનો આભાર માનવામાં આવે છે, અને બાર માસ માસિક રાખી, વી. પી પાછું વાળનાર ભાઈ હવે માસિક મોકલશો નહિં તેમ જણાવી વી પી પાછું વાળી નકામું જ્ઞાનખાતાને નુકસાન કરેન છે. જેથી જે ગ્રાહક બધુઓએ બાર માસ સુધી ગ્રાહક તરીકે રહી વી પી. પાછુ વાળનાર બધુ ગ્રાહકોએ લવાજમના પૈસા મોકલી ભેટની બુકો મંગાવી જ્ઞાનખાતાના દેવાદાર નહિ રહેવા નમ્ર સુચના છે.

સભાના માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને

અનુપમ-સુંદર સાહિત્ય ગ્રંથોની ભેટ.

(સં. ૨૦૦૯ ની સાલના ભેટના ત્રણ ગ્રંથો.)

૧ માનવંતા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના ત્રણે ગ્રંથો જેની કિંમત રૂા. ૧૦-૮-૦ છે તે માહ સુદ ૨ થી પોસ્ટેજ પુરતા વી. પી. થી ક્રમસર ભેટ મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા નમ્ર સુચના છે.

અનુસંધાન ટા. પા. ૩

શહીદ ભાઈ પ્રવીણચંદ્રને શોકાંજલિ

ગત તા. બીજી જાન્યુઆરી શુક્રવારના રોજ બપોરના પોલીસખાતાએ જે બેફામ લાઠીચાર્જ કર્યો, ટીયરગેસ છોડ્યો અને અમાનુષી ગોળીબાર કર્યો તેના પરિણામે આશાસ્પદ યુવાન અને નિર્દોષ કિશોર ભાઈ પ્રવીણચંદ્ર વર્ધમાન શાહનું ઓગણીશ વર્ષની વયે અવસાન થયું છે.

બીજે દિવસે શનિવારે નીકળેલ તેની સ્મશાન યાત્રામા હજારો સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો અને ભાઈ પ્રવીણચંદ્રની શહીદતને ભાવભરી અંજલિ અર્પી હતી સારાય સૌરાષ્ટ્રમા આ સમાચાર ફરી વળતાં હાહાકાર મચેલ અને સ્વર્ગસ્થના આત્માને શાન્તિ ઇચ્છી, નિષ્પક્ષ તપાસ-સમિતિની માગણી કરવામા આવેલ છે.

ભાવનગરના શ્રી સંઘની એક વિશાળ સભા તા. ૫-૧-૫૩ ને સોમવારના રોજ દેરાસર પાસેના ઉપાશ્રયમાં શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે મળતા નીચેનો શોકદર્શક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શેઠશ્રી ભોગીલાલભાઇએ આ હીચકારા અને ગોઝારા કૃત્યને વખોડી કાઢયું હતું અને સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી હતી.

ઠરાવ.

"તા. ૨-૧-૫૩ ના શુક્રવારના રોજ શહેર ભાવનગરમાં કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય તથા કોઈપણ જાતની ચેતવણી આપ્યા વગર પોલીસના હાથે ટીયર ગેસ, બેફામ લાઠીચાર્જ તથા ગોળીબાર કરવાનું જે હીચકારુ તથા અમાનુષી કૃત્ય કરવામાં આવ્યું છે તેની સામે આ જૈન સંઘની સભા પોતાનો સખ્ત રોષ વ્યક્ત કરે છે તેમજ ગોળીબારથી આપણા સંઘના એક આશાસ્પદ વિદ્યાર્થી ભાઈ પ્રવીણચંદ્ર વર્ધમાન શાહનુ દુઃખદ અવસાન થયેલ તે બદલ શ્રી જૈન સંઘની સભા દિલગીરી વ્યક્ત કરે છે અને તેમના કુટુંબી જનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે.

આ અમાનુષી તથા હીચકારા કૃત્યના માટે જવાબદાર માણસોની તપાસ માટે નિષ્પક્ષ તપાસ પંચ નીમવા અને તે કાર્ય માટે જે જવાબદાર હોય તેને પૂરતી નશીયત કરવા આ સભા સરકાર પાસે આગ્રહપૂર્વક માગણી કરે છે.

સ્વર્ગસ્થના આત્માને સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય તેમ આ સભા અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે છે."

બાદ સભાએ ઊભા થઇ બે મિનિટ પ્રાર્થના કરી સદ્ગતના આત્માની શાંતિ ઇચ્છી હતી

બાદ શહીદ પ્રવીણચંદ્રના સ્મારક માટે શેઠશ્રી ભોગીલાલભાઈએ પ્રસ્તાવ મૂકતાં તેને સારો આવકાર મળ્યો હતો. તરતજ ફંડ નોંધવામા આવ્યું હતું, જેમાં શેઠશ્રી ભોગીલાલભાઈએ રૂા. ૫૦૧) ભરી શરૂઆત કરી હતી અને તે સમયે જ રૂા. ૧૫૦૦) ઉપરાંતની રકમ નોંધાઇ ગઇ હતી આ સ્મારક ફંડમાથી મેટ્રીકમાં ભણતા જૈન વિદ્યાર્થી બંધુને સ્કોલરશીપ તથા પુસ્તક વિગેરેની મદદ આપવાનું નિર્ણિત કરવામાં આવ્યું ને તેના કાર્ય માટે એક કમિટી પણ નીમવામાં આવી

અમો સ્વર્ગસ્થ ભાઇ પ્રવીણચંદ્રના આત્માની સંપૂર્ણ શાંતિ ઇચ્છીએ છીએ.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૯. | પોષ | પુસ્તક ૫૦ મું.

વિક્રમ સં. ૨૦૦૯. | :: તા. ૧૩ મી જાન્યુઆરી ૧૯૫૩ :: | અંક ૬ ઠ્ઠો

શ્રી ઉપધાન તપનું સ્તવન.

(રાગ:—શ્યામળીયા સીંને ચાલો રે પાયે પડું છું)

તપ ઉપધાન અતિ સુખકારી રે, ભાવથી કરજો; શ્રી વીરવિભુનાં વચનો રે, ઉરમાં ધરજો.

(અંચલી૦)

વ્હાલાજી તપ એ સારું, થાય કર્મ જીવથી ન્યારું; એ શિવપુરનું છે બારું રે. ભાવથી. ૧
શ્રી મહાનિશીથ ઇમ ભાખે, એ તપ જે હૃદયે રાખે; તે શિવસુખનો રસ ચાખે રે. ભાવથી. ૨
નવકારતપ પહેલો જાણો, અષ્ટાદશ દિન પ્રમાણો; **ઇરિયાવહી** એમ વખાણો રે. ભાવથી. ૩
તપ સાડાબાર ઉપવાસો, ભિન્ન ભિન્ન નિત્ય પોસહ બાસો; હોય ગુરુચરણમાં વાસો રે. ભાવથી. ૪
ધન્યભાગ્ય જેહના જાગે, એ કિરિયામાં ચિત્ત લાગે, વસ દુઃખડાં સવિ દૂર ભાગે રે. ભાવથી. ૫
સુમતિ ગુપ્તિમાં રહેવું, નહિં કડવું કેણુ કાંઈ કહેવું; તો ટળશે જગનું વહેવું રે. ભાવથી. ૬
ચોથીયું **અરિહંતચેઇયાણું**, માન ચાર દિવસનું જાણું; છે અઢી ઉપવાસ પ્રમાણું રે. ભાવથી. ૭
છઠીયું સાત દિનનું જાણું, **પુક્ખરવરદી સિદ્ધાણું**-બુદ્ધાણું પાઠ સુખખાણું રે. ભાવથી. ૮
પુક્ખરવર બે ઉપવાસ, સિદ્ધાણુંના અઢી ખાસ; કરો કર્મ થાય જેમ નાસ રે. ભાવથી. ૯
એ તપ કરી પહેરો માળ, કરો મહોચ્છવ ઝાકઝમાળ; ટળે એહથી જગજંજાળ રે. ભાવથી. ૧૦
હોય **શક્રસ્તવ** ઉપધાન, પાંત્રીશ દિવસનું માન; સાડી ઓગણીસ વ્રત પ્રધાન રે. ભાવથી. ૧૧
ઉપધાન **લોગસ્સ** નામ, દિન અઠ્ઠાવીશ છે જામ; સાડાપંદર વ્રત તામ રે. ભાવથી. ૧૨
જે તપથી શ્રુત આરાધે, તે કેવળ કમલા સાધે; શુભ **આતમલબ્ધિ** લાધે રે. ભાવથી. ૧૩

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી સ્તવન મધ્યેના

દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણી પ્રભુનું સ્તવન.

સ્પષ્ટાર્થ સાથે.

(સ. ડોકટર વલ્લભદાસ નેણુસીભાઇ-મોરબી)

પ્રભુમું ચરણ પરમ ગુરુજિનના,
હંસ તે મુનિ જન મનના;
જ્ઞાની અનુભવ નંદન વનના,
ભોગી આનંદઘનના
મોરા સ્વામી હો તોરો ધ્યાન ધરીજે,
ધ્યાન ધરીજે હો સિદ્ધિ વરીજે;
અનુભવ અમૃત પીજે,
મોરા સ્વામી હો તોરો. ॥ ૧ ॥

સ્પષ્ટાર્થ:-ઘનઘાતીરૂપ કર્મશત્રુને જીત્યા અને કેવલજ્ઞાનાદિ ચાર અનંતા જેણે પ્રગટ કર્યા એવા નિર્વાણી પ્રભુ અતીત ચોવીશીના બીજા તીર્થંકર પરમગુરુના ચરણકમલને અગર શુદ્ધ સ્વભાવા ચરણને બહુ સન્માને પ્રણમે છે જેને મુનિજનો પોતાના મનરૂપ માનસરોવરમા હંસરૂપે રમાવે છે. હંસ જેમ દૂધથી પાણી ભિન્ન કરી દૂધ પીએ છે, તેમ પ્રભુ અનાત્મભાવના લક્ષણ ભિન્ન જાણી દર્શાવી, મુનિઓ પણ અનાત્મ લક્ષણોનો આદર તજાવી, શુદ્ધાત્મ લક્ષણમય શુદ્ધાત્મલક્ષ્યનો અનુભવ કરાવે છે વળી પ્રભુ આત્માની અનંત શુદ્ધ શક્તિરૂપ નંદનવનમા વસે છે અનંત ગુણોની સુવાસનામા મગ્ન-તૃપ્ત થઇ રહ્યા છે, એમ અનંત સ્વગુણ આનંદ સમકાલે ભોગવે છે તેથી આનંદઘન ભોગી એવા મારા નાથ વિભાવિક દુઃખથી છોડાવનાર અને પરમ નિવૃત્તિ સ્થાનક આનંદપુરીમા (શિવનગરીમાં) નિર્વાણ પદ(નિશ્ચલ પદ)ના દાતાર તમારુ જ ધ્યાન ધરિયે. જગવાસી જીવ પુદ્ગલ ધ્યાને અશુદ્ધ અધ્યવસાયે, અશુદ્ધ લેશ્યાએ, અશુદ્ધ ચેષ્ટાએ વિભાવમા પ્રીતિ કરાવી, જ્ઞાનાવરણાદિ કર્મ બાંધી દીન-દુઃખી, પરતંત્ર થઇ રહ્યા છે તે દેખી, હુ ભવભયથી ઉદ્વિગ્ન થયો પ્રભુનુ જ ધ્યાન કરુ એટલે પ્રભુની આજ્ઞા સમય માત્ર પણ ભૂલું નહીં, એ જિજ્ઞાસા છે તમારુ જ ધ્યાન ધરીયે તો સિદ્ધિ વરીયે માટે શુદ્ધાત્મ ગુણમા ઉપયોગ સ્થિર રાખવા અને સ્થિરતા વધારવારૂપ અનુભવ અમૃત પીએ. (૧)

સકલ પ્રદેશ સમા ગુણધારી,
નિજ નિજ કારજ કારી;
નિરાકાર અવગાહ ઉદારી,
શક્તિ સર્વ વિસ્તારી-મોરા. ॥ ૨ ॥

સ્પષ્ટાર્થ:-પ્રભુજીને અસંખ્યાત પ્રદેશે જ્ઞાનાદિ અનંત સ્વગુણો સરખા છે, કોઇ પ્રદેશે કોઇ પણ ગુણ અંશ માત્ર અધિકો ઓછો નથી. જેમ સોનાને સર્વ પ્રદેશે ભારે પીળાશ-ચીકાશાદિ સર્વ ગુણો સરખા છે તેમ શુદ્ધ દ્રવ્યને સર્વ પ્રદેશે ગુણો સરખા હોય છે તે દરેક ગુણો પોતપોતાનું કાર્ય સર્વ સમય નિરંતર કરે છે કોઈ ગુણની પ્રવૃત્તિ કોઈ સમય પણ રોકાતી નથી તેમ અન્ય દ્રવ્ય કોઈ દ્રવ્યના ગુણપર્યાય પ્રવાહને અટકાવી-રોકી શકતો નથી જેમ વર્ણ ગુણ ગંધ આદિ ગુણનુ કાર્ય કરતો નથી પણ વર્ણગુણ વર્ણપર્યાય પ્રવૃત્તિરૂપ જ કાર્ય કરે છે તેમ જ્ઞાનગુણ, દર્શનગુણ આદિ અન્ય ગુણનું કાર્ય કરતો નથી અર્થાત્ સર્વ ગુણો સર્વ સમય પોતપોતનુ કાર્ય કરે છે પણ સ્વજાતિ અન્ય ગુણ કે વિજાતી અન્યગુણનુ કાર્ય કોઇ ગુણ કોઇ સમયે પણ કરતો નથી એમ પારિણામિકતા ધર્મ જાણવો પ્રભુનુ અંગ નિરાકાર જ્ઞાપકરૂપ છે. પુદ્ગલો પેઠે વર્ણાદિ વીશ ગુણરૂપે અથવા તે માહેલા કોઇ રૂપે પણ નથી તેથી કલ્યાણકારી નિરાકાર અવગાહના છે અવગાહના તો આકાશપ્રદેશને રોકે તેને કહેવાય પ્રભુની અવગાહના વ્યવહારથી આકાશ-પ્રદેશમા કહેવાય, પણ નિશ્ચયથી તો પ્રભુ સ્વક્ષેત્રી છે,

પરક્ષેત્રી નથી જે પ્રદેશમાં સિદ્ધની અવગાહના છે તેજ પ્રદેશમા અજીવ પુદ્ગલ સ્કધો તથા નિગોદ રાશી શરીર વિગેરે અનેક દ્રવ્યો છે પણ સિદ્ધની અવગાહનાથી તે ક્ષેત્ર રોકાતું નથી પણ વ્યવહાર-નયથી વ્યવહારદષ્ટિને સમજવાને બદલે અવગાહના કહી પણ પરમનયે જીવ અનઅવગાહી છે. આત્મામાં અનંત ગુણોની અનત શક્તિ છે તે સર્વ શક્તિ સાંસારિક જીવોની પરભાવ અનુયાયીપણે રોકાઈ છે પણ પ્રભુજીએ તો સકલ પરભાવનો નાશ કરી ગુણ-ગણના અનંતાનંત પર્યાયની શક્તિ પ્રગટ કરી સ્વતત્રપણે વિસ્તારી છે. (૨)

ગુણ ગુણ પ્રતિપર્યાય અનંતા,
તે અભિલાપ્ય સ્વતંતા;
અનંત ગુણ નભિલાપી સંતા,
કાર્ય વ્યાપાર કરંતા-મોરા. ॥ ૩ ॥

સ્પષ્ટાર્થઃ-પ્રભુજીને અનતા ગુણો છે, તે ગુણ ગણ પ્રત્યે અનત પર્યાય પોતાને સ્વતત્ર છે. તેમાથી અનંતા પર્યાયો અથવા ધર્મો વચન આલાપમા આવી શકે એવા છે. તેને અભિલાપ્ય ધર્મ કહીએ અને તેથી અનંતગુણા વચન આલાપમા ન આવી શકે એવા અનભિલાપ્ય ધર્મ છે. તે અભિલાપ્ય અને અનભિલાપ્ય સર્વે ધર્મો આપઆપણું કાર્ય દર સમય કરે છે. વ્યાપાર કહેતાં તે સર્વે પર્યાયો કાર્ય કરવામાં પ્રવર્તે છે એ જ પ્રમાણે પચાસ્તિકાયમા અભિલાપ્ય ધર્મ અનંતા અને તેથી અનભિલાપ્ય ધર્મ અનતગુણા જાણવા (૩)

છતિ અવિભાગી, પર્યાય વ્યક્તે,
કારજ શક્તિ પ્રવર્તે;
તે વિશેષ સામર્થ્ય પ્રશક્તે,
ગુણ પરિણામ અભિવ્યક્તે-મોરા. ॥૪॥

સ્પષ્ટાર્થઃ-દ્રવ્યના પ્રત્યેક પ્રદેશે છતિ પર્યાય અનતા છે તે એક એક પર્યાય અવિભાગી છે એટલે તે પર્યાયનો કોઈ પ્રકારે વિભાગ થઈ શકે નહીં. તે પર્યાયો કાર્ય સન્મુખ પ્રવર્તવાથી, સામર્થ્યપણે થાય તેથી કાર્ય કરવાની શક્તિ પ્રવર્તે તે વિશેષ સ્વભાવ કહીયે તે વિશેષ ગુણોનુ સામર્થ્યપણું ભિન્ન ભિન્ન શક્તિવાળુ છે પણ જે જે ગુણનો જે જે પરિણામ તે તે ગુણ સન્મુખ પ્રવર્તી પ્રગટ થાય (૪)

નિર્વાણી પ્રભુ શુદ્ધ સ્વભાવી,
અક્ષય નિરાયુ અપાવી;
સ્યાદ્વાદી ધર્મ વિગત રાવી,
પૂરણ શક્તિ પ્રભાવી-મોરા ॥ ૫ ॥

સ્પષ્ટાર્થઃ-નિર્વાન પદને પામ્યા એવા નિર્વાણી પ્રભુના વિશેષ સ્વભાવ પૂર્ણ શુદ્ધ થયા છે તેથી તે નિગ્રંથ છે. સસારી જીવો ચાર ગતિમા આયુષ્યની સ્થિતિ સુધી રહે છે અને મરણાતે અન્ય સ્થાનકે જાય છે, પણ પ્રભુને તો સિદ્ધક્ષેત્ર છોડી અન્ય સ્થાનકે જવુ પડતુ નથી તેથી આયુષ્યને તાબે નથી પણ સાદિઅનત સ્થિતિ છે સકલ પાપ-દોષ રહિત પરમ પવિત્ર છે. નિશ્ચય સ્યાદ્વાદ સત્તાના ભોગી છે. પોતાની અનંત પર્યાય પ્રવૃત્તિ ચાલમા રાજ્ય કરતા રાજી છે સર્વે શક્તિ નિરાવરણ થઈ તેથી પૂર્ણ શક્તિ પ્રભાવવંત છે. (૫)

અચલ અખંડ સ્વગુણ આરામી,
અનંતાનંદ વીસરામી;
સકલ જીવ ખેદજ્ઞ સુસ્વામી,
નિકામગધી અકામી-મોરા ॥ ૬ ॥

સ્પષ્ટાર્થઃ-પ્રભુના અનત ગુણો ચલાચલ રહિત થયા ભાવવીર્ય પૂર્ણ ગુણોના અચલ-અક્ષય પ્રવર્ત્યું તેથી કોઈ ગુણ કે કોઇ પર્યાય, ખડાય, ઘસાય નહીં, સર્વે ગુણોના પર્યાયનો અખંડ પ્રવાહ વહે તેથી ગુણો કે પર્યાયો વ્યય પામે નહીં, એટલે સર્વે સમય ગુણો અને પર્યાયો કાયમ રહે પણ વિણશે-ખૂટે નહીં માત્ર આવિર્ભાવ, તિરોભાવ થયા કરે, પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ, સર્વ સમય થયા કરે પણ તે પર્યાયો સર્વ સમય છતિરૂપ કાયમ હોય માટે અહીંયા ધ્રુવ ગવેષ્યા છે. એવા નિર્મલ ગુણોમાં પ્રભુ એકાંતિક, આત્યંતિક આનદ ભોગવે છે એમ

સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો

(લે પ્રો હીરાલાલ ર. કાપડિયા એમ. એ)

(ગતાંક પૃ૪ થી ચાલુ)

અ-૬, ઉ. ૪ ની ટીકા (પત્ર ૨૨૬ આ) માંનું નિમ્નલિખિત અવતરણ આઠમી દ્વાત્રિંશિકાના પાંચમા ને ચોથા પદ્ય તરીકે નજરે પડે છે –

" अन्यैः स्वेच्छारचितानर्थविशेषान् श्रमेण विज्ञाय।

कृत्स्नं वाङ्मयमित इति खादत्यङ्गानि दर्पेण ॥

क्रीडनकर्मीश्वराणां कुक्षु (? कुं) टलावकसमानबालभ्यः।

शास्त्राण्यपि हास्यकथां लघुतां वा क्षुल्लको नयति ॥"

છપાયેલી દ્વાત્રિંશિકામાં "समानबालेभ्यः" એવો પાઠભેદ છે.

સૂયગડ ઉપર પણ શીલાંકસૂરિની ટીકા છે.

અનંત આનંદમાં વિશ્રામ લીધો છે. પ્રભુ સર્વે સંસારી જીવોના ભેદજ્ઞ છે એટલે સર્વે જીવો પોતાની સત્તાએ સિદ્ધ સમાન છે તે પણ અનાદિ અવિદ્યાએ આત્મશુદ્ધતા અનુગત્વના દેહાદિ અસ્થિર અને પરતંત્ર પુદ્ગલ પર્યાયની મમતાએ જન્મ, જરા–મરણ–રોગ–શોક–કષ્ટ-અજ્ઞાન–મિથ્યાત્વાદિક ક્લેશિત પરતંત્રતાવડે ક્ષણમાત્ર પણ વિરામ પામતા નથી એવા ખેદયુક્ત જીવોને દેખી પ્રભુ તેમનો ખેદ ટાળવા માટે શુદ્ધ નયે શુદ્ધ સ્વરૂપ દર્શાવી, આઠે કર્મજન્ય દુઃખથી મૂકાવા અર્થે ભવ્યોને મોક્ષમાર્ગમાં પ્રેરે–પ્રેરાવે છે તેથી ખેદજ્ઞ છે. નિશ્ચય નયથી પ્રભુ કોઇ અન્ય દ્રવ્યના સ્વામી નથી પણ સુસ્વામી એટલે પોતાના જ્ઞાનાદિ અનંતગુણ પર્યાયના સ્વામી છે વ્યવહાર નયની પોતાની આજ્ઞાના પાલક સેવકોને ચાર ગતિ-ભ્રમણથી ઉગારે અને દર્શન ચરણ, અનંતવીર્ય, અવ્યાબાધાદિ સ્વતંત્ર સુખ આપે, માટે સુસ્વામી કહેવા રૂપાસ્વામી છે અશુચિ પુદ્ગલની ગ્રથરહિત અને અન્ય કોઈ પણ વસ્તુના કામી નથી. કામના તો અધૂરાને હોય અને પરમેશ્વર તો પરમગુણી પૂર્ણાનંદીને કોઈ પ્રકારની કામના રહી નથી (૬)

નિઃસંગી સેવનથી પ્રગટે,
પૂર્ણાનંદી ઇહા;
સાધન શક્તે ગુણ એકત્વે,
સીધે સાધ્ય સમીહા. મોરા ॥ ૭ ॥

સ્પષ્ટાર્થઃ–એવા નિઃસંગી કહેતાં સકલ પરદ્રવ્ય સંગ રહિત સહજ સ્વભાવાનંદી પ્રભુની દ્રવ્ય-ભાવ-સેવા કરનારને પૂર્ણાનંદ કરવાવાળી શુદ્ધ તત્વરુચિ પ્રગટ થાય. તે તત્વરુચિ ઉપયોગથી આત્મશક્તિ વીર્ય પ્રગટ થઇ પૂર્ણાનંદ પ્રગટ થાય. સાધન શક્તિવડે પરિણતિ ગુણથી અભેદ કરે એટલે પરપરિણતિ ત્યાગી સાધ્ય સિદ્ધ કરવાની જે ઇચ્છા હતી તે પૂર્ણ સાધ્ય સિદ્ધ કરે એટલે સિદ્ધતા પામે. (૭)

પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને,
સાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એકતાને,
પહોંચે પૂરણ થાને. મોરા ॥ ૮ ॥

સ્પષ્ટાર્થઃ–પ્રભુજી! તમે મોક્ષાભિલાષીને પુષ્ટ આલંબન છો એટલે જેમ પ્રભુએ જ્ઞાન-દર્શન–ચરણ–વીર્યાદિ આત્મગુણો પૌદ્ગલિક કાર્યમાંથી પાછા વાળી સહજાત્મ કાર્યમાં જોડ્યા, અને ભવ્ય જીવોને સર્વે શક્તિ સહજાત્મમાર્ગમાં પ્રયુંજવા દર્શાવી એ બન્ને પ્રકારે પ્રભુનું આલંબન લઇને વર્તે તે આખરે નિરાલંબના પામે એટલે તે જીવને કોઇ સમય પણ પૌદ્ગલિક અવલંબન લેવું પડે નહીં, પર આલંબન લય થાય ત્યારે નિર્મળતા દેવોમાં ચંદ્રમા સમાન નિર્વાણી પ્રભુના ધ્યાન જ્ઞાનાદિ શુદ્ધ ગુણોમાં એકતાપણે ઉપયોગ અખંડ કરે એટલે શુદ્ધ ગુણીના ગુણ બહુમાને પૂર્ણાનંદ સ્થાનકે પહોંચે. (૮)

આમાં મરભઈપયરણુની અનેક ગાથાઓ ઉદ્ધૃત કરાઈ છે વિશેષમાં આ સૂયગડ (સુય૦ ૧, અ ૧૫) ની ટીકા (પત્ર ૨૬૫ આ) માં નીચે પ્રમાણેનું જે અવતરણ છે તે ત્રીજી દ્વાત્રિંશિકાનું તેરમું પદ્ય છે.—

"सद्धर्मबीजवपनानघकौशलस्य
 यल्लोकबान्धव ! तवापि खिलान्यभूवन्।
तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु
 सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥"

આ પદ્ય અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા- (શ્લો. ૬) ની ટીકા નામે સ્યાદ્વાદમંજરીમાં અવતરણરૂપે અપાયું છે. આ દ્વાત્રિંશિકા (શ્લો ૩૦)-ને લગતી સ્યાદ્વાદમંજરીમાં "સિદ્ધસેનદિવાકરપાદ" એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત પદ્ય રજૂ કરાયું છે –

"उदधाविव सर्वसिन्धवः
 समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।
न च तासु भवानुदीक्ष्यते
 प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥"

આ સિદ્ધસેનકૃત ચતુર્થી દ્વાત્રિંશિકાનું પંદરમું પદ્ય છે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ છંદોડનુશાસનની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧ અ) માં "સુશ્લિષ્ટ" થી શરૂ થતું પદ્ય ઉદ્ધૃત કર્યું છે

ન્યાયવિશારદ—ન્યાયાચાર્ય યશોવિજયગણિએ જ્ઞાનબિન્દુપ્રકરણ (પૃ ૧૭) માં 'મલ્લવાદી' સિદ્ધસેને કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ આપ્યું છે:—

वैयर्थ्यातिप्रसङ्गाभ्यां न मत्यभ्यधिकं श्रुतम्।

આ નિશ્ચય–દ્વાત્રિંશિકા નામની ૧૯ મી દ્વાત્રિંશિકાના બારમા પદ્યનો પૂર્વાર્ધ છે ઉત્તરાર્ધ નીચે મુજબ છે:—

"सर्वेभ्यः केवलं चक्षुस्तमः क्रमविवेकवत्"

આ ન્યાયાચાર્યે પાતંજલયોગદર્શન ઉપરની વ્યાખ્યા (પૃ ૨૯) માં "निश्चयनयमतमेतद् यदुपजीव्याह स्तुतौ महावादी" એવા ઉલ્લેખપૂર્વક નીચે મુજબનું પદ્ય ઉદ્ધૃત કર્યું છે:—

"भवबीजमनन्तमुज्झितं
 विमलज्ञानमनन्तमर्जितम्।
न च हीनकलोऽसि नाधिकः
 समतां नाप्यतिवृत्य वर्तसे ॥"

આ પદ્ય ચોથી દ્વાત્રિંશિકાના ૨૯ મા પદ્યરૂપે જોવાય છે. ઉપરની પંક્તિમાં સિદ્ધસેન દિવાકરને 'મહાવાદી' કહ્યા છે

આવસ્સય અને એની નિજ્જુત્તિ ઉપર હરિભદ્રસૂરિએ ટીકા રચી છે એમાં એમણે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત ઝાણજ્ઝયણ ઉપર પણ ટીકા રચી છે. ક્ષમાશ્રમણની આ કૃતિ ધ્યાનશતક તરીકે સુપ્રસિદ્ધ છે. એની ૪૫ મી ગાથાની ટીકામાં પત્ર ૫૯૫ મા હરિભદ્રસૂરિએ "तथा स्तुतिकारेणाऽप्युक्तम्" એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત પદ્ય રજૂ કર્યું છે—

"कल्पद्रुमः कल्पितमात्रदायी
 चिन्तामणिश्चिन्तितमेव दत्ते।
जिनेन्द्रधर्मातिशयं विचिन्त्य
 द्वयेऽपि लोको लघुतामुपैति ॥"

શું આ સ્તુતિકાર તે સિદ્ધસેન દિવાકર છે ? જો એમ હોય તો એની કઈ કૃતિમાં આ પદ્ય છે એ વિચારવું ઘટે.

જૈ સા સ. ૪ માં નીચે મુજબનાં ૭ પદ્યો અપાયાં છે અને તેમાંના પહેલા પાંચનો અર્થ પણ અપાયો છે:—

૧, ૫ (પૃ. ૯૨), ૧, ૬ (પૃ ૯૨); ૧, ૧૫

૧ આ પત્રાંક 'સિદ્ધચક્રસાહિત્ય પ્રચારકસમિતિ' (મુંબઈ) તરફથી ઈ. સ. ૧૯૩૫ માં છપાવાયેલી આવૃત્તિનું છે

૨ આ ગોડીપાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી (મુંબઈ) તરફથી ઈ. સ ૧૯૫૦ માં પ્રકાશિત આવૃત્તિનો પત્રાંક છે.

મૃત્યુની ગાડી.

(લેખક—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગર.)

મિત્રો ! મૃત્યુની ગાડી આવી રહી છે મિઝલ ઝપાઇ ગયુ છે ધરતીમા એના આગમનના ધબકારા વાગી રહ્યા છે એ વેગથી—અતિવેગથી આવી રહી છે એમ જણાય છે આ પળ બે પળમા ઊપડી પણ જશે આપણા લાખ લાખ પ્રયત્ને પણ એ વધારે વાર અટકવાની કે થભવાની નથી જ એનો નિયત સમય થશે અને એ ચાલવા માડશે. આપણે પણ આ જ ગાડીમાં જવાના છીએ આ વાત તમે નાસ્તાની સહેજતમા ભૂલી તો નથી ગયા ને ? આ ગાડીમાં જ જવુ પડશે, ગયા વિના છૂટકો નથી કુદરતના એ માનભર્યા નિમન્ત્રણને આપણે કેમ કરી નકારી શકીશુ ? જો જવુ જ છે તો આપણે સજ્જ થઇને રહીએ તૈયારીવાળાઓને હુ આ વાત નથી કહેતો તૈયારીવાળાને તો આકુલ-વ્યાકુલ થવાની જરાય જરૂર નથી, એના માટે તો આ મુસાફરી આનન્દપ્રદ અને આરામ ભરેલી છે પણ હુ તો મારા આ બીજા મિત્રોને જાગૃત કરુ છુ, કે જેઓ પોતાનો સામાન આ મુસાફરખાનામાં આસ્તઆસ્ત કરીને બેઠા છે

મિત્રો ! થોડો સમય આરામ લેવા-વિસામો લેવા-આવ્યા એટલામા આટલો બધો આ વિસ્તાર શો ? અને વળી આ મુસાફરો સાથેનો કલહ શો ? આ સ્થાન મારું અને આ સ્થાન તારુ, તારી પાસે સાવ ઓછો સામાન અને મારી પાસે આટલો બધો સામાન—આ બધો ગર્વ શો ? અરે, ભાઇ ! જેમ બોજ ઓછો હશે તેમ મુસાફરી સુગમ થશે વધારે ભારવાળાને વધારે ચિન્તા ને ઓછાવાળાને ઓછી, માટે મુસાફરખાનાના મુસાફરો સાથે નકામો કલેશ કરવો છોડો. જગ્યા અને હક માટે ગમે એટલો કલહ કરશો તોય હમણા થોડા જ સમયમા તમારે મુસાફરખાનુ છોડવુ પડશે અને અહિંથી છૂટા પડ્યા પછી કયુ સ્થાન કોની સાથે આવવાનુ હશે ? તો પછી મૈત્રીભર્યો સમ્બન્ધ બાંધીને છૂટા કાં ન પડીએ કે જેથી કોઇકવાર ઓચિંતા ક્યાંક ભેગા પડીએ તો એક બીજાને જોતા પ્રેમની છોળો તો ઊછળે !

ચાલો, ચાલો જલ્દી કરો સમય સાવ થોડો છે કલહ બધ કરી, નકામો બોજો ઓછો કરવા મડી પડીએ બિસ્તરા પોટલા બાંધી લઇએ, જોઇતી વસ્તુ ખરીદી લઇએ, મિત્રોને જે કંઇ અન્તિમ ભલામણ કરવી હોય તે કરી લઇએ ગાડી અણધારી આવશે ત્યારે સરસામાન બાંધવાનો, મિત્રોને મળવાનો અને શાન્તિભરી વિદાય લેવાનો સમય ક્યાંથી મળશે ? જો આપણે પહેલા સજ્જ થઇને નહિ રહીએ તો મિત્રોને મળ્યા વિના, સ્વજનોને સૂચનો કર્યા વિના, ભાતાનો ડબ્બો લીધા વિના અને પ્રિયજનોની સ્મરણ ભેટ સ્વીકાર્યા વિના જ, અણધારી ઘડીએ પ્રયાણ કરવુ પડશે. અને અણધારી વિદાય કેવી આકરી, કેવી વિકટ અને કેવી માલ વિનાની હોય છે તે પણ શું મારે તમને સમજાવવુ પડશે ? ના, ના મિત્રો ! તમે સર્વ કંઇ જાણો છો મારે કહેવાની કંઇ જ જરૂર નથી પણ હુ તમારો એક બેસરો મિત્ર છુ અને મારે બોલવાની ટેવ છે એ તમે સૌ જાણો છો. એટલે આ બધુ હુ બોલી જાઉં છુ નહિતર મારે એક મિત્ર તરીકે આટલુ જ નમ્ર સૂચન કરવાનુ હોય —

મિત્રો ! મૃત્યુની મહાગાડી આવવાનાં સર્વ સૂચનો થઇ ગયા છે અને ધરતીમાં એના ધબકારા પણ વાગી રહ્યા છે !

(પૃ ૯૩), ૪, ૧૪ (પૃ ૧૦૮) ૧૧, ૧૫ (પૃ ૧૦૮), અને ૫, ૫

આગમોદ્ધારકે સિદ્ધસેન દિવાકરની દ્વાત્રિંશિકાઓની અકારાદિ ક્રમે અનુક્રમણિકા તૈયાર કરી હતી. જો એ છપાઇ હોત તો અવતરણોનાં મૂળ સ્થળો શોધવાનુ કાર્ય સુગમ બનતે, હવે કોઇ દ્વાત્રિંશિકાઓ છપાવે તો તેઓ આ બાબત લક્ષ આપવા કૃપા કરે એટલુ હુ નમ્રભાવે એમને સૂચવુ છું

પ્રભુ પ્રાર્થના

(રાગ માંડ)

ભવજલ પાર ઉતાર, કૃપાધન ! ભવજલ પાર ઉતાર,
પામરતા નિવાર પ્રભુ ! મારી પામરતા નિવાર.
સમજ્યો નહિં હું સાર, કૃપાધન ! ભવજલ૦
"રત્ન" ચિંતામણી પામ્યો હું (પણ) મૂલ્ય ન જાણ્યા નાથ,
માનવ જન્મ પામ્યો હું વહાલા ! છોડયો નહિં અહંભાવ.
કૃપાધન ! ભવજલ૦
નર લોહ પર[1] કાટ ચડયો છે, કાનશ દે[2] કિરતાર,
ઘસી ઘસી હું કાટ ઉતારું, શુદ્ધ કરું અવતાર.
કૃપાધન ! ભવજલ૦
બાહ્ય સાધનનો સાધક[3] બન્યો હું, છૂટયો ન માયાપાશ,
હું, તું, ના ભેદે ભટકું છું, સ્થાપો હૈયા[4] સાથ.
કૃપાધન ! ભવજલ૦

સંઘવી ભવાનભાઈ આગજી.

---

૧ હૃદય પર માયા, વાસના આદિનો ચડેલો કાટ.
૨ વિપત્તીરૂપ (કાનશ)
૩ ઉપાસક.
૪ હે પ્રભુ ! તારામય બનાવ.

પ્રભુ પ્રાર્થના

જીવન સાગર ઘાટ, મને કોણ બતાવે વાટ ?
પ્રભુ ! કોણ બતાવે વાટ, તુજ વિણ કોણ બતાવે વાટ ?
પંથ લાંબો ને વાટો રે વસમી, ભોમિયો નથી સંગાથ. મને કોણ૦
મળવા મન તલસે છે, વહાલા ! અંધારે જીવ અથડાય. મને કોણ૦
સોનલ કોડિયે, અમૃત ભરીયાં[1], પ્રગટે ન દીપક નાથ ! મને કોણ૦
અમીમય જ્યોતે પ્રગટાવો, વહાલા ! પામું હું, આત્મપ્રકાશ.[2] પ્રભુ ! કોણ૦
જીવનસાગર ઘાટ, મને કોણ બતાવે વાટ ?

---

૧ આત્મા તારી ભક્તિથી ભર્યો છે. પણ સાચુ (સમ્યગ્જ્ઞાન) જ્ઞાન પ્રગટતુ નથી
૨ પ્રભુ ! તારું સત્ય સ્વરૂપ દેખાય તો શુદ્ધ આત્માનુભવ થાય.

સંઘવી ભવાનભાઈ આગજી.

સહજસમાધિ

સમાહિત કમળા રતનચંદ સુતરિઆ એમ. એ બી ટી

'લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતાઈ, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે, આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમસમાધિનું સ્થાન છે"

શ્રીમદ્ રાજચંદ્ર.

શું થયું શાસ્ત્ર પુરાણ દર્શન ભણ્યે
જોર ત્યાં અંતરે પાપ મેલો
વેદ ચારે જેમ ભણ્યો લંકાપતિ
ના થયો દેવ રાક્ષસ રહેલો
શું થયું જ્ઞાનની શુષ્ક વાતો કર્યે
ના થયું આત્મચારિત્ર સારું
તો પછી ભાર ચંદન ગધેડે વહ્યો
વાંદરાએ પીધો જેમ દારુ

તાત્ત્વિકો તેને "પ્રત્યક્ષ ગ્રહણ" કહે છે

શાસ્ત્રોનો મર્મ જાણ્યા વગર તેની ઝીણી ઝીણી વિગતો જાણવાનો પ્રયત્ન કરવાથી શો લાભ? તેનો અંત પણ ક્યારે આવે? ગંગાને તીરે બેસી જલ બિંદુ ગણવાથી તૃષાની તૃપ્તિ કે સ્નાનનો લાભ મળે ખરા? ખરી વાત તો એ છે કે-જેમને શાસ્ત્રોનો મર્મ જાણ્યો છે, તેમને માટે ઘણા શાસ્ત્રોનું અધ્યયન જરૂરી નથી, એ તો ગંગાને તીરે બેસી રેતીનાં રજકણો ગણવા જેવી વ્યર્થ સાધના છે

આ જ્ઞાન છે અને આ જ્ઞેય છે એમ સાંભળતા સાંભળતા હજારો વર્ષો વહી જશે! અને તોય શાસ્ત્રોનો અંત કાંઈ આવવાનો હતો? ત્યારે બુદ્ધિમાન માનવે શું કરવું? જેમ ધાન્યની ઇચ્છા રાખનારો પરાળ છૂટું કરી તેને ત્યજે છે કારણ કે તેને જરૂર તો છે ધાન્યની, તેમ તત્ત્વના જિજ્ઞાસુએ બધાં શાસ્ત્રોનું તત્ત્વ શોધી લઈ અને શાસ્ત્રો ત્યજવા જોઈએ.

વેદોના અધ્યયનથી કે શાસ્ત્રોના પઠનથી મુક્તિ મળતી નથી મુક્તિ મળે છે કેવળજ્ઞાનથી, બીજા દશાથી નહિ, સત્યવાણી એકલી માત્ર મુક્તિપ્રદ છે, બીજી બધી વિદ્યા છે વિડંબના લાકડાનો મોટો ભારો હોય તે કરતા એક જ સંજીવની લતા પૂરતી છે.

જે બંધનમાં નાખે નહી તે કર્મ, જે મુક્તિ આપે તે વિદ્યા, પ્રયત્નપૂર્વક કરવામાં આવે તે બધા અપર કર્મો છે, શિલ્પમાં નિપુણતા આપે તે બીજી વિદ્યા છે જ્યાં સુધી પ્રયત્નની ગડમથલ હોય ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પ હોવાના, જ્યાં લગી મનની સ્થિરતા ન થાય ત્યાં લગી તત્ત્વની વાતો શા કામની? તે રીતે—

જ્યાં સુધી તપ, વ્રત, તીર્થ, જપ હોમ, અર્ચન, વેદ, શાસ્ત્ર, આગમ ઇત્યાદિ હોય ત્યાં સુધી તત્ત્વની વાત ક્યાંથી સંભવે?

પરંતુ જ્યારે સત્ય ધર્મનો અનુભવ પ્રગટશે ત્યારે બધા ભોગો યોગમાં ભળી જશે, જેમ પારસ મણિના સ્પર્શ માત્રથી લોઢું કંચન બની જાય છે જેમ પ્રભાતના અરુણના સ્પર્શ માત્રથી શ્યામ મેઘ સુવર્ણ મેરુ થઈ જાય છે, તેમ તે પરમ તત્ત્વના સ્વાનુભવથી પાપપુંજ સઘળા પુણ્યપુંજ થઈ ઝગઝળી ઊઠે છે

ભોગ યોગ થઈ જાય છે, પાતક સુકૃત બની જાય છે, અને સંસાર મોક્ષપ્રદ થઈ જાય છે, પરંતુ ક્યારે? સત્ય ધર્મનું દર્શન થયે

એ સત્યનું જ્ઞાન કોનામાં પ્રકાશિત થાય છે? જેનું ચિત્ત શુદ્ધ હોય જે શાંત હોય, ધર્માનુગ હોય ગુરુસેવી હોય, સત્યનો ભક્ત હોય ગૂઢ માર્ગી હોય, તે તે જ્ઞાન પામે છે એ તત્ત્વજ્ઞાન પામવા માટે ભાવશુદ્ધિ જોઈએ, વિનય જોઈએ, હર્ષ જોઈએ, સદાચારમાં દૃઢતા જોઈએ, અને સત્યના જ્ઞાન માટે પળાતા ધર્મોનું સેવન જોઈએ

HARVARD UNIVERSITY
DEPARTMENT OF INDIC PHILOLOGY
WINDENER LIBRARY 273
CAMBRIDGE 38, MASS

DANIEL H. H INGALLS
Chairman

Guest House
Bhandarkar Oriental
Research Institute,
Poona 4 Nov 18, 1952

Dear Jain Muni,

I arrived in Poona yesterday morning after a comfortable trip back from Yeola The hospitality which I received from you and the Jain Community in Yeola is something which I shall never forget Nor shall I forget my long conversations with you They transformed what was a latent curiosity in my mind about Jainism into an earnest desire to learn. So much is this true that despite the hundred chores which must occupy me during this my last week in Poona, I have already spent some hours reading in the books which you gave and I look forward with longing to the time when I shall have the leisure properly to study them

I have read enough to realize what a princely gift these books are and how carefully you selected them The Eight Volumes of the Sraman Bhagvan Mahavira Commemoration set are an encyclopaedia of information Then there are the works dealing with logic and metaphysics subjects of special interest to me the Tatvarth-sūtra of Umasvati, the Pramana-tattvaloka ankara, the Tattva-nyayavibhakera, the Sammati-tattva-sopanam and the Jaina Tarka-Bhasa To furnish

---

ભલે બાંધવો નિંદે, સ્ત્રી-પુત્રો ત્યાગ કરે અને લોકને ભલે લોકો હસે, ભલે રાજાઓ મને દંડ દે, પરંતુ હે પ્રભુ! મન, વાણી કે કાયાથી તમારું કર્મ નહિ છોડું ભલેને ગમે તેટલી આપત્તિઓ આવે પરંતુ તેની ભક્તિ દૃઢ છે, નિર્ણય સિદ્ધ છે, આવો ભક્ત દેવોથી પણ પૂજાય છે, તે જીવ મટી શિવ બને છે, લોકો પ્રશંસે કે નિંદે, લક્ષ્મી આવે કે મૃત્યુ આજે આવે કે યુગાંતે, પરંતુ તે સત્યનો ત્યાગ કરતો નથી, તેને નથી અર્થનો લોભ, નથી ક્રોધ, નથી દ્વેષ, નથી મત્સર, નથી કામ, નથી ભય સત્ય એક વાર સાધ્યું કે તે પછી તે કશાથી ડરતો નથી

જેની ઇંદ્રિયોનો બધો વ્યાપાર શાંત થઇ ગયો, જેનો આત્મા આપમેળે નિર્મળ હોય અને જે મૃતવત્ હોય તેને ખરો 'જીવનમુક્ત' ગણવો

જ્યારે દેહાભિમાન ગળી ગયું હોય, પરમ આત્મ તત્ત્વનું વિજ્ઞાન થયું હોય ત્યારે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ થાય છે

જે સર્વવ્યાપી, શાંત, આનંદ સ્વરૂપ, અવ્યયને જુએ છે, તેને કશું જાણવાનું કે ન જાણવાનું રહેતું નથી

આનું નામ છે "સહજસમાધિ", ત્યાં બધી માનસિક સમસ્યાઓનું સમાધાન થઇ જાય છે

me with exact dates there is the Pattavali Samuchaya. For moral and ethical instruction there is Dharmabindu of Sri Haribhadrasuri and the poetical works of Muni Nyayavijayaji. Although I am diffident of taking up the study of a new language, the Supasnaha-Cariam has almost persuaded me to learn Jain Prakrit, both from the interest of poem itself and from the facility for learning offered by the Sanskrit translation of the verses. With this and the Prakrit Laksanam which you included I should be able to teach myself, perhaps enough to read the Uttaradhyayana-sutram which you tell me is to Jainism what the Gita is to Hinduism.

Even all these do not complete the list of your gifts, for which I cannot sufficiently thank you except perhaps by one means: by learning from the wisdom you have set before me and passing on what I have learned to others.

I notice that the Sraman Bhagvan Mahavira Volumes are donated through the generosity of Shet Bakubhai Manilal and you told me that some other volumes are likewise due to the generosity of your friends. Would you please express to them particularly my deep thanks for their donations. !

Very Sincerely Yours,
(Deniel H. H. Ingalls).

હારવર્ડ યુનિવર્સિટી

ડીપાર્ટમેન્ટ ઑફ ઇન્ડીક ફીલોસોફી
વીડનર લાઇબ્રેરી ૨૭૩
કેમ્બ્રીજ ૩૮, (માસ)

ડેનિયલ એચ. એચ. ઇન્ગોલ્સ
પ્રમુખ

ગેસ્ટ હાઉસ
ભાન્ડારકર ઓરીયન્ટલ
રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ
પુના ૪ નવે. ૧૮, ૧૯૫૨

વ્હાલા જૈન મુનિશ્રી,

વેરાવળથી સમવસરણની મુસાફરી પછી હું ગઇ કાલે સવારે પુના આવી પહોંચ્યો છું. જે આતિથ્ય આપના તરફથી તથા વેરાવળના સંઘ તરફથી મળ્યું તે હું કદિ પણ ભૂલીશ નહિ, તેમજ આપની સાથે સંભાષણપૂર્વકની વાતચીતો પણ હું ભૂલીશ નહિ. તેને પરિણામે મારા મનમાં જૈનદર્શન વિષે જાણવાની જે શુભ જિજ્ઞાસાવૃત્તિ હતી તે જૈનદર્શનનો અભ્યાસ કરવાની ઉત્કટ ઇચ્છામાં ફેરવાઈ ગઇ છે. આ બીના એટલી બધી સત્ય છે કે પૂનામાં મારા રોકાણ દરમિયાન અનેક પ્રવૃત્તિઓમાં હું રોકાયેલો હોવા છતાં તમે જે પુસ્તકો મને આપ્યા હતા તે વાંચવામાં મેં ઘણા કલાક ગાળ્યા છે, અને એવા સમયની હું

આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છું કે ક્યારે મને તે પુસ્તકોનો યોગ્ય અભ્યાસ કરવાનો અવકાશ મળે. તે પુસ્તકો વાંચીને હું સમજી શક્યો છું કે આ પુસ્તકો ખરેખર મેરી અમૂલ્ય ભેટ છે અને આપે કેટલી કાળજીથી તેની પસંદગી કરી છે.

શ્રમણ ભગવાન મહાવીર ચરિત્રના આઠ ગ્રંથો ખરેખર જ્ઞાનનો ભંડાર છે. એ સિવાય ન્યાય અને અધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે જે વિષયમાં મને ખાસ રસ પડે છે. ઉમાસ્વાતિનું તત્ત્વાર્થસૂત્ર, પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, તત્ત્વન્યાયવિભાકર, સંમતિતત્ત્વસોપાનમ્ અને જૈન તર્ક ભાષા, ચોક્કસ સમયથી મને માહિતગાર કરવા માટે પટ્દર્શનસમુચ્ચયનો પણ ગ્રંથ છે. નૈતિક શિક્ષણ માટે શ્રી હરિભદ્રસૂરિનો "ધર્મબિન્દુ" ગ્રંથ છે તેમજ મુનિ શ્રી ન્યાયવિજયજીના કાવ્યગ્રંથો છે જો કે નવી ભાષાનો અભ્યાસ કરવામાં મને શંકા છે તો પણ સુપાસનાહ ચરિયમ્ નામના ગ્રંથ-શ્લોકોના સંસ્કૃત ભાષાંતરથી તે ભાષા શીખવાની જે સગવડ મને મળી છે અને તે કાવ્યથી જે રસ ઉત્પન્ન થયો છે તે ઉપરથી મને પ્રાકૃત ભાષા જાણવાની પ્રેરણા મળી છે. આનાથી તેમજ પ્રાકૃતલક્ષણમનો ગ્રંથ જે આપે તેની સાથે મોકલ્યો છે તેની મદદથી તમે કહો છો તેમ હિંદુધર્મનો ગ્રંથ જેમ ગીતા છે તેમ જૈનદર્શનનો ગ્રંથ ઉત્તરાધ્યયન સૂત્ર છે તે ગ્રંથ વાંચવા જેટલું હું પોતે મારી મેળે શીખી શકીશ

તમારાં ભેટ પુસ્તકોની યાદી આનાથી પૂર્ણ થતી નથી અને તેને માટે જે પુસ્તકો તમે મને મોકલ્યાં છે તેનો અભ્યાસ કરીને અને તેમાથી મેળવેલું જ્ઞાન બીજાને સમજાવીને જ તમે મારા ઉપર કરેલા ઉપકારનો યત્કિંચિત્ બદલો વાળી શકું—તે સિવાય બીજી કોઈ રીતે વાળી શકાય નહિ.

હું જોઈ શક્યો છું કે શ્રમણ ભગવાન મહાવીર ચરિત્રના ગ્રંથો શેઠશ્રી બકુભાઈ મણીલાલે ઉદારતાથી ભેટ આપ્યા છે અને આપે મને કહ્યું કે કેટલાક બીજા ગ્રંથો આપના મિત્રોએ ઉદારતાપૂર્વક ભેટ આપેલા છે.

કૃપા કરીને મારા ઊંડા આભારની લાગણી તે સૌને પહોંચાડશોજી.

સદા આપનો જ

ડેનીયલ એચ એચ. ઇન્ગોલ્સ.

HARVARD UNIVERSITY

DEPARTMENT OF INDIC PHILOLOGY

WINDENER LIBRARY 273

CAMBRIEOE 38, MASS.

DANIEL H. H. INGALLS
Chairman

Guest House
Bhandarkar Oriental
Research Institute,
Poona 4. Nov. 18, 1952.

Dear Mr. Popatlal Rupchand,

I arrived back in Poona yesterday morning after a comfortable trip from Yeola I write now to thank you and your freinds in the Jain community for the unparallelled hospitality which you granted me I shall never forget my two day visit to Yeola when I found such

deep wisdom in the person of Jain Muni Jamburijay and such kindness and generosity in you and in your freinds

To have met these virtues in a foreign land and to have found so quickly freinds instead of strangers almost persuades me that the world can someday be a place of happiness and peace Certainly the world could be this now if there were more people in it like you and those whom I met at your house

Please conrey my kindest regards to all the genetlemen from Yeola and Malegaon whom I met and talked with during my visit. If you or any of them should ever come to America, I beg you to visit me so, that I can attempt to return in some part your kindness

Very Sincerely Yours,
(*Daniel H H. Ingalls*)

હારવર્ડ યુનિવર્સિટી

ડીપાર્ટમેન્ટ ઑફ ઇન્ડીક ફાયલોલૉજી
વીડનર લાયબ્રેરી ર૭૩
કેમ્બ્રીજ ૩૮ (માસ)

ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ
પ્રમુખ

ગેસ્ટ હાઉસ
ભાન્ડારકર ઓરીયન્ટલ
રિસર્ચ ઇન્સ્ટીટયુટ
પુના ૪ નવે ૧૮, ૧૯૫૨

વ્હાલા શ્રી પોપટલાલ રૂપચંદ,

યેવલાથી સમયસરની મુસાફરી કરીને હું ગઈ કાલે સવારે પુના પાછો આવ્યો છું. તમે સૌએ મારું જે અનુપમ સ્વાગત-આતિથ્ય કર્યું છે તે માટે હું તમારો સૌનો આભારી છું. મેં જૈન મુનિશ્રી જંબૂવિજયજીમાં એટલું પ્રખર જ્ઞાન જોયું અને તમારામાં તથા તમારા મિત્રોમાં એટલું બધું ઔદાર્ય જોયું કે યેવલાની મારી બે દિવસની મુલાકાત કદી ભૂલીશ નહિ

પરદેશમાં આવી સદ્‌ગુણશાળી વ્યક્તિઓને મળ્યા પછી-પરદેશી લોકો સાથે આટલી ત્વરાથી મૈત્રી થઈ ગયા પછી મને સહજ લાગી આવે છે કે જગતમાં એક દિવસ સુખ અને શાંતિ પ્રસરશે જ. વળી જો જગતમાં તમારી જેવા અને તમારે ઘરે જેઓને હું મળ્યો તેમના જેવા લોકો વધારે સંખ્યામાં હોય તો જગતમાં અત્યારે જ સુખ-શાંતિ પ્રસરી જાય

માલેગાવ તથા યેવલામાં જે સજ્જનોને હું મળ્યો છું અને જેમની સાથે વાર્તા-વિનોદ કર્યો છે તે સૌને કૃપા કરી મારા સસ્નેહ પ્રણામ પાઠવશો તમે પોતે અથવા તેઓમાંથી કોઈને અમેરિકા આવવાનું બની આવે તો મને જરૂર મળશો એવી વિનંતિ છે કે જેથી હું તમે સૌએ મારા પ્રત્યે બતાવેલા સદ્‌ભાવનો કિંચિત્ બદલો વાળવા યત્ન કરું.

તમારો જ
ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ

(ખલિલ જિબ્રાનકૃત)

વિદાય વેળાના ભાષાંતરમાંથી

સં. સંઘવી ઉત્તમભાઈ માગજી.

અલ-મુસ્તફા[1] એમનું નામ હતુ.

ઇશ્વરે તેમના પર પોતાની મહેર વરસાવી હતી, અને પોતાના પ્રેમના ભાજન કર્યા હતા.

ઉષાની જેમ તેમણે પોતાનો દહાડો શોભાવ્યો હતો.

અને જન્મભૂમિ (સ્વધામ) પ્રત્યે પાછા વળી જનારા પોતાના વહાણની રાહ જોતા તે ઘણા વર્ષથી એક (અરથાતના) શહેરમાં વસતા હતા.

વહાણ આવે છે અને તેની વિદાયની જાણ થતા દૂરથી સ્ત્રીઓ અને પુરુષો પોતાનાં કામ છોડી ઉતાવળે ઉતાવળે નગરના દરવાજા તરફ ધસતા તેણે જોયા.

અને તેમણે પોતાનું નામ લેતાં અને પરસ્પરને સાદ દઇ એમનું વહાણ આવી પહોંચ્યાના ખબર આપતાં સાંભળ્યા.

પછી તે વિચારવા લાગ્યાં;

શું વિદાયનો દિવસ મેળાવડાનો દિવસ બનશે?

શું મારું હૃદય ફળોના ભારથી લચેલુ એક વૃક્ષ બનશે ખરું! કે જેના પાણીથી હું તેમના પાત્રો ભરી દઇ શકું?

બળવંત[2]! પોતાના હાથ વડે છેડી લે કે શ્વાસવડે ભરી દે એવી વીણા કે બસી હું છું ખરો?

હું તો કેવળ એક મૌન શોધનારો રહ્યો છુ; એ મૌનમાંથી એવાં કયાં રત્નો મને મળ્યાં છે કે જે હું હિમ્મત કરીને વહેંચી આપું?

સાચે જ, જો મારો દીવો ઊંચે ધરવાની આ ઘડી આવી હોય તો તે દીવામાં બળનારી જ્યોત મારી નથી.

ખાલી અને અણચેતાવેલો જ હું મારા દીવાને ઊંચો ધરીશ.

રાત્રિનો નાથ જ તેમાં તેલ પૂરશે અને તેને પેટાવશે પે તેજ.[3]

અને જ્યારે તે નગરમાંથી બહાર નીકળતા હતા ત્યારે બધા લોકો તેમને મળવા માટે આગળ આવ્યા; ને એક અવાજે તેઓ તેમને જ બોલાવતા હતા.

પછી નગરના માણસો (ઘરડેરાઓ) આગળ આવીને કહેવા લાગ્યા—

હજુ હમણાં તમે અમને છોડીને જાઓ.

અમારી સન્ધ્યાઓની વચ્ચે તમે મધ્યાહ્નરૂપ થયા છો, અને તમારી જુવાનીએ અમને અમારાં સ્વપ્નો પૂરાં પાડ્યાં છે.[4]

તમે અમારી વચ્ચે પરદેશી નથી કે પરોણાપે નથી પણ અમારા-દીકરા, અમારા વહાલા અને માનીતા છો.

હજુ અમને(અમારી આંખોને)તમારા દર્શનની પૂર્ણ પ્યાસ છે.

અમે તમને ઘણું ચાહ્યા છે, પણ તે પ્રેમ વાણી વિનાનો હતો અને પડદા નીચે ઢંકાઇ રહેલો હતો.

છતાં આજે તમારી પ્રત્યે પોકારીને બોલે છે અને તમારી સમક્ષ પ્રગટ થયા કરે છે.

કારણ સનાતન નિયમ છે કે વિયોગની ઘડી આવી લાગતા લગી પ્રેમને પોતાની તીવ્રતા સમજાતી નથી.

સૌ તેને વિનવવા લાગ્યા પણ તેણે કશો જવાબ વાળ્યો નહીં. માત્ર તેમણે પોતાનું માથું નીચે નમાવી દીધું અને જે નજીક ઊભેલા હતા તેમણે એમની છાતી પર આંસુ ટપકતાં જોયાં, અને એક વડેરાને

---

૧ અલમુસ્તફા-પ્રભુનો અનુગ્રહ પામેલો.

૨ બળવંત-ઇશ્વર

૩ શું બોલવુ તેનો હું કંઇ પણ વિચાર કરી રાખતો નથી. ઇશ્વર જેમ બોલાવશે તેમ બોલીશ.

૪ સન્ધ્યા (અજ્ઞાનની) મધ્યાહ્ન-જ્ઞાનનું-જુવાની ઉત્સાહ, જ્ઞાન, સ્વપ્નો (ઉચ્ચ અભિલાષાઓનાં) જેમ કે અમે અજ્ઞાન અને નિરાશાથી ઘેરાયેલાં હતા તેમને તમે જ્ઞાન અને આશાથી ભર્યા છે.

બોલતા સાંભળ્યો કે હવે તમે અમને છોડી જાઓ તે પહેલાં અમારી માગણી છે કે તમે અમને કાંઇક કહેતા જાઓ અને તમારા સત્યના ભંડારમાંથી અમને કંઇક આપતા જાઓ ત્યાં એક ધનવાને કહ્યું કે અમોને દાનનો ધર્મ સમજાવો

મુરતાદ જવાબ આપે છે—

એ દાન અતિ અલ્પ છે, જે કેવળ તમારા સંપદમાંથી તમે કાઢી આપો છો

જ્યારે તમે તમારા જીવનમાંથી કાઢીને આપો, ત્યારે જ સાચું દાન થાય છે

આવતી કાલે કદાચ તંગી પડે એ ધાસ્તીથી રાખેલી અને સાચવેલી ચીજો-એ સિવાય સંપદનો બીજો શો અર્થ છે?

અને આવતી કાલે?—આવતી કાલે માણસ ? એ વિચારથી યાત્રાઓના સંઘ જોડે રેતીના રણમાંથી જનારો કોઇ અતિ શાણો કૂતરો રસ્તામાં હાડકાને દાટતો દાટતો જાય તેને એ આવતી કાલ શું આપશે વારુ?

અને તંગીની ધાસ્તી એ જાતે જ તંગી નથી શું?

ભરેલે કૂવે જેને તૃષ્ણાની ધાસ્તી લાગે છે, તેજ અતૃપ્ય તૃષ્ણા નથી શું?

કેટલાક પોતાના મોટા સંપદમાંથી થોડુંક દાન કરે છે, અને તેની કદર થાય એમ ઇચ્છે છે, તેમના મનમાં છુપાયેલી આ ઇચ્છાને લીધે તે દાનો અનર્થકારી થાય છે

અને કેટલાક પાસે થોડું જ હોય છે, પણ તે સઘળું તે દઇ દે છે

તેઓ આત્મામાં અને આત્માના ભંડારમાં શ્રદ્ધા રાખવાવાળા છે, અને તેમની થેલી કદી ખાલી થતી નથી

અને કેટલાક હર્ષભેર આપે છે, અને તે હર્ષ જ તેમને બદલારૂપે છે

અને કેટલાક દુઃખ માનીને આપે છે, અને તે દુઃખ જ તેમની દીક્ષા થાય છે

અને કેટલાક આપે છે અને તે આપવામાં નથી દુઃખ માનતા અને નથી હર્ષને શોધતા, તેમજ નથી કોઇ પુણ્ય કર્યાનો ખ્યાલ ધરાવતા

તેઓ જેમ પેલી કુંજમાંની પુષ્પલતાઓ દશે દિશાઓમાં પોતાનો સુવાસ પાથરી દે છે, તે પ્રમાણે આપે છે

આવાઓના હાથદ્વારા ઇશ્વર ઉચ્ચારે છે અને એમની આંખોની પાછળ રહી પૃથ્વી ઉપર તે પોતાનું સ્મિત વરસાવે છે

માગે ત્યારે આપવું એ સારું છે, પણ વગર માગ્યે, મનથી જાણી જોઇને આપવું એ વધારે સારું છે

અને જે હાથનો છૂટો છે તેને તો દાન આપવાના આનંદ કરતાં દાનનો લેનારો મળે એજ વસ્તુ વધારે આનંદ ઉપજાવે છે

અને એવું શું છે જે તમે રાખી મૂકો?

બધુંયે કોઈ દિવસ આપવાનું જ છે,

ત્યારે આજેજ આપો જેથી દાનની તક તમારી થાય તમારા વારસોની નહીં.

તમે ઘણીવાર કહો છો, "હું આપું ખરો, પણ માત્ર પાત્રને જ"

તમારી વાડીના વૃક્ષો એમ કહેતાં નથી, તેમજ નથી કહેતા તમારા ઘરની ગમાણની ગાય, ભેંસો તથા તમારા બેસના ઘેટાં,

તેઓ આપે છે, કેમકે તેઓ જીવવા ઇચ્છે છે, કારણ કે રાખી મૂકવું એટલે મરવું

જે એના દિવસો અને એની રાત્રીઓ, મેળવવા પાત્ર થયો છો તે તમારી પાસેથી બીજું બધું મેળવવા પાત્રજ ગણવો જોઇએ

અને જે જીવન સાગરનું જળ પીવા લાયક લેખાયો છે તે તમારા નાનકડા ઝરણામાંથી પોતાનો પ્યાલો ભરી લેવાને લાયક જ છે[૫]

---

૫ કે જેને પરમેશ્વરે આયુષ્ય અને જીવનનું દાન મેળવવા પાત્ર ગણ્યો છે, તે આયુષ્ય અને જીવન કરતા ઓછાં મૂલ્યની વસ્તુઓ મેળવવાને પાત્ર હોય એમાં શું કહેવું?

સિદ્ધસ્વરૂપ.

શ્રી વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ, બી. એ.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે-कृत्स्नकर्मक्षयो मोक्षः અર્થ. સંપૂર્ણ કર્મનો ક્ષય તે મોક્ષ છે. કર્મ મુક્તિને મોક્ષ છે એ વ્યાખ્યા મોક્ષનું નકારાત્મક-નિષેધાત્મક કે અભાવાત્મક સ્વરૂપ બતાવે છે મોક્ષમાં કર્મબંધનો આત્યંતિક ક્ષય છે એ દ્વારા સિદ્ધસ્વરૂપમાં શું શું નથી તે વર્ણવ્યું છે મોક્ષમાં શું શું છે તે તો શ્રી હરિભદ્રસૂરિ ધર્મબિંદુમાં વર્ણવે છે કે विशुद्धस्वरूपलाभ इति વિશુદ્ધસ્વરૂપનો લાભ છે. આ છે મોક્ષનું વિધેયાત્મક ને ભાવાત્મક સ્વરૂપ

એ સિદ્ધસ્વરૂપને જેઓએ કલ્પનાની કડછીથી નહિ પણ જીવનના રસાસ્વાદથી જાણ્યું છે તેઓએ થોડીક સિદ્ધલોકની રૂપરગરેખા ઉપસાવવા પ્રયત્ન કર્યો છે શ્રી યશોવિજયજી ઉપાધ્યાય એ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવતા કહે છે કે—

उपाधिजनिता भावा ये जन्मजरादिकाः ।
तेषां तेषां निषेधेन सिद्धरूपं परमात्मनः ॥

(પરમાત્મદર્શન પચ્ચીશી, શ્રી યશોવિજયજી)

અર્થ:—કર્મરૂપ ઉપાધિથી ઉત્પન્ન થનારા જે જે જન્મ-જરાદિક ભાવો છે તે તે ભાવોનો નિષેધ થવાવડે પરમાત્માનું સ્વરૂપ સિદ્ધ થાય છે સંસાર અને મુક્તિ એ બે પરસ્પર વિરોધી દશા છે એક છે વિકૃતિમય જીવન; બીજી છે પૂર્ણશુદ્ધિ સંસારી જીવનનું પૃથક્કરણ કરો ને જે હીન તત્ત્વો મળી આવે તેનો મુક્તાત્માની પૂર્ણસ્થિતિમાં સંતર અભાવ જ મળવાનો સંસારમાં જે કાંઈ છે તેનો અભાવ કલ્પીને મુક્તપુરુષોનું કાલ્પનિક ચિત્ર આલેખાયું છે આચાર્ય હેમચંદ્રાચાર્ય પણ આ રીતે અખત્યાર કરે છે તેઓ લખે છે —

यदैव सर्वसंसारी जन्तुरूपविलक्षणम् ।
परीक्षन्तां कृतधीयस्तदेव तव लक्षणम् ॥

(વીતરાગસ્તોત્ર શ્રી હેમચંદ્રાચાર્ય)

અર્થ:—હે સ્વામિન્ ! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઇ વિલક્ષણ સ્વરૂપ આ જગતમાં પ્રતીત થાય છે તે જ આપનું લક્ષણ છે એમ બુદ્ધિમાન પુરુષ કહે છે સંસારધર્મ ને સ્વરૂપધર્મ વચ્ચે પરસ્પર વિરોધ છે એકનો પરાજય તેમાં બીજાનો જય છે. મુક્તિનો જય એટલે સંસારનો પરાજય. આથી જ સંસારી આત્મામાં જે જે વિજાતીય દ્રવ્યે ઉત્પન્ન કરેલ વૈભાવિક અવસ્થા છે તે મુક્તાત્મામાં નથી એ શ્રી યશોવિજયજી કે આચાર્ય

અને જે સ્વીકારવાની હિંમત અને આત્મવિશ્વાસ નહીં-ઉદારતા દેખાડે છે, તેના કરતા વિશેષ પાત્રતા હોય શકે ?

અને એવા તમે તે કોણ મોટા છો, જે લોકો તમારી આગળ આવી પોતાની છાતી ખુલ્લી કરે અને પોતાના સ્વાભિમાન પરનો પડદો ખસેડી લે, કે જેથી તમે તેમની પાત્રતાને નવગ્રો અને તેમના અભિમાનને નિર્લજ્જ સ્થિતિમાં જોઈ શકો ?[૬]

---

૬ પાત્ર માણસ પોતે પાત્ર છે એમ બતાવવા માટે પોતાની દરિદ્રતા પ્રગટ કરે અને સ્વાભિમાનને રાખીને રહ્યો હોય તે ઉતારી નાખે એવી તમારી શી લાયકાત છે ?

પહેલા એ તપાસો કે તમે જ દાતા થવાને અને દાનનું સાધન થવાને લાયક છો કે ?

કારણ સત્ય તો એ છે કે ચૈતન્ય જ ચૈતન્યને આપે છે,—અને તમે જે પોતાને દાતા માનો છો, તે તો કેવળ સાક્ષી જ છો

અને હે દાન સ્વીકારનારાઓ ! અને તમે બધાએ માનો સ્વીકારો છો–તમે કૃતજ્ઞતાનો ભાર માની, પોતા પર તેમ જ દેનાર પર ધૂંસરી ન લાદશો.

પણ દાતાની સાથે, જાણે પાંખો મળી હોય–તેમ તેના દાન પર ચડી ઊંચા ચડજો,

કારણ ઋણનો અતિ ખ્યાલ કર્યા કરવો એ તો જેની વસુંધરા સમી ઉદાર માતા અને ઇશ્વર સમા પિતા છે, તેની ઉદારતા પર શંકા આણવી ગણાય

હેમચંદ્રાચાર્યની જેમ આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ પણ ભારપૂર્વક જણાવે છે. તેઓ લખે છે—

न योगा न रोगा न चोद्वेगवेगा,
स्थितिर्नो गतिर्नो न मृत्युर्न जन्म।
न पुण्यं न पापं नयस्यास्ति बंध;
स एकः परमात्मागतिर्मे जिनेन्द्रः॥

(શ્રી વર્ધમાનદ્વાત્રિંશીકા દિવાકરસૂરિ)

અર્થઃ—જ્યાં યોગ, રોગ ને ઉદ્વેગના રોગ નથી, જન્મ, સ્થિતિ ને ગતિ નથી ને પુણ્ય પાપ ને બંધ નથી તે પરમાત્મા મારી ગતિ થાવ.

આ રીતે પૂર્વાચાર્યોએ સિદ્ધસ્વરૂપ એટલે સંસાર-સ્વરૂપનો સર્વાંશે અભાવ તે ભારપૂર્વક જણાવ્યું છે સિદ્ધાત્મામાં શું શું નથી તેનું અનુમાન સંસારી જીવન પરથી કર્યું છે સિદ્ધસ્વરૂપને વર્ણવવામાં આનાથી આગળ તેઓ વધતા નથી ત્યાં શું શું નથી તે તો વર્ણવ્યું પણ શું શું છે તે તો વર્ણવો ત્યારે તેઓ કેવળ મહામૌન જ રાખે છે સુખ દુઃખને તો આપણે ઓળખીએ છીએ પુણ્ય, પાપ ને બંધને ઓળખીએ છીએ પણ તેઓના અભાવથી જે મહાશૂન્ય ઉત્પન્ન થાય છે તેને તો આપણે અગમ્ય-અલખ ને અપારરૂપે વર્ણવીએ છીએ આપણા વ્યવહારિક જીવન પાછળ સુખ દુઃખનો સિદ્ધાંત કાર્ય કરી રહ્યો છે અને આપણા તાત્ત્વિક જીવન પાછળ પુણ્ય પાપનો સિદ્ધાંત સંચાલન કરી રહ્યો છે પણ મુક્તાત્મામાં તો સુખ દુઃખ કે પુણ્યપાપ જેવી વસ્તુ જ નથી ત્યાં સ્વરૂપરમણતા છે પણ એ સ્વરૂપરમણતામાં સ્વરૂપ શબ્દથી એકે આપણો ઓળખીતો પદાર્થ આંખ સામે આવતો નથી જન્મવું મરવું-મેળવવું ગુમાવવું-હસવું રડવું આ બધી આપણી એટલી સર્વસામાન્ય ટેવો છે કે તે ટેવો સિવાયનું અસ્તિત્વ આપણને અંધકારમય લાગે છે આનું કારણ શું? કવિવર ટાગોર આનું કારણ આપે છે તે લખે છે કે—વાસણનું પાણી ઝગઝગાટ મારે છે પણ દરિયાનું પાણી તો શ્યામ છે તેવી રીતે નાના સત્યોને સુંદર શબ્દોમાં સ્પષ્ટપણે વ્યક્ત કરી શકાય છે પણ મહાન્ સત્યો માટે મહાન્ શાંતિ જોઇએ નોબેલ પ્રાઇઝ વિજેતા મેરીસ મેટરલિંક પણ આ પરમાત્મ સ્વરૂપનો પરિચય કરવા silence free of thoughts બુદ્ધિ-પારના નિગૂઢ મૌન પર ભાર મુકે છે મહામૌનજ સિદ્ધસ્વરૂપને ઓળખી શકે છે આ મૌન એટલે વાણીનો ત્યાગજ નહિ. સ્થિર મન થાય છે ત્યારે તેમાં આવું મૌન પ્રકટે છે અસ્થિર જળમાં વસ્તુનું પ્રતિબિંબ આપણે જોઇ શકતા નથી પણ સ્થિર જળમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ તેમ અસ્થિર મનમાં પરમાત્માનું પ્રતિબિંબ પડતું નથી, સ્થિર મનમાં પડે છે સ્થિર મન એટલે પારકી પૌદ્‌ગલિક અસરથી સંપૂર્ણ મુક્તિ આવા સ્થિર મનદ્વારા સિદ્ધલોકનો અલૌકિક પ્રકાશ જીવનમાં પથરાય છે જેમ બંસરી કૃષ્ણના હોઠ પરનું સ્મિત ચોરીને ગોપીઓના જીવન પર પાથરતી આવો થોડોક અનુભવ થાય છે ત્યારે સિદ્ધર્ષિ ગણિ જેમ આપણે ગાઇએ છીએ.

विलोकीते महाभागः स्वयि संसारपारगे।
आसितुं क्षणमप्येकं संसारे नास्ति मे रतिः॥

(ઉપમિતિભવપ્રપંચ કથા સિદ્ધર્ષિગણિ)

અર્થ—હે મહાભાગ! સંસારથી પાર પામેલા એવા આપને જોયા પછી આ સંસારમાં એક ક્ષણ પણ રહેવામાં મને આનંદ પડતો નથી

આવું સ્વસંવેદન જ્ઞાનજ સિદ્ધસ્વરૂપનું રહસ્ય ઉઘાડે

શ્રીયુત્ ગુલાબચંદજી ઢઢ્ઢાનો સ્વર્ગવાસ.

ગુમારે બાશી વર્ષની વૃદ્ધ વયે તા ૨૭-૧૨-૫૨ ના રોજ માન્યવર શ્રી ઢઢ્ઢા સાહેબનો જયપુરમાં (તેમના વતનમાં) સ્વર્ગવાસ થયો છે તેઓશ્રી પરમ શ્રદ્ધાળુ એમ એ. થયેલા અને એક સજ્જન પુરુષ હતા. સં. ૧૯૫૭ ની સાલમાં ફલોધી તીર્થમાં જૈન કોનફરન્સનો તેમના જ પ્રયત્નથી જન્મ થયો હતો પ્રથમ જયપુર સ્ટેટના ઉચ્ચ અધિકાર ઉપર હતા પછી પુના બેંકના મેનેજર થયા હતા પછીની વયે જૈન સમાજના ઉત્કર્ષ માટે અને કોન્ફરન્સ માટે

॥ ॐ ॥ श्रेयस्कर-विघ्नहर-श्रीशंखेश्वरपार्श्वनाथजिनेन्द्राय नमः ॥

॥ श्रीमद् आचार्यदेव श्रीविजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો

૫૬ મા વર્ષનો

રિપોર્ટ.

(સંવત ૨૦૦૮ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી)

મુખ્ય સેક્રેટરીનું નિવેદન*

માન્યવર પેટ્રન સાહેબો, પ્રમુખ મહાશય અને પ્રિય સભાસદ બંધુઓ—

પરમ આરાધનીય દેવ, ગુરુ અને ધર્મ—એ રત્નત્રયીની ભક્તિ કરતી, ગુરુઓની પરમકૃપાથી પ્રગતિ સાધતી તેમજ દિવસાનુદિવસ પ્રતિષ્ઠા અને ગૌરવમાં અભિવૃદ્ધિ કરતી આ આપણી સભાનો છપ્પનમા વર્ષનો, આવક-જાવક, કાર્યવાહી તેમજ સરવૈયું વિગેરેનો રિપોર્ટ રજૂ કરતા અમોને આનંદ થાય છે.

સર્વ સભાસદ બંધુઓ તેમજ જૈન સમાજના વિચારશીલ બંધુઓ આ વાંચી, વિચારી કાર્યવાહકોની આત્મકલ્યાણની આ પ્રશસ્ત પ્રવૃત્તિમાં જોડાય, અને અનુમોદન દ્વારા દેવ, ગુરુ અને ધર્મની ભક્તિમાંથી જે જે અનુકરણીય અને હિતકર જણાય તે ગ્રહણ કરે તેમ ઇચ્છીએ છીએ. કેટલીક સંસ્થાઓએ અમારી વહીવટી-પદ્ધતિની પ્રશંસા કરી તદનુરૂપ ફેરફાર કર્યા છે તેવી હકીકત જાણીને અમોને ઘણો જ આનંદ થયો છે અને તેવી કોઈ પણ સંસ્થા કે મંડળ પોતાની પ્રતિષ્ઠા તેમજ ગૌરવમાં વધારો કરી સ્થિતિસ્થાપક બને તો અમે અમારી જ્ઞાનભક્તિ ને ગુરુભક્તિ માટેનો હેતુ સફળ થયો માનીશું.

દરવર્ષે વિસ્તૃત માહિતી આપતો આ રિપોર્ટ પ્રકાશિત કરવાનો અમારો હેતુ એ છે કે-જેથી એકબીજાના અનુભવનો વિશેષ લાભ મળે, દેવ, ગુરુ અને ધર્મભક્તિના કાર્યોમાં વૃદ્ધિ થાય તેમજ સંસ્કાર ને ધર્મભાવનાને પુષ્ટ કરે તેવા ગ્રંથોનું પ્રકાશન વધે

આગલા વર્ષોની કાર્યવાહીથી આપ તે તે વર્ષોના રિપોર્ટથી વાકેફ છો. પ્રસ્તુત વર્ષની કાર્યવાહી અને આવતા વર્ષનું બજેટ આપ સમક્ષ રજૂ કરવામાં આવે છે, જેથી આપને ખાત્રી થશે કે આપ સૌના સહકારથી અને ગુરુદેવની અસીમ કૃપાથી સભા ઉત્તરોત્તર વિકાસ સાધતી જાય છે

---

* સં. ૨૦૦૯ ના પોષ શુદિ ૧૨ તા. ૨૮-૧૨-૧૯૫૨ રવિવારના રોજ મળેલ જનરલ મિટીંગમાં આ નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું.

અત્રે રજૂ થતા રિપોર્ટમાં જે કંઈ સુધારાવધારા સૂચવવા હોય તે આપશ્રી સૂચવશો અને દેવ, ગુરુ અને ધર્મની ભક્તિમા કાર્યમાં અમો હમેશ પ્રગતિ કરતા જઈએ એવી અમારી અભિલાષામાં આપ સર્વ સહકાર આપશો આ સંસ્થા જૈન સમાજની છે એટલે અન્ય કોઈ પણ જૈનબંધુ અમારો આ રિપોર્ટ વાંચી જે કાંઈ સલાહ-સૂચના આપશે તે પરત્વે સભા અવશ્ય વિચારણા કરી યોગ્ય હશે તે સ્વીકારશે

આ સભા હરહમેશ પ્રગતિ ને વિકાસ સાધતી જાય છે તેનુ મુખ્ય કારણ ગુરુકૃપા જ અમે માનીએ છીએ અન્ય સર્વ કાર્યવાહકોની આત્મકલ્યાણકારી ભાવનાથી, પ્રભુ-આજ્ઞા પ્રમાણે વર્તન હોવાથી પૂજ્ય ગુરુદેવો અને ગૃહસ્થ બન્ધુઓનો સાથ અમને વિશેષ ને વિશેષ પ્રમાણમાં મળતો રહે છે

અમારા ઘણા કાર્યોમાં, પુસ્તક-પ્રકાશન સંબંધમા પણ પૂજ્ય ગુરુદેવોની સલાહ-સૂચના લેવામાં આવે છે **लोगविरुद्धच्चाओ**-લોકાપવાદનો પણ વિચાર કરી સભાની લેવડદેવડ પ્રમાણિક અને યોગ્ય રીતે ચલાવવામા આવે છે ધર્મિક ફરમાનને અનુસરીને વહીવટ ચાલતો હોવાથી સૌ કોઈને માટે આ સભા પ્રશંસાપાત્ર બની હોય તો ગુરુ દેવોને આભારી છે ભવિષ્યમા પણ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધી અનુપમ સ્થાન પ્રાપ્ત કરે તેવી અમારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે

સ્થાપના—આ સભાની સ્થાપના વિ સ ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનન્દસૂરીશ્વરજી** (શ્રી આત્મારામજી) મહારાજના પુણ્ય-નામાભિધાનથી ગુરુભક્તિ નિમિત્ત, તેમના સ્વર્ગવાસ પછી માત્ર પચીશમે દિવસે મંગળ મુહૂર્તે કરવામા આવેલ છે આજે સંસ્થા ૫૬ વર્ષ જેટલું દીર્ઘાયુ પરિપૂર્ણ કરી સત્તાવનમા વર્ષમા પ્રવેશી છે, તે ગુરુકૃપાનુ જ ફળ છે સ્વર્ગસ્થ ગુરુદેવના આશીર્વાદ આ સભા પરત્વે હમેશ વર્ષ્યા જ કરે છે.

ઉદ્દેશ—જૈન સમાજના બધુઓ અને બહેનો ધર્મ સબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધર્મિક તેમજ વ્યાવહારિક બંને પ્રકારની કેળવણી માટે સ્કોલરશીપ વિગેરે દ્વારા યથાશક્તિ સહાય કરવા પૂજ્ય પૂર્વાચાર્યોરચિત મૂળ પ્રાકૃત, સંસ્કૃત ઉચ્ચ કોટિના ગ્રંથોનુ પ્રકાશન કરવુ, ઐતિહાસિક, જીવનચરિત્રો તેમજ કથા-સાહિત્યના અનુપમ અને અનુપલબ્ધ ગ્રંથોનો સરલ ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી બહોળો પ્રચાર કરવો તેવા ઉત્તમ કોટિના ગ્રંથોને બને તેટલી મર્યાદામા રહીને તેમજ જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે ભેટ આપવા, સસ્તા સાહિત્યનુ પ્રકાશન કરીને તે ભેટ તરીકે અથવા અલ્પ મૂલ્યે આપવા, જૈનધર્મના મૂળભૂત સિદ્ધાન્તો-અનેકાંતવાદ રત્નત્રયી તેમજ તત્વજ્ઞાનનો ભારતવર્ષ તેમજ પરદેશોમાં પ્રચાર કરવો, શ્રેષ્ઠ કોટિની હસ્તલિખિત પ્રતોનો તેમજ ઉપયોગી પ્રકાશનોનો સુંદર સંગ્રહ કરી એક સુંદર જ્ઞાનમંદિરમા વ્યવસ્થિત રાખવો, જ્ઞાનભક્તિ કરવી, ફ્રી વાચનાલયદ્વારા મફત વાચન પૂરુ પાડવુ, સીઝાતા ધર્મબંધુઓને યથાયોગ્ય રાહત આપવી તેમજ દેવ, ગુરુ અને તીર્થની ભક્તિ કરી આત્મકલ્યાણ સાધવુ-આ પ્રકારના ઉદ્દેશથી સભાની સ્થાપના કરવામાં આવેલ છે અને આપ સૌ કોઈ જાણી શક્યા છો કે સભા પોતાના ઉદ્દેશને પાર પાડવામા સફળ થઈ છે આજે સભાનુ સમાજમા તેમજ વિદ્વદ્વર્ય પૂજ્ય સાધુસમાજમાં જે અનેરુ સ્થાન છે તે જાણી અમો કૃતાર્થતા અનુભવીએ છીએ

બંધારણ—(૧) પેટ્રન, (૨) પહેલા વર્ગના લાઇફમેમ્બર (૩) બીજા વર્ગના લાઇફમેમ્બર અને (૪) વાર્ષિક સભાસદો મળી–ચાર પ્રકારે છે: પેટ્રનફીના રૂા ૫૦૧) પ્રથમ વર્ગના લાઇફ-મેમ્બરના રૂા ૧૦૧) બીજા વર્ગના લાઇફમેમ્બરના રૂા. ૫૧) અને વાર્ષિક મેમ્બરના રૂા. ૫) રાખવામાં આવ્યા છે.

અમોને જણાવતા અતિશય આનંદ તો એ હકીકતને અંગે થાય છે કે–ઉચ્ચ કોટિના અનુપમ પુસ્તક–પ્રકાશનો અને કેટલેક અંશે અપાતી ભેટની બુકોના કારણે સભામાં સભાસદોની સંખ્યામાં દિનપ્રતિદિન વૃદ્ધિ થઈ છે

સં. ૨૦૦૮ ની સાલ સુધીમાં થયેલા પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુલાલ સારાભાઈ મોદી. બી. એ.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઈ
૪ ,, રતિલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવબહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઈ મગનલાલ
૯ ,, પદમશીભાઈ પ્રેમજી
૧૦ ,, રમણિકલાલ ભોગીલાલભાઈ
૧૧ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૨ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૩ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૪ ,, રમણિકલાલ નાનચંદ
૧૫ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૬ ,, દલીચંદ પુરુષોત્તમદાસ
૧૭ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઈ
૧૮ રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી
૧૯ ,, શ્રી અમૃતલાલ કાલીદાસ
૨૦ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઈ
૨૧ ,, શ્રી કાન્તિલાલ જેસીંગભાઈ
૨૨ શેઠ સાહેબ શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૩ ,, શ્રી પુંજાભાઈ દીપચંદ
૨૪ ,, શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૫ ,, શ્રી કેશવલાલ લલ્લુભાઈ
૨૬ શાહ ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૨૭ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૮ શેઠ સાહેબ સારાભાઈ હઠીસીંગ
૨૯ ,, રમણભાઈ દલસુખભાઈ
૩૦ ,, જમનાદાસ મોનજીભાઈ ઝવેરી
૩૧ ,, વીરચંદ પાનાચંદ
૩૨ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૩૩ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૪ ,, લવજીભાઈ રાયચંદ
૩૫ ,, પાનાચંદ લલ્લુભાઈ
૩૬ શેઠ સાહેબ કસ્તુરભાઈ લાલભાઈ
૩૭ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૩૮ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૯ શેઠ છોટાલાલ મગનલાલ
૪૦ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૧ ,, નગીનદાસ કરમચંદ
૪૨ ડૉક્ટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઈ મહેતા
૪૩ શેઠ સાહેબ સકરચંદ મોતીલાલ મૂળજી

૪૪ શેઠ સાહેબ પ્રાગજીભાઈ ગવેરચંદ
૪૫ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૬ ,, પુરુષોત્તમદાસ સુરચંદ
૪૭ ,, કેશવજીભાઈ નેમચંદ
૪૮ ,, હાથીભાઈ ગલાલચંદ
૪૯ ,, અમૃતલાલ ફુલચંદ
૫૦ ,, ભગુભાઈ ચુનીલાલ સુતરીયા
૫૧ ,, વનમાળી ઝવેરચંદ મુંબઈ
૫૨ ,, બકુભાઈ મણિલાલ અમદાવાદ
૫૩ ,, સરવૈયા અમીચંદ મોતીચંદ મુંબઈ
૫૪ શેઠ સાહેબ ચીમનલાલ ડાહ્યાભાઈ મુંબઈ
૫૫ ,, રમણલાલ જેશંગભાઈ ઉગરચંદ મુંબઈ
૫૬ ,, મગનલાલ મૂળચંદભાઈ મુંબઈ
૫૭ ,, નરોત્તમદાસ શામજીભાઈ ભાવનગર
૫૮ ,, કેશવલાલ ભુલાભીદાસ
૫૯ ,, મોહનલાલ મગનલાલ
૬૦ ,, ચીમનલાલ મગનલાલ
૬૧ ,, રતિલાલ ચત્રભુજ
૬૨ ,, પોપટલાલ ગિરધરલાલ

સં ૨૦૦૮ ની આખરે ૬૨ પેટ્રનો, ૫૨૮ પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરો, ૧૧૧ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો.* અને ૧૫ વાર્ષિક સભાસદો મળી કુલ ૭૨૨ સભાસદો છે ત્યારપછી થયેલા પેટ્રનો, લાઇફ મેમ્બરો વિગેરેના નામો આવતા રિપોર્ટમાં રજૂ કરવામાં આવશે×

ઉપરોક્ત રીતે આ સંસ્થાના સભાસદો માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના નથી. પરંતુ હિંદભરના મુખ્ય મુખ્ય પ્રાંતો તેમજ અગ્રગણ્ય શહેરો જેવા કે મુંબઈ, કલકત્તા, બેંગ્લોર, મદ્રાસ, દીલ્હી, કાનપુર, અમદાવાદ, આગ્રા, પાટણ વિગેરે અનેક સ્થળોના બંધુઓ, સદ્‌ગૃહસ્થો, ઉદ્યોગપતિઓ, પુણ્યપ્રભાવક પુરુષો સભાસદ થયેલ છે આ ઉપરાંત જૈન બહેનો પણ આ સભામાં સભાસદ તરીકે છે, થાય છે અને કોઈ કોઈ ગ્રેજ્યુએટ થયેલ બહેનો પણ સભાસદ બનેલ છે, જે સભાને ગૌરવ લેવા જેવી હકીકત છે.

ભેટ પુસ્તકોનો અનેરો અને અપૂર્વ લાભ—આ સભા તરફથી પ્રકાશિત થતી શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળાના ગુજરાતી ભાષાંતરના ચરિત્રો, ઐતિહાસિક સાહિત્યના ગ્રંથો, બોધક ગ્રંથો, આદર્શ જીવનવૃત્તાંતો તેમજ સ્ત્રી-ઉપયોગી ચરિત્રો, તત્ત્વજ્ઞાનના ગ્રંથો વગેરે પેટ્રન બંધુઓ અને લાઈફ મેમ્બરો વગેરેને સભાના નિયમાનુસાર ભેટ આપવામાં આવેલ છે

સં. ૨૦૦૩+થી સં ૨૦૦૮ સુધીના ૭ વર્ષમા માનવંતા સભાસદોને રૂા ૨૭૪૭૧ાાં ના પુસ્તકો ભેટ તરીકે અપાયા છે આને લગતી હકીકત આ સાથેના સૂચિપત્રમાં આપવામાં આવી છે.

આ ભેટ પુસ્તકોથી મેમ્બરોને આર્થિક દૃષ્ટિએ લાભ મળવા ઉપરાંત તેના વાંચન અને મનનથી આત્મકલ્યાણ સધાય છે, જીવનનું ઘડતર થાય છે, ન્યાય અને નીતિના આચરણમાં પ્રગતિ થાય છે ગુરુકૃપાથી ભવિષ્યમા પણ આવા ઉમદા કોટિના ગ્રંથો ભેટ આપવાની અમારી અભિલાષા છે અને તે

---

* ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરનો વર્ગ કમી કરવામાં આવેલ છે.

× આ નામાવલિ "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકના અંકમા તો પ્રગટ થઈ ગયેલ છે.

+ સં. ૨૦૦૩ ની સાલ પહેલાં અપાયેલા ભેટ-પુસ્તકની હકીકત તથા કિંમત વિગેરે અલગ સમજવી.

બાબતમાં સભાસદ બંધુઓ અને દાનવીર ગૃહસ્થો અમને પૂર્ણ સહકાર આપી જ્ઞાનભક્તિ તેમજ ગુરુભક્તિના અમારા કાર્યમાં સહકાર આપે

સભાની આર્થિક સ્થિતિ—સભા પાસે નાણાંનું જે ભંડોળ છે, તેને સભાના ધારા-ધોરણ અનુસાર, પૂરતી જવાબદારી સમજીને, શક્યની મર્યાદામાં રહીને સદ્દર સીક્યુરીટીમાં કે પ્રતિષ્ઠિત બેંકમાં રોકવામાં આવે છે. સમય તથા સંજોગોનો વિચાર કરીને સભાએ પોતા હસ્તકની મોટી રકમને સ્થાવર મિલ્કતમાં રોકી છે, જેની વિગત અને કિંમત પાછળ જણાવવામાં આવી છે. રકમનો દુરૂપયોગ ન થાય કે જોખમાય નહીં તે માટે કાર્યવાહકો સતત જાગૃત રહે છે. આ ઉપરાંત પ્રકાશન કાર્ય માટે તેમજ વહીવટી ખર્ચ માટે જે રકમની જરૂર પડે; તે રકમ બેંકમાં રાખવામાં આવે છે. ભવિષ્યમાં જેમ જેમ આર્થિક સ્થિતિ વૃદ્ધિગત થતી જશે તેમ તેમ તે રકમ સદ્દર સીક્યુરીટીમાં રોકવામાં આવશે

સભા હસ્તક ત્રણ મકાનો છે. (૧) **શ્રી આત્માનંદ જૈન ભવન** જેમાં સભાની ઑફિસ બેસે છે અને વહીવટી કાર્ય ચાલે છે. (૨) તેની જ બાજુનું **આત્મકાન્તિ જ્ઞાનમંદિર** છે, જે ફાયરપ્રૂફ મકાનને બંધાવતાં આશરે બાવીશ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે. તે જ્ઞાનમંદિરમાં સ્ટીલના કબાટમાં હસ્તલિખિત પ્રતોને સુરક્ષિત રાખવામાં આવેલ છે (૩) **શ્રી આત્માનંદ પુણ્ય-ભવન**, જે મામાકોઠા જેવા મુખ્ય રસ્તા પર આવેલ છે

શ્રી આત્મ-કાન્તિ જ્ઞાનમંદિરના અસ્તિત્વથી સભાની એક અતિ જરૂરિયાતની પૂર્તિ થયેલ છે. સભા હસ્તક જે સેંકડો અતિ મૂલ્યવાળી હસ્તલિખિત પ્રતો હતી તેની સુરક્ષા થઈ છે. આ જ્ઞાન-મંદિરની સ્થાપના અને ઉદ્ઘાટન પરમ પૂજ્ય પંજાબકેશરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીના વરદ હસ્તે સં. ૨૦૦૮ ના માગશર શુદી ૭ ને બુધવારના રોજ ભવ્ય સમારોહપૂર્વક કરવામાં આવી હતી. તે ભવ્ય ને હર્ષદાયક મેળાવડાને લગતો વિસ્તૃત હેવાલ "શ્રી આત્માનંદ પ્રકાશ"ના પોસ-માહના અંકમાં આપવામાં આવેલ છે, જે જિજ્ઞાસુ બંધુઓને વાંચવા અવશ્ય નમ્ર સૂચના છે.

પ્રકાશન વિભાગ.

સભા હસ્તક પાંચ પ્રકારના સાહિત્યોદ્ધાર તેમજ પુસ્તક પ્રકાશનના ખાતા છે.

(૧) **શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા**—જેમાં પૂર્વાચાર્યોકૃત મૂળ, ટીકા, તત્ત્વજ્ઞાન, ગણિત, કર્મવાદ, નાટક, કાવ્ય વિગેરે ગ્રંથો છપાય છે. આ કાર્ય સં. ૧૯૬૧ થી શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળા દ્વારા ૯૨ ની સંખ્યામાં પુસ્તક-પ્રકાશન થયું છે, જેનો મોટો ભાગ પ્રચાર તરીકે ભેટ આપવામાં આવેલ છે. પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો, જૈન વિદ્વાનો, જૈનેતર સ્કોલરો, લાયબ્રેરીઓ તેમજ જ્ઞાનભંડારોને આ ગ્રંથમાળામાંથી અત્યારસુધી ૩૩૪૦૪૧ રૂપિયાના ગ્રંથો ભેટ તરીકે અપાયા છે. માત્ર ભારતવર્ષમાં નહિ પરંતુ અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન અને ટીબેટની સરકારી લાયબ્રેરીમાં આ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે અને તે તે દેશના દર્શનશાસ્ત્રીઓએ આ ઉત્તમ પ્રકાશનોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. જે માંહેની કેટલીક હકીકત શ્રી આત્માનંદ પ્રકાશમાં પ્રગટ થાય છે. "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક પણ અમેરિકન સરકારી લાયબ્રેરીમાં જાય છે. આ પુસ્તકો પઠન-પાઠન તેમજ વાચન-મનનમાં ઉપયોગી નીવડવાથી સભાને અત્યંત આનંદ થાય છે. અમારી

ઇચ્છા આ કાર્યને વિશેષ ને વિશેષ ફળદાયક બનાવવાની છે અને તેને અંગે અમો સખી ગૃહસ્થો, જ્ઞાનરસિક દાતાઓ અને કેળવણીપ્રેમી સજ્જનોનો સહકાર માગીએ છીએ

હાલમા આ સીરીઝમા બૃહત્કલ્પસૂત્ર ભાગ છઠ્ઠો છપાઇને બહાર પડી ગયો છે.

શ્રી દ્વાદશાર નયચક્ર ગ્રથ—(મૂળ) ઉચ્ચ કોટીનો અને જૈન દર્શનનો ન્યાયનો અનુપમ ગ્રથ પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી તેમજ પૂજ્ય મુનિરાજશ્રી જબૂવિજયજી મહારાજના અથાગ પરિશ્રમ અને અપ્રતિમ કાળજીથી નિર્ણયસાગર પ્રેસમા ઊંચા ટકાઉ કાગળો પર દેવનાગરી લિપિમા છપાઇ રહ્યો છે ગ્રથ અતિવિસ્તૃત હોવાથી ક્રમશ પ્રગટ થશે તેનો પ્રથમ ભાગ જેમ બને તેમ શીઘ્ર જૈન સમાજને ચરણે ધરવા અમે ઉત્કઠા રાખીએ છીએ જ્યારે આ ગ્રથ પ્રસિદ્ધિ પામશે ત્યારે જૈન દર્શનશાસ્ત્રીઓ જ નહિ પરતુ પરદેશી વિદ્વાન સ્કોલરો અને દર્શનશાસ્ત્રના અભ્યાસકો તેની ભારોભાર પ્રશસા કર્યા સિવાય રહી શકશે નહિ

---

(૨) શ્રી જૈન આત્માનદ શતાબ્દિ સિરીઝમાં શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રના આગળના પાંચમા પર્વથી—છપાવવા સબધી વિચારણા ચાલી રહી છે

---

(૩) પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રથમાળા—હાલમા આ ગ્રથમાળાનુ પ્રકાશન-કાર્ય બધ છે

ઉપર જણાવેલ ત્રણે ખાતાઓનો વહીવટ માત્ર સભા કરે છે

---

(૪) શ્રી આત્માનદ જૈન ગ્રથમાળા—આ સભાની માલીકીનુ ખાતુ છે આ ખાતામાં સિરિઝ તરીકે આવેલ રકમમાંથી અથવા બીજી રીતે મળતી સહાયમાથી પૂર્વાચાર્યકૃત ગ્રથોનો અનુવાદ, ઐતિહાસિક કથાઓ, જીવનચરિત્રો સત્ત્વશાળી નરરત્નો, તીર્થંકર ભગવતોના ચરિત્રો, ઉપદેશક પુસ્તકો, સતી-ચરિત્રો પ્રકાશિત કરવામા આવે છે અને ધારા પ્રમાણે પેટ્રનો, લાઇફ મેમ્બરો, પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો, જૈનેતર વિદ્વાનો જ્ઞાનભડારો વિગેરેને ભેટ આપવામા આવે છે અત્યાર સુધીમા આ ગ્રથમાળામાં ૯૦ પુસ્તકો પ્રકાશિત થયા છે

આ પ્રકાશિત થતાં સુદર અને આકર્ષક ગ્રથો માટે સારા સારા વિદ્વાનો અને પૂ સાધુ મહારાજોના સારા અભિપ્રાયો મળેલા છે, જે વખતોવખત શ્રી આત્માનદ પ્રકાશ માસિકમાં પ્રગટ કરવામા આવેલ છે આ રીતની થતી કદર એ જ અમારે મન હર્ષનો અને ઉત્તેજનનો વિષય છે

હાલમા શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર પ્રકાશિત થઇ રહ્યુ છે શ્રી કથારત્ન કોષનો બીજો ભાગ છપાવવા માટે વિચારણા ચાલી રહી છે તેમજ શ્રી સુમતિનાથ ચરિત્રનુ ભાષાંતર થઇ રહ્યુ છે અને તે ગ્રથમાં સહાય મળેથી પ્રકાશિત કરવામા આવશે દેશ કાળ ને સયોગો બદલાયા છે છતાં સભા પોતાનુ પુસ્તક-પ્રસિદ્ધિનુ કાર્ય યથાશક્તિ કરી રહી છે તે આપ સર્વને સુવિદિત જ છે

---

(૫) સસ્તુ સાહિત્ય પ્રકાશન—સભા હસ્તક ચાલતા આ ખાતામાથી (૧) અનેકાંતવાદ અને (૨) શ્રી નમસ્કાર મહામત્ર બને ગ્રંથો પ્રકાશિત થઇ ગયેલ છે

શ્રી આત્મારામજી જૈન ફ્રી લાયબ્રેરી.

રૂપીયા	વર્ગ	પુસ્તક	
૫૧૨૮॥≈	વર્ગ ૧ લો જૈન ધર્મ	૩૩૫૧	
૧૨૮૮।≈	વર્ગ ૧ લો બ છાપેલ પ્રતો	૬૦૮	
૧૬૪૬॥≈	વર્ગ ૨ જો આગમ છાપેલ આગમો	૩૦૧	
અમૂલ્ય	વર્ગ ૩ જો હસ્તલિખિત પ્રતો	૧૩૨૫	હસ્તલિખિત શ્રી ભક્તિવિજયજી મ૦ ના
		૨૧૦	,, શ્રી વૃદ્ધિવિજયજી મ૦ આપેલ
		૨૦૧	,, સભાની
૧૭૦૪)≈	વર્ગ ૪ થો સંસ્કૃત	૫૧૪	
૫૮૨૭॥≈	વર્ગ ૫ મો નોવેલ	૩૬૬૮	
૫૧૭॥≈	વર્ગ ૬ ઠ્ઠો અંગ્રેજી	૨૩૫	
૧૨૬૨॥	વર્ગ ૭ મો માસિક	૫૧૦	
૬૭૦॥।	વર્ગ ૮ મો હિંદી	૩૨૫	
૧૪૦॥≈	વર્ગ ૯ મો બાળ વર્ગ	૨૭૭	
કુલ રૂ. ૧૮૫૦૬॥।		કુલ પુસ્તક ૧૧૮૩૦	

આગમરત્નમંજૂષા—શ્રી શત્રુંજયની તળાટીમાં તૈયાર કરાવેલ આગમ-મંદિરમાં આરસપહાણની શિલાઓમાં જે આગમો કોતરાવેલા છે તે જ આગમો તામ્ર પૂજ્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ ઊંચા ટકાઉ કાગળો પર છપાવેલ તે સર્વ આગમોની એક પ્રતિ સભાએ ખરીદીને રાખી છે

શ્રી આત્માનંદ પ્રકાશ (માસિક)—સભાના મુખપત્ર તરીકે આ માસિક પચાસ વર્ષથી નિયમિત પ્રગટ થાય છે તેમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને આધ્યાત્મિક સામગ્રી પીરસવામાં આવે છે સભાના સભાસદોને ભેટ આપવામાં આવે છે અને વાર્ષિક ગ્રાહકોને માત્ર ત્રણ રૂપિયાના લવાજમથી આપવામાં આવે છે. તે ઉપરાંત ભેટ પુસ્તક પણ અપાવામાં આવે છે માસિકને વિશેષ સમૃદ્ધ અને ઉપયોગી સાહિત્યથી અલંકૃત કરવાના અમારા મનોરથ છે જેમ જેમ પ્રીન્ટિંગ તથા કાગળ વિગેરેની મોંઘવારી ઘટતી જશે તેમ તેમ તેની પૃષ્ઠસંખ્યા વધારવામાં આવશે

આભાર દર્શન—જૈન સમાજમાં ગણનાપાત્ર વિદ્વાન્ સાક્ષરોત્તમ પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની અનુપમ કૃપા આ સભા પરત્વે છે સભા દ્વારા જે સંસ્કૃત, પ્રાકૃત, મૂળ કે ટીકાના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે અને થઈ રહ્યા છે, તેનું સંશોધન,-સંપાદન વગેરે કાર્ય તેઓશ્રી જ સંભાળે છે તેઓશ્રીના સંપાદિત કરેલા ગ્રંથોની દેશ-દેશાવરમાં પ્રશંસા થઈ રહી છે જેસલમેરના જ્ઞાનભંડારનું તેઓશ્રીનું તાજેતરનું સંશોધનકાર્ય જૈન સમાજને સુવિદિત છે જૈન સમાજનું એ સદ્ભાગ્ય છે કે-અવિરત કાર્યકર અને સાહિત્યોદ્ધારક મુનિરાજશ્રી પુણ્યવિજયજી જેવા મુનિરત્ન તેમને સાંપડેલ છે સભા તેઓશ્રીની અતીવ આભારી છે અને તેઓશ્રીની કૃપા હરહમેશ ચાહે છે

આચાર્યશ્રી **વિજયકસ્તૂરસૂરિજી** મહારાજશ્રીની અસીમ કૃપા સભા પરત્વે છે. તેઓશ્રીએ તત્ત્વજ્ઞાનના લેખો આપી **આત્માનંદ પ્રકાશને** સમૃદ્ધ કરેલ છે. હાલમા તેઓશ્રી પાલનપુરખાતે બિરાજી રહ્યા છે. શારીરિક અવસ્થાને કારણે લેખો લખી શકતા નથી. તેઓશ્રીના લેખોનો સંગ્રહ **જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો** તાજેતરમા જ બહાર પડશે, જે ભેટ તરીકે આપવામા આવશે.

પંજાબકેશરી, યુગવીર આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરિજી** મહારાજ હંમેશાં સભા પરત્વે કૃપાદષ્ટિ રાખી રહ્યા છે. તેઓશ્રીની સાહિત્યભક્તિ અને કેળવણી-પ્રેમ જાણીતો છે. ઉગ્ર વિહાર કરી તેઓશ્રીએ અનેક ઉપકારો કર્યા છે તાજેતરમા મુંબઇના ચાતુર્માસમાં તેઓશ્રીએ શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષ માટે સારું ફંડ એકત્ર કરેલ છે વિશેષ હર્ષદાયક પ્રસગ તો એ બન્યો છે કે-તેઓશ્રીને એક આંખે ઑપરેશન કરાવતાં જ્યોતિ પુનઃ પ્રગટી છે. આ શુભ પ્રસંગને અનુલક્ષીને મુંબઈનાં ત્રણ હજાર નર-નારીઓએ આયંબિલ તપ કર્યું હતુ, જે એક અભિનંદનીય પ્રસંગ છે પૂજ્યશ્રીના વિહારને લગતાં સમાચારો અવારનવાર **આત્માનંદ પ્રકાશમાં** આપવામાં આવે છે. તેઓશ્રી દીર્ઘાયુષી થઇ શાસન-હિતના અનેક કાર્યો કરે તેમ ઇચ્છીએ છીએ

દ્વાદશારનયચક્ર જેવા અપ્રતિમ ગ્રથનુ સપાદન કરી રહેલ પૂ મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજશ્રીના શિષ્ય વિદ્વાન મુનિરાજશ્રી જબૂવિજયજી મહારાજ પણ સભાના કાર્યોના અનુરાગી છે. તેઓશ્રી જે ભગીરથ ગ્રથનુ સપાદન કરી રહ્યા છે તે માટે સભા અત:કરણપૂર્વક તેઓશ્રીની ઋણી છે.

હર્ષદાયક પ્રસંગો—આપણી સભાના પેટ્રન, જાણીતા દાનવીર અને સૌજન્યશાળી ભાવનગર-નિવાસી શેઠ ભોગીલાલભાઇ મગનલાલ, સૌરાષ્ટ્ર સરકાર તરફથી ભારત સરકારની કાઉન્સીલ ઑફ સ્ટેટ-(રાજસભા) મા ચુટાયા તે અમારે મન હર્ષનો પ્રસંગ છે.

તેવો જ બીજો પ્રસંગ ભાઇશ્રી ઇંદ્રવદનની દીક્ષાનો છે. તેઓ જાણીતા ધર્મપ્રેમી રા. બ. જીવતલાલ પ્રતાપશીના ભત્રીજા થાય છે અને તેઓશ્રી સ ૨૦૦૮ ના વૈશાક વદિ છઠના રોજ પરમપાવની ભાગવતી દીક્ષા સ્વીકારી, મુનિશ્રી ચદ્રશેખરવિજયજી નામ ધારણ કરી આત્મ-કલ્યાણના પથે વિચરી રહ્યા છે

બને પ્રકારની કેળવણીને ઉત્તેજન અને મળેલા ફડો—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલુ પ્રાતસ્મરણીય **શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ**—(જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવાની છે) તેના વ્યાજમાથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અસાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રિકની પરીક્ષામા પ્રથમ નબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી, તેમજ બીજે નબરે પાસ થાય તેને રૌપ્યપદક શેઠ દેવચંદ દામજીના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે, તેનો અમલ આવતા વર્ષથી કરવામા આવશે. **શ્રી મૂળચદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી** ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બને પ્રકારની કેળવણીના ઉત્તેજન અર્થે, સ્કોલરશીપો, બુકો વગેરે જૈન વિદ્યાર્થીઓને દર વર્ષે આપવામાં આવે છે. તેમજ તે સિવાય રૂ ૨૦) શ્રી વૃદ્ધિચદજી સામાયિકશાળાને અને રૂ. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે. શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો વહીવટ પણ સભા કરે છે.

જૈન બન્ધુઓ માટેનું રાહત ફંડ—શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બન્ધુઓ માટે રાહત ફંડ તથા આઝાદ દિનની ખુશાલી નિમિત્તે સભાએ જુદી મૂકેલ એ બન્ને રકમના વ્યાજમાંથી જરૂરીયાતવાળા બંધુઓને રાહત અપાય છે તે ફંડ વધારી આપણા સ્વામીભાઈઓને વિશેષ રાહત કેમ આપી શકાય તેનો પ્રયત્ન શરૂ છે

મહોત્સવો—આ સભાનો વાર્ષિક મહોત્સવ સ્વ-વોરા હઠીસંગભાઈ ઝવેરચંદે પોતાની હૈયાતીમાં આપેલ એક રકમનું વ્યાજ સભા અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવર બ્હેન દર વર્ષે જેઠ સુ. ૨ (સભા સ્થાપનાદિન) શ્રી તળાજા તીર્થે ઉજવવા નિમિત્તે આપે છે (વોરા હઠીસંગભાઈએ આપવાની કહેલ બાકીની રકમ હવે પછી આપવા તેમના ધર્મપત્નીએ જણાવેલ છે) તે વડે દર વર્ષે સભા ઉજવે છે, તેથી તીર્થયાત્રા, દેવગુરુભક્તિ વગેરેનો લાભ સભાસદો લેતા હોવાથી આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે

આનંદમેળાપ—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ શ્રીયુત્ ગુલાબચંદ આણંદજીએ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે

જ્ઞાનપૂજન—દર વર્ષે કારતક શુ. ૫ (જ્ઞાનપંચમી) ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે

દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ—પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજની** જન્મતિથિ ચૈત્ર શુ. ૧ ના[*] રોજ હોવાથી તે દિવસે દર વર્ષે આસો પવિત્ર **શ્રી શત્રુંજય** તીર્થે જઈ વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ શ્રી પુંડરીકસ્વામી તથા ગુરુશ્રીની આંગી રચના સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિ છે આ ગુરુભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ સકરચંદભાઈ મોતીલાલ મૂળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે એ રીતે શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ તથા શ્રી તાલધ્વજગિરિ તીર્થ બે તીર્થોની યાત્રાનો સર્વ સભાસદોને દર વર્ષે દેવગુરુભક્તિ સાથે અપૂર્વ લાભ મળે છે

દર વર્ષે માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ શ્રી **વિજયકમલસૂરીશ્વરજી મહારાજની** સ્વર્ગવાસ જયંતિઓ માટે બન્નેના ફંડોના વ્યાજમાંથી ઉપરોક્ત રીતે દેવગુરુભક્તિ વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે

મીટીંગનો હેવાલ.

(સં. ૨૦૦૮)

મેનેજીંગ મીટીંગ—સં. ૨૦૦૮ ના કારતક શુ. ૨ ગુરુવાર તા. ૧-૧૧-૫૧

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મ જયંતી ઉજવવા મેળાવડો રાખી હતી અને જયંતિ ઉજવી ગુરુભક્તિ કરી હતી

જનરલ કમીટી—સં. ૨૦૦૮ ના માગશર શુદ ૭ બુધવાર તા. ૫-૧૨-૧૯૫૧

---

[*] કાર્તિક શુદિ એકમ, ચૈત્ર શુદિ એકમ તેમજ જેઠ શુદિ બીજ આ ત્રણે પ્રસંગોમાં વ્યાજ ઉપરાંતની ખર્ચની રકમ સભાએ ખર્ચ ખાતે ઉધારીને આપવાનું ઠરાવ્યું છે

આ સભાના મૂળભૂત ઉદ્દેશ પ્રમાણે એક જ્ઞાનમંદિર કરવાનો હેતુ દેવ ગુરુની કૃપાથી ફલિભૂત થતાં ઉપરોક્ત તારીખે સભાની જનરલ કમીટીના સભ્યો, ચતુર્વિધ જૈન સંઘ અને શહેરીઓનો એક મેળાવડો કરી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપણા નીચે અને એ પૂજ્ય પુરુષના મુબારક હસ્તે સભાએ રૂા. ૨૨૦૦૦) ના ખર્ચે તૈયાર કરેલ સંરક્ષણવાળુ જ્ઞાનમંદિરનું મકાન અને તેમાં બે હજાર હસ્તલિખિત પ્રતો પૂજ્ય આગમના પૂજનપૂર્વક વિધિવિધાન સહિત **શ્રી આત્મકાન્તિજ્ઞાનમંદિરનું** ઉદ્ઘાટન-સ્થાપન કર્યું હતું. મેળાવડો ભવ્ય થયો હતો. સભાના ઇતિહાસમાં એ સુવર્ણ દિન હતો. આ હકીકતનો લંબાણથી રિપોર્ટ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૪૯ સં. ૨૦૦૮ પોષ-માહના શ્રી જ્ઞાનમંદિર ખાસ અંકમાં પ્રકટ કરેલ છે તે વાચકોને જોવા નમ્ર સૂચના છે.

મેનેજીંગ કમીટી— (શોકસભા) સં. ૨૦૦૮ ના પોષ વદી ૧૨ ગુરુવાર તા. ૨૪-૧-૫૨

આ સભાના ટ્રેઝરર શ્રીયુત શેઠ અમૃતલાલ છગનલાલના યુવાન પુત્ર શ્રી નટવરલાલ અચાનક મૃત્યુ પામતાં દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

મેનેજીંગ કમીટી—સં. ૨૦૦૮ ના ફાગણ વદી ૯ ગુરુવાર તા. ૨૦-૩-૫૨

૧ સં. ૨૦૦૭ની સાલનો રિપોર્ટ (કાર્યવાહી) આવક જાવક સરવૈયા સાથે દરેક ખાતાવાર પ્રમુખ સાહેબે સં. ૨૦૦૮ની સાલના બજેટ સાથે વાંચી સમજાવતા તે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતો.

૨ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજની જન્મજયંતી શ્રી સિદ્ધાચળજી ઉજવવા માટે (વ્યવસ્થા કરવા) શ્રી હરિલાલ દેવચંદ શેઠ તથા શાહ હીરાચંદ હરગોવનદાસને સુપ્રત કરવામાં આવ્યું હતું.

૩ કારકુન ભીખાલાલ ભીમજીનો પગાર વધારવાની તેની આવેલ અરજી ઉપરથી રૂા. ૪૫) માસિક પગારના અને પંદર રૂપીયા મોંઘવારીના મળી રૂા. ૬૦) માસિક માગશર માસથી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો.

મેનેજીંગ કમીટી—સં. ૨૦૦૮ ના ફાગણ વદી ૧૪ સોમવાર તા. ૨૪-૩-૫૨

૧ શેઠ શ્રી ભોગીલાલભાઈ મગનલાલને અત્રેના શ્રી સંઘ તરફથી માનપત્ર આપવાનો નિર્ણય થતાં તે વખતે સભાએ કૃતજ્ઞતાથી સત્કાર કરવાનો ઠરાવ થયો.

૨ આ સભાના ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલના કોઈ પૂર્વના અશુભ ઉદયે યુવાન સુપુત્ર નટવરલાલનો વિરહ થતા તેમજ અવસ્થાને અંગે અશક્તિ રહેવાથી પોતાના ટ્રેઝરરના હોદ્દાનું રાજીનામું આવેલ વાંચવામાં આવ્યું ને તે રાજીનામું પાછું ખેંચાવવા માટે હોદ્દેદારોનું એક ડેપ્યુટેશન નિમવામાં આવ્યું.

૩ શેઠ નગીનદાસ હરજીવનદાસ તથા શેઠ સવાઈલાલ અમૃતલાલને ધંધાને અંગે પુરસદ મળતી નહિ હોવાથી મેનેજીંગ કમીટીમાંથી નામ કમી કરવા આવેલ રાજીનામું વાંચ્યા બાદ તેમને મેનેજીંગ કમીટીમાં રહેવા માટે સેક્રેટરીની સહીથી પત્ર લખી મોકલવા ઠરાવ કરવામાં આવ્યો.

જનરલ કમીટી—સં. ૨૦૦૮ ના ચૈત્ર શુદ ૪ શનિવાર તા. ૨૯-૩-૫૨

૧ સં. ૨૦૦૭ની સાલનો કાર્યવાહી રિપોર્ટ, આવક જાવક સરવૈયુ અને સં. ૨૦૦૮ની સાલનું બજેટ સર્વ ખાતાવાર વાંચી સમજાવવામાં આવ્યું તે સર્વ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું અને સં. ૨૦૦૭ની સાલનો રિપોર્ટ છપાવવાના ખર્ચની મંજૂરી આપવામાં આવી અને સર્વ હકીકત સભાના ચોપડામાં વિગતવાર લખવામાં આવેલ છે.

૨ સિરિઝના હવે પછીના જે નવા ગ્રંથો છપાય તેમાં સિરિઝની જે રકમ આવી હોય તેનાથી હવે પછી સવાયો ખર્ચ કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

૩ પ્રમુખશ્રીએ રજુ કરેલ કે આ સભાની મેનેજીંગ કમીટીમાં હાલ જેટલા સભ્યો છે તેમાં વિશેષ ચાર સભ્યો નવા દાખલ કરવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

૪ સિરિઝગાળા ગૃહસ્થોના નામે સભાના ચોપડામાં જે દેવું દેખાડવામાં આવેલ છે, તે સામે રસાવર મીલ્કત ઉભી છતાં દેવું દેખાડવું ન જોઈએ તેનો માર્ગ કાઢવા મેનેજીંગ કમીટીને સોંપવામાં આવ્યું અને તે જે નિર્ણય કરે તેની જનરલ કમીટીને હવે પછી જાણ કરવી.

મેનેજીંગ કમીટી:—સં. ૨૦૦૮ ચૈત્ર શુદ ૭ મંગળવાર તા. ૧-૪-૫૨

(૧) આ સભાના માનનીય પેટ્રન સાહેબ શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ ભારત સરકારની રાજસભાના સભાસદ થતા તેમને અભિનંદન આપવા માટે ડે. સૌરાષ્ટ્ર વડા પ્રધાન શ્રીયુત બળવંતરાયભાઈના પ્રમુખપણા નીચે પેટ્રન સાહેબો અને આ સભાના સભાસદો વગેરેની હાજરીમાં મેળાવડો કરવામાં આવતાં મુખ્ય સેક્રેટરીએ શેઠ ભોગીલાલભાઈના ધર્મ, જાતિ કે કોઈ ભેદ વગરની સામાજિક ઉદારતા, પ્રજાપ્રિયતા, રાજમાન્યપણું, જૈન ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધા, દેવ ગુરુભક્તિકારક અને આ સભાને જેમણે પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે સર્વથી આકર્ષાઈ આ સભા તરફથી તેઓને અભિનંદન આપવામાં આવે છે. આ સભા પ્રસંગે માનપત્ર વગેરે કાર્યોથી વારંવાર શેઠશ્રીનો સત્કાર કરે છે તેમ આ વખતે પણ તેમનો સત્કાર કરવાની પોતાની ફરજ સમજે છે.

(૨) પ્રમુખસ્થાનેથી શ્રીયુત બળવંતરાયભાઈએ જણાવ્યું કે આ સભાનું જ્ઞાનમંદિર, સાહિત્ય-પ્રકાશન અને લાઈબ્રેરી સુવ્યવસ્થાપૂર્વક જોઈ આ સભાને અને મુખ્ય કાર્યવાહકોને હું ધન્યવાદ આપું છું અને ભાઈ વલ્લભદાસને સૂચના કરું છું કે—ભવિષ્યમાં આ કિંમતી વારસો સાચવનાર કોઈ તૈયાર કરવાની જરૂર છે. વિશેષ જેમ ગુર્જર સાહિત્ય પ્રકાશન સભાએ કર્યું છે તેવી પ્રગતિ ઈચ્છું છું અને કેળવણીની સંસ્થા તરીકે આ સભાએ એક વિદ્યાસભાની સ્થાપના કરવાની જરૂર છે તેના ધારા-ધોરણ હું તૈયાર કરી આપીશ અને બે વર્ષ સુધી સારી રીતે ચાલે તો આ સભાને તે માટે ત્રીજે વર્ષે પચાસ ટકા ગ્રાન્ટ સૌરાષ્ટ્ર સરકાર પાસેથી લેવા પ્રયત્ન કરશું. સભાના સેક્રેટરીએ ઉપરોક્ત સૂચના માટે આભાર માનતા શ્રીયુત બળવંતરાયભાઈને તે વિદ્યાસભા કરવામાં આવે તો તેનું પ્રમુખસ્થાન સ્વીકારવા વિનતિ કરી તે માટે કબૂલ કરવાથી તેઓ સાહેબનો આભાર માનતાં મેનેજીંગ કમીટી સંયોગવશાત્ એ સભા કરશે તેમ જણાવી પરસ્પર આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી.

મેનેજીંગ કમીટી—શ્રાવણ શુદ ૧૨ રવિવાર તા. ૩-૮-૫૨

૧ શ્રી આત્માનંદ પ્રકાશને વધુ પ્રગતિશીલ બનાવવા નીચેના સભ્ય બંધુઓની કમીટી નીમી.

૧ પ્રો. ખીમચંદભાઈ ચાંપશીભાઈ ૨ ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ ૩ શા ગિરધરદાસ મૂળચંદ બી.એ ૪ શેઠ હરિલાલ દેવચંદભાઈ

૨ સીરીઝના ગ્રંથો માટે વિચાર આગળ ઉપર મુલતવી.

આભાર—આ વર્ષમાં સભાના ચાલતા કોઈ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તથા શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિમહારાજો તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉત્તમ ભાવી મનોરથો ગુરુકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માને પ્રાર્થના કરી રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

સંવત ૨૦૦૮ ની સાલનું સરવૈયું.

જ	ઉ
૫૭૨૬૫।।≈ જ્ઞાન સંબંધી પુસ્તક વગેરે	૧૦૧૧૦।।।≈। જ્ઞાન ખાતું લાઇબ્રેરી ડેડ સ્ટોક વગેરે
૮૦।≈।। શેઠ જીવતલાલભાઈ તથા શાન્તિદાસ શેઠનું સસ્તુ સાહિત્ય ખાતું	૨૯૩૬૯। જ્ઞાન સંબંધી ખાતા પુસ્તકો
૩૫૬૫૧) સીરીઝ ખાતું	૫૯૮૭।।≈।। છાપખાના બુકસેલર પાસે લેણા
૧૧૦)≈।। સસ્થા વગેરે	૮૪૦૭૭≈ મકાન ખાતા ૩
૮૦૯૯૫।। સાધારણ ખાતા	૧૮૫૫૦≈ શરાફ
૧૩૧૪૨।। જયંતિ ખાતાના દેવા	૧૦૦૦૦) સ્ટેટ બોન્ડ
૮૯૭૭।।। ફંડ ખાતાના	૮૫૫૦।।≈ સેવીંગખાતા
૩૮૯૨) શરાફીના	૧૮૫૫૦।।≈
૧૭૨)≈।। ઉબંગેકખાતા	૭૫।।≈ મેમ્બર
	૪૩૪।।૦।।। ઉંબગેક ખાતા
	૧૪૧)≈ પુરાંત ૨૦૦૮ આસોવદી ૦))
૧૪૮૭૪૭)≈।।	૧૪૮૭૪૭)≈।।

નમ્ર સૂચના—જૈન બંધુઓ અને બ્હેનો! આ સભાએ અત્યાર વર્ષમાં જૈનદર્શનના વિવિધ સાહિત્યો-આગમો વગેરેનો જ્ઞાનભક્તિ નિમિત્તે અને ચતુર્વિધ શ્રી સંઘના આત્મકલ્યાણ માટે શ્રી જ્ઞાનમંદિરમાં લાઇબ્રેરી ગુરુભક્તિ અને સુપ્રયત્નવડે આ રિપોર્ટના પૃ૪ સાતમા જણાવેલ સાહિત્ય ગ્રંથો વાંચવા-જોવા-જાણવા, વિચારવા, ઉપદેશવા વગેરે માટે જે જે સાહિત્ય જૈનધર્મના છપાયેલા પુસ્તકો, છાપેલી લખેલી પ્રતો આગમો, શ્રી આગમરત્નમંજૂષા માફકના શુદ્ધ રીતે છપાયેલા આગમો મળી કુલ ૬૩૪૫ ની સંખ્યામાં સંગ્રહ કરેલ છે, તે સર્વ આપ સભાએ આવી જુઓ, તપાસો, વાંચો-વિચારો કોઇ ને કોઇ રીતે જ્ઞાન પ્રાપ્ત કરો, છેવટે શું શું અમૂલ્ય આગમ-ગ્રંથ છે તેની હકીકત જાણી હર્ષ પામો અને છેવટ કોઇ ને કોઈ રીતે જ્ઞાનભક્તિ કરો તેવી નમ્ર સૂચના છે

હવે પછી શરૂ કરવાના ભક્તિના કાર્યો અને મનોરથો—સભાની ઇચ્છા, વિચાર, ધ્યેય નાણા વધારવા કે સંગ્રહી રાખવાનો નથી, પરંતુ આર્થિક સ્થિતિ જેમ જેમ વધતી જશે તેમ તેમ ધારાધોરણ પ્રમાણે પૂર્વાચાર્ય મહારાજકૃત અનેકવિધ નવા નવા સાહિત્યો મૂળ અને અનુવાદરૂપે સુંદર પ્રગટ કરી જ્ઞાનદાન જ્ઞાનભક્તિ પ્રચાર ભેટ કરવામાં આવશે તેમજ ઉદ્દેશ પ્રમાણે સભાસદ બંધુઓને જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે જ્ઞાનની વૃદ્ધિ થાય, વાચકોને રસ પડે અનુકરણ અનુમોદન કરતાં આત્મકલ્યાણ સાધે તેવા અનુવાદ ગ્રંથોનું પ્રકાશન કરી ભેટ આપવાનો પ્રબંધ કરવામાં આવશે શ્રી આત્માનંદપ્રકાશ માસિકના વાચન પેજ અને સારા સારા ઉત્તમોત્તમ લેખો વગેરેથી તેને સમૃદ્ધ બનાવી વાંચકોને વાચનનો વિશેષ લાભ આપવા ધાર્મિક, વ્યવહારિક અને ઔદ્યોગિક કેળવણીમાં વિદ્યાર્થીઓને અપાતી સહાયમાં વૃદ્ધિ કરવા, રાહત તરીકે અપાતી રકમમાં વધારો કરવા અને સભાની પ્રગતિ તેમજ વિકાસમાં આગળ વધવા અમારી ભાવના છે

વિદ્યા સભા સંબંધી જે સૂચન થયેલ છે તેને જલદી અમલમાં લાવવા અમો ગુરુદેવની અને જૈન સમાજની કૃપા ઇચ્છીએ છીએ

પોતાની સેવા આપતા રહ્યા હતા તેથી જ કોન્ફરન્સના પિતા તરીકે તેઓની ગણના થતી હતી ગઇ સાલમા જૈન કોન્ફરન્સે તેમની સેવાની કદર કરી માનપત્ર અર્પણ કર્યું હતુ તેઓ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પરમ ભક્ત હતા. કોન્ફરન્સની ડગમગતી સ્થિતિ વખતે તેઓનુ પચત્વ થવુ તે ખેદકારક બીના છે કોન્ફરન્સના સ્તભો આવી રીતે એકાએક જતા તેમના જેવા સેવાભાવી હાલ નહિ દેખાતા હોવાથી જૈન કોન્ફરન્સને તેમની ખોટ પડી છે. આ સભા ઉપર તેમનો ઘણા વર્ષ થયા પ્રેમ અને સહાનુભૂતિ હતા, જેથી સભાને પણ ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખડ શાતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે

શાહ હીરાચદ મોમચદનો સ્વર્ગવાસ

શુમારે ૫૫ વર્ષની ઉમરે પોષ શુ ૧૪ ના રોજ પચત્વ પામ્યા છે તેઓ કાપડના એક સારા વ્યાપારી, શ્રીમત અને શ્રદ્ધાળુ મિલનસાર સ્વભાવના હતા તેઓ આ સભાના લાઇફ મેમ્બર હોવા સાથે સભા ઉપર પ્રેમ ધરાવતા હતા તેઓના સ્વર્ગવાસથી એક લાયક સભ્યની આ સભાને ખોટ પડી છે તેઓના પવિત્ર આત્માને અનત શાતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થિયે છીયે

---

૨ બીજા વર્ગના લાઇફ મેમ્બરોને (તા ૨૦-૭-૫૨ ના રોજ) મળેલ મેનેજીગ કમીટીએ કરેલા ઠરાવ મુજબ (બે રૂપીયા ઉપરાતની કિંમતના ગ્રથોમાથી બે રૂપીયા કમી કરવાને બદલે હવેથી) ત્રણ રૂપીયા કમી કરીને બાકીની કિંમતે ભેટ આપવાના છે, જેથી રૂ. ૪-૮-૦ માત્ર આપવાથી તે ત્રણે ગ્રંથો ભેટ મળશે જે બધુઓના તેવા પત્ર આવશે તેમને તે રીતે મોકલવામાં આવશે.

નં. ૧ નો ગ્રથ ભેટ જેની કિંમત રૂા ૭-૮-૦ છે તે રૂા ૪-૮-૦ માં બીજા વર્ગના જે લાઇફ મેમ્બર બધુઓ ન લેવા ઇચ્છા હોય તેમણે અમોને તે ફાગણ સુદી ૨ સુધીમા પત્રદ્વારા જણાવવાથી તેમની ઇચ્છા પ્રમાણે એટલે તે સિવાયના નબર ૨-૩, વી પી પુરતા ખર્ચથી ભેટ મોકલવામાં આવશે વાર્ષિક સભાસદોને માત્ર શ્રી નમસ્કાર મહામત્ર ગ્રથ માત્ર વી પી થી ભેટ મોકલવામાં આવશે.

---

૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોકપ્રમાણ સસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમા અનુવાદ ગ્રથ છે ઊંચા કાગળો, સુદર ગુજરાતી ટાઇપો, પ્રાચીન કળાની દૃષ્ટિએ સુદર પરિકર સાથેનો પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યા પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો આર્થિક સહાય આપનાર શેઠશ્રી વગેરે સર્વ આર્ટ પેપર ઉપર છપાયેલ અનેક રગોવાળા સુદર ફોટાઓ અને અલકૃત બાઇન્ડીંગ સાથે દાનવીર શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલની ગ્રથમાળા તરીકે પ્રગટ થશે. કિંમત રૂ. ૭-૮-૦ પોસ્ટેજ જુદું

---

૨. “જ્ઞાનપ્રદીપ ગ્રંથ” (ભાગ ત્રીજો).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમા આવતા સુખ દુઃખના પ્રસગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનુ દિશાસૂચન કરાવનાર, અનતકાળથી સસારમા રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રથમા આવેલા વિવિધ તેર વિષયો છે જે ગ્રથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશસા કરેલ છે. જે ધાર્મિક, સામાજિક, નૈતિક વિષયોથી પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ કસ્તુરસૂરિ મહારાજે સાદી અને સરલ ભાષામા રચેલો છે અને સુદર કવર જેકેટથી અલકૃત કરવામાં આવેલ છે કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.